Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

35

॥ ૐ માં ॥

શ્રીમા આનન્દમયી ના સાન્નિધ્યમાં

શ્રીમા આનન્દમયીના સાન્નિધ્યમાં
શ્રીમા આનન્દમયીના લીલાકથા
શ્રી : સદ્‌વાણી

લેખક :
સ્વામી ભાગવતાનંદ ગિરિ
(પૂર્વાશ્રમ નામ ક્રાન્તિભાઈ વ્યાસ)

પ્રાપ્તિસ્થાન :
શ્રીમા આનંદમયી સંઘ
શ્રી. ક્રાન્તિભાઈ વ્યાસ
શ્રીમા આનન્દમયી આશ્રમ
B ૨/૬૪ ભદૈની વારાણસી (ઉ. પ્ર.)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ ઉઁ માં ॥

શ્રીમા આનન્દમયી ના સાન્નિધ્યમાં

શ્રીમા આનન્દમયીના સાન્નિધ્યમાં
શ્રીમા આનન્દમયી લીલાકથા
શ્રી સદ્‌વાણી

લેખક :
સ્વામી ભાગવતાનંદ ગિરિ
(પૂર્વાશ્રમ નામ કાન્તિભાઈ વ્યાસ)

પ્રાપ્તિસ્થાન :
શ્રીમા આંન'દમયી સંઘ
શ્રી. કાન્તિભાઈ વ્યાસ
શ્રીમા આનન્દમયી આશ્રમ
B ૨/૯૪ ભદૈની વારાણસી (ઉ. પ્ર.)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રથમ આવૃત્તિ ૧૯૫૨, પ્રત ૧૦૦૦
દ્વિતિય આવૃત્તિ ૧૯૭૦ પ્રત ૧૦૦૦

C સર્વ હક્ક શ્રી આનન્દમયી સંઘને સ્વાધીન

કિંમત રૂા. ૪-૦૦

પુસ્તક મેળવવાનું ઠેકાણું
શ્રી કે. બોઝ
જનરલ સેક્રેટરી શ્રી શ્રી આનન્દમયી સંઘ
ભદૈની વારાણસી ૧ (ઉ. પ્ર.)

મુદ્રક :
શ્રી. નાનાલાલ સો. શાહ
શ્રી સર્વોદય મુદ્રણાલય
મુ. પોસ્ટ સાદરા
સ્ટેશન ડભોડા (ગુજરાત)

પ્રકાશક :
શ્રી સ્વામી ભાગવતાનંદગિરિ
પૂર્વાશ્રમ નામ શ્રી કાન્તિભાઈ વ્યાસ
શ્રીમાઆનન્દમયી આશ્રમ
B, ૨/૬૪, ભદૈની વારાણસી (ઉ. પ્ર.)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



શ્રી શ્રીમાઆનન્દમયીના ચરણ કમળમાં
સમર્પિત—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગુજરાતી સાહિત્ય સભા તરફથી શ્રી અનંતરામ મણીશંકર રાવળે 'સદ્વાણી' ની વિવેચના કરી છે.
તેઓશ્રી લખે છે,

—'સદ્વાણી' શ્રી અનંદમયી માતાજીના ઉપદેશામૃતના રાજ્યેાનિશ્વંદ્ર રાએ બંગાળીમાં કરેલા સંગ્રહનેા રા. કાન્તિભાઈ વ્યાસે ભાવપૂર્વક કરેલેા ગુજરાતી અનુવાદ છે. સંતવાણી કેવી સરળ, સ્પષ્ટ અને પ્રકાશદાતા હેાય છે. તેની પ્રતીતિ આ પુસ્તકનું વાચન અવશ્યન કરાવશે. મુમુક્ષુઆધકેાને અનેક રીતે માર્ગ દર્શક થાય અને વ્યવહાર થી જીવેાને પરમ તત્વ તરફ વાળે એવુ. આ પુસ્તક વાચન, મનન અને અનુસરણનું અધિકારી છે''

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અર્પણ

સ્વર્ગસ્થ

કેસરબેન કરસનદાસ લીમાણી

કરસનદાસ જેઠાભાઈ લીમાણી

જેમની સાત્વિક, આધ્યત્મિક અને સાંસ્કારિક ભાવનાઓનો

પમરાટ આજે પણ જીવંત છે એવા

પૂજ્ય માતપિતાને

શ્રી મનુભાઈ કે. લીમાણી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી શ્રીમાઆનંદમયી માતાજી

भवतापविनाशिन्या आनंदघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै मातस्तुभ्यं नमो नमः ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતાજીનું ધ્યાનઃ -

ॐ कृतसहजसमाधिं विभ्रतीं हेमकान्तिं
नयनसरसिजाभ्यां स्नेहराशिं किरन्तीम् ।
मनसिकलितभक्तिं भक्तमानन्दयन्तीं
स्मितजितशरदिन्दुं मातरं धीमहिव ॥ १ ॥
तपनसकलकल्पं कल्पवृक्षोपमानं
शरणागतजनानां तारकं क्लेशपाशात् ।
हृदयकमलमध्ये स्थापयित्वेह मातु-
र्विहितविविधकल्पं पादपीठं भजामि ॥ २ ॥

માતાજીને પ્રણામઃ—

मातः प्रसीद परिपालय भक्तवृन्दान्
संसारदुःखदहनात् करुणाकटाक्षैः ।
दूरी करोतु दूरीतानि सुदुःसहानि
तत्पादपीठमिह नः शरणागतानाम् ॥
नमस्तेऽस्तु मातः प्रसीद प्रसीद
नमस्ते पदाम्भोजपीठाय भूयः ।
शरण्ये तमः पारमस्मान्नय त्वं
प्रपद्ये परं पावनं पादपीठम् ॥

આ પુસ્તકથી સર્વના હૃદયો આંદોલિત હો એ જ એક માત્ર માતાજીનાં શ્રીચરણે પ્રાર્થના.

असतो मा सद् गमय ।
तमसो मा ज्योतिर्गमय ।
मृत्योर्माऽमृतं गमय ।
ॐ शान्तिः । शान्तिः । शान्तिः ।

અમદાવાદ.
તા ૩ ડીસેમ્બર ૧૯૪૭
કારતક વદ ૫ ૨૦૨૪

કાન્તિભાઈ વ્યાસ
સ્વામી ભાગવતાનંદગિરિ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ ॐ माँ ॥

પરિશિષ્ટ ब

BRANCH-CENTRES
OF
SHREE SHREE ANANDAMAYEE SANGH

1. Shree Shree Ma Anandamayee Ashram,
   Bhadaini, Varanasi, U. P. (Phone 2791)
2. Shree Shree Ma Anandamayee Kanyapeeth,
   Bhadaini, Varanasi, U. P.
3. Ma Anandamayee Seva Hospital,
   Shivala, Varanasi, U. P. (Phone 5871)
4. Anandamayee Karuna, Shivala, Varanasi, U. P.
5. Shree Shree Ma Anandamayee Ashram,
   Vrindaban, U. P. (Phone 94)
6. Shree Shree Ma Anandamayee Ashram,
   Ashtabhuja Hill, Vindhyachal, U. P.
7. Shree Shree Ma Anandamayee Ashram,
   Kishenpur, P. O. Rajpur, Dehradun, U. P.
   Phone : Rajpur 71
8. Shree Shree Ma Anandamayee Ashram,
   Kalyanvan, 176, Rajpur Road, Dehradun, U. P.
9. Shree Shree Ma Anandamayee Sadhan Ashram
   47/A Jakhan, Dehradun, U. P.
10. Shree Shree Ma Anandamayee Ashram,
    P. O. Rajpur Ordnance Factory, Dehradun, U. P.
11. Shree Shree Ma Anandamayee Ashram,
    Kali Mandir, P. O. Uttar Kashi, U. P.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

12. Shree Shree Ma Anandamayee Vidyapeeth,
Patal Devi, Almora, U. P.

13. Shree Shree Ma Anandamayee Ashram,
P. O. Dhaulchina, Almora U. P.

14. Shree Shree Ma Anandamayee Ashram,
Puran Mandir, P. O. Nimsar, Sitapur. U. P.

15. Shree Shree Ma Anandamayee Ashram
P. O. Kankhal, Saharanpur, U. P.

16. Shree Shree Ma Anandamayee Ashram,
Kalkaji New Delhi–19 (Phone 72478)

17. Shree Shree Ma Anandamayee Ashram,
Kamarhati Calcutta–58 (W. B)
(Phone 611328)

18. Shree Shree Ma Anandamayee Ashram,
P. O. Chandipur Tarapith, Birbhum, West Bengal

19. Shree Shree Ma Anandamayee Ashram,
P. O. Rajgir, Patna, Bihar

20. Shree Shree Ma Anandamayee Ashram,
Main Road, Ranchi, Bihar

21. Shree Shree Ma Anandamayee Ashram,
Swargadwar, Puri, Orissa

22. Shree Shree Ma Anandamayee Ashram,
Bhimpura, P. O. Chandod, Baroda, Gujarat

23. Shree Shree Ma Anandamayee Ashram,
Ganesh Khind Road, Poona–7

24. Shree Shree Ma Anandmayee Ashram,
P. O. Ramna. Dacca, East Pakistan

25. Shree Shree Ma Anandamayee Ashram,
Siddheshwari, P. O. Ramna, Dacca, East Pakistan

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરિશિષ્ટ-અ

SHREE SHREE ANANDAMAYEE SANGHA
LIST OF PUBLICATIONS

Hindi

Matri Darshan—"Bhaiji"	2–50
Sad Vani „	1–00
Sri Sri Ma Anandamayee—Gurupriya Devi :— Vol. I to XI	28–50
Ma Anandamayee—Dr. Pannalal	2–50
Akhanda Mahayajna—Gurupriya Devi	2–50
Kirtan Rasa Swarupa	6–00
Sankirtan, Stav, Arati	0–50

Bengali

Matri Darshan"—Bhaiji"	3–00
Sad Vani—"Bhaiji	1–50
Matri Vani	0–75
Sri Sri Ma Anandamayee—Gurupriya Devi :— Vol. I-XII	29–00
Ma Anandamayee Updeshamrita Sangraha	1–50
Akhanda Mahayajna „ „	2–50
Kirtan Rasa Swarupa	6–05
Suno Bali Maer Kotha—Sailesh Brahmachari	1–25
Matri Lila Sankirtan	1–31
Anandamayee Ma—Ganga Samiran	2–50
Namavali— „	0–50

Gujarati

Matri Darshan—"Bhaiji"	1–50
Ma Anandamayeena Sannidhyama, Part—II Br. Kantibhai (Swami Bhagavatanada)	2–00

English

Mother As Revealed to Me—"Bhaiji"	4–00
Matri Vani (Sayings) 1–50, Special edition	2–50
Words of Sri Anandamayee Ma 3–00, Special edition	5–00
Mother as seen by her devotees 5–50, Rexin bound	6–50

Photos etc.

Photos—various	to 15–00
Lockets	1–25

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ ઉઁમાઁ ॥

શ્રી મા

આનંદમયીના સાંનિધ્યમાં

: ભૂમિકા :

આ પુસ્તકને ગુજરાતી પ્રજા સમક્ષ મૂકતાં મને અત્યંત હર્ષ થાય છે. પ્રસ્તુત પુસ્તક, માતાજી જ્યારે ૧૯૪૭ના ડિસેંબરમાં ગુજરાતમાં આવેલાં, તે વખતના વાર્તાલાપની મારી નોંધપોથીના આધારે, તૈયાર કરવામાં આવ્યું છે. પરમપૂજ્ય માતાજીના અમૃતમય સદુપદેશની નોંધ કરવાની પાછળ મારો મુખ્ય ખ્યાલ એ હતો કે સાધકોને એકાંતમાં સાધન ભજન કરવા માટે માની અમૂલ્ય વાણી ખૂબ પ્રેરણાદાયક થઈ પડે. તદુપરાંત બીજો ખ્યાલ એ પણ હતો કે અન્ય મિત્રોના જીવનપથમાં આ વાર્તાલાપ ઉપયોગી નીવડે. આ કારણોથી માતાજી જ્યારે ૧૯૪૭ના ડિસેંબરમાં ગુજરાતમાં આવ્યાં ત્યારથી વાર્તાલાપની નોંધ મેં લેવી શરૂ કરેલી. માતાજી ગુજરાતમાં તા. ૧ લી ડિસેંબર ૧૯૪૭ના દિવસે પધાર્યાં. આ પુસ્તકમાં તા ૩જી ડિસેંબરથી તા. ૯મી ડિસેંબર સુધીના વાર્તાલાપની નોંધ છે; કારણ તા. ૧૦ મી ડિસેંબરે માતાજીના આદેશથી મારે આશ્રમના કામે ભીમપુરા (ચાંદોદ) માતાજીના આશ્રમમાં જવાનું થયું. માતાજી અમદાવાદથી ઉત્કંઠેશ્વર (પરમ પૂજ્ય સ્વ. બાપુ ત્રિલોકચંદજી મહારાજના યોગાશ્રમમાં) ગયાં. તા. ૧૫મી ડિસેંબરે માતાજી ભીમપુરા–ચાંદોદ ગયાં. તા. ૧૫ થી ૧૮ મી ડિસેંબર સુધીમાં ચાંદોદ, રાજપીપળા, વડોદરા, પાદરા વગેરે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્થળે થઈને દિલ્હી જવા ઊપડી ગયાં. તા. ૧૫થી ૧૮મી ડિસેંબર સુધીના વાર્તાલાપની પણ નોંધ આ પુસ્તકમાં લેવામાં આવી છે. જ્યાંસુધી શક્ય બન્યું છે ત્યાં સુધી માના વાર્તાલાપને આ પુસ્તકમાં ઉતારવા પ્રયત્ન કર્યો છે. માનો વાર્તાલાપ ઘણુંખરું હિંદી અથવા બંગાળીમાં થતો હોય છે. તે સમયે જે ભાષામાં વાર્તાલાપ ચાલતો હોય તે જ ભાષામાં હું નોંધ લઉં છું. પછીથી અન્ય સમયે તેને યોગ્ય રીતે ગોઠવીને ગુજરાતીમાં ઉતારવા પ્રયત્ન કરું છું. માના મુખમાંથી નીકળેલો પ્રત્યેક અક્ષર આ પુસ્તકમાં લખાયો છે તેવો મારો દાવો નથી. જ્યાંસુધી શક્ય બન્યું છે ત્યાંસુધી માના ભાવને સરળ ભાષામાં ઉતારવા પ્રયત્ન કર્યો છે; છતાં કોઈ કોઈ જગ્યાએ કેટલીક વાતો લખવાની રહી પણ ગઈ હશે, તે માટે શ્રી માના ચરણે ક્ષમા પ્રાર્થું છું.

હે સુરેશ્વરી! મા! તારાથી તો અજાણ્યું કંઈ નથી. તારું 'કથામૃત' લખવામાં જો કોઈ જગ્યાએ કોઈ અક્ષર યથાર્થ ભાવે વ્યક્ત ન થયો હોય અથવા જો કોઈ સ્વરલહરીનું માધુર્ય ખંડિત થયું હોય તો તારા અભય વરદાને—તારી કૃપાએ સર્વ પૂર્ણ રીતે ઠીક થઇ જાઓ, અને તારી 'કથામૃત'નું પાન કરનારા પાઠકોનાં હૃદયોને આંદોલિત કરીને શ્રી ભગવચ્ચરણે સ્થાપિત કરો એ જ પ્રાર્થના.

માતાજી વિષે બંગાળી, હિંદી, અંગ્રેજી, ફ્રેન્ચ, ગુજરાતી વગેરે અનેક ભાષાઓમાં પુસ્તકો લખાયેલાં છે. આ પુસ્તકોની યાદી પરિશિષ્ટ ગમાં આપેલી છે.

આ બધાં પુસ્તકો વાંચનાર પાઠકને થતું હશે કે મા કોણ છે? માનો પરિચય શું? પુસ્તકો દ્વારા માનો સાચો પરિચય કદી આપી શકાય નહિ. વિચારબુદ્ધિની સીમામાં રહીને, માના સત્સ્વરૂપને જાણવું મુશ્કેલ નહિ પણ અશક્ય છે. તો પણ સત્યનો સાચો સાધક કોઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કોઈ વાર માના સત્સ્વરૂપનાં દર્શન મેળવે છે. સાધકને પોતપોતાના ભાવ અને સંસ્કાર મુજબ દર્શન તથા અનુભવ થાય છે. આ ઉપરથી મેળવેલો પરિચય તે વાસ્તવિક પરિચય ન કહેવાય. માનું સ્વરૂપ ભાવાતીત છે. મહાભાવ સ્વરૂપિણી મા અનંત પ્રકાર, અનંત ભાવોનો સમન્વય અને મૂળ હોવા છતાં ખરી રીતે બધા યે ભાવોથી પર છે. માનું સ્વરૂપ તૂર્યાતીત છે. ખંડભાવમાં રહીને અખંડ, તૂર્યાતીત રૂપને સામાન્ય મનુષ્ય કઈ રીતે સમજી શકે? માને પ્રાપ્ત કરવી હોય તો એના શ્રી ચરણે આત્મસમર્પણ કરવું જોઈએ અને તેની સાથે એકાત્મતા પ્રાપ્ત કરવી જોઈએ. અહંકારની પૂર્ણ નિવૃત્તિ થયા બાદ સાચું આત્મસમર્પણ થાય છે, ત્યારે જ માના સાચા સ્વરૂપનું દર્શન થઈ શકે. એક વખતે ઇ.સ. ૧૯૪૧ના સપ્ટેમ્બર માસમાં હું માતાજી સાથે હરદ્વાર ગયેલો. ત્યાં એક વાર માની સાથે એકાંત વાતચીત દરમ્યાન મેં માને પ્રશ્ન પૂછેલો; મા, તમે કોણ છો? કોઈ કહે છે તમે સાક્ષાત ભગવાન છો. કોઈ કહે છે જગતજનની છો. મને તો આમાંનું કાંઈ જ સમજાતું નથી. જ્યાંસુધી મને પોતાનો આનો અનુભવ નહિ થાય ત્યાં સુધી હું કાંઈ જ માનવાને તૈયાર નથી. ઉત્તરમાં માએ કહેલું કે, "તું જે ધારે તે હું છું." ગીતામાં શ્રી ભગવાને પણ આવું જ કહેલું છે.

માના પરિચય સંબંધમાં એકવાર માતાજી સાથે એકાંતમાં, માતાજીના એક ભક્ત શ્રી અમૂલ્યકુમાર દત્તગુપ્તને વાર્તાલાપ થયેલો. તેમાં માતાજીએ પોતાનો થોડોઘણો આત્મપરિચય આપ્યો છે. આ પરિચય તેમના એક બંગાળી પુસ્તક "શ્રી મા આનંદમયીના પ્રસંગમાં" અપાયેલો છે. તેનો અનુવાદ હું ગુજરાતી ભાઇઓની જાણ માટે અહીં ઉતારું છું.

માતાજીનો આત્મપરિચય

મા, ખંડ, અખંડ ઇત્યાદિની વાતો કરતાં હતાં. એટલે મેં પ્રશ્ન પૂછ્યો: "મા, તમે જ્યારે અખંડ ભાવમાં હો ત્યારે અમને બધાંને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જોઈ શકો ખરાં કે નહિ?" આ પ્રશ્ન સાંભળી મા જરા ગંભીર થઈ ગયાં અને બોલ્યાં: 'સાંભળો, આ બધી વાતો હું બધાની સાથે ભાગ્ય જ કરતી હોઉં છું. મારા મોંમાંથી આ બધી વાતો બહાર નીકળતી નથી. છતાં તમારી પાસે બોલું છું. તમે પ્રશ્ન કર્યો છે અને મારા મોંમાંથી તેનો ઉત્તર પણ નીકળે છે. મને લાગે છે કે તમે સમજી શકશો એટલે જ આમ ઉત્તર નીકળે છે.'

તમે જે ખંડભાવની વાત કરી તે પણ હું છું; છતાં હું ખંડ નથી. તમે જે અખંડભાવની વાત કહી તે પણ હું છું; છતાં હું અખંડ નથી. હું અસીમ પણ નથી, વળી પાછી સીમમાં બંધાયેલી પણ નથી. હું એકીસાથે બંને છું—એટલે કે અસીમ અને સીમ, ખંડ અને અખંડ. મને જો તમે ખંડ કહેશો તો તો મને તમે સીમામાં બાંધી નાખશો. વળી પાછી જો અખંડ કહેશો તો પણ મને બાંધવા જેવું જ થાય. મારે કોઈ સીમા નથી, બંધન નથી. વળી પાછાં બધાંયે બંધનો છે. હું ખાઉં છું, સૂઉં છું, આ બધા મારા ખંડ ભાવો તેથી હું સસીમ છું. વળી પાછું મારે આહારનિદ્રાની કોઈ જરૂરીયાત જ નથી. તેથી હું અસીમ છું, સીમાશૂન્ય છું.

મારી પાસે કોઇ છોકરાં આવે ત્યારે હું તેઓની સાથે હાંસીમજાક કરું છું. તેઓમાં એક થઈ જાઉં છું. મારી પાસે કોઈ મહાપુરુષ આવે ત્યારે હું તેઓના ભાવને અનુરૂપ તેઓની સાથે વાતો કરું છું. કેટલાયે (અશરીરી) આત્માઓ, ફકત સારા આત્માઓની વાત કરતી નથી, કેટલાયે ખરાબ આત્માઓ પણ મારી પાસે આવે છે. ત્યારે તેઓના ભાવોની માફક તેઓની સાથે વ્યવહાર કરું છું. તેઓનું જે જે પ્રયોજન હોય તે પૂરું કરું છું. ક્ષુદ્ર કીટપતંગથી માંડીને સમસ્ત વિશ્વબ્રહ્માંડ હું છું. તમે પૂછો છો કે હું તમને અખંડ ભાવમાં હોઉં ત્યારે જોઈ શકું કે નહિ? હું તો કહું છું કે તમને એકલાને શા માટે? જેઓએ મને જીવનમાં કોઈ વાર પણ જોઈ નથી, મારા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંબંધમાં કાંઈ સાંભળ્યું પણ નથી, તેવાઓને પણ હું જોઈ શકું છું. તેઓના અભાવો દૂર કરતી હોઉં છું.

હું : જો આમ હોય તો અમે તમારું ચિંતન કરીએ ત્યારે તમે અમને બધાંને દેખી શકો છો ?

મા : હા, ટોર્ચનો પ્રકાશ કોઈ વસ્તુ પર ફેંકતાં જેવી રીતે તે વસ્તુ સ્પષ્ટ દેખાઈ આવે તેવી રીતે તમે લોકો જ્યારે મારું ચિંતન કરતા હો ત્યારે તમારી મૂર્તિ મારી અંદર તે જ ભાવમાં દેખાઈ આવે છે. જુઓ ! અત્યારે જ્યોતિષ (ભાઈજી)ના વિચારનો ભાવ ખૂબ દેખાઈ આવે છે.

હું : મા, જ્યોતિષ બાબુની ભક્તિ પણ ખૂબ છે.

મા : વિચાર, ભક્તિ, કર્મ જ્ઞાન આ ચારે વસ્તુ એક સાથે રહેતી હોય છે. આમાંની એક વસ્તુનું પ્રાબલ્ય જેનામાં વધારે હોય, તે જોઈને આપણે તેની પ્રકૃતિ ઠીક કરતાં હોઈએ છીએ, તેનામાં પણ બાકીની ત્રણ વસ્તુઓ તો હોય છે જ. પરંતુ તેનામાં ભક્તિનો ભાવ વધારે છે એમ જોઈને જ આપણે તેને ભક્ત કહીએ છીએ. જ્યોતિષમાં ત્યારે વિચારનો ભાવ ખૂબ પ્રબળ છે. તે મારી વારંવાર પરીક્ષા કરતો હોય છે. એક દિવસ કરમપુરથી મને તેઓ કીર્તનમાં લઈ ગયા. કીર્તન સાંભળતાં–સાંભળતાં મારા ભાવનું થોડું પરિવર્તન થયું. સાચું કહું તો એ ભાવનું પરિવર્તન જ ન હતું. છતાં જ્યોતિષે તે દિવસે મને જુદી જ આંખે જોઈ. બીજા લોકોના લક્ષમાં આ વાત આવી ન હતી. કીર્તનમાંથી પાછા ફરતી વખતે રસ્તામાં જ્યોતિષે મને પૂછ્યું. તમે જો અસીમ હો તો કીર્તન સાંભળીને તમારામાં ભાવો શા માટે આવે ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હું : મા, વાત તો ઠીક થઈ, નહિ ? જો દરેક વાર કીર્તન સાંભળતાં તમારામાં ભાવોનું પરિવર્તન દેખાય તો તો કહી શકાય કે કીર્તનદ્વારા તમે સીમાબદ્ધ છો. પરંતુ તેમ ન દેખાય તો કીર્તનદ્વારા તમારી સીમાનો નિર્દેશ કેવી રીતે કરાય ?

મા : (સંતુષ્ટ થઈને) તમે કહો છો તે સાચી વાત છે, પરંતુ જ્યોતિષ એ વાત સમજી શક્યો નહિ. પહેલાં કેટલાયે દિવસો એવા ગયા છે કે કીર્તન સાંભળતાં મને ભાવાવેશ થતો. વળી પાછું એવું પણ થયું છે કે સેંકડો કીર્તનો સાંભળતાં છતાં જરી યે ભાવોનું પરિવર્તન થતું નહિ. જ્યોતિષની વાત સાંભળીને મેં તેને કહ્યું : 'હું જે સૂઉં છું, ખાઉં છું, વાતો કરું છું—આ બધું શું સીમાનું ચિહ્ન ન હોય ?'

હું : તમારી વાતો સાંભળીને મને થાય છે કે તમે સ્વપ્રકાશ છો. તમે સત્ છો. એવો સમય ન હતો કે જ્યારે તમે ન હતાં. એવો સમય ભવિષ્યમાં નહિ આવે કે જ્યારે તમે નહિ હો. એટલે તમે ભૂતકાળમાં પણ હતાં અને ભવિષ્યમાં પણ રહેશો. જો તમને કોઇ કહે કે તમે મહામાયા અથવા કાલી, દુર્ગા—માનુષી મૂર્તિ ધારણ કરીને આવ્યાં છો, તો તેમાં તમને સીમાબદ્ધ કરવા જેવું થાય છે. એ તમારો સાચો પરિચય નહિ કહેવાય. તમે એકીસાથે બંને છો—અસીમ અને સીમ. તેથી જ જે સ્વપ્રકાશ છે તેનો વળી પરિચય કેવો ? શું મા આ નથી ?

મા : (હસતે મુખે સહેજ ભારપૂર્વક બોલ્યાં.) તમે જે સમજ્યા છો તે જ બિલકુલ સાચી વાત છે.

માની વાતો સાંભળીને મારા પ્રાણમાં આનંદનો જાણે સાગર ઊલટ્યો ન હોય તેવું લાગ્યું. સાથેસાથે મારામાં એક અદ્‌ભુત ભાવનો પ્રકાશ થવા માંડ્યો. હું વિચારવા લાગ્યો કે કેટકેટલાયે જન્મજન્માન્ત-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રોના પુણ્યફળે મને માતાજીનું સાન્નિધ્ય મળ્યું છે. આને 'મા' કહીને બોલાવી શકાએ છીએ. અર્જુનની પાસે શ્રીકૃષ્ણે જેવી રીતે પોતાનો આત્મપરિચય આપ્યો હતો, તેવો જ લગભગ આ પણ માનો આત્મ-પરિચય કહી શકાય. માની વાતો સાંભળીને મેં માને પૂછ્યું : 'મા, તમે જે ભાવની વાત કહી તેને પુરુષોત્તમ ભાવ કહે, નહિ?'

મા : આ બધું તમે જાણો.

કાશી જઈને મેં ગોપીનાથબાબુને આ સંબંધમાં પૂછ્યું, કે માની આ વાતો પુરુષોત્તમભાવની ન કહેવાય? તેમણે હા પાડેલી. ખેર! આ બધી વાતો કર્યા પછી માએ કહ્યું : 'તમે ખૂબ ઝીણવટપૂર્વક પ્રશ્નો પૂછી શકો છો અથવા તમે સમજી શકશો એમ સમજીને તમને આ બધી વાતો મેં કહી છે.

હું : મા, તમારી વાતો સાંભળીને, હું બધું સમજી ગયો છું, એમ કહું તો ભૂલ કહેવાય. પરંતુ એ સત્ય વાત છે કે આજથી તમારા સ્વરૂપ સંબંધમાં મને થોડો આભાસ મળે છે.

મા : હા, આ સાચી વાત છે.

મારી અને માની વાતો ચાલતી હતી, એવામાં બીજા બહારના માણસો આવી પડતાં અમારી વાતો બંધ થઈ. અત્યાર સુધીમાં હું માને જે ભાવે જોતો આવ્યો છું, તે ભાવથી આજે જોઈ શકતો નથી. વારંવાર ફક્ત ગીતાજીની વાત જ મનમાં આવવા લાગી. હું વિચારવા લાગ્યો :–

હું માને કયા ભાવે ગ્રહણ કરું? કેવી રીતે પ્રણામ કરું? મા–મારા અંદર અને બહાર, આખાયે વિશ્વ બ્રહ્માંડમાં વ્યાપેલી છે. ખંડ ભાવે જોવા છતાં મા અખંડ છે, ખૂબ પાસે જોવા છતાં મા દૂર–સુદૂર છે. જ્ઞાન હોય એને મા જ્ઞાનગમ્ય છે. મા સિવાય મારી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સત્તા જ ક્યાં છે? અનેક વિચારોનાં મોજાં આવવા લાગ્યાં. માની સાથે કેટલી યે વાર હાંસીમજાક કરેલી તે બદલ પ્રશ્ચાત્તાપ થવા લાગ્યો. હાય! આટલા બધા દિવસોસુધી મેં મા રૂપી પુરુષોત્તમને કેવા યે ભાવોથી જોયા હશે? અરે! આજે પણ માને સાચી રીતે પ્રાપ્ત કરી શક્યો છું? હું બિંદુ છું, સિંધુની કલ્પના કેવી રીતે કરું? મનમાં ઇચ્છા થતી હતી કે અર્જુનની માફક હું પણ બોલું :

સામે નમું છું નમું છું પીઠે,
સર્વત્રવાસી! સહુ પાસ વંદું.

× × × ×

આવાં જગત્જનની મા ક્યાં રહેતાં હશે? તેમનાં દર્શન ક્યારે અને ક્યાં થઈ શકે? મા પાસે કેવા ભાવથી જવું જોઈએ? આવા પ્રશ્નો વાચકને થાય તે સ્વાભાવિક છે. મા કોઇ એક જગ્યાએ કાયમ નિવાસ કરતાં નથી. માના કાર્યક્રમો આગળથી નિશ્ચિત થતા નથી. આ સંબંધમાં મા કહેતાં હોય છે, હું તો ઊડતું પક્ષી છું. આજે અહીં તો કાલે વળી ક્યાં? કોઈ વખત કોઈ માને પૂછવા જાય કે, માતાજી, અહીં કેટલા દિવસ રહેશો અથવા ક્યાં ક્યારે જશો? મા તેનો લાક્ષણિક શૈલીમાં ઉત્તર આપતી હોય છે: "જ હોયે જાય. એક નિઃશ્વાસ કા તો વિશ્વાસ નહિ હૈ!" એટલે કે જે થવાનું હશે તે થશે. એક નિઃશ્વાસનો તો વિશ્વાસ નથી. આગળની વાત શું કહેવી? એટલે મા કયે વખતે ક્યાં હશે, માનાં દર્શન તથા સંગ ક્યાં થઈ શકે, તે કહેવું મુશ્કેલ હોય છે. છતાં નીચેના સરનામે પત્ર લખતાં કદાચ માના નિવાસની ખબર પડી જાય.

શ્રી મા આનંદમયી આશ્રમ
બી. ૨/૯૪, ભદૈની,
બનારસ. યુ. પી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભાઈજીએ લખ્યું છે કે, "માની પાસે જવાની ઇચ્છા જાગૃત થાય, એમના ચરણસ્પર્શ કરવા આકાંક્ષા જાગે, તો કંઈ નહિ તો યે એ સમય પૂરતું પણ ચિત્ત દર્પણની માફક સ્વચ્છ કરવું જરૂરી છે. જે જેટલો ક્ષુધિત, પિપાસિત, શ્રદ્ધાશીલ અને શરણાગત થઈ શકશે, તે તેટલો તૃપ્તિલાભ કરશે."

મારી તો ગુજરાતી ભાઈઓને એ જ વિનંતિ છે કે માતાજીની પાસે આવો અને દિવ્યસંગનો લાભ ઉઠાવો. માનાં દ્વાર જગતના સર્વજનો માટે સર્વ સમયે ખુલ્લાં છે. હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી વગેરે બધા યે માના શ્રીચરણનો આશ્રય લે છે. મા સર્વ ધર્મ પ્રત્યે સમભાવ રાખે છે. મા તો કહે છે કે, "જેણે જે પથ પકડયો છે તે પથમાં રહીને જ શુદ્ધભાવની પરિપુષ્ટિ માટે પુરુષાર્થ કરવો જોઈએ. જગતના બધા ય મતો મારા મતો છે. વળી પાછું મારો મતહીન મત છે." મા માને છે કે જગતની બધી યે સાધના પ્રણાલીકાઓ એક જ લક્ષ્યે લઈ જાય છે. મામાં પણ જગતની બધી યે સાધનાપદ્ધતિઓનો પૂર્ણ પ્રકાશ થઈ ગયો છે. જન્મથી જ મામાં પૂર્ણજ્ઞાન–પૂર્ણમાત્રામાં હતું, છતાં સાધનાના બધા ખેલો માની કેવળ લીલા માત્ર જ હતા. માએ કહ્યું છે કે, "પૂર્ણત્વ, અખંડત્વ જેને કહેવામાં આવે છે, તે બધું અક્ષુણ્ણ રહેતાં છતાં આ સાધનાના ખેલો થયા હતા અને થઈ રહ્યા છે."

ગુજરાતના વાચકવર્ગને મારી નમ્ર વિનંતિ છે કે, આ પુસ્તકને ખૂબ ધીરજપૂર્વક સમજવા પ્રયત્ન કરજો. આમાં ઘણાં ગૂઢતત્ત્વો સમાયેલાં છે. ગુજરાતીમાં માતાજી સંબંધમાં બીજું સાહિત્ય પણ તૈયાર થઈ રહ્યું છે.

બંગાળી તથા અન્ય ભાષાઓમાં માતાજી વિષે જે સાહિત્ય બહાર પડયું છે તે તેની યાદી પરિશિષ્ટ રૂપમાં આપવામાં આવી છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરિશિષ્ટ ક્કમાં માતાજીનું ભજન આપ્યું છે. પરિશિષ્ટ ખ્રમાં માતાજીનું ધ્યાન, ગાયત્રી, પ્રણામ વગેરે આપ્યું છે. પરિશિષ્ટ ઙ્કમાં માતાજીના બધા યે આશ્રમોની યાદી આપી છે.

હું સાહિત્યકાર નથી. તદુપરાંત છેલ્લા દસ વર્ષ થયાં પરમપૂજ્ય માતાજીની કૃપા કરીને તેમના શ્રીચરણે મને રાખ્યો છે; એટલે ઘણું ખરું બંગાળી ભાષાના સંપર્કમાં જ વધારે રહેવાનું થાય છે; અને પરિણામે ગુજરાતી ભાષાનો સંપર્ક લગભગ તૂટી ગયા જેવો જ છે. એટલે ભાષામાં માતાજીના ભાવને સરળ રીતે સમજાવવામાં જો કોઈ જગ્યાએ દોષો રહી ગયા હોય તો, આશા રાખું છું કે, સુજ્ઞ વાચકવર્ગ મને ક્ષમા કરશે.

અંતમાં શ્રી પરમકૃપાળુ, જગત્જનની માના શ્રીચરણ-કમળે પ્રાર્થના કરું છું કે ગુજરાતના આત્માનુસંધાનેચ્છુ સાધક વર્ગને આ પુસ્તક આત્મોન્નતિના માર્ગે આગળ લઈ જવામાં સહાયરૂપ થાઓ ! અસ્તુ ! ૐ મા

શ્રી મા આનંદમયી
આશ્રમ, બનારસ,
તા. ૨૭-૪-૧૯૫૨
અખાત્રીજ

કાન્તિભાઈ વ્યાસ

સ્વામી
ભાગવતાનંદગિરિ
શ્રી મા આનંદમયી આશ્રમ,
બી. ૨/૯૪ ભદૈની
વારાણસી (ઉ. પ્ર)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

'મા'ની ટૂંકી જીવનરેખા

૧ અલૌકિકતાનું અવતરણ

પરમાનંદનો એક એવો પ્રદેશ છે, જ્યાં અમર સંતોની જ આણ પ્રવર્તે છે; જ્યાં રાત્રીઓ શાશ્વત દિનમાં વિલીન થાય છે અને મસ્તી સઘળાં દુઃખોને હદપાર કરે છે. મા એવા પ્રદેશનાં વાસી છે. આ મૃત્યુલોક પર આવ્યાં, ત્યારે પણ જાણે પોતે એ 'મૂળ ભોમ'ના ગુણો લઈને જ અવતર્યાં! આ ભોમમાં તો માનવીને નસીબે જીવનના શ્રીગણેશ જ મંડાય છે રુદનથી. મા પોતે જ કહે છે, રોઉં શા માટે? હું તો એ વખતે દીવાલના જળિયામાંથી બહારનું આંબાનું ઝાડ જોઈ રહી હતી. અને તે ય ક્યારે? રાત્રીના લગભગ ત્રણ વાગે! ઇ. સ. ૧૮૯૬ના એપ્રીલની ૩૦મી ને ગુરુવારે રાત્રે ત્રણ વાગે માના જીવનપ્રવાહની ગંગોત્રીમાંથી આનંદનાં નવાં નવાણ ફૂટ્યાં અને ત્યાર પછી તો—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વહે નિરંતર અનંત આનંદધારા.

એ આનંદધારાથી અનેક યાત્રીઓ પુનિત થયા. એમાંના ઢાકાના શ્રી. જ્યોતિશ્ચન્દ્રરોયે, માના ખરા સ્વરૂપની ઝાંખી પામીને હોય કે પછી એ અખંડઆનંદની મસ્તીમાં સહજપણું રૂફૂર્યું માટે હોય તેમ, માને આનંદમયી કહીને પુકાર્યાં. નિર્મલાસુંદરી ત્યારથી 'આનંદમયી' નામે જ ઓળખાયાં.

અત્યારે જેમ ભક્તોને છે તેમ જન્મસમયે નિર્મલાસુંદરી એમની માને બહુ મોંઘામૂલાં હતાં. એમના અવતરણ પહેલાં જ એમની માએ એક બાળકને જન્મ આપેલો પણ બેચાર 'દી' ની મહેમાની ચાખી એમને છોડી, એ ચાલ્યું ગયેલું. એટલે જન્મના બીજા જ દિવસે વિધુમુખીદેવી એમને તુળસી ક્યારે ગોદમડાં ખવરાવી આવ્યા; તુળસીમાને આ બાળકીની સોંપણી કરી. આઠ માસ સુધી નિયમિત એ રીતે તેઓ નાની 'નીરી'ને તુળસી ક્યારે લઈ જઈ આળોટાવતાં. પછી તો નીરી પોતે જ ત્યાં જઈને એ વિધિ પતાવી આવતી. આમ જન્મતાં વેંત જ એનું જીવન ઈશ્વરાર્પણ કરાયું. પણ એમ ન હોત તો ય એ તો 'દેવની દીધેલ' હતી, 'માગી લીધેલ' હતી. એમનાં દાદી કાલીમાની પ્રાર્થના કરવા ગયેલા મારા વિપિનને દીકરો આવે તેને બદલે દીકરી આવે એવી મોંમાંથી સરી પડેલી પ્રાર્થના વાણી ફળી.

મા પોતે પોતાના જન્મ વિષે કહેતાં કોઈવાર વાત કરે છે, "મારા જન્મ પહેલાં જ મારા પિતાજી ઘર છોડી ચાલ્યા ગયા હતા. અને ભગવાં પણ ધારણ કર્યાં હતાં; હરિસંકીર્તનમાં જ સમય વ્યતીત કરતા હતા. આ શરીરનો જન્મ થયો ત્યારે પણ તેમનો એવો જ વૈરાગ્ય ભાવ હતો."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતાની ભક્તિ, દાદીની પ્રાર્થના કે પિતાનો વૈરાગ્ય ગમે તેમાં નિર્મળાદેવીની અલૌકિકતાનાં મૂળ શોધવા જઇએ, છતાંય ન સમજાય એવું અનોખાપણું એમનામાં નાનપણથી જ તરી આવતું. એક દિવસ વાતચીતમાં એમણે એમની માને કહ્યું :

"મા, મારા જન્મના તેરમે દિવસે શ્રીનંદન ચક્રવર્તી મને જોવા આવેલાને ?' માએ યાદ કર્યું. વાત આશ્ચર્યકારક હતી.

પોતે જ્યારે વર્ષ અને દસ માસની હતી, ત્યારનો એક પ્રસંગ એકવાર નિર્મળાએ પોતાની માને યાદ દેવરાવેલો. પડોશી ચંદ્રનાથ ભટ્ટાચાર્યને ત્યાં કીર્તન હતું. પોતાને કાખમાં ઘાલીને મા ત્યાં લઈ ગયેલી. કીર્તન દરમ્યાન કોણ જાણે શું થયું તે નિર્મળાને નિદ્રા આવી ન હોય તેમ ઢળી પડી. એને ઢળી પડતી જોઈને માએ છણુકો કર્યો; 'અરે! આમ સૂઈ શું જાય છે? કીર્તન તો સાંભળ.' મા કહે છે; "મોટા થયા પછી કીર્તનમાં જે હાલત થાય છે એવી જ હાલત એ વખતે પણ મારી થતી હતી."

ત્રણેક વર્ષની નીરીને જ્યારે હાથે કોળિયો ભરીને ખાતાંય નહોતું આવડતું. ત્યારે એની મા એને જમાડતી. જમતાંજમતાં ક્યારેક એ સૂતમૂત બની એકાટશે અવકાશમાં જોઈ રહેતી. મા એને ધમકાવતી, 'ખાવામાં જીવ રાખને; ત્યાં શું જોઈ રહી છે?' નીરી અણધાર્યો જવાબ આપતી, 'જોને મા, કેટકેટલી દેવમૂર્તિઓ ત્યાં આવજા કરે છે!' મા કહેતી, 'આ નીરી તો સાવ સીધી* છે. એને કંઈ ગતાગમ જ નથી.'

---

* 'સીધી' ભોટ, ગમાર, ભોળી. માને નાનપણમાં બધાં મશ્કરીમાં 'સીધી' કહેતાં. એટલે જ એક દિવસ નીરી એક કળશો લઈને તળાવે ગઈને પાણી ભરી લાવી. વાંકી વળીને મા સામે ઊભી રહી બોલી, 'લો, કહો છો ને કે હું 'સીધી' છું? હવે તો વાંકી થઈ ગઈ ને?'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નીરીના દાદાજી શિક્ષક હતા. નીરીને પણ નિશાળે બેસાડી. એમણે એને ક, ખ.....અને અ.....આ.....વગેરે શીખવ્યું. તે એ એક જ દિવસમાં શીખી ગઈ! વર્ગમાં શિક્ષક ભણાવતા ત્યારે તે એક ચિત્તે સાંભળતી ને એમ ને એમ જ એને બધું યાદ રહી જતું.

એકવાર ઈન્સ્પેકટર સાહેબ શાળામાં આવ્યા. નીરીએ ઘેરથી તો વાંચીને તૈયારી કરી હોય જ શાની? એણે પુસ્તક ઉઘાડીને એક પાના પર નજર ફેરવી લીધી. દૈવવશાત્ ઈન્સ્પેકટરે એની પાસે એ જ પાઠ વંચાવ્યો. એણે રોફબંધ એ પાઠ વાંચ્યો. ઈન્સ્પેકટર ખુશ થયા અને નીરીને પહેલા નંબરે બેસાડી. પણ શાળામાં એણે બહુ દિવસો કાઢયા નહિ. એનું શાળાનું ભણતર ત્યાં જ અટકયું. એ શાળા અને એનું ભણતર એને નાનાં લાગ્યાં હશે કે અગમની વિશ્વશાળામાંથી અલખના પાઠ લઈ જ એ આવી હશે? **को जाने।**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રકરણ ૨ પાનીમેં મીન પિયાસી

'હાય, હાય! આ તે કંઈ વહુ છે! ચૂલા પાસે ય મોઈ ઘેારે છે. કોઈને કોકવાર કાળી ટીલી ચોંટાડવા જ આવી લાગે છે. મોઈને જરા શરમે ય આવે છે?...આ દાળ–શાક તો બળી ચાલ્યાં...!'

× તેરેક વર્ષની નિર્મળા સાસરે આવી છે, પણ જીવ ચૂલામાં ને ચોકડીમાં ચોંટતો નથી. આંખો ખોળે છે અંતરની ખીણોમાં છુપાયેલા અજવાળાં. ચૂલે મૂકેલાં શાક–દાળ બળવા માંડે છે. જેહાણી બરાડી ઊઠે છે, 'હાય, હાય! આ તે કંઈ વહુ છે...?' 'વહુ' જાગે છે; પણ—

'જાગીને જોઉ તો જગત દીસે નહિ, ઊંઘમાં અટપટા ભોગ ભાસે.'

એ દર્શન જ એને થાય છે. છતાં ચૂપચાપ ઘરનું કામ કરે છે. પણ બિચારાં જેહ–જેહાણી ચાર વર્ષમાં જ સ્વર્ગે સિધાવે છે.

એકાર રમણીબાબુને અષ્ટગ્રામમાં ઢાકાના નવાબની જાગીરમાં 'સેટલમેન્ટ' ખાતામાં નોકરી મળતાં, નિર્મળાસુંદરી ત્યાં આવે છે.

× ૧૨ વર્ષ અને ૧૦ માસની ઉંમરે, માઘ માસમાં વિક્રમપુરના શ્રી. રમણીમોહન ચક્રવર્તીને ત્યાં 'મા' નાં લગ્ન થયાં. રમણીબાબુ તે વખતે વિક્રમપુરના આટપાડા ગામમાં પોલીસ હતા. લગ્ન પછી તરત જ તેમની નોકરી તૂટતાં, 'મા'ને જેહ–ખેતિમોહન-બાબુ સાથે રહેવા જવું પડ્યું. એ ચાર વર્ષ જેહ સાથેના સહવાસમાં એમણે સેવા દ્વારા સૌનાં મન જીતી લીધેલાં. સૌને એ પ્રિય બનેલાં માત્ર એમનો ભાવાવેશ કોઈ સમજી શકેલું નહિ. કેટલાંક એને ગાંડપણ કહેતાં તો કેટલાંક ભૂતપ્રેતા-દિકનો પ્રભાવ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લાંબો ઘૂંઘટ કાઢી બધે હરેફરે છે. એ જગજડતાનો ઘૂંઘટ હૈયે વહેતી ગુપ્તગંગાના ઘૂઘવાટાને છુપાવી શકતો નથી. જયશંકર સેનનીx પત્ની એ ઘૂઘવાટાને જાણી જાય છે. નિર્મળાનું નામ પાડે છે ખૂશીકી મા ! નિર્મળા વહુ 'મા' બને છે. સેનબાબુનો પુત્ર શારદા સેન ભક્તિથી પ્રેરાઈ 'ખૂશીકી મા'ને ઠાકુર દયાનંદકૃત એક પુસ્તક ભેટ આપે છે. પણ જ્યારે જ્યારે 'મા' આ પુસ્તક ઉઘાડે છે ત્યારે ત્યારે હૈયામાં ગૂંગળાતાં ભક્તિતાં પૂર ઘોડાવેગે બહાર ધસી આવે છે અને પુસ્તક પુસ્તકને ઠેકાણે જ રહી જાય છે.÷

* * * *

"ઘેલાની તે કંઈ દુનિયા વસે છે !"

"કેમ ?"

'આ...પેલો સેન મોશાયનો સાળો હરકુમાર...મુઓ, જ્યારે જુવો ત્યારે પેલી નિર્મળા વહુની પૂંઠે જ દેખાય.'

'અરે, મોઈ ! આજ તો હું દાતણ કરતી'તી ને સવારના પહોરમાં મેં એને સેન મોશાયના ઘરમાં પેસતાં જોયો અને પૂછ્યું, 'કાં રોય ? શું કામે પધાર્યા ?' તો કહે છે, 'ખુશીકી 'મા'નાં દર્શન કરવા !' બઈ, આવું તો કંઈ જોયું નોતું ! આ તો બધું નવતર લાગે છે !'

'એની યે 'મા' સેનની યે 'મા' ને એના દીકરાની યે 'મા'. મને તો બળ્યું દાળમાં કંઈ કાળું લાગે છે.'

x જેના મકાનમાં તેઓ અષ્ટ ગામમાં રહેતાં હતા તે મકાનમાલિક

÷ આ કારણે જ બીજાં કોઈ પુસ્તકો પણ તેઓ વાંચી નથી શકતાં. તેઓ જ કારણ આપે છે : "એવું કાંઈ નથી કે ગીતા (ગ્રંથ)માં જે લખ્યું છે એનો આ પ્રભાવ પડે છે. પણ કેવળ એક જ ખ્યાલ કે 'આ ઈશ્વર સંબંધી કથા છે.' એ એક જ વાત મને ભાવાવેશમય કરી દે છે.'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

''મા' શેની? ઢોંગી છે ઢોંગી.'

'અરે વળગણુ છે, કંઈક વળગણુ.'

'ગામને મોઢે કંઈ ગરણું બંધાય છે?' 'લોગ કહે મીરા ભઈ રે બાવરી.' મીરાંને ય લોકોએ કયાં છોડી'તી? પણ હરકુમાર એમ લોકાપવાદ આગળ નમતું જોખે એવો ન હતો.

૧૭, ૧૮ વર્ષની નિર્મળા વહુને એ 'મા' કહી સંબોધતો અને એનું કારણ હતું. જે મકાનમાં નિર્મળા રહેતી હતી એ જ મકાનમાં એની મા પણ રહેતી, ને ત્યાં જ એણે દેહ પણ છોડેલો. એટલે 'મા'ની જોડે એને આ સૂક્ષ્મ સંબંધ હતો. એની માના જ ઘરમાં એ જ ભૂમિપર રહેતી પૂજ્ય વ્યક્તિને એ 'મા' ન કહે તો શું કહે? ને એકવાર હૃદય એને 'મા' તરીકે પૂજતું થયું પછી એની ભક્તિ ન કરે તો કરે શું? સવાર–સાંજ એ માનાં દર્શન કરવા આવતો. 'મા' એની લાજ કાઢતી ને બોલતી પણ નહિ. છતાં એ એને બોલાવવાના અનેક પ્રયત્નો કરતો.

ચૂલામાં લીલું લાકડું આવી ગયું હોય, ખૂબ ધૂણી થઇ ગઈ હોય..., ધૂંધટ સાથે વાંકી વળી, આંખો ચોળતી 'મા' ફૂંક મારતી હોય...,એ થોડીવાર હરકુમાર જોઈ રહેતો. આખરે સૂકાં લાકડાં લાવી આપી કહેતો, 'લો, આનાથી રસોઈ બનાવો.' મા ચૂપચાપ લાકડાં લઈ લેતી.

'મા' નું મૌન એને ખટકતું. એક દિવસ તો એણે સુણાવી દીધું, 'તું તો સાવ પથ્થર જેવી છે. 'મા' 'મા' કહીને મરી જઉં છું. પણ તું તો મોં ઊઘાડે એ જ બીજી! એક પથરાને આટલીવાર 'મા' 'મા' કીધું હોય તો એમાં ય જીવ આવત.....બાળકના આગળ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માને વળી શરમાવાનું કેવું ?' આખરે રમણિબાબુએ 'મા'ને સમજાવ્યાં ત્યારે માનું મૌન તૂટ્યું, લાજ છૂટી.

પણ હરકુમારની ભક્તિએ એક ડગલું આગળ વધી. સવાર સાંજનાં દર્શન તો ચાલુ હતાં જ. પણ હવે તો જમવા ટાણે પણ એ હાજર થઈ જતો. પ્રસાદ માટે હાથ લંબાવતો. મા પ્રસાદ તો દેતાં જ નહિ. પણ મોં ફેરવીને કહેતાં, "એના સામે તો નહિ જ ખાઉં." કેટલાય દિવસ આવું ચાલ્યું. રમણિબાબુ પાસે ફરિયાદ ગઈ. એમણે ચુકાદો આપ્યો, 'હવે આટલી એની ઇચ્છા જ છે તો તું જરા ખાવાના વખતે થોડું એને પણ આપ.' ને એને પ્રસાદ પણ મળવા લાગ્યો. પછી તો એ નિયમિત આવવા લાગ્યો. કોઈવાર બોલી ઊઠતો, 'મા' તને હજી કોઈએ ઓળખી નથી અને એકવાર ! એના મોંએથી ભવિષ્યવાણી સરી પડી :

'તું જો જે ! ' હું તો તને મા કહું છું જ. પણ એટલા માટે જ સમજી શકું છું કે એકવાર બધાં તને 'મા' કહીને બોલાવશે.'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રકરણ ૩ પૂર્ણબ્રહ્મ નારાયણ

તમે એમને કેમ કાંઈ કહેતા નથી? કેમ કાંઈ પૂછતા નથી? આ બધાં ધતિંગ કેમ ચલાવ્યે રાખો છો? નિશિકાન્ત ભટ્ટાચાર્ય નામે માના એક મામાના દીકરા ભાઈ હતા. માની આસનપ્રાણાયામ વગેરે પ્રવૃત્તિઓ પર બહુ ધ્યાન ન આપવા માટે, અને એમ કરતાં માને અટકાવવા માટે અનેકવાર તેઓ ભોલાનાથજીને ધમકાવતા. એ જ રીતે એકવાર ધમકાવી રહ્યા હતા. મા એક ઓરડામાં ખૂણામાં બેઠાં બેઠાં સાંભળી રહ્યાં હતાં.

એકદમ એમનો ભાવ બદલાઇ ગયો. સાડી માથેથી સરી પડી. વાળ વિખરાઈ ગયા. નિશિકાન્તની તરફ ફરીને એમણે ગર્જના કરી, શું બકે છે?

નિશિબાબુ તો ડરી ગયા. એટલે માએ એ જ રૂપમાં પણ કાંઇક હસીને ડાબા હાથે એમની દાઢી પકડી, મૃદુ સ્વરમાં કહ્યું,

'બી ગયા? બીશો મા; બીશો નહિ.'

'તમે છો કોણ?' હિંમત આવતાં નિશિબાબુએ પૂછ્યું.

'પૂર્ણબ્રહ્મ નારાયણ.' સૌ ચકિત બન્યા.

'તું કોણ છે?' ભોલાનાથજીએ પૂછ્યું.

'મહાદેવી. મહાદેવ!'

'હું કોણ છું?'

'મહાદેવ.'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નિશિબાબુ –તમે સંધ્યા વગેરે કરો છો. તો શું તમારી દીક્ષા થઈ ગઈ છે?'

'હા, થઈ ગઈ છે.'

'અને રમણિબાબુએ પણ દીક્ષા લીધેલી છે.'

'ના. પાંચ માસમાં.'

સૌર અગહન કી ૧૫ તારીખ કૌ, બૃહસ્પતિવાર દ્વિતીયા તિથિ કૌ હોગી?

'નક્ષત્ર?'

'પેલા જાનકીબાબુને પૂછો. બોલાવો. અત્યારે એ તળાવકિનારે બેઠા બેઠા માછલાં પકડે છે.' ખરું જોતાં આ સમય તો જાનકીબાબુને કચેરી જવાનો હતો, છતાં એમની તપાસ કરતાં તેઓ ત્યાંથી જ મળ્યા. એમને બોલાવ્યા. પંચાંગ જોયું તો વાર, તિથિ, તારીખ બધું બરાબર બંધ બેસે!

જાનકીબાબુ:–" આપ કૌણ છો?"

'પૂર્ણબ્રહ્મ નારાયણ.'

'તમે તો શયતાની છો.'

'નહીં. પૂર્ણબ્રહ્મ નારાયણી.'

'ઠીક.....તો પરિચય આપો.'

માએ ઊભા થઈ ભોલાનાથજીને માથેથી પગ સુધી આંગળી ફેરવી. એમની આંખો ઊંચે ચડી ગઈ. શરીર બેહોશ બની ગયું. દશા સમાધિસ્ત બની. એક કલાક ઉપર થયું. આસુ શાળાએથી આવ્યો. જોયું તો, કાકા બેહોશ, મામી વળી અજબ જ હાલત, સૌ ચૂપચાપ ભયભીત. એણે જોરથી રોવા માંડ્યું. આખરે જાનકીબાબુએ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માને પ્રાર્થના કરી. ભોલાનાથને ઠીક કરવા વિનંતિ કરી. માએ ફરીથી અંગુલિસ્પર્શદ્વારા એમને જાગ્રત કર્યા. એ કહેવા લાગ્યા, "અરે, હું કયાં હતો? કેટલેાં આનંદ! અવર્ણનીય અનુભવ!" માએ પોતાની સ્થિતિ પ્રાપ્ત કરી.

વર્ષોબાદ એક ભાઈ એ માને પૂછેલું, "મા, જો પૂર્ણબ્રહ્મ તમારું શરીર છોડીને પાછા ચાલ્યા જાય તો અમારું તો શું થાય?" માઃ કોણ કોને છોડીને જવાનું છે! હું પોતે જ એ છું.

× × ×

ભોલાનાથજી * ની બદલી અષ્ટગ્રામથી બાજીતપુર થઈ. 'મા' ત્યાં આવ્યાં. અહીંથી જ નિયમિત ને વ્યવસ્થિત સાધન–ભજન, જપજપાદિક શરુ થયાં. દિવસે એ અનાસક્તપણે સાદાં ઘર કામો કરતાં રાત્રે જ્યારે ભોલાનાથ સૂઈ જતા ત્યારે એક ખૂણામાં આસન વાળીને જપ–તપ વગેરે સાધન શરુ કરી દેતાં.

આત્મસ્ફૂરણાથી જ જુદાં જુદાં આસન, મુદ્રા, પૂજાવિધિ વગેરે ક્રિયાઓ એમના શરીરમાં આપોઆપ થતી + જે ઓરડામાં આ ક્રિયાઓ થતી તેને તેઓ નિર્મળ રાખતાં. એની આસપાસનો ભાગ પણ લીંપીગૂંપીને સ્વચ્છ રાખતાં. એમની ક્રિયાઓ કોઈ કોઈવાર

* આ દરમ્યાન 'મા'ના ભક્તોની સંખ્યા સારી એવી થઈ. રમણિબાબુ પણ 'મા'ની ભક્તિમાં જોડાયા. ભક્તો એમને 'ભોલાનાથજી'ના નામે ઓળખવા લાગ્યા, ને ઓળખે છે.

+ માની સાધનાક્રિયા બાબતમાં એક સ્પષ્ટીકરણ કરવું જરૂરી છે. માએ, ખરું કહીએ તો, જીવનમાં કોઈપણ પ્રકારની સાધના કરી જ નથી. જન્મથી જ મા પૂર્ણજ્ઞાની છે. એવું કહેવાય છે કે તેમના શરીરમાં બધી સાધનાઓનો પૂર્ણ વિકાસ થયો હતો; પણ તેમાંના કોઈમાં માનો કંઈ હિસ્સો કે અંગત પ્રયત્ન ન હતાં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લોકો જોઈ જતા. કોઈ ને એમાં ગાંડપણ લાગતું. કોઇને ઢોંગ લાગતો. કોઈ ને રોગ–લાગતો. કોઈ એને ભૂતપલીતનો વળગાડ કહેતું તો કોઈ એને મેલી વિદ્યાની સાધના કહેતું. ને એ પ્રમાણે - ભોલાનાથજીને પણ લોકો વૈદ્ય, ડોક્ટર, ભૂવાની સલાહ લેવાનું કહેતા. ભોલાનાથજીએ ભૂવાઓને બતાવ્યું. ભૂવા બિચારા કયા ભૂતને એમનાં શરીરમાંથી કાઢે. સર્વ 'ભૂતો'માં વસેલો 'મહાભૂત' એના સર્વોત્તમ સ્વરૂપે એમાં વસેલો હોય ત્યાં ? કાલીકચ્છના ડૉક્ટર મહેન્દ્ર નન્દીએ માને જોઈ ભોલાનાથને સલાહ આપી, 'આ તો એક ઊંચી અવસ્થા છે, બીમારી–કીમારી નથી. આનું પ્રદર્શન જ્યાં ત્યાં ન કરતાં.'

૧૯૨૨ના વૈશાખમાં માના ભાવોનાં વિશેષ પરિવર્તન આવવા લાગ્યું. એ જ વર્ષના શ્રાવણની પૂર્ણિમાની રાત્રીએ આપોઆપ માની દીક્ષાક્રિયા મનોમન થઈ ગઈ. ત્યારપછી પાંચ માસ સુધી 'મા' આસન, પ્રાણાયામ, મુદ્રા વગેરે કરતાં જ રહ્યાં.

એ જ સાલનાં ભોલાનાથજીને પણ માએ દીક્ષા આપી અને આંતરબાહ્ય શુદ્ધિ, શુચિ રાખવાનો ઉપદેશ આપ્યો. માને ઓળખનાર ભોલાનાથજીએ એમનું ગુરુપદ સ્વીકાર્યું. 'મા' એમના પણ મા બન્યાં.

× × ×

૧૯૨૨ના પોષથી એમણે પૂરી ત્રણ સાલ સુધી મૌન પાળ્યું. સંસારીના ઘેરે ન જવું એવું પણ લીધું. આ દરમ્યાન જ ૧૯૨૪માં ભોલાનાથની નોકરી છૂટી ગઈ. માને લઈ એ ઢાકા આવ્યા. ખૂબ મુસ્કેલી બાદ શાહબાગમાં નવાબી બગીચામાં મેનેજરની જગા મળી. અહીં પણ માનું મૌન તો ચાલુ જ હતું. એ દરમ્યાન ખાવાપીવામાં પણ તરહતરહના પ્રયોગો કરતાં રહ્યાં. લગભગ આઠ નવ માસ સુધી તો માત્ર ત્રણ જ કોળીઆ ભોજન લેવાનું વ્રત રાખેલું. પણ એ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પછી, જે મળે તે ફળ ખાવાનું વ્રત રાખેલું. પણ એ માટે કોઈપણ પૂર્વપ્રબંધ કરવાની મના કરેલી. એ પૂરેપૂરાં વીતરાગીવિરાગી બન્યાં. એક પછી એક વસ્તુનો ત્યાગ કરતાં જ ગયાં. એમના ત્યાગનાં મૂળમાં સહજોત્થ વૈરાગ્ય હતો. નહિતર—

'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના.'

કશાથી એ લુબ્ધ ન બનતાં છતાં બાળકોનાં પ્રત્યે અખૂટ પ્રેમ રાખતાં. રાગ ને ત્યાગનો એમનામાં સુમેળ સધાયો. શરીર સૌન્દર્ય તો હતું જ, એમાં તપનું તેજ ભળ્યું. તે વખતે એમની સાથે એમનો નાનો ભાઈ માખન અને ભોલાનાથનો ભત્રીજો આશુ રહેતા હતા. એ બંને શાળાએ જતા. એમને માટે સવારમાં રસોઈ બનાવવી, વાસણ માંજવાં, પૂજા બાદ ભોલાનાથને જમાડવા વગેરે કામો એ કરતાં. સગાંસ્નેહી દરેકની એ સંભાળ રાખતાં. મા છોકરાંની સંભાળ ન રાખે તો કોણ રાખે?

મા હવે માખન, આશુ, સેનબાબુ, શારદાબાબુ, હરકુમારરોય કે અન્ય ભક્તોનાં જ 'મા' રહ્યાં નહોતાં; અષ્ટગ્રામ, વિદ્યાકૂટ, બિહાર કે યુ. પી. નાં જ એ રહ્યાં નહોતાં. પોળ, ગામ, પ્રાંતની સીમાઓ વટાવી એમનો આનંદઉદધિ દિક્‌વ્યાપી બન્યે જ જાય છે. અને એ 'સાગરને નથી સીમા તીર.'

'અબ તો બાત ફૈલ પડી.'

૨૦–૨૦ વર્ષનાં માની અપૂર્વતાથી આકર્ષાઈ એને 'ખૂશીકી મા,' 'દેવી,' 'બેટી' કહીને એમનાં પાછળ ઘેલા થનાર એમનાથી ઉંમરમાં કયાંય મોટા ભક્તો એની આજુબાજુ વીંટળાવા લાગ્યાં. પછી તો—

'અબ તો બાત ફૈલ પડી, જાણે સબ કોઈ.'

વિઘ્નસંતોષી લોકોને ગમે કે ન ગમે, ભજનકીર્તનની મહેફીલમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ મગ્ન રહેવા લાગ્યાં. એમની અપૂર્વતાએ એક કાનેથી બીજે કાને, એક ગામથી બીજે ગામ, એક પ્રાંતથી બીજે પ્રાંત વાતો ફેલાવી. ૧૯૨૯થી ૧૯૫૦ સુધીનો માનો જીવન અહેવાલ આપવો હોય તો પુસ્તકો ને પુસ્તકો ભરાય એટએટલા પર્યટનો, પરિભ્રમણો એમણે કર્યાં. હિંદનો એકે ય પ્રાંત એમના પગતળેથી પાવન થયા વિનાનો રહ્યો નથી. ને નાના ખેડૂતથી માંડીને જવાહરનાં પત્ની (કમળા) સહિત ઘણાં એમનાંથી અંજાઈ, એમનાં દર્શને કૃતકૃત્ય બન્યાં છે.'

મા પાસે કમળા નહેરુ તો અવારનવાર આવતાં જ. પણ કોઈ કોઈવાર જવાહર–સરદાર પણ આવતા. ગાંધીજીએ જ શ્રી. જમનાલાલ બજાજને મા પાસે મોકલેલા ને પછી શ્રી. બજાજ તો માના પરમ ભક્તોમાંના એક બની, માની સાથે દિવસોના દિવસો પસાર કરતા.

મા એ એકવાર ઈ. ૧૯૪૨ના ફેબ્રુઆરીમાં પૂ. ગાંધીજીને સેવા-ગ્રામમાં જઈને દર્શન આપ્યાં હતાં.

× × ×

સૌ પહેલાં ઢાકામાં '૨૯માં રમણાશ્રમ શરુ થયો, ત્યાર પછી અનેક સ્થળે આશ્રમો બંધાયા છે. હિમાલયનાં શિખરોથી માંડીને રામેશ્વરમ્ સુધીના મુલક, એમની ચરણરજે પાવન થયો છે અને અશિક્ષિત ખેડૂતથી માંડીને ઉચ્ચોચ્ચ પદવિધર સુધીનાં લોકો એમનાં વચનામૃતથી પુનિત બન્યાં છે. નાનું–મોટું, કાળું–ધોળું, હિન્દુ, મુસલમાન કોઈ એમને મન પરાયું નથી. કોઈ સ્થળ પણ એમને મન અજાણ્યું નથી. જ્યાં જાય ત્યાં એવી રીતે જ વરતે જાણે એ સ્થળથી તેઓ ચિરપરિચિત ન હોય! એમનો આગવો જ કોઈ સંપ્રદાય નથી. તેઓ કહે છે, 'હું જાણીબૂઝીને કાંઈ કરતી જ નથી. જ્યારે જે વખતે તમારે અનુકૂળ જે કાંઈ હોય છે તે જ તે વખતે મારાથી આપોઆપ કરાઈ જાય છે.' અનિષ્ટ રિવાજો ધર્મના નામે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ મા ચલાવી લેતાં નથી. એમનાં નિકટતમ શિષ્યા ગુરુપ્રિયાદેવીના પિતાના નામે દર વર્ષે બલિ આપવાની પ્રથા હતી. તે એમણે બંધ કરાવેલી

કોઈ કોઈવાર હજી યે, મા અજ્ઞાતવાસમાં ચાલ્યાં જાય છે. '૩૨માં એમણે પહેલવહેલું અજ્ઞાતવાસ માટે ઢાકા છોડેલું. તેઓ, ભાઈજી અને ભોલાનાથ જે પ્રથમ ગાડી મળે તેમાં ચડી બેસવું એવું નક્કી કરી નીકળી પડેલાં. અને દેહરાદૂન પાસે આવેલા રાયપુર ગામના એક પૂરાણા શિવમંદિરમાં આવી, નવ–દશ માસ ગાળેલા.

૧૯૩૮માં મા કુમ્ભ મેળામાં ગયેલાં. તે જ અરસામાં કિશનપુર આશ્રમમાં ભોલાનાથજીનો દેહ પડ્યો. માને ને એમને લૌકિક સંબંધ તો ક્યારે હતો કે માને દુઃખ થાય? પણ એમનો એક પરમશિષ્ય ગયો.

× × ×

ગુજરાતમાં મા આવેલાં ત્યારે એમનાં મુખમાંથી ઝરતી વાણી ઝીલવા માટે પ્રયત્ન કરેલો. ગંગાના પ્રવાહમાંથી કેટલું ક ભરી શકાય? થોડાંક પાનાં બાદ જ એ ગંગાજળનો સંગ્રહ ગુજરાત સમક્ષ ખુલ્લો મૂકાએ છીએ. પણ તે વખતની માની વાતચીતની ઢબ યાદ કરતાં, ૧૯૨૯ના ડિસેમ્બરમાં ઢાકામાં ભરાયેલી Indian Philosophical Congress વખતનો વાંચેલો અહેવાલ યાદ આવે છે. દૂર દૂરથી હિન્દના ખૂણે ખૂણેથી પ્રસિદ્ધ દાર્શનિકો ને ફિલસૂફો ભેગા થયેલાં. એમની સાથે ત્રણ કલાક માએ અવિરત સવાલ જવાબોની ઝડી વરસાવેલી. બધાં આશ્ચર્ય પામેલાં. એક ભાઈએ લખ્યું છે, "મા હસી હસીને જવાબ વાળતી, જરાય અટકચા વિના, જરાય પ્રવાસ વિના, જવાબો જાણે સહજપણે જ ફૂટતા. એવું યે નહોતું લાગતું કે એ ખૂબ વિચાર પૂર્વક જવાબો આપે છે." બીજા એક ભાઈનો પણ આવો જ અભિપ્રાય છે: "There was no hesitation, not the least conscious thinking, not the least sign of nervousness."

રાજકોટ } પ્રો. કનુભાઇ જાની એમ. એ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તા. ૩-૧૨-૧૯૪૭

પ્રશ્ન : માતાજી ! ભગવાનનું સ્વરૂપ કેવું હોય છે ?

મા : જે જેવું ચાહે છે તેવું. બસ, બરાબર, તેવું જ સ્વરૂપ છે. જે જે જેવું ઇચ્છે છે તેવું જ તે પામે છે. અરૂપ પણ તે છે, રૂપમાં પણ તે છે. જે જેવા લક્ષથી ભજે છે, તેવા જ લક્ષમાં એને તે મળે છે.

પ્રશ્ન : મા, આત્મદર્શન એટલે શું ?

મા : રૂપમાં અને અરૂપમાં જેમ બરફ અને પાણી તેમ આત્મતત્ત્વનું જ સાકાર કે નિરાકાર એવું રૂપ છે. એક 'આત્મા' જ છે, બીજું શું છે ?

પ્રશ્ન : આત્મદર્શન કઈ રીતે થાય ?

મા : પોતપોતાના ગુરુ બતાવે તે રીતે.

પ્રશ્ન : ગુરુ કોને બનાવવો ?

મા : ગુરુ તો ગુરુ જ છે, જેને જે ગુરુ મળવાનો હોય તે જ મળે છે. ગુરુ તો 'એ' જ છે, બસ 'એ' જ છે. ગુરુનેય અધિકાર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તો હોય ને? જગદ્‌ગુરુ એ જ ગુરુ બની શકે છે. જે જગત્ એટલે કે ગતિમાંથી, એટલે કે દુનિયાના સુખદુઃખમાંથી આપણને ઉઠાવી શકે તે જ ગુરુ, સ્વયં 'તે' જ છે. એ માટે જ કહ્યું છે કે ગુરુને મનુષ્ય તરીકે જોવો તે પાપ છે. શિવમાં પથ્થર બુદ્ધિ રાખવી તે ઠીક નથી. ગુરુને ભગવાનસ્વરૂપે જોવો એ જ ઉત્તમ છે.

પ્રશ્ન : ગુરુની શી આવશ્યકતા ?

મા : આવશ્યકતા તો છે જ. જ્યારે સંયોગ આવે છે ત્યારે ગુરુ પોતે જ આકર્ષણ દ્વારા શિષ્યને ખેંચી લે છે. પોતાની પાસે બોલાવી લે છે. માનવી આવું નથે કરી શકે. એની કૃપાથી જ આવું થાય. એની કૃપા વિના કોઈ જ એના તરફ જઈ શકતુ નથી. તે જ સ્વયં પ્રકાશ છે ને!

પ્રશ્ન: ભગવાન જેના પર કૃપા કરે, એને પ્રારબ્ધ કર્મો ભોગવવાં પડે કે?

મા: ભગવાન કૃપા કરે પછી તો કાંઈ બાકી જ રહેતુ નથી. એની કૃપાની બાબતમાં એક વાત છે. એ કૃપા એટલે તો બધી જ બાબતોમાં કૃપા. સાધન માર્ગે વળવું એ એક કૃપા જ છે. પ્રારબ્ધ કર્મનો ભોગ બનવું એ પણ એક કૃપા જ છે ને? બિલકુલ પ્રભુમય થઈ જવું જોઈએ. એ જાતની કૃપાથી જ પ્રકાશ મળશે. જીવન્મુક્તને પ્રારબ્ધ ભોગવવાનું રહેતું જ નથી. જે બધું જ જલાવી શકે છે એ શું પ્રારબ્ધ નહિ જલાવી શકે? એનાથી તો બધું જ શક્ય છે. કેમ પિતાજી, બરાબર છે ને?

એક ભાઈ: એવું જ બને છે. પણ અમે કોઈ એ પ્રમાણે કરતા નથી ને, મા !

મા : કોઈ કોઈ સાધન કરે છે. કરતાં કરતાં એ જારી રાખે છે. શરૂઆતમાં એને લાગે છે કે 'હું' સાધન કરું છું, એનાથી જ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રભુકૃપા મળે છે. આ હું કરું છું તેથીજ સમય સમય પર, ને અમુક અમુક સ્થળે અનુભવ થાય છે. બીજી એક વાત. હું કરું છું. એ ભાવથી તો કાંઈ થતું જ નથી. સ્વયં કૃપારૂપ છે એનાથી જ બધું કરાવાય છે. એ માટે જ બધું જ શક્ય છે. સારું'ય પ્રારબ્ધ જલાવી પણ શકાય અને ભોગવવું પણ પડે.

પ્રશ્ન : રામકૃષ્ણ પરમહંસ પર તો એની પૂર્ણકૃપા હતી જ. તો પછી એમના જેવાને પણ શા માટે ગળાનાં દર્દની પીડા વગેરે પ્રારબ્ધ ભોગવવું પડ્યું ? એને મટાડવા માટે એમણે શા માટે પ્રાર્થના ન કરી ?

મા : દ્રૌપદીએ પણ પ્રાર્થના કરી, દુઃખમુક્ત થવા. એમ તો કુન્તીએ પણ પ્રાર્થના કરેલી. પણ કઈ જાતની ? હે ભગવાન, મને તમે દુઃખમાં જ રાખો, જેથી હરવખત હું આપને જ યાદ કર્યા કરું. ભગવાન કહે છે કે દુઃખ રહેવાથી હંમેશાં તમે (ભક્તો) મારા સ્મરણમાં જ રહો છો.

એક જણ : સાધન એટલે જ ભગવદ્ કૃપા.

મા : હાં, પણ સાધનમાર્ગમાં પણ વધતાઓછાનું પ્રમાણ તો હોય છે જ. જેમ કૂટબોલની રમતમાં હારજીત હોય છે ને, તેમ સાધનમાર્ગમાં પણ કોઈવાર વિઘ્ન તેમ કોઈવાર પ્રગતિ થતી લાગે છે.

પ્રશ્ન : આ સાધનમાર્ગે બરાબર પ્રગતિ થાય છે કે નહિ તે કઈ રીતે જાણવું ?

મા : જેમ ભોજનથી પેટ ભરાય છે, તેમજ. એ જ રીતે તમે વિચારો. તમારામાંથી વાસના, કામના કેટલી ઘટી ? શરીરના ભોગવિલાસની વૃત્તિ કેટલી ઓછી થઈ ? એના તરફ મન કેટલું'ક વળ્યું ? મન ક્યાં જાય છે ? શું ચાહે છે ? એ બધું વિચારો, ને ખબર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પડશે કે તમે કેટલા આગળ વધ્યા છો. ને કેટલા પાછળ પડ્યા છો.

પ્રશ્ન : માણસ જ્યારે સંસારજાળમાં લપટાયેલો હોય છે. ત્યારે એને આવા પ્રશ્નોની ઈચ્છા નથી થતી, એનું કારણ શું ?

મા : વાત એમ છે કે જો ઈચ્છારૂપે જ પ્રભુ તમારામાં જાગૃત થાય તો પછી શ્રેયપ્રેય શેમાં છે એનો વિચાર પણ બરાબર કરવો જોઈએ જે રસ્તો સાધન માટે અનુકૂળ લાગે તે સ્વીકારવો જોઈએ. જે પ્રતિકૂળ લાગે તેને ત્યજવો જોઈએ. શ્રેયને ગ્રહણ કરવું જોઈએ ને પ્રેયનો ત્યાગ કરવો જોઈએ. ભલે દુઃખ પડે છતાં શ્રેયને જ પંથે જવું જોઈએ.

પ્રશ્ન : મા, કોઈ કોઈ તો પ્રેયને જ શ્રેય ધારીને ભુલાવામાં પડે છે.

મા : પ્રેયને જ શ્રેય માને એવું પણ બને છે. પ્રેય જ્યારે દુષ્ટ સ્વરૂપમાં આવે છે, ત્યારે ઓળખવું મુશ્કેલ પડે છે. જેટલો વખત બની શકે તેટલો વખત એના જ ધ્યાનમાં રહો. વિચાર કરવાનો પછી વખત જ ક્યાં રહેશે ? વળી પાછો વિચાર પણ રાખો ને કાર્ય પણ કરો. કેવો વિચાર રાખવો ? મારું મન અમુક દિશામાં જાય છે, તો એથી મને શું ફાયદો થશે ? એનો વિચાર કરવો જોઈએ.

પ્રશ્ન : પહેલાં તો શ્રેય ને પ્રેય વચ્ચે ગજગ્રાહ જામે છે, ત્યારે ગોટાળો થાય છે.

મા : હાં, 'પેરેલીસીસ' (લકવો) માફક એ બેબાકળા બનાવી દે છે. આદત, અભ્યાસની જરૂર છે.

પ્રશ્ન : અંતરમાં જ્ઞાન, ભક્તિનો ઉદય થયો છે કે નહિ તે જ ખબર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પડતી નથી. તો કેવી રીતે જાણવું કે મારે માટે ભક્તિ યોગ્ય છે કે જ્ઞાન? મારે માટે વધુ હિતકર શું છે તે કેવી રીતે જાણવું? એની પરીક્ષા કઈ રીતે કરવી?

મા : વાત એમ છે કે જ્ઞાનમિશ્રિત ભક્તિ છે ને ભક્તિમિશ્રિતજ્ઞાન છે. અલગ, અલગ તો એની સ્થિતિ છે જ નહિ.

એક ભાઈ: અંત તો એક નિશ્ચિત છે જ. રસ્તામાં બધા વિઘ્નો પડેલાં હોય છે. એ માટે શું કરવું જોઈએ?

મા : ગુરુને પૂછવું જોઈએ.

પ્રશ્ન : મન જ ગુરુ જ છે ને?

મા : ગુરુ તો એમની જાતે જ આપણને ઓળખી જાય છે. કોઈ ભક્તિપંથથી શરૂઆત કરે છે ને જ્ઞાનમાં ચાલ્યા જાય છે. કોઈ જ્ઞાનથી આરંભ કરે છે ને ભક્તિપંથે ચાલ્યા જાય છે. જ્ઞાનમાં ભક્તિ છે ત્યારે તો જ્ઞાન ભાવે છે ને! જો કે શુદ્ધ જ્ઞાનમાં તો ભક્તિને સ્થાન હોતું નથી. અને શુદ્ધ ભક્તિમાં જ્ઞાનને સ્થાન નથી હોતું. જ્ઞાનના માર્ગે જતાંજતાં વાસના, કામનાને બાળી દો. ભક્તિથી વાસના, કામનાને ગાળી દો, જ્યારે બળી જશે–ગળી જશે ત્યારે જ પ્રકાશ થશે.

પ્રશ્ન : મંદ સાધનાથી તીવ્ર સાધનામાં આવવાની ઇચ્છા છે. અને જો આકાંક્ષા જ છે તો બધું જ છોડવાથી એ મળશે કે સંસારમાં રહ્યા છતાં પણ એ મળશે?

મા : જે ઘરમાં આગ જ લાગે છે એ ઘરમાં તો રહેવાનું જ નથી. થોડી આગ લાગે તો ધીરેધીરે સામાન કઢાય છે. જલદી આગ લાગે તો સામાન લેવાનું ય ભાન રાખ્યા વિના માણસ જાતે જ બહાર કૂદી પડે છે. એ માટે જ કહ્યું છે ને કે પોતાની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જાતને જાણવી. આત્મને જ મેળવવો. આત્મને મેળવવાથી બધું જ મેળવી શકાય છે. થોડાની ઇચ્છાથી થોડું જ મળશે. ને થોડાથી તો કાંઈ વળતું ય નથી. થોડા માલની સંભાળ માટે થોડી વાસના રાખવી પડે છે ને? જે પોતાને જ જાણી લે, તે જુઓ! બધું જ મેળવી લે છે.

પ્રશ્ન : મા! કૃપા તો જરૂર થવી જ જોઈએ.

મા : ભગવાનની કૃપા તો સદા છે જ. એ તો વરસાદની માફક વરસ્યે જ જાય છે. જે થોડાની ઇચ્છા રાખે છે, એને થોડી મળે છે. જુદાં જુદાં બિન્દુઓ ચાહે એને અલગઅલગ બિંદુઓ મળે, ચાહે રાખવું—વાસના રાખવી એટલે 'રિટર્ન ટિકિટ' (આવાગમનનો પરવાનો) કઢાવી રાખવી. જેટલા મનુષ્યદેહો છે એટલા ભોગદેહો છે. કેટલું સુંદર! ભગવાનના રાજ્યમાં જેટલું ચાહો એટલું મળે! વાસનાના રાજ્યમાં આવું જ બને ને? એક વાસના હોય છે શુદ્ધ, બીજી હોય છે અશુદ્ધ. બધી યે વાસનાનું લક્ષ તો હોય છે આનંદ. પહેલી જાતની વાસના (ભોગ વાસના)થી જન્મેલા આનંદમાં પણ ભય વગેરે મળે છે. વળી એ આનંદ ક્ષણિક છે. જ્યારે બીજી જાતનો વાસનાજન્ય એ આનંદ એ તો પરમાનંદ છે. સાંસારિક પ્રાપ્તિ વગેરેથી (પૈસાથી) ભય પ્રાપ્ત થાય છે. ચોર વગેરેનો ભય રહે છે. અભય-ફક્ત ભગવાનમાં જ છે.

પ્રશ્ન : અમે લોકો સમજતા હોવા છતાં પણ કેમ ઊંધે રસ્તે જઈએ છીએ?

મા : જો આગ છે એમ ખરેખર જાણો તો એની પાસે નહિ જાવ. વિચારો જાણ્યા પછી અમલમાં ન મૂકીએ તો તેનો કાંઈ અર્થ નથી. સાધનમાં ચાલતાંચાલતાં ગ્રંથિભેદ થાય છે, એનો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાક્ષાત્કાર થાય છે. જેવી રીતે આગ પ્રત્યક્ષ લાગે છે. બહુ ખાઇ લીધા પછી પાછળથી અપચો થાય છે. ખ્યાલ રાખવો જોઈએ કે એવું કર્યા પછી પસ્તાવો કરવા વખત ન આવે. જેને પ્રત્યક્ષ જ્ઞાન છે એ તો આમ ઊલટું નહિ જ કરે. પ્રત્યક્ષ જ્ઞાન થયું નથી હોતું એટલે જ આમ વિપરીત લાગે છે. એનાથી માણસ ડરતો હોય છે. સાધનામાં આગળ ને આગળ ધપવાથી તો ભોગ અને ત્યાગ દોસ્તો બની જાય છે. એક બ્રહ્મ દ્વિતીયો ન અસ્તિ. એક એ જ છે, બીજું તો કશું છે જ નહિ. દુનિયા છે માટે દ્વિધાભાવ છે. ખરું તો એક જ છે. એક જ છે છતાં ભિન્નભિન્ન ઉપાસકો ભિન્નભિન્ન રૂપે પૂજે છે. જેવી રીતે શક્તિ ઉપાસકો એને 'મા' રૂપે પૂજે છે. બસ તન્મયતા જોઈએ...એક વાત છે.

એક સાધક હતો. માની પાછળ એ ઘેલો બનીને 'મા,' 'મા,' કરતો હતો. હસતોહસતો અહીંતહીં ભટકતો હતો. એમ જ એક દિવસ એ એક સુંદર જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો. તે વખતે એક પતિપત્નીનું જોડું ફરવા નીકળી પડેલું. પેલો મા ઘેલો તો બસ હસ્યા જ કરે. પેલી બાઇના સામું જોઈને પણ હસ્યા કરે! એ જોઇને પત્ની પતિને કહે છે, જુઓને, પેલો માણસ કયારનો યે મારી સામે તાકીને હસ્યા કરે છે!" પતિને પણ વાત સાચી લાગી. દોડીને પેલા પાસે જઈ, એને કશું પૂછ્યા કર્યા વિના મારવા માંડ્યો. તો ય પેલો તો હસે! આખરે લોહીલોહાણ સ્થિતિમાં એને છોડીને પતિ-પત્ની તો રસ્તે પડ્યાં. પેલા સાધકે પણ ઊઠીને હસતાંહસતાં એ જ રસ્તે ચાલવા માંડ્યું. આગળ જતાં એક ભક્તજન મળ્યો. ભક્તે એની લોહીલોહાણ દશા જોઈ પૂછ્યું : 'ભાઈ! આ લોહી કેમ? કોણે માર્યો?' ભક્ત કહે : 'મને મારી માએ માર્યો!' એ જ રસ્તેથી પસાર થતાં પતિપત્નીએ જ્યારે આ સાંભળ્યું ત્યારે એમને પણ પશ્ચાત્તાપ થયો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ માટે કહ્યું છે જ્યાં જીવ ત્યાં શિવ. જ્યાં નારી ત્યાં ગૌરી. તત્સ્વરૂપ સમજીને જાણવું જોઇએ કે તે તેજ છે, તેજ છે. ભગવાન પોતે જ ભક્તરૂપે, પૂર્ણરૂપે, આત્મરૂપે, અંશરૂપે ખેલે છે. બધો ખેલ જ ખેલ છે.

પ્રશ્ન : ખેલ ખેલે છે, પણ પોતાનું સ્વરૂપ જ ભુલાવી દીધું !

મા : બે દોસ્તો રમતા હોય છે, એકબીજાને કહે છે. "હું તને હરાવીશ." બીજો પહેલાને કહે છે, 'હું જીતી જઈશ.' હારજીતના ભાવ છતાં બંને વચ્ચે દુશ્મનાવટ નથી હોતી. મિત્રભાવ જ રહે છે. છતાં રમતમાં જે રીતે દ્વિધાભાવ તો હોય છે જ. મૈત્રી તો એક જ હોય છે. તમે એક હો છો; પછી પરણો છો, એકમાંથી ઘણાં બનો છો, બાળબચ્ચાં થાય છે, કોઈ બચ્ચું જન્મે છે ત્યારે હસો છો, મરે છે ત્યારે રડો છો. એમાં મૂળ તમે એક જ હો છો. એ જ્ઞાન જો તમે બરાબર જાણો તો શોક રહે જ નહિ. નાવનું લંગર પડેલું છે, માટે જ નાવ આગળ ચાલતું નથી !

પ્રશ્ન : નાવ ન ચાલે તો કંઈ નહિ ! વિમાન તો હવે છે ને !

મા : હા, વિમાન તો હવે છે. નાવની વાત કહું ? નાવ ચલાવવાની ઇચ્છા તો ઘણીયે હોય, પણ લંગર ઉઠાવવું ભૂલી જાય. પછી અંધારી રાતે આખો મીંચીને સારી યે રાત હલેસાં માર્યે જાય, બસ માર્યે જ જાય. તમને લાગે કે નાવ ચાલ્યા જ કરે છે. સવાર પડે ને અજવાળું થાય ને જુઓ તો ત્યાંના ત્યાં ! લંગર ઉઠાવવું જોઈએ.

પ્રશ્ન : જોરથી બહુ પવન વાય તો લંગર તૂટી ન જાય ?

મા : હવાથી લંગર શિથિલ થઈ જાય છે. પ્રભુકૃપાનો પવન જો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જોરથી ફૂંકાય તો લંગરબંગર બધું યે તૂટી જાય છે. ગુરુશક્તિથી નાવ આગળ વધે છે. વાસના જો શુદ્ધ થઇ જાય, તો તો લંગર તૂટી જાય. ગુરુશક્તિ, ભગવદ્કૃપાથી થાય છે, પછી તો ભવિષ્યની ચિંતા જ નથી રહેતી.

માટે જ જેટલી ભોગ વાસનાનો સામાન ભેગો કર્યા કરો, એટલો ભાર વધ્યે જાય. ને પછી તો નીકળવું યે મુશ્કેલ થઈ પડે. વખત પળેપળ વહી રહ્યો છે, એ શોચવું જોઈએ, વિચારવું જોઈએ. બુદ્ધિ શુદ્ધ રાખશો ત્યારે જ શુદ્ધ બનશો ને? જે કંઇ કામ કરો તે ભગવદ્બુદ્ધિ રાખીને જ કરો.

કોઈને ઘા વાગ્યો હોય એમાંથી વિકૃતિ થાય. એ વિકૃતિ જ્યાં સુધી પૂરેપૂરી સાફ ન થઈ જાય ત્યાં સુધી તો દવાની અસર પણ બહુ નથી થતી. એ વિકૃતિ સાફ થઈ જાય પછી એ ઘા બહુ પીડા નહિ કરે. માટે વિકૃતિને પહેલી દૂર કરવી જોઈએ.

પ્રશ્ન : જે સાચો રસ્તો છે તે આપ બતાવી શકશો?

મા : બધામાં તદ્બુદ્ધિ રાખો. પ્રેમ રાખો. બધાંની તદ્બુદ્ધિથી સેવા કરો. બાળકોની બાળગોપાળ રૂપથી, સ્ત્રીની દેવીના ભાવથી સેવા કરવી તે ઉત્તમ છે. સારો ય સંસાર પ્રભુનો જ સર્જેલો છે. એનો જ છે. બરાબર છે ને? જ્યારે ખરો સમય આવશે ત્યારે તો કોઈ પૂછશે ય નહિ, ખરી 'મેનેજરી' (વ્યવસ્થા) એની જ છે ને? બધું એનું જ છે ને? હું ય એની જ છું ને? જે કરાવે છે તે જ કરું છું. એનું ધ્યાન ધરવાથી આપણું કામ થાય છે.

પ્રશ્ન : જ્ઞાનપ્રાપ્તિની કસોટી શું? પૂર્ણ જ્ઞાનીનું લક્ષણ શું?

મા : જ્ઞાનીને સાધારણ રીતે લક્ષણોથી ઓળખવો મુશ્કેલ હોય છે. જ્યાં સુધી જ્ઞાની પોતાની જાતે પોતાનો પરિચય ન આપે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ત્યાં સુધી એને ન ઓળખી શકાય. જેમ છાત્ર અધ્યાપકને ઓળખી શકે, એ રીતે જ્ઞાની જ જ્ઞાનને ઓળખી શકે. એક વાત કહું. આંબાનું ફળ પાકે છે ત્યારે લોકોને એ કહેતું નથી કે જુઓ હું પાકી ગયું છું, મને અહીં આવીને લઈ જાવ. એનાં રૂપરંગથી જ ખબર પડી જાય છે. પણ તે થોડી થોડી જ. એનો પૂર્ણ સ્વાદ તો નહિ જ. એ જ રીતે જ્ઞાની પણ બદલાઈ જાય છે, પાકટ બની જાય છે. એને પણ પૂરેપૂરો પિછાની ન શકાય. પૂરેપૂરો જાણવો એટલે તો એનું જ સ્વરૂપ બની જવું. રામને જાણવો એટલે રામ બનવું.

પ્રશ્ન : કોઈ ગૃહસ્થ પોતાના કુટુંબનો બંદોબસ્ત કર્યા વિના સંન્યસ્ત લઈ શકે છે ?

મા : પોતે આચરણ કરીને જ ધર્મ બતાવવો જોઈએ. ચૈતન્ય મહાપ્રભુએ માતા–પિતા, યુવાન સ્ત્રી, બધાંને છોડીને ભર-યુવાનીએ સંન્યસ્ત લીધો હતો. ખ્યાલ રાખવો જોઈએ કે મારા જીવનનું મહા કર્તવ્ય પ્રભુપ્રાપ્તિ છે. એ માટે કોઈના પણ મનમા જો એ જાતનો પ્રકાશ થઈ જાય, ને સન્યસ્ત લઈ લે તો એને માટે કોઈ પાપ નથી. પાપને મનમાં લાવવું તે જ પાપ છે. સંન્યાસીને કોઈ પોતાનું નથી. કોઈ પરાયું નથી. કોઈ પોતાનું મરી જાય તો એને સૂતક નથી લાગતું. દા. ત. આ (આંગળીથી બતાવીને) સ્વામી પરમાનંદજીનાં મા ક્યારે મરી ગયાં એ જાણવાની એમણે પરવા જ નહિ રાખેલી. શોકથી અશોચ (સૂતક) થાય છે. સૂતક શા માટે ? સંબંધને લીધે, શારીરિક સંબંધને લીધે. બ્રહ્માંડનો બધો પરિવાર એનો જ છે. સંન્યાસી ભગવાં પહેરે છે કારણ, એણે તો પહેલેથી જ સાંસારિક વાસનાઓને જલાવી દીધી છે. ભગવો રંગ તે એ અગ્નિનું પ્રતીક છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશ્નઃ શાસ્ત્રમાં તો એમ લખ્યું છે કે ઘરબારની વ્યવસ્થા કર્યા વગર સંન્યસ્ત લેવો તે પાપ છે.

મા : શાસ્ત્રમાં પણ કહ્યું છે ને કે જ્યારે તીવ્ર વૈરાગ્ય થાય છે ત્યારે બધું છોડી દેવાય છે. અને હું કહું છું ને કે કશું પાપ નથી લાગતું.

આપણામાં ચાર આશ્રમોની વ્યવસ્થા છે. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ ને સંન્યસ્તાશ્રમ. આમ ક્રમે ક્રમે માણસ આખરે સંન્યસ્તાશ્રમમાં પ્રવેશે છે. બીજો રસ્તો છે, સહસા તીવ્ર વૈરાગ્યવૃત્તિ જાગે ત્યારે એકાએક સંન્યસ્ત લેવાનો. એ માટે તમે ગમે ત્યારે, જ્યારે એ વૃત્તિ જાગે ત્યારે સંન્યસ્ત લઈ શકો. બાકી સંન્યસ્ત લઈને જંગલમાં બેઠા બેઠા પણ જો ઘર યાદ આવ્યા કરે તો એ સંન્યસ્તનો કાંઈ અર્થ જ નથી.

મનમાં જો હરિકીર્તનનો પ્રબંધ કર્યો હોય, તો બીજો તો કોઈ પ્રબંધ જ રહેતો નથી. માટે જ આ શરીર કહે છે કે જેને જેવું થવાનું છે તેને ભગવાન એવું જ કરે છે. જો ડરીને, બાળબચ્ચાંને ખવરાવવું પિવરાવવું પડશે એ બીકથી નાસી જાય તો એ તો ખૂરી વાત છે. 'જ્યાંસુધી શરીર છે ત્યાંસુધી હું કોશિશ કરીશ.' એમ માનીને કામ કરવું જોઈએ. ભલેને એના ભાગ્યમાં હોય એટલું મળે ! ડરીને નાસી જવાથી કામ પાર પડતું નથી. એથી તો પાછું આવવું પડે છે. કોઈ કોઈને વળી એમે ય બને કે નાસી જાય તો ડરનો માર્યો, પણ પછી ભગવત્ કૃપા થઈ જાય–યોગાયોગથી પ્રબંધની ચિંતા ના કરવી. ભગવાને મોં આપ્યું છે, એ પોષણનો પ્રબંધ કરશે. વ્યક્તિ વ્યક્તિ માટે ભિન્નભિન્ન રસ્તા છે. ભગવાનની લીલા અનંત છે. એકમાં અનંત છે, અનંતમાં એક.

પ્રશ્નઃ 'કલિસંકીર્તન'માં લખ્યું છે કે સાડા ત્રણ કરોડ જપ કરવાથી ઈશ્વર સાક્ષાત્કાર થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : (બધા તરફ હાથ બતાવીને) આ બધાં મારા માતાપિતા છે. તમારું ઘર એ મારું જ ઘર છે. અનંત માતા, અનંત પિતા છે. બાળકો મારા દોસ્તો છે. તરેહ તરેહનાં માતાપિતા મને દર્શન આપે છે ને જુઓ ! કેવી તરેહતરેહની વાતો સંભળાવે છે. જેમ હમણાં જ મને પૂછાયું કે, 'એક લક્ષ જપ કરવાથી ભગવાન મળે છે ?"

ગુરુ પાસે એક શિષ્ય ગયો ને પૂછ્યું, "ગુરુજી ! પ્રભુ કેવી રીતે મળશે ?" ગુરુ કહે, "એક લાખ જપ કરો." શિષ્યે તો જપ શરૂ કર્યા. આંખો બંધ કરીને ધ્યાન આદરે. જરાક ખખડાટ થાય કે એને લાગે કે ભગવાન આવ્યા ! એ રીતે ધ્યાનમાં બેઠેલો, ને એકવાર ગરોળી આવી. કંઈક ખખડાટ થયો. સાધકને લાગ્યું કે ભગવાન આવ્યા ! ભગવાન પાછા નાસી જાય એ પહેલાં એને જોઈ લઉં ! એમ ધારીને એણે તો એકદમ આંખો ઉઘાડી. એ રીતે ધ્યાન દરમ્યાન એણે કેટલી યે વાર ધ્યાનભંગ કર્યો. પ્રભુ તો કાંઈ મળ્યા નહિ. એ તો ગુરુ પાસે આવ્યો અને કહ્યું, "ગુરુજી, લક્ષ જપ તો કર્યા પણ ભગવાન તો ન મળ્યા." ગુરુ કહે, "કેવી રીતે મળે ? એક લક્ષથી કરવા જોઈએ."

ગુરુની વાત ખોટી હોય ? આ શરીર તો કહે છે કે એકનિષ્ઠ થઈને જપ કરો. અખંડ ભાવથી જપ કરો, ધ્યાન કરો તો શું અશક્ય છે ? પણ કરવું જોઈએ. આખરે તો કરવાનો જ સવાલ છે. મશીન ઘસાતાં ઘસાતાં આગ ઉત્પન્ન થશે. આગ એટલે જ્યોતિ. જ્યોતિ સ્વરૂપ તો ભગવાન જ છે. જુઓને કેવો છે ભગવાન ! આ બાળકોને પકડી પકડીને આ બધી વાતો કરાવે છે. હું તો કહું છું આ તો સ્નેહ છે.

પ્રશ્ન : ભગવાન કેવી રીતે મળે ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : એની સ્વયંકૃપા વિના ભગવાન મળતો નથી. જ્યાં સુધી કૃપા ન હોય ત્યાંસુધી એની પાસે જવાની ઇચ્છા પણ નથી થતી. ગુરુ ખુદ કૃપા બનીને ભગવાનની તરફ લઈ જાય છે. જેમ તમે ગુરુ પાસે અભ્યાસ કરો પછી જ વિદ્વાન બની જાઓ છો તેમ.

ઘણાં કહે છે ને અમે અમૃતનાં સંતાનો છીએ, તો યે મૃત તરફ કેમ જાઓ છો? ગુરુની કૃપા જોઈએ જ. ભગવત્ મુખી બનવું એ મનુષ્યની ફરજ છે. એ માટે એ દર્દ થવું જોઈએ. પિતાજી ! દર્દ નથી થતું હજી–દર્દ થવાથી તો જલ્દી કામ સરે છે. દર્દ થાય ત્યારે દવાખાનામાં જવું પડે છે. એનાથી જ સાજા થવાય છે.

મન ચંચળ છે. મન અહીંતહીં ભટકે છે. સ્થિરતાથી અભ્યાસ કરવાથી મન વશ થાય છે. એક બીજી વાત. મનને શુદ્ધ ભોજન આપ્યા કરો. આ એક વિશેષ છે. અસલી ભોજન સત્ચિંતન છે, એકાગ્રતા છે. કડવી દવા ખાવાથી મોઢું તો બગડે, પણ એનાથી જ આરામ મળે છે. દવા મીઠી તો ભાગ્યે જ હોય, જેવી રીતે હોમિયોપથી. અંતર્મુખી નહિ થવાથી અંતર્યામીની ખબર નહિ મળે. મન કોઈવાર માત્ર બહારની વસ્તુથી સંતોષાતું નથી.

એક જણ : મન તો ચંચળ છે, વાંદરા જેવું છે.

મા : હું તો કહું છું મન તો બાળક જેવું છે. બાળકને લાખોની ચીજ આપો કે એક પૈસાની આપો. એ તો ભાંગીને ભૂક્કા કરી નાખશે. એનું લક્ષ તો છે આનંદ જ. મનનું પણ એમ જ છે. કોઈ શરાબ પીએ છે, કોઈ સાધુ થઈ જાય છે.

એક વાત છે. કોઈ માને ચાહે છે, માને ચાહે છે એટલે આનંદને ચાહે છે. મા ઘર બહાર જાય તો, એ જે રસ્તે ગઈ હોય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ તરફ તાકીને બેસી રહે છે. મનથી જે પકડે તે મળે. ભગવાનને પણ જો એ જ રીતે–મનના એ જ તીવ્ર ભાવથી ભજે તો એ મળે. એ જ રીતે જુઓ, મા ફરીથી આવે ત્યારે બાળક અમૃતપાન કરી એની ગોદમાં પોઢી જાય છે ને? મા તો સત્સંગથી મળે છે. સત્સંગ વિના મન શાંત થઈ શકતું જ નથી. સત્સંગથી ભગવદ્‌પ્રાપ્તિ થાય છે. અખંડ આનંદથી જ સમાધિ મળે છે. મનને સત્સંગ આપ્યા કરો. આવા શુદ્ધ ભોજનથી મન શાંત બનશે. જન્મજન્માંતરની જે શૃંખલાઓ છે તે તૂટી જશે.

દવા ખાવાનો અભ્યાસ કરો. જે તમે જુઓ છો તે તો કાંઈ જ નથી. દુનિયાનો આનંદ તો ક્ષણિક આનંદ છે દવા પીધા કરો–ડૉક્ટર ગુરુ કહે તે પ્રમાણે. કોઈ ગુરુના ઉપદેશ પ્રમાણે જ્યાં રહે ત્યાં દવા પીતો જ રહે, તો તેથી બધી કસર દૂર થાય છે. એ માટે જ મેં તમને કહ્યું કે ઇસ્પિતાલમાં જઈને દવા પીતા રહો, પરેજી પણ પાળો, દવા ખાવ પછી પરેજી પાળ્યા વગર કેમ ચાલશે?

પ્રશ્ન : દેવદેવીનાં, શાસ્ત્રમાં જેવાં વર્ણન આવે છે તેવાં જ તેઓ હોય છે? શંખચક્ર વગેરે વસ્તુ હોય છે ખરી?

મા : દેહધારી એટલે અલગ અલગ ભિન્નત્વ હોય છે. એ બધી તો ભગવાનની લીલા છે. જે રીતે કાળીમાં યે પાછું ભદ્રકાળી, દક્ષિણકાળી વગેરે વગેરે આવે છે. એ જ રીતે સરસ્વતી વગેરે પણ ચંડીપાઠમાં જેવાં વર્ણનો આપ્યાં છે. એવાં જ રૂપો હોય છે.

પ્રશ્ન : એમનાં ય અમારી જેમ હાડમાંસનાં શરીર હોય છે?

મા : ચિન્મયરૂપ હોય છે. એમાં પણ લક્ષ્મી, દુર્ગા, દશમહાવિદ્યા એમ જુદાં જુદાં રૂપો હોય છે. દેવ લોકથી પર એવા લોકમાં પણ જવું પડશે. દેવલોક, પિતૃલોક, વગેરે અલગ અલગ લોક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે. સંન્યાસી લોકો તો પહેલાં પોતાનું શ્રાદ્ધ કરીને પછી જ આગળ વધે છે. દેવલોકને પિતૃલોકમાં પણ ક્રિયા તો રહે છે જ. ક્રિયાતીત, કાલાતીત થવું પડશે. જેમ કાળીનો ઉપાસક પણ મૂળ તો બ્રહ્મની જ ઉપાસના કરતો હોય છે. બ્રહ્મોપાસનામાં સ્ત્રીલિંગપુલ્લિંગની તો કોઈ વાત જ નથી. એક બ્રહ્મ દ્વિતીયો ન અસ્તિ ! કાલાતીત થવા માટે જ કાલીનો આશ્રય લેવો પડે છે.

('નરમણિ' તરફ ફરીને) પિતાજી, તમે તો આ બાળકીને કાંઈ લખતાં, વાંચતાં ય શીખવ્યું નથી ! પિતાજી ! તમે જ સંભાળ લ્યો !

ભગવાનનું રાજ્ય કેવું અલૌકિક છે ! એક દૃષ્ટિમાં તો એના સિવાય કાંઈ છે જ નહિ. વળી પાછું એ તો છે જ, ને બીજું પણ જે કાંઈ છે તે એજ છે. જે જગાએ પ્રકાશ માટે પ્રયત્ન કરો એ જગાએ પ્રકાશ મેળવી શકાય. થોડા માટેની દૃષ્ટિ હોય છે માટે જ થોડું કે ય માંડ મળે છે. ભગવાન તો પૂર્ણ છે, અખંડ છે. ચાહો તો જરૂર પ્રકાશ થશે.

પ્રશ્ન : 'થોડા' ને લીધે તો આ બધું ધાંધલ છે !

મા : થોડું ઇચ્છવાથી થોડું કે પણ મળે, ને એનાથી કાંઈ દા'ડો ન વળે. અભ્યાસ પણ પૂર્ણ તરસથી કરવો જોઈએ. જરૂર અખંડ પ્રકાશ મળશે, મળશે જ. પિતાજી ! એક વાત. આ તો બાળકી છે ! તૂટી ફૂટી બોલી જાણે છે. તમે સંકોચ કાઢી નખાવ્યો છે. પિતા જેવા બને તેવી જ બાળકી બનશે. ભૂલ હોય તો પિતાની જ ભૂલ ગણાય. બાળકીને વાંચતાં, લખતાં તો શીખવ્યું નથી !

પિતાજી : કૃષ્ણે પોતાની માને સારાંયે બ્રહ્માંડનાં દર્શન કરાવ્યાં હતાં !

મા : હું તો નાની બાળકી છું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક ભાઈ: ' મા ' તો મોટાથી ય મોટી, ને નાનાંથી યે નાની.

પિતાજી : અણોરણીયા-મહતો મહીયાન્.

મા : અનંતરૂપ, અનંતપ્રકાશ, અનંત સ્થિતિ.....બસ! પછી બાકી શું રહ્યું? બધું એક જ છે. આ નૃત્ય તો અવિરત ચાલી રહ્યું છે. સમુદ્રના તરંગો પણ એનું જ નૃત્ય છે ને! બધું એનું જ છે એમ માનો. બધાં અંગો એનાં જ છે. સર્વાંગીમાં બધું જ સમાય. જ્યાં અલૌકિક દૃષ્ટિ છે ત્યાં એનું જ નૃત્ય છે.

પ્રશ્ન : એક દૃષ્ટિમાં શરીર પણ આત્મા છે.

મા : તમે તો મોટી ભૂલ કરી. શરીર પણ આત્મા છે! વાહ! શરીરમાં કાંઈ પણ બણ છે જ નહિ! જ્યાં આત્મા છે ત્યાં બધું જ છે. જ્યાં પથ્થર હોય ત્યાં શિવ નથી, જ્યાં શિવ છે ત્યાં પથ્થર નથી! એક આત્મા જ છે, બીજું તો છેજ નહિ!

કોઈ કોઇ સ્થાન પર સાધના કરતાં કરતાં, ઠાકુરપૂજા કરતાં કરતાં પ્રકાશવિકાસ પ્રાપ્ત થાય છે. શું મારા ઠાકુર–મારા પ્રભુ આટલા નાના જ છે? ના, ના, એ તો મોટા છે. મોટા પણ થઇ શકે છે. મારા પ્રભુ કૃષ્ણ છે, એના પ્રભુ રામ છે. પણ મારા કૃષ્ણ પણ રામ થઈ શકે છે.

તમે કહ્યુંને શરીર પણ ક્યાં જાય? શરીર એક આત્મા છે! જ્યાં શરીરદૃષ્ટિ છે ત્યાં આત્મદૃષ્ટિ ક્યાં છે? એક એ જ છે, એ જ છે! વિકાસ પ્રકાશની બાબતમાં આ વાત સાચી છે કે આત્મસિદ્ધિમાં પણબણ નથી! જેવી રીતે આત્મવિચાર પ્રાપ્ત થાય તો શું થાય? એક પ્રકારનો સાધક ' આ નહિ,' ' આ નહિ.' (નેતિ નેતિ) એમ વિચારીને આગળને આગળ વધે છે. અને બીજા પ્રકારનો સાધક, " આ પણ છે, આ પણ છે. તમે જ સાચા છો, તમે જ સાચા."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એમ કહીને પ્રગતિ સાધે છે. આ (જગત) તો અનિત્ય વસ્તુ છે. ધ્યાન કરતાં કરતાં પણ આમાં જ ધ્યાન રહી જાય! માટે જ કહ્યું છે કે જે વિચાર માર્ગે વળે છે તે આત્મવિચાર કરે છે. આત્મવિચાર કરતાં કરતાં જુઓ! કેવો ચમત્કાર! કોઈવાર સ્વરૂપ પ્રકાશ થાય છે! પ્રાપ્તિ કરવી એટલે શું? એ તો પ્રાપ્ત થયેલો જ છે! જેનું આડે રહેલું વાદળ ખસી જાય, એને પ્રકાશનાં દર્શન થાય. ત્યાં શું દેખાય? એક બ્રહ્મ દ્વિતીયો ન અસ્તિ. જેમ 'એ જ' માનવાથી એ જ બની જવાય 'બની જવાય' એટલે? એ જ પ્રકાશ શું છે? પોતાને જ મેળવવું! આપણા ભગવાન છે કહું છું કે હું જ આત્મા છું. ક્રમિક વિકાસથી ખબર પડશે. ભગવાન એટલે? જેમ પાણીરૂપે એ જ બરફ છે. ઉપાયો ભિન્ન ભિન્ન છે! ઠીક! આ ભગવાન તો ચિન્મય છે. એ જ આત્મજ્યોતિ, આત્મપ્રકાશ! એ જ છે, એ જ છે! એ માટે એમાં વિરોધાભાસ ક્યાં છે?

કોઈ સાધક પ્રભુપૂજા કરી રહ્યો છે. એનો ભાવ શું છે? 'હું દાસ છું.' એની સેવા કરતાં કરતાં 'ઠાકુર રૂપે' એને માનો. એ રીતે પૂજા કરતાં કરતાં સચ્ચિદાનંદ પ્રકાશ થાય છે. વિરોધાભાસ કેમ લાગે છે? બરફને પાણી તો એક જ છે. અમારા પ્રભુ નિરાકાર ને સાકાર છે, પાણીને બરફના જેમ કોઈ નિરાકારને ભજે છે, કોઈ સાકારનું ધ્યાન ધરે છે. નિરાકારને સાકારમાં દ્વંદ્વ ક્યાં છે? અમારા પ્રભુની તો ચિન્મય મૂર્તિ છે! પ્રભુ જ અમારો આત્મા છે–પ્રાણ છે! જ્ઞાનાગ્નિથી જલનયોગ્યને જલાવી દો, ભક્તિથી ગલનયોગ્યને ગલાવી દો. એનાથી સ્વરૂપ પ્રકાશ થશે. જે પૂર્ણને મેળવે છે, તે અંશ પણ મેળવે છે! બધાં માટે એક જ રસ્તો નથી. 'અહીં, અહીં છે' કરતાં કરતાં બધી જગાએ છે એ ભાવ જાગે છે. બધાં તો જુદાજુદા ઉપાયો છે. કોઈ કોઈ ભાષાદ્વારા, વાણીદ્વારા પણ ભગવાનના રૂપની અભિવ્યક્તિ કરે છે. ભાષાથી વર્ણન કરે એટલે? ભાષા એટલે?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભાષા તો માત્ર સપાટી ઉપરનું તરવું છે. જે તળિયાનો તાગ લે છે એને માટે તો કોઈ ભાષા રહેતી જ નથી!

'સર્વ રૂપ ગુણમાં તમે જ છો! તમે જ છો!' આ એક ભાવ છે. બીજો ભાવ 'આ તમે નથી, આ નથી.' એ પણ છે. આ એક સંભવ છે.

જ્યાં દૃષ્ટિ છે, ત્યાં સીમા પણ છે જ. દૃષ્ટિ એટલે જ સીમા! દૃષ્ટિ દેવાવાળો જે દૃષ્ટિ આપે એવી, સીમા પણ સાથે સાથે મળે જ છે. જુઓ! હરેક રૂપમાં એ છે, અરૂપમાં છે. જે કહો તે એ જ છે, એ જ છે.

(બધાં તરફ આંગળી બતાવીને) વાહ! વાહ! ભગવાનનાં કેટકેટલાં રૂપો છે. આત્મા સર્વમાં તો એ છે જ. એક વ્યક્તિનો એ નથી, અનંત વ્યક્તિમાં એ છે! જે રીતે આંબાના ભિન્નભિન્ન વૃક્ષમાં 'આમતત્ત્વ' એક જ હોય છે. જો કે જોગી લોકો આંબામાંથી અનનાસ પણ પકાવી શકે! જોગી માટે તો બધું શક્ય છે! સાધારણ દૃષ્ટિથી 'પણ' કહેવાય તો તમારા મનમાં કેટકેટલી જાતના વિચારો આવે છે? પાંચ મિનિટમાં તમને જે જે વિચારો આવી જાય છે એ કહેવા બેસો તો તમે એ બધા નહિ વર્ણવી શકો!

આવરણ હોય ત્યાં પૂર્ણ પ્રકાશ શક્ય નથી! તમારા મનમાં પરપોટા ઊઠ્યા જ કરે છે! જેટલાની તમને ખબર પડે છે એટલા તમે બતાવી શકો છો?

સ્વપ્નમાં તમે જે કંઈ જુઓ છો, એ બધાંને તમે યાદ કરીને નથી બતાવી શકતા. કાંઈને કાંઈક તો રહી જાય છે. વિચાર અનંત છે, પણ યોગી લોકો તો બધું જ કરી શકે છે! એકમાં અનંત છે, અનંતમાં એક! (બધાં તરફ હાથ કરીને) આ તમે બધાં એનાં જ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યંત્રો છો. ભગવાન ખુદ પોતાને જ લઈને રમે છે. ભગવાન પોતે જ આપણને ખોઈને આપણને શોધે છે!

પ્રશ્ન : 'આપ'ને શોધતાં શોધતાં 'આપને'જ (પોતાને) ખોઈ બેસવું પડે.

મા : આપથી 'સીમા' જો તૂટી જાય તો જાત ભુલાઈ જાય, ને 'સીમાશૂન્ય' બની જવાય. ખોવાઈ જવું એટલે? જેને ખોયો છે એને જ મેળવવો! ખંડબુદ્ધિને ભૂલી જાઓ તો આપની જાતને મેળવશો. જાતને કેમ નથી મેળવતા? કારણ અહંકારથી 'આપ'ને મેળવી શકાતો નથી. અંધકારમાં ચાલો છો એટલે પ્રકાશ નથી. અસલ પ્રકાશ મળશે, તે કદિ ખૂઝાશે નહિ. સદાય પ્રકાશ જ રહેશે. ખોવાઈ જવાથી જ 'આપ'ને મેળવાય છે. એ 'આપ'ને મેળવવાથી તો બધું મેળવાય છે. 'હું' છું તો બધું'ય છે. 'તમે જ જો નથી, તો બીજું બધું છે જ ક્યાં? એની સાથે જ બધું અલોપ થઈ જશે. આપને મેળવો એટલે સર્વ મેળવશો. બાલબચ્ચાં, સ્ત્રી વગેરે તો 'સીમા'ની અંદર છે. પુત્ર પિતાનો ને પુત્રી માતાની છે એવું નથી. તમારામાં પુરુષને સ્ત્રી બંને તત્વોનો સમન્વય થયેલો છે. બધામાં બધું જ છે. આ મનુષ્ય, વૃક્ષ વગેરે, તમારી બુદ્ધિથી કહો છો કે, તમારાથી અલગ છે, તો આમ માનવાથી તમારું પૂર્ણત્વ થયેલું નથી. નાના કીડાથી માંડીને સારા બ્રહ્માંડમાં કશું ય બાકી રહી ગયું તો 'આત્મા'ને મેળવવો રહી ગયો! આત્મસાક્ષાત્કાર થતો રહી ગયો! ક્રિયાદૃષ્ટિથી અનંતરૂપ, અનંતપ્રકાશ, અનંત સ્થિતિ અનંતગતિ છે. જેમ વૃક્ષના એક બીજમાં અનંત વૃક્ષ પડ્યાં છે! કેવું સુંદર! એકમાં અનંત, અનંતમાં એક! 'આત્મા'ને જાણવો એટલે બધું મેળવવું! બધું ય તમારી પાસે છે જ. પરંતુ તમારો અહંકાર જ તમારી જાતને નુકશાન કરે છે. જેમ કોઈ તમારો હાથ પકડે તો ય તમને સ્પર્શદ્વારા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ખબર પડે કે 'હું છું.' કોઈ આંગળી પકડે તો ય એ જ અનુભવાય. શરીરના કોઈ પણ ભાગના સ્પર્શનો અનુભવ તમને સમસ્તરૂપે જ થાય છે. એ જ રીતે તમારા રૂપે પણ એ જ રહ્યો છે. અનંતનું તમે અંગ છો. અનંતમાં એકને જુઓ અને એકમાં અનંતને જુઓ. એનું જે સ્વરૂપ છે તે ઓળખવું જોઈએ.

પંડિત : Know Thyself and know everybody.

મા : આત્માને ઓળખવો એટલે ભગવાનને મેળવવો. પ્રભુનો હું તો દાસ છું. જ્યાંસુધી ભગવાનના સ્વરૂપનાં દર્શન ન મળે ત્યાંસુધી હું દાસ નથી થઈ શકતો—એમ વાત કરવાથી ભગવાન નહિ મળે. કાર્ય કરવું પડશે. ભાષા તો માત્ર આભાસ જ છે. સપાટી પરનું તરવું જ છે. ડૂબે છે એ જ સાચું દર્શન મેળવે છે. ભાષાથી જે મેળવાશે તે તો માત્ર 'ભાસશે.' બીજી તરફથી ભાષામાં ય 'કૃષ્ણ' નામનું રૂપ, 'રામ' નામનું રૂપ પણ હોય છે. (પંડિતજી તરફ જોઈને) પિતાજી ! નાની બાળકી તો આવું બોલી ગઈ ! તમે લોકો પંડિતો વધુ જાણો.

પંડિત : મા ! આપની વાણી તો ઉપનિષદ છે !

મા : આ તો ઘંટ છે. જેવો વગાડે, તેવો વાગે. વગાડનાર જોઈએ. હું તો કાંઈ જાણતી નથી. જે જેવી રીતે વગાડશે એવો અવાજ એ સાંભળશે.

પંડિત : મા ! આ બધું તો સાંભળ્યું, પણ અહીંથી ઊઠીને જઈશું એટલે બધુંય ચાલ્યું જશે. વિસરાઈ જશે.

મા : એ માટે જ કહું છું ને કે અંદર બહારથી એક થઈ જાવ. જબર-જસ્તીથી દવા ખાવી જોઈએ. ઈન્જેકશન-થી જ આરામ થશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક ભાઈ : પણ મા ! જબરજસ્તીથી આપનાર જ કોઈ નથી !

મા : (ખડખડાટ હસીને) એક વાત યાદ આવી. કહું ? એક શેઠ હતા. ખૂબ પૈસાદાર. એને દ્વારે એક જોગી આવી ચડ્યો. એને જોઈને શેઠે નોકરને કહ્યું, 'અરે મગનિયા, કાઢ આને. નાખ એક પૈસો, એટલે રસ્તે પડે.' જોગી કહે, "શેઠ ! પૈસા બૈસા તો કુછ નહિ ચાહતા હું, બસ ! એક દફે રાધેગોવિંદ બોલો." શેઠ કહે, "અરે, ભગ જાવ યહાંસે." જોગીને તો ભાઈ ભગાડી દીધો. જોગીએ પણ મનમાં વિચાર કરી લીધો કે એટમજીને સીધો તો કરવો જ પડશે. સાંજે શેઠ ફરવા ગયા. બરાબર એ મોકો મેળવીને જોગી શેઠનું રૂપ લઈને શેઠના ઘરમાં આવ્યા. પત્ની કહે, "કેમ, આજ વહેલા ?" શેઠ કહે, "અરે ! શું વાત કહું ? આજ તો ગામમાં એક બહુરૂપી આવ્યો છે. તે જેનું તેનું રૂપ લઈને જેના તેના ઘરમાં પેસી જાય છે, ને લૂંટફાટ કરે છે ! મને ડર લાગ્યો તેથી જેવી વાત સાંભળી કે તરત જ પાછો આવતો રહ્યો." થોડીવાર થઇ ત્યાં તો પેલા ખરા લાલાજી ફરીને આવ્યા. પત્નીએ એમને જોયા ને ધૂમ પાડી, "અરે ! કોઈ છે કે ? દોડજો, બહુરૂપી આવ્યો. કાઢો બહાર મારો." દરવાન દોડી આવ્યો, નોકરો આવ્યા, પુત્રો આવ્યા. બધાંએ થઈને લાલાજીને તો સારી પેઠે સાલમપાક જમાડ્યો. બિચારાને અધમૂવા કરીને હાંકી કાઢ્યા. એ તો એવી જ લોહીલોહાણ દશામાં ગયા પોલીસથાણે. જમાદારને જઈને બધી વાત કરી. મારા ઘરમાં મારું રૂપ લઈને કોઈ હરામખોર પેસી ગયો છે, ને નીકળતો નથી. જમાદારે લાલાજીના ઘેર જઈને તપાસ કરી, તો બરાબર એવો જ બીજો શેઠ જોયો ! સાચું કોણ ? એણે તો માંડી ફરિયાદ. કોર્ટમાં કેસ ચાલ્યો. એ વ્યક્તિઓ સામસામી પાંજરામાં ઊભી રહી. જજ પણ વિચારમાં પડ્યો કે સાચું કોણ ? પરીક્ષા કેવી રીતે કરવી ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આખરે વિચાર કરીને લાલાને પૂછ્યું, "બોલો, તમારા પહેલા દીકરાનું લગ્ન કયારે થયેલું? એમાં કેટલું ખર્ચ થયેલું?" લાલાજી થોથરાતાં થોથરાતાં બોલ્યા. "સાહેબ, મને તો કશી ખબર નથી. મુનીમ બધું જાણે છે." પછી બહુરૂપીનો વારો આવ્યો. એ કહે, "સાહેબ, કલાણી આલમારીના કલાણા ખાનામાં ઉપર જ એક ચોપડો પડ્યો છે. એના અમુક પાના પર એનો હિસાબ છે. લગ્નમાં કુલ ખર્ચ વીસ હજાર રૂપીઆ, આટલા આના, આટલી પાઈ થયેલું." બહુરૂપીજી તો સાચા હર્યા, ને કોર્ટે લાલજીને કાઢી મૂક્યા! બિચારાને આશરોય કોણ આપે? ભૂખ્યાતરસ્યા નદી કાંઠે પડ્યા રહીને દિવસો ગુજારવા લાગ્યા. આખરે એક દિવસ સાંજે પેલો જોગી એમની પાસે ગયો. જઈને કહે, "કેમ! શેઠ! અમ તો રાધેગોવિંદ બોલોગાના?" શેઠ એકદમ જોગીને ઓળખી ગયા પગે પડ્યા. માફી માગી. જોગી કહે, "જાવ, તમે તમારા ઘેર પાછા જાવ. આ માર પડ્યો છે એના ઘા થોડા દિવસ છુપાવજો. નહિ તો ઘેર પાછા ઓળખાઈ જશો તો હેરાન થવું પડશે.' શેઠની આંખો ખૂલી ગઈ! ઘેર જઈ મિલકતની યથાયોગ્ય વ્યવસ્થા કરી પ્રભુમય જીવન તરફ વળ્યા.

ભગવાનની બે પ્રકારની કૃપા હોય છે. એક છે નિગ્રહ કૃપા, બીજી છે અનુગ્રહ કૃપા. નિગ્રહ કૃપા એટલે ડંડા મારીને કૃપા કરવી તે. કોઈ કોઈ વાર અનુગ્રહ કૃપા કરે છે. નિગ્રહ કૃપા એટલે કડવી દવા. અનુગ્રહ કૃપા એટલે મીઠો સીરપ પીવડાવે તે.

તા. ૪-૧૨-૧૯૪૭

પ્રશ્ન: આજકાલ સારા જગતમાં ખૂબ ખૂનામરકી ચાલી રહી છે, કત્લેઆમ ચાલી રહી છે. આ બધી મનુષ્યની પ્રવૃત્તિઓ ઈશ્વરી કાનૂન અનુસાર ચાલે છે તો પછી મનુષ્ય એમાં શું કરી શકે?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માઃ બંગાળમાં દુર્ગાપૂજા થાય છે. આ સાલ, જલપાઈગુડી જીલ્લાનાં બોદાં ગામ જે પાકીસ્તાનની હકૂમતમાં છે, ત્યાંના એક નાના જમીનદાર મને દુર્ગાપૂજામાં લઇ જવા ચાહતા હતા. મેં તો કહ્યું, આ શરીરની તો કોઇ વાત જ નથી! જે થવાનું હશે તે થશે. આ વાત થઇ ગયા પછી ત્યાં પાકીસ્તાન થઇ ગયું. એટલે લોકો મને ત્યાં જવા માટે ના પાડવા લાગ્યા. કારણ ત્યાં ઝગડો ચાલ્યો હતો. મેં તો કહ્યું કે જો વાત આગળથી થઇ ગઇ છે તો જવું જ પડશે. અમે ચાલી નીકળ્યાં, ત્યાં પહોંચ્યાં. ત્યાં જઇને શું જોયું? જે રીતે હિન્દુ લોકો પૂજામાં ભાગ લે છે, તે જ રીતે મુસલમાનો પણ આવેલા. તે પૂજામાં મદદ કરતા હતા. ઘણા મુસલમાનો આવતા હતા. એ લોકોએ જ મંડપ બાંધ્યો, ઇલેકટ્રિક વગેરેથી એને સજાવ્યો! જેમ તમે લોકો અહીં આવો છો તેમ એ લોકો પણ ધર્મની વાતો કરતા હતા. એક દિવસ એમણે પણ આજ પ્રશ્ન ઊઠાવેલો કે આ બધું જે થાય છે તે ભગવત્શક્તિથી થયેલું છે કે મનુષ્ય-બુદ્ધિથી? એક વાત છે. સમુદ્રમાં જેમ તરંગો ઉઠે છે ને એમ સૃષ્ટિમાં પણ આ તરંગો જાગ્યા છે. મન જ સૃષ્ટિનું કારણ છે. સ્થિતિમાં સૃષ્ટિ છે. સમુદ્ર છે ત્યારે તો લહર છે ને? સૃષ્ટિની સાથે બધું ય છે. પણ આપસ આપસની જો વાત કરો તો તમારી દૃષ્ટિનો જ એ દોષ ગણાય. અલ્પ દૃષ્ટિથી આ બધું થાય છે. 'આ મારું, આ તારું' એ રીતે જોવું– અહંકાર કરવો, એનું જ આ પરિણામ છે. જેના વડે આ શરીર પ્રકાશિત થયું છે. તેના વડે બધો ય કાર્યક્રમ નક્કી થયેલો છે જ. એ ભાવ જો રાખો, ભગવત્ભાવ જો રાખો તો પછી ઝગડા કયાં રહ્યા? ત્યાં કોણ કોને મારે છે? એમાં ય અનેક વાતો છે. જે મૂળમાં છે એ સ્થૂળમાં પણ છે જ. મૂળમાં હશે તો જ ફૂલમાં આવે ને? એમાં (મૂળમાં) આપણો પ્રયત્ન શું કામ લાગે?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શાસ્ત્રમાં શું છે એ તો તમે જાણો. જે રીતે આગનો એક તણખો સારી દુનિયા જલાવી શકે, એ રીતે તમે જો શાન્તિ માટે ખરા દિલથી ચિત્કાર પ્રાર્થના કરો તો ફળ જરૂર મળશે જ, ને હજાર વાર પ્રાર્થના કરો તો ય ફળ મળશે જ. જેવું કર્મ કરશો એવું ફળ મેળવશો. શુભ કર્મ કરો, ફળ મળશે જ.

આ શરીર તો જોઈ શકે છે કે આ બધો એનો જ ખેલ છે. મારનાર, શાન્ત કરનાર, અશાન્ત કરનાર, શાન્ત સ્વરૂપે તો એ જ છે ને 'બે હાથે તાલી પડે ને? બધા લોકો 'મોટા' થવા ઇચ્છે છે. પણ જે લોકો 'દ્વંદ્વ'થી મોટપણ મેળવવા માગે છે એ 'નાના' બની જાય છે. દ્વંદ્વાતીત, ત્રિગુણાતીત એનું સ્વરૂપ છે. તમે લોકો દ્વંદ્વદ્વારા, ધર્ષણદ્વારા એને મેળવવા ચાહો છો! લડાઈ એટલે નાશ! દ્વંદ્વ એટલે મૃત્યુ!

એટલે જ કહે છે ને કે 'સ્વામી,' 'સ્વયંઆમી,' હું તે જ છું. સ્વામી મહારાજ! દ્વંદ્વથી જગતમાં—ગતિમાં ધર્ષણ પેદા થાય છે. સાધનામાં પણ ધર્ષણ થાય છે. સાધક ભગવાન તરફ જવા ચાહે છે. બીજી તરફથી સંસાર એને ઊલટી બાજુમાં ખેંચે છે. એ રીતે ધર્ષણ મચે છે.

જે ક્રિયાદ્વારા ઉત્પન્ન થયેલું ધર્ષણ બ્રહ્મશક્તિ પેદા કરી શકે છે એ ક્રિયાદ્વારા જ બ્રહ્મને પ્રાપ્ત કરી શકાય. સારી દુનિયાને હું મેળવી લઉં એવા અહં ભાવથી ઝગડા થાય છે. ગુસ્સો એ અગ્નિ છે. મરવું, મારવું, કતલ ચલાવવી એ બધું ગુસ્સાની શક્તિથી જ ચાલે છે. સાધનાના ધર્ષણદ્વારા અમૃતત્વ મળે છે. એ માટે જ આ બધું ચાલી રહ્યું છે. 'અહંકાર તો મેલ છે.' બસ, જ્યાં અહંકાર છે ત્યાં જ મૃત્યુ માર્ગ પડ્યો છે. આજ અહંકારને ભગવાનના માર્ગે વાળી શકાય તો એની પ્રાપ્તિ થાય.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હાં. બંગાળના પાકીસ્તાનમાં મુસલમાનો તો આવીને ધર્મની વાતો કરતા હતા. ત્યાં હિંદુઓ હતા, તેઓ જો ધારત, અને એમની જો કતલ ચલાવત તો ખબરે ય ન પડત ! રસ્તામાં કોઈ પોલીસ થાણું પણ ન હતું. કોઈ રક્ષણ કરનાર પણ ન હતું.

જગત એટલે ગતિ. કારણ વિના કશું થતું નથી. અશાન્તિ થાય છે એમાં પણ કાંઇ કારણ તો હોય જ. શાન્તિને માટે અશાન્તિની સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. દુનિયા છે ને એટલે જ 'બે' ('દ્વા') છે. બગડે બે. જ્યાં દુનિયા ત્યાં બે. બેમાં દ્વંદ્વ. જ્યાં દ્વંદ્વ ત્યાં લડાઈ.

પ્રશ્ન : અમારી પ્રવૃત્તિ શું પ્રથમથી નિયત થયેલી છે ?

મા : નિર્માણ જગતમાં નિર્મિત તો બધું છે જ. સંયોગોને લીધે તો બધું થયું. પ્રાકૃત જગતમાં ક્રમ, ક્રિયા થઈ રહ્યાં છે. એક તરફની દૃષ્ટિથી કહેવું પડશે કે બધું બરાબર છે. જે મૂળમાં છે તે જ સ્થૂળમાં છે.

પ્રશ્ન : આધ્યાત્મિક વિકાસ પણ શું નિર્મિત છે ?

મા : પરમાર્થ વિકાસ પણ નિર્મિત છે. જ્યોતિષવિદ્યામાં એ બધું બતાવ્યું છે, જન્મનો સમય બરાબર નોંધેલો હોય, તો એના પરથી ભવિષ્ય બરાબર જ્યોતિષવિદ્યાથી મેળવી શકાય. કોઈ કોઈએ જોયેલું પણ છે. પ્રત્યક્ષમાં આ વાત ઠીક છે. કર્મસંસ્કારથી જ્યોતિષવિદ્યા જેટલી શકય છે એટલી નિયંત્રિત છે. એથી વધુ હું નથી કહી શકતી. કોઈ યોગી યોગ દૃષ્ટિથી કહે કે 'આમ થશે,' 'તેમ થશે,' એ જુદી જ વાત છે. ગુરુશકિતથી કોઈ કાર્યક્રમ બને એમ પણ બની શકે. આપણે તો ગતાનુગતિથી ભોગવવાનું છે.

અહીંથી કોઈ માણસ જઈ રહ્યો છે. રસ્તામાં એકસીડન્ટ થઈ ગયો. આગળથી નિયંત્રિત હતો ત્યારે તો થયો. આટલે સુધી જ્યો-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તિપવિદ્યા જાય છે. એમ પણ બની શકે કે ગુરુશક્તિથી નિયંત્રિત વસ્તુ ભુંસાઈ જાય. એક એવું પણ સ્થાન છે જ્યાં નિયંત્રિત, અનિયંત્રિતનો કોઈ સવાલ જ નથી રહેતો. કોઈ જગા એવી છે જ્યાં નિયંત્રિતનો સવાલ છે, ત્યાં ગૃહશાન્તિ વગેરે દ્વારા નિયંત્રિત બદલી શકાય છે. એ શક્તિથી રક્ષા થઈ શકે. જે જ્ઞાનાગ્નિથી જલાવી શકાય છે તે જ્ઞાનાગ્નિનો પ્રકાશ બને છે. ત્યાં બધું જ શક્ય છે. ત્યાં અસંભવ સંભવ બને છે. એ તો સ્વયં પ્રકાશરૂપ છે—સદાય છે જ.

પ્રશ્ન : મનની ચંચળતા કેવી રીતે દૂર થાય?

મા : ચંચળતા વધારવાથી ચંચળતા દૂર થાય છે. દુનિયાની ચંચળતા દ્વિધાભાવમાં ફરી ગઈ છે ને? ભગવાન માટે મન અશાન્ત બની જાય તો તે સારું જ છે. દુનિયામાં જેટલું મન રાખશો એટલું પેટ નહિ ભરાય. દુનિયાની વાસનાઓથી પેટ નહિ ભરાય. મનને જ્યારે અસલી ભોજન મળશે ત્યારે જ શાન્તિ મળશે. ત્યારે જ એ શાન્ત બનશે. પરમધન જ્યારે પ્રાપ્ત થશે ત્યારે બરાબર સંતુષ્ટ થઈને, ભોગને પૂર્ણપણે ભોગવીને, શાન્ત બનીને, માની ગોદમાં આળોટી શકાય છે.

બસ! 'વોહિ હૈ! વોહિ હૈ! વોહિ હૈ! વોહિ હૈ!

મનુષ્યનું કર્તવ્ય છે કે આ મનબેટમજીને શુદ્ધ ભોજન આપ્યા કરવું. એને ગંદુ ન રાખો. ગંદામાં તરફડાટ થાય છે. જ્યાં રામ ત્યાં આરામ, જ્યાં નહિ રામ, ત્યાં બે—આરામ!

પ્રશ્ન : બધાં સારાં નરસાં કામો બદલ ભોગવવું પડે છે. તો કર્મની શરૂઆત કેવી રીતે થઈ?

મા : (હસીને) શરૂઆત ક્યાંથી થઈ! ભગવાન તો અનાદિઅનંત!

પ્રશ્ન : કર્મની ઉત્પત્તિ કેવી રીતે થઈ?

મા : જગત પ્રભુનું જ છે. ભગવાને ઇચ્છા—કલ્પના માત્રથી સૃષ્ટિ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સર્જી છે. ભગવાન ખુદ પોતાની સાથે ખેલે છે. કાલે મેં કહ્યુંને કે આપને જ ખૂવે છે તે આપને જ ઢૂંઢે છે! સૃષ્ટિને આદિ ને અંત છે જ નહિ. 'શરૂઆત' જેવી કાંઈ વાત જ નથી. આ બધી તો ભગવાનની લીલા છે. ભગવાન અમારી પાસે અનજાન રૂપે પ્રગટ થયા છે. 'આપ'ને ખોયા વિના રહેવાતું નથી. 'આપ'ને ખોવો અને પછી એને મેળવવો. મેળવવાથી આનંદ મળે, ખોવાથી દુઃખ. સૃષ્ટિ તો નિત્ય છે જ. જે રીતે નાનું બાળક જ્યારે યુવક બને છે ત્યારે એનામાં જ પેલું બાળક અદૃશ્ય થઈ જાય છે–મૃત્યુ પામે છે. અનંત જન્મ! કેટકેટલીવાર કપડાં બદલ્યાં? આત્મામાં કાંઈ બદલવાપણું નથી. કોણ મરે છે? કોણ રડે છે? કપડાં બદલીને તરેહતરેહનાં નવાં પરિધાન કરવાં! એમાં રડવાનું શું? શાસ્ત્રમાં શું લખ્યું છે તે તમે જાણો.

પ્રશ્ન : બુદ્ધિનો પ્રેરક કોણ છે?

મા : જો વોહિ ચલાતા હૈ વહિ કરતા હૈ! પાછું કહું છું કે એ કર્તા નથી, પણ એ તો સાક્ષી માત્ર છે. જગતમાં લીલા ભગવાન જ કરે છે. એ યંત્રી છે, આપણે બધા યંત્રો. જે રીતે ચલાવે, એ રીતે ચાલીએ.

પ્રશ્ન : બૂરા કામમાં ભગવાન કેમ આપણા મનને જોડાવે છે?

મા : જેવું વૃક્ષ વાવો, એવાં ફળ મળે. શુદ્ધ કર્મ કરો તો શુદ્ધ ફળ મળે. બૂરાં કરો તો બૂરું. દુનિયાનાં–પૈસા, મકાન વગેરેની રક્ષા કરવી એ–કામો કર્યા કરવાથી 'સ્વભાવ' પ્રત્યે તો 'અભાવ' રહ્યા કરે છે. 'સ્વભાવ'નું કર્મ 'સ્વ'ભાવમાં આપણને સ્થિત કરે છે. પછી અભાવનું કર્મ ગમતું નથી. તમે જો આત્માને ઓળખવા પ્રયત્ન કરો છો તો સ્વભાવને 'સ્વ'ભાવની ગતિથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મેળવવાની ઇચ્છા કરો, તે સ્વાભાવિક છે. પણ તમે તો 'અભાવ'નો મોહ રાખીને, સ્વભાવને મેળવવાની વાતો કરો છો! કેવું સુંદર! ચાહો છો જ્ઞાનશક્તિ, ને લાવો છો અજ્ઞાનનું જ્ઞાન! લાવવું જોઈએ અખંડ જ્ઞાન. જૂઠું જ્ઞાન સારું નહિ લાગે. તમારા હૃદયમાં વેદિ છે! 'અભાવ'ના રસ્તે દુઃખ છે; ને 'સ્વ'ભાવના રસ્તે સુખ છે, ભગવત્ પ્રાપ્તિ છે. જેવા રસ્તે જશો એવું મેળવશો. મૂળ ત્રાજવું–કાંટો તો એના હાથમાં છે. તમને એ ક્રિયાશક્તિ, વિચારશક્તિ આપે છે. તમે ખાઓ છો, પીઓ છો, જેમ તમારા પોતાના પ્રયત્નથી એ રીતે ભગવાનને મેળવવાનો પ્રયત્ન કરો. જે ભગવાન પ્રતિ નથી જતા તે મૃત્યુ પ્રતિ જાય છે. ભગવાનનો રસ્તો તે અમૃતનો રસ્તો છે. મન લાગતું હોય તો એ માટે (મા–પોતાની જાતને બતાવીને) આ શરીર કહે છે કે તમારી બધી શક્તિઓ ભગવત્ પ્રાપ્તિના કર્તવ્યમાં જોડી દો. પરમ માતા, પરમ પિતા, પરમ બંધુ–એમની પાસે જવાનો પ્રયત્ન કરવો જોઈએ. આપણું ઘર ક્યાં? ભગવાનને ત્યાં! આપણું છે કોણ? ભગવાન! તેમને ગમે તે રીતે ચાહો–પ્રભુરૂપે, દાસરૂપે કે આત્મરૂપે, એને મેળવવાથી બધું ઠીક થશે. આ શરીર ભોગ–શરીર છે. 'અ'ભાવનો ભોગ ભોગવવો પડે છે. પરમભોગ તો છે ભગવત્ પ્રાપ્તિ જેણે ભગવાનનો ત્યાગ કર્યો તે (હસતાં હસતાં, કટાક્ષમાં) 'પરમ... ત્યાગી' છે! માટે કહ્યું છે કે 'પરમ'પદને ત્યાગનારા એ 'પરમ...ત્યાગી'ઓ છે! 'અ'ભાવની ગતિથી અભાવ જ રહેશે. પરમ વસ્તુ માટે પ્રયત્ન કરો તો પરમભોગ મળશે. પરમભોગમાં અમૃત છે. અભાવના ભોગમાં મૃત્યુ છે. તમારો જ દાખલો લો. બચપણમાં તમે ખેલતા, કૂદતા'તા; હવે નથી 'ખેલતા બચપણ મરી ગયું! એમ મૃત્યુ હરપળ થયા જ કરે છે.

એક માજીનો પ્રશ્ન : પ્રભુ બધું કરે છે તો પ્રભુ સદ્બુદ્ધિ કેમ નથી આપતા?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : માતાજી ! જગત્ચક્ર છે ને ! ભગવાનની લીલાનાં આ તો ભિન્નભિન્ન રૂપો છે. એની લીલામાં અંધારું, રોશની-તરેહ તરેહના રસ્તાઓ છે ! અનંત ગતિ, અનંત પ્રકાશ, અનંત સ્થિતિમાં બધું સમાઈ જાય છે.

ભગવાનની પ્રાપ્તિનું કર્મ તે જ શુભ કર્મ છે. એ શુભ કર્મ કરો, તો જરૂર ભગવાન મળશે જ. અશુભ કર્મથી અશુભ ફળ મળશે. પ્રભુ અર્થે કરેલું, કર્મ તે જ શુભ કર્મ, "પ્રભુપ્રાપ્તિ માટે કેમ મન નથી થતું ?" એ પ્રશ્ન પોતાની જાતને પૂછ્યા કરો.

આપણા મનમાં એવો ભાવ રાખવો કે આ જ પ્રભુની ઇચ્છા હતી. "પ્રભુની ઇચ્છા છે." એવું કહેવાનો પણ અધિકાર જોઈએ. એ અધિકાર બધાંને નથી. જ્યાં સુધી એવો અધિકાર ન મળે ત્યાં સુધી વિચારો કે કયાંક તમારી જ કસૂર થાય છે. હું હવેથી સુકર્મ કરીશ એવો નિશ્ચય કરો. એક બાત હૈ ! તત્ત્વદૃષ્ટિથી ભલાબૂરા જેવું તો કાંઈ જ નથી. પણ જ્યાં સુધી દેહાત્માબુદ્ધિ તમારામાં છે ત્યાં સુધી બૂરાં કામો ન કરવાં જોઈએ. ભગવાન બૂરાં કામો નથી કરાવતો. એ તો તમારી દૃષ્ટિનો ભ્રમ છે, બૂરો ભાવ છે. બૂરો ભાવ છે માટે એના પરિણામે દુઃખ મળે છે. દૃષ્ટિ સાફ જોઈએ. પ્રભુનો આ બધો ખેલ છે એમ જો સમજી જવાય તો બૂરું કશું છે જ નહિ.

એક ભાઈ : આપણી દૃષ્ટિ ફેરવી નાખવી જોઈએ.

મા : કઈ રીતે બદલવી ? ભગવત્ ચિંતનથી. જેવી રીતે તાપમાં-અગ્નિમાં રાખવાથી લાકડી શુદ્ધ થાય છે.....આ બાળકીને પૂછવું એટલે પોતાની જ વાત સાંભળવી.

પંડિતજી : 'અ'ભાવ અને 'સ્વ'ભાવ એ બે રીતની વાતનું વર્ણન "ઈશાવાસ્યોપનિષદ્"માં આવે છે.....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"વિદ્યાં ચ અવિદ્યાં ચ.....!"

મા : પિતાજી ! ઉપનિષદ્ સંભળાવ્યું, પણ અહીં તો એની કશી ખબર નથી.

પંડિતજી: મા ! ભણ્યો છું, પણ હું તો બધું પોપટની માફક પઢી જાઉં છું.

મા : ગાઢો અંધકાર ન હોય તો અસલી વસ્તુ કઈ રીતે દેખાય... ? અસમાન સ્થાન પર ઊભા રહેવાથી સમાન સ્થાન નહિ દેખાય.

પ્રશ્ન: સમાન સ્થાન મેળવવા કપડાં બદલવાં પડે ?

મા : ના, કપડાં નહિ બદલવાનાં; ચશ્મા બદલવાના.

પ્રશ્ન: કોઈ દુષ્ટ દુષ્ટ આચરણ કરે, તો દુષ્ટાચરણ હટાવવાને માટે અનશન કરવાની ભગવાન કોઈને પ્રેરણા આપે, તો ભગવાને દુષ્ટને સુધારવાની કેમ સીધી પ્રેરણા ન આપી ? વચ્ચે 'એજન્સી'ની શું જરૂર હતી ?

મા: પિતાજી ! જો આવી પ્રેરણા મળે તો તો શું જોઇએ જ. કોઈ માંદો આરામ માટે નર્સ, ડોકટર રાખે છે. નર્સ, ડોકટર પોતાના પ્રયત્નો કરે છે. પણ જો તમે કહો છો તેવી પ્રેરણા મળે તો નર્સ–ડોકટરની શું જરૂર ? ભગવાન ખુદ જ બિમારી ન મટાડે. એ માટે જ કહ્યું છે કે ભગવાનની લીલા અનંત છે.

પ્રશ્ન: દુષ્ટ પણ કહી શકે છે કે ભગવાને જ મને દુષ્ટ કામ કરવાની પ્રેરણા આપી.

મા : દુષ્ટ એમ કહી શકે જ નહિ. બિમારી કેમ આવે છે ? બિમારીથી 'આરામ' નથી. જ્યાં 'આરામ' છે ત્યાં રામ છે. રામ ક્યાં:

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નથી? એનો ખેલ તો અનંત છે. 'સુ' કે 'કુ,' દુષ્ટ કે સાધુ, બધાંમાં એનો ખેલ છે. બરાબર દૃષ્ટિ જ ખરાબ છે. દૃષ્ટિને સુધારો. અરે! દુષ્ટ પણ એના જ રૂપમાં છે. જ્યાં શુભદૃષ્ટિ છે ત્યાં કશું ખરાબ છે જ નહિ. દરેક રૂપને તદ્ તદ્ ભાવથી જુઓ. અહીં દ્વિધા ભાવ છે. ખરાબ દૃષ્ટિ છે એને હઠાવો. કુદૃષ્ટિથી દુઃખ થાય છે.

પ્રશ્નઃ અમારી દૃષ્ટિ તો કોઈનું ખૂન કરવા ચાહે છે. તો ખરાબ દૃષ્ટિ બને છે. એમાં અમે કરીએ શું?

માઃ તમે કહો છો ને કે ખરાબ જોવું તે જ ખરાબ છે. તમે તો ખૂન જુઓ છો ને? એ જોવાની જે દૃષ્ટિ છે તે ખરાબ દૃષ્ટિ ત્યાં ભગવત્દૃષ્ટિ નથી. જ્યાં ભગવત્દૃષ્ટિ છે ત્યાં ખૂનનું તો નામનિશાન નથી. અમે બૂરું જોઈએ છીએ કારણકે અમારી દૃષ્ટિ ખરાબ છે. એક એક વાતના અનંત ઉપાયો છે. જેવી જેની દૃષ્ટિ. જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ. શુભ દૃષ્ટિવાળા શુભ કામ કરે. અશુભ દૃષ્ટિવાળા અશુભ કામ કરે છે. માનો કે સમાધિમાં જ મસ્ત છે, ત્યારે કોઈ કહેશે કે આ તો ઊંઘે છે. પણ જે જાણે છે તે સમજી શકશે કે સમાધિ એ શું વસ્તુ છે. કુદૃષ્ટિ જ પાપ છે. દૃષ્ટિને ફેરવવી જોઈએ.

પ્રશ્નઃ આ શરીરમાં કોઈને સ્ત્રીની કે પુરુષની વાસના રહી જાય છે તો એને શું પ્રેતયોનિમાં જન્મ લેવો પડે છે?

મા : વાસના પૂર્ણ કરવા માટે જન્મ લેવો પડે છે. શાસ્ત્રમાં શું કહ્યું છે? ભૂતલોકના જેવાં કર્મો કરો તો ભૂતલોકમાં જવું પડે. જેવી વાસના તેવો જન્મ.

પ્રશ્નઃ એવું સાંભળ્યું છે કે મનુષ્ય પશુયોનિમાં પણ જાય છે!

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : હાં! કર્મને માટે જન્મ તો લેવો જ પડે છે.

પ્રશ્ન : સાંભળ્યું છે કે ધનની વાસના જો રહી જાય તો મરણ પછી સર્પયોનિ મળે છે. તો સર્પશરીરથી ધનની વાસના કેવી રીતે પૂર્ણ થાય?

મા : મનુષ્ય જન્મથી વાસના પૂર્ણ થાય છે. અમુક કામો કરવાથી સર્પ ઇત્યાદિ જન્મ લેવો પડે છે. પ્રભુના રાજ્યમાં તો આવો ન્યાય છે, એ ન્યાય પ્રમાણે જન્મ મળે છે. કપડાં બદલતી વખતે (મૃત્યુ વખતે) જે જાતની ભાવના હોય તેવો જ જન્મ મળે. સર્પકર્મ પામવા જેવી વાસના કરી હોય તો સર્પજન્મ મળે. કર્મ સંસ્કારથી પણ કેટકેટલા જન્મ પામો. વળી, ગુરુશક્તિનો અગ્નિ જન્મોને જલાવી દઈ પણ શકે છે. કર્મસંસ્કારને ગુરુશક્તિ જલાવી શકે છે. જ્યાંસુધી જ્ઞાનાગ્નિથી 'જલાવી'ના દેવાય, ભક્તિજલથી 'ગલાવી'ના દેવાય, ત્યાંસુધી તો કર્મસંસ્કાર રહે છે જ. મૃત્યુ સમયે જો ભગવત્સ્મરણ થઈ જાય તો એની પણ પ્રાપ્તિ થાય. આખરી સમયે જેવો ભાવ પ્રકાશિત કરો એવું થાય.

પ્રશ્ન : કોઈ કસાઈનું કામ કરે છે. પણ જો એ મનુષ્ય જન્મની ઇચ્છા કરે તો તેને પણ એ જન્મ મળે?

મા : ઇસકે બીચમેં એક બાત હૈ! સારા જન્મભર વાસના કરતા રહો તો મૃત્યુ વખતે જ સારી વાસના કઈ રીતે આવે? વાસના એ કાંઈ પ્રદર્શનની વસ્તુ નથી. એક બાત હૈ! એક શેઠાણી હતી. બિચારી ખૂબ ભક્તિશાળી. પૂજાભક્તિમાં જ સમય ગાળે. દયાદાન પણ કરે. પણ એના મનમાં એક જ વસ્તુનું દુઃખ રહ્યા કરે કે મારો સ્વામી નાસ્તિક છે. આમ બહારથી તો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નાસ્તિક જેવા જ લાગે, પણ અંદરખાને એ પણ ખૂબ જ આસ્તિક. પ્રભુમય જ જીવન ગાળે. પણ અંતરની એ વૃત્તિને કદી બહાર કાઢે નહિ. એટલે એ બહારથી તો નાસ્તિક જેવા જ લાગે. એકવાર એવું બન્યું કે રાત્રે ઊંઘમાં જ શેઠના મોંમાંથી અજાણ્યે 'રામ' એવો શબ્દ નીકળી પડ્યો. પાસે જ સૂતેલી પત્નીએ એ સાંભળ્યો. એને તો ખૂબ નવાઈ લાગી. એ તો ખુશખુશ થઈ ગઈ.

બીજે દિવસે ધમાલ મચી. યજ્ઞ–યાગ થવા માંડ્યા. બ્રાહ્મણોને જમણ અને દક્ષિણાનો પ્રબંધ થયો. ભિક્ષુકોને દાન દેવાવા માંડ્યાં. આ બધી ધમાલ જોઈને શેઠે પેલી બાઈને પૂછ્યું, "કેમ? આજે શેનો ઉત્સવ છે?" બાઈએ રાતવાળો પ્રસંગ કહ્યો. શેઠ કહે, "હે! મારા મોંમાંથી 'રામ' શબ્દ નીકળી પડ્યો." ને એટલું બોલતામાં તો શેઠ ઢળી પડ્યા. શેઠનો દેહ પડ્યો.

આ રીતે વાસના પણ પૂર્વ જન્મથી સંચિત રહે છે, ગુપ્ત રહે છે. એ બહાર આવતી નથી. એવુંય બની શકે કે જિંદગીભર કોઈએ સારું કામ કર્યું ન હોય, ને બરાબર મૃત્યુ સમયે એ બદલાઈ જાય. મૃત્યુ સુધરી જાય. પૂર્વજન્મમાં કોઈ કામો એવાં હોય માટે આમ બને. કર્મભોગને માટે કેટલા ય જન્મ લેવા પડે છે.

પ્રશ્નઃ મા! આત્મા–પરમાત્મામાં કાંઈ ભેદ છે ખરો?

માઃ 'આનંદ' એ જ 'પરમાનંદ'! 'આત્મા' એટલે જ 'પરમાત્મા'!

પ્રશ્નઃ આત્મા ને પરમાત્મા એક જ છે?

મા : આ બાબતમાં એક વાત જાણીતી છે. યત્ર જીવ, તત્ર શિવ! યત્ર નારી, તત્ર ગૌરી! બસ, એ જ હકીકત છે! આત્મા એ જ પરમાત્મા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જે રીતે પાણી હોય છે ને?.....એમાં એક પાણી ગંદું હોય છે, એક જળ શુદ્ધ હોય છે. પણ પેલું ગંદું પાણી પણ 'જલ' તો છે જ ને? બન્ને જળનું મૂળભૂત તત્ત્વ તો એક જ હોય છે. પણ શુદ્ધ જળ પીવાથી આરામ મળે છે. ગંદા જળને ઉકાળો, એને 'ફીલ્ટર' કરો, તો એ પાણી પણ શુદ્ધ બનશે. બંધ હોય તે જળ ગંદું બની જાય છે. એમાં કીડા પણ થાય છે. એ કીડા વધ્યા જ કરે છે. જીવમાંથી જીવ ઉત્પન્ન થયે જ જાય છે. છતાં પણ એ જીવ તે 'પરમાત્મા' નથી. 'પરમાત્મા' તો પેલું શુદ્ધ જળ જ છે. એટલા માટે તો એ 'પરમ–આત્મા' કહેવાય છે. જે બંધ છે તે જીવ. જીવ એટલે બંધન. જે બંધનમાં છે તેને દુઃખ રહ્યા કરે છે. બંધન એટલે જ દુઃખ. એ બંધન દૂર કરો. જીવને આત્માદ્વારા–પરમાત્માના સાક્ષાત્કારદ્વારા વિશુદ્ધ કરી, પરમાત્મારૂપ બનાવો. મૂળ વાત જળને 'ફીલ્ટર' કરવાની છે ને!

પ્રશ્ન : 'ફીલ્ટર, કઈ રીતે કરી શકાય?

મા : 'ફીલ્ટર' કરવું છે? તો એ માટે તો જેને "ફીલ્ટર" કરતાં આવડે છે તેની પાસે (ગુરુ પાસે) જાવ.

પ્રશ્ન : એને શોધીએ કેવી રીતે? એ સાચું જ 'ફીલ્ટર' કરશે?

મા : એક હકીકત છે, સ્વયં પ્રકાશ થવો જોઈએ. સર્વ કોઈને શોધવાની, ઢૂંઢવાની ઇચ્છા નથી જાગતી. આપણી અંદર જ ઈશ્વરને પ્રાપ્ત કરવાની ભાવના જાગવી જોઈએ. રામની કૃપાથી એ બની શકે.

પ્રશ્ન : મા, ઈશ્વર એક પર કૃપા કરે છે, ને બીજા પર કેમ નથી કરતો?

મા : હાય, હાય! એની પાસે તો 'એક' અને 'બીજું' છે જ કોણ?

પ્રશ્ન : રામની કૃપા કઈ રીતે થાય?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : તમારી રીતે એટલે કે જેણે તમને બનાવ્યા છે એની રીતે તમે કહ્યું છે કે નાનાને મોટા છોકરા વચ્ચે તમે ભેદભાવ રાખો છો. એ જ રીતે નાનાને દૂધ આપો છો. મોટાને લાડુ આપો છો. પ્રભુનું પણ આમ જ છે. જે આપવું પડે છે તે પાછું મળે છે જ.

.....એનો તો આ બધો પરિવાર છે. પણ એ તો તમે જ્યારે પિતા બનશો ત્યારે જ ખબર પડશે. બાકી, એમાં રામની જરૂર જ ક્યાં છે? અમારું કામ અમે કરીએ. રામનું નામ લ્યો! પિતાજી, મનુષ્યનો સ્વભાવ છે! રામ તો આપણો જ છે. રામઆશ્રય છે ને? એનું નામ લીધા વિના રહેવાતું પણ નથી. જીવનો સ્વભાવ જ છે કે પોતાનું નામોચ્ચારણ સાંભળીને એમાં આનંદ લેવો. રામનું નામ લેવું. અરે! રામ જ કર્મ કરાવે છે. કર્મક્ષય કરવા ખાતર એના નામને આશરે આગળ વધ્યે જાઓ.

પ્રશ્ન : હિન્દુ–મુસલમાન વચ્ચે ઝગડા કેમ થાય છે?

મા : જો દરેક પોતાના ધર્મનું પાલન જ કરે તો તો ઝઘડો કેવી રીતે થાય? પોતાના ધર્મનું પાલન કરવાની જરૂર છે જે રીતે એક માણસની બિમારીનાં જંતુઓ (Germs) બીજાને પણ એનો ચેપ લગાડે છે, એટલે એ જંતુઓ ન ચોટે એ માટે સાવચેતી રખાય છે. એ જ રીતે ઝઘડાનો ચેપ ન લાગે તે જોવું જોઇએ. આજકાલ તો ઝઘડાનાં પણ, "જર્મ્સ" ફેલાયાં છે. મુસલમાનોના સંગદોષથી હિન્દુઓમાં પણ હિંસાનો ભાવ આવી ગયો છે, આ બધાંનું મૂળ કારણ વર્ણાશ્રમધર્મ અને આશ્રમધર્મના અધઃપતનમાં છે. આથી જ બધી જગાએ હિંસા, દુઃખ વધ્યે જાય છે. દ્વિધાભાવથી દુઃખ ઉત્પન્ન થાય છે. આ શરીર તો કહે છે કે–ઘણાં કહે છે ને કે અમે અમુક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમુકના પુત્રો છીએ, અમુક ગોત્રના છીએ. પણ એ ગોત્રના ઋષિના ગુણો તો આપણામાં હોતા જ નથી. આમ સંગદોષથી જ બને છે. એ માટે કહ્યું છે ને 'સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહ :" પોતાના ધર્મનું પાલન કરવામાં જ શ્રેય છે. પરધર્મ ગમે તેટલો સારો હોય તોયે તે આપણા માટે તો હિતાવહ નથી.

પ્રશ્ન : સાંભળ્યું છે કે "યદાયદા હિ ધર્મસ્ય....." એવું છે. તો શું ભગવાને અવતાર હવે લીધો છે કે લેવાનો છે?

મા : આની એક ચેતવણી તો કોઇએ છાપીં કાઢેલી તમે વાંચી હશે કે એ વિષે સાંભળ્યું હશે.

પ્રશ્ન : જગતમાં સર્વોપરી મા જ છે એ જ જો બધાં જાણી લે તો બધું બરાબર થઈ જાય.

મા . 'પરમ' એ તો "પરમપિતા" 'એ' જ છે, એ જ છે. એ જ એમ માત્ર 'સર્વોપરી' છે. આ ભાવ જો આવે તો લડાઈ બંધ થઈ જાય.

પ્રશ્ન : રામકૃષ્ણપરમહંસે કહ્યું હતું કે માનું પૂજન કરો. એ પછી લોકોએ તો માનું પૂજન કરવાનું રહેવા દઈ ને એમનું જ પૂજન શરૂ કર્યું. એવા આંદોલનની પ્રેરણા આપો કે માત્ર આપના આદેશથી જ ધર્મની સ્થાપના થાય. આપ તો મા છો. એટલે આપ આમ કરી શકશો.

મા : આપ પણ એક માત્ર ભગવાન જ છો. એક 'આપ' તો છે જ ખરો. બધું એનું જ છે એ ભાવ જ રાખવો જોઈએ. હું તો નાની બાળકી છું, ખાઉં છું, પીઉં છું ને ઘૂમ્યા કરું છું. કોઈ કોઈની માતા નથી, કોઈ માતા નથી. કાંઈ સેવા કરતાં પણ આવડતી નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશ્ન : પ્રેરણા તો કરી શકો ને?

મા : હું કહું છું કે હું તો નાની બાળકી છું. તમે જો સેવા કરાવી શકો તો કરાવો. હું તો કશું જાણતી જ નથી. તમે ઘડી–ઘંટા વગાડો ! જેવા વગાડશો તેવા સાંભળશો. બીજો કોઇ રસ્તો છે જ નહીં.

પ્રશ્ન : જેને "Magnatic force" (આકર્ષક–લોહચુંબકાત્મક શક્તિ) કહે છે તે તો આપ જ છો.

મા : (મૂક જ રહે છે.)

પ્રશ્ન : ઘણાં કહે છે ને કે "ભગવાને પ્રેરણા આપી." તો શું આ વાત સાચી છે?

મા : ભગવાનના રાજ્યમાં જૂઠ્ઠું સ્થાન છે જ નહિ. ભગવાન જેની પ્રેરણા આપે એ કામ તો પાર પડ્યા વગર રહે જ નહિ. ભગવદ્-પ્રેરણા હોય તો વસ્તુને થવું જ પડે. ભગવત્ પ્રેરણા તો જબ્બર-જસ્તીથી પોતાનું કામ પાર પાડે છે. કોઈ કોઈને પ્રેરણા થાય છે પણ ખરી. એવી પ્રતીતિ એને પ્રત્યક્ષ થાય છે. બીજી પણ એક વાત છે. જેમ આગનું પણ પાછળથી ચિહ્ન રહી જાય છે તેમ ભગવત્પ્રેરણાનું પણ ચિહ્ન રહી જાય, ત્યાં અસત્યને સ્થાન જ નથી.

પ્રશ્ન : સંસ્કાર એટલે?

મા : કર્મનો જ એક પ્રકાર સંસ્કાર. જેવાં કર્મો કરો એવા સંસ્કારો પડે–જેવી રીતે કુસંસ્કારો, સુસંસ્કાર. અને જેવા સંસ્કારો હોય એવાં કર્મ કરો.

પ્રશ્ન : સંસ્કારને વધારી શકાય કે?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : હા, સંસ્કારને આગળ વધારી પણ શકાય. જેવી રીતે ઘર બનાવેલું હોય છતાં એને વધારી શકાય ને નાનું પણ કરી શકાય. શાસ્ત્રમાં બહુ છે. હું તો આટલું જ જાણું છું.

(સ્વામીનારાયણ સાધુ એક ભજન સંભળાવે છે. તે બાદ):—

પ્રશ્ન : સંગીતની શક્તિ ભગવત્પ્રાપ્તિ માટે અનુકૂળ છે કે પ્રતિકૂળ ?

મા : (સાધુને) પિતાજી કહેશે. આ શરીરને તો સંગીત નથી આવડતું ને વાત કરતાં પણ નથી આવડતી.

સાધુ : નાદબ્રહ્મથી બ્રહ્મની જ ઉપાસના થાય છે. માટે જ કહ્યું છે કે "ન અહં વસામિ વૈકુંઠે, મદ્ભક્તા યત્ર ગાયન્તિ, તત્ર તિષ્ઠામિ નારદ ॥"

મા : ભગવાન ક્યાં રહે છે, ક્યાં નથી રહેતા એ તો બતાવ્યું. હવે બતાવો પિતાજી, કે સંગીત અનુકૂળ છે કે પ્રતિકૂળ ?

સાધુ : ભગવાન ક્યાં રહે છે એ માટે મેં જે ગુરુમુખે સાંભળ્યું છે તે સંભળાવ્યું છે. આપે તો સિદ્ધિ મેળવી છે. આપ જ બતાવો. સંગીત તો એક સાધન છે. અમે તો સિદ્ધિ વાંચ્છીએ છીએ. બોલો મા !

મા : ગુરુએ સાધન તો બતાવ્યું છે. ગંતવ્ય સ્થાન પણ બતાવ્યું છે. ગુરુ તો બધું બતાવે છે ને !—જેમકે ભગવાન ક્યાં છે, કેટલે દૂર છે વગેરે.

સાધુ : કલિયુગમાં તો આ સાધનને અતિ ઉત્તમ ગણ્યું છે.

મા : હાં ! કલિયુગમાં તો કીર્તનનો પ્રભાવ બલવત્તર છે એમ કહેવાય.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાધુ : બાળક જ્યારે રડે છે ત્યારે મા બાળકને શાન્ત રાખવા હાલ-રડાં ગાય છે ને? એ સંગીતના પ્રભાવથી બાળક શાન્ત બને છે. સંગીત શાન્તિ પ્રેરક છે. નાદબ્રહ્મદ્વારા ભગવાન મેળવાય છે. એનાં શ્રીચરણોની પ્રાપ્તિ નાદબ્રહ્મદ્વારા થાય છે. વધુ આપ બતાવો.

એક ભાઈ : મા! મહારાજે કહ્યું ને કે "ન અહં વસામિ વૈકુંઠે, એ વાત ન સમજાઈ.

મા : (સાધુને) પિતાજી! આપ જ સમજાવો. પિતાજીના મુખે સાંભળવાની ઇચ્છા છે.

સાધુ : જ્યાં ભગવાનનું ભજન ગદ્‌ગદ્ કંઠથી થાય છે. ત્યાં જ પ્રભુ બિરાજે છે, બીજે નહીં. અમારે તો વૈકુંઠ પણ એ જ છે.

એક ભાઈ : ભગવાન તો કહે છે ને કે હું વૈકુંઠમાં નથી, એનાથી પર છું.

સાધુ : જ્યાં ભજન થાય છે ત્યાં જ વૈકુંઠ બની જાય છે.

ભાઈ : સમાધાન ના થયું, મા! ભગવાને એમ નથી કહ્યું કે જ્યાં ભજન થાય છે ત્યાં જ વૈકુંઠ છે ને હું વૈકુંઠમાં વસું છું.

મા : પિતાજીએ કહ્યુંને કે ભગવાને જ એમ કહ્યું છે. ભગવાનનું કથન અસત્ય હોય જ કેમ? તમે શું સમજ્યા છો?

ભાઈ : પિતાજીની વાણી હું ન સમજી શક્યો. આવી વાણી તો કોઇએ ભક્તિમાર્ગને આગળ વધારવા માટે સંભળાવી હશે. ખુદ ભગ-વાનની આ વાણી ન હોય. વેદાન્તનું ખંડન કરવા અને ભક્તિનું માહાત્મ્ય સ્થાપવા આવું લખાયું હોય એમ લાગે છે.

મા : ભગવાનની વાત તો માનવી જ પડશે. (સ્વામીજી પ્રત્યે) શું આ ભક્તિમાર્ગના મહાત્મ્ય માટે લખ્યું છે?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્વામીજી : માહાત્મ્ય માટે લખ્યું છે એમ હું કઈ રીતે માની શકું? કહેવાનું કંઈ ને બતાવવાનું કંઈ એમ કાંઈ થોડું જ બની શકે? મહાત્માઓ એવું ના બોલે.

મા : (પરમાનંદ પ્રત્યે બંગાળીમાં) ભક્તિના માહાત્મ્ય માટે શું આ બધું લખાયું છે?

પરમાનંદજી : આવું જો ના હોય તો એની બીજી વ્યાખ્યા થઇ શકે એમ છે જ નહિ. વૈકુંઠમાં ભગવાન નથી એમ કઈ રીતે કહી શકાય? વળી યોગીના હૃદયમાં પણ છે જ.

એક ભાઈ : અજ્ઞાનીને અજ્ઞાની મળ્યા એવું આ તો દેખાય છે!

મા : અહીં તો જ્ઞાનની જ વાત કરાય છે; અજ્ઞાનની નહિ.

પરમાનંદજી: લોકોને ભક્તિ માર્ગદ્વારા પરમની પ્રાપ્તિ માટે જ આમ કહેવાયું હોય એમ લાગે છે.

બીજા એક ભાઈ : જે રીતે માનું ચિત્ત બાળકમાં રહે છે એ જ રીતે ભગવાનનું ચિત્ત ભક્તમાં રહે છે. ભક્તમાં જ ભગવાન વસે છે.

પરમાનંદજી : ભગવાનની જે વાણી છે કે હું વૈકુંઠમાં છું અને આ વાણી બે વિરોધાભાસી લાગે છે.

એક ભાઈ : ભગવાનની જ આ વીણા છે. તેનું પણ કાંઈ પ્રમાણ નથી.

કોઈ ભાઈ : આ તો ભાગવત્માંથી લેવામાં આવી છે.

પરમાનંદજી : આ તો કોઈ પુરાણનો શ્લોક હશે એમ લાગે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક છોકરો : (સ્વામીજીને) પિતાજી ! તમે કહો છો ને કે સંગીત હોય ત્યાં ભગવાન હોય છે. તો બતાવો અહીં ભગવાન ક્યાં છે ?

મૂળ પ્રશ્ન કરનાર ભાઈ: (ઓચિંતા) મા ! બસ, મારા મનનું સમાધાન થઈ ગયું.

ભાઈ: પ્રભુ યોગીના વર્ણન પ્રમાણે નિર્ગુણરૂપ છે; ભક્તની દૃષ્ટિએ સગુણરૂપ છે.

પરમાનંદજી: "ભગવાન વૈકુંઠે વસે છે." એનું શું ?

એક ભાઈ: સભા વિસર્જનનો સમય થઈ ગયો છે. માટે સમાધાન થઈ ગયું.

મા : સમયથી જ કાંઈ સમાધાન થતું નથી; ને પાછું સમય પર જ સમાધાન થાય છે.

ભાઈ: મા ! શું મારું સમાધાન કાચું છે ?

મા : એનું કારણ એ છે કે તમે પૂછો છોને હજીયે ? જ્યાં પૂછવાનું રહી જાય તેને સમાધાન ન કહેવાય. સંશય એ સમાધાન નથી.

તા. ૫-૧૨-'૪૭

(માને તેડાવવા હરિબાબાએ બદાંયૂ જીલ્લાના બાંધ ગામેથી વૈકુંઠદાસને મોકલ્યા છે. તેમની જોડે વાત થાય છે.)

મા : પિતાજીએ આ બાળકોને બોલાવવા ત્રણ તેડાં મોકલ્યાં. બહુ સુંદર મહાત્મા છે. એમની વાત કહું ? બદાંયૂ જીલ્લામાં ગંગા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કિનારે બાંધ નામે ગામ છે. નદી કાંહાનો પ્રદેશ અને ગંગા તો ખૂબ તોફાની છે. તોફાને ચડે ત્યારે ગામડાંનાં ગામડાં તાણી જાય, શું કરવું ? હરિબાબાએ વિચાર કરી એક જગાએ બંધ બાંધવો શરૂ કર્યો. ઘણાં લોકોને એકઠાં કર્યાં. ને બધાંએ મળીને બંધનું કામ શરુ કર્યું. હરિબાબા જાતે પણ કોદાળી ને પાવડો લઈને મંડી પડ્યા. ખૂબ મહેનતે બંધ તૈયાર થયો. હજારો લોકોને પૂરથી રક્ષણ મળ્યું. ત્યાં " બાંધ " (બંધ) ગામ સ્થપાયું. હરિબાબા પણ કોઈ કોઈ વાર ત્યાં જાય છે ને ધ્યાન, જપ, તપ, ભજનની મહેફીલ જમાવે છે. અત્યારે તો કોશ હાંકતો ખેડૂત પણ હરિકૃષ્ણ–હરિકૃષ્ણનું નામ જપ્યા કરે છે. એવા એ સમસ્ત પ્રદેશ પર હરિબાબાનો પ્રભાવ છે.

(મા વાત પૂરી કરે છે. શાન્તિ સ્થપાય છે, ત્યાં એક ભાઇ પ્રશ્ન કરે છે.)

પ્રશ્ન : મા ! આત્મા નિર્લેપ છે, મન ચંચળ છે. આત્માને મનનું ધર્ષણ કેવી રીતે થાય છે? મન કેવી રીતે કાબૂમાં આવી જાય ?

મા : એ માટે ગુરુનો આશ્રય લેવો જોઈએ.

પ્રશ્ન : એટલે ? ગુરુના વચનનું પાલન કરવું જોઈએ ?

મા : ગુરુના ઉપદેશને અનુસરવું જોઈએ. એનાથી મનની સ્થિરતા પ્રાપ્ત થઈ શકે. (એક ભાઈ તરફ જોઈને) તમે કોલેજમાં ગુરુ છો ને ? તમારો ઉપદેશ અનુસરવાથી શિષ્યો શું તમારા જેવા ન બની શકે ? ગુરુ તો ઉપદેશ જ આપે છે કે આમ કરો, તેમ કરો. પણ પછી એમ કરવાથી જ એમ બને.

પ્રશ્ન : મા ! કહે છે કે મન એ જ ગુરુ છે, એ સાચું ?

મા : જો મન ગુરુ છે તો જુઓને એના ઉપદેશથી તો શું નું શું થાય છે ! મનનો ગુણ તો ચંચળતા છે. મન ગુરુ નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશ્ન : શબ્દના સાધનથી જ ગુરુ ઉપદેશ આપે છે. તો શબ્દ શું મનની પ્રવૃત્તિ નથી ? આત્મા કાંઈ બોલતો નથી. વાચા એ તો મનની જ પ્રવૃત્તિ છે.

મા : હા, પણ એ મન–ગુરુનું મન–એ સ્થિર થયેલું મન. મનને સ્થિર કરવા માટે મનને વશ કરો. એને સ્થિર કરવા માટે ભિન્નભિન્ન ઉપાયો છે. સાધનમાં જ જો મન ન રહે તો સાધનથી ફાયદો પણ શું ? મન વિનાના સાધનની તો કાંઈ કિંમત નથી. મનને સ્થિર કરવું જોઈએ. મન એકાગ્ર હોનેસે 'એક' મિલેંગે ! (મન એકાગ્ર કરશો તો જ 'એક' મળશે.)

પ્રશ્ન : મા ! આપ, જ પરમ ગુરુ છો. આપની પાસેથી જ અમે ભિક્ષા માગીએ છીએ.

મા : ' આપ, એટલે ભગવાન. ગુરુ તો એ જ છે. એની પ્રાર્થના અવિરત કર્યા જ કરો. જેવી રીતે પથ્થર પર અવિરત પાણીનાં ટીપાં પડ્યા કરે તો એને પણ કાળ જતાં ધસારો લાગે છે એવી રીતે અવિરત પ્રાર્થનાથી ગમે તેવું જડ મન પણ જરૂર પીગળશે જ. નિત્ય કર્મ કરો. કોઈ કામ નકામું નહિ જાય.

એક બહેન : મનુષ્યયોનિને લાગતી વાસના હોય, છતાં પશુયોનિ આવે; તો પછી મનુષ્યની વાસના જે રહી ગઈ હોય તે પશુયોનિમાં કેવી રીતે પૂરી થાય ? મનુષ્યને એ રીતે પશુયોનિ આવે ખરી ?

મા : શરીર તો ધારણ કરવું જ પડે છે. બધા ભોગ શરીરથી જ ભોગવાય છે. સર્પ, પશુ, પક્ષીથી પણ ભોગ ભોગવાય છે. જન્મ માત્ર જ ભોગના કારણે છે, વાસનાના કારણે છે, ભોગ વાસના ન હોય તો તો અમૃત મેળવાય. અમૃત એટલે મૃત્યુ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પર વિજય, મૃત્યુનું જ મૃત્યુ. એવું કરો કે મૃત્યુનું જ મૃત્યુ થાય, અમૃતત્ત્વને પામો.

પ્રશ્નઃ પશુયોનિમાં ભોગ કેની રીતે ભોગવાય ?

મા : પશુયોનિમાં પણ ભોગ થાય છે જ. મનુષ્ય જન્મ દુર્લભ છે. માટે એમાં જ પ્રભુને મેળવવાનો રસ્તો શોધો. આ જન્મમાં કામ કરી લો. વારંવાર જન્મવું પડે એવું ના કર્યા કરો. આ જન્મ તો અમૃતત્ત્વ ઝીલવાનું પાત્ર છે.

પ્રશ્નઃ આપ જેવાં માતાજીની કૃપાથી જ આ બની શકે.

માઃ અહંકારથી તો આખી દુનિયાનું કામ કરો છો. "હું કરું છું," "હું કરું છું." એ જ ભાવ મનમાં રાખો છો. ને ભગવાન ભજનની વાત આવી એટલે એનો બોજો બીજા પર નાખો છો ! ભગવાન મેળવવાનો નિશ્ચય તમે જાતે જ કરો. "હું ભગવાનનું નામ કદી છોડીશ નહિ." એવો નિશ્ચય કરી ભગવાન માટેની ભૂખ લગાડો—ખૂબ ભૂખ લગાડો, થોડી નહિ. થોડાથી થોડું જ મળશે, ને એથી તો કાંઈ દા'ડો નહિ વળે.

પ્રશ્નઃ માતાજી ! મૃત્યુ પછી વાસનાથી જન્મ થાય છે એમ કહ્યું. તો નાનું બાળક જ્યારે મરી જાય છે ત્યારે એને તો શું વાસના હોય ? એ ફરીથી જન્મ લે ?

મા : જન્મપૂર્ણ કરવા જ એ આવે છે. જેની ગોદમાં જન્મે છે એ માનો ભોગ પણ એથી પૂર્ણ થાય છે. પિતામાતાને પણ એના મૃત્યુથી થતું કષ્ટ ભોગવવાનું લખ્યું હોય છે. આજ્ઞાનું કષ્ટ જ મૂળમાં છે ને ! કારણ વિના તો જન્મ થતો જ નથી. જન્મ મૃત્યુનો પણ ક્રમ છે ને ! એ પ્રમાણે જ જન્મ થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશ્નઃ બાળક તો મૃત્યુ પામ્યું. એનું કર્મ ખતમ થયું. તો પછી ફરીથી જન્મ શા માટે?

મા : એક ઘરમાંથી કર્મ પૂરું કરી બીજા ઘરમાં જાય છે. જેટલું કર્મ જે ઘરમાં હોય છે તેટલું એ ઘરમાં પૂરું કરે છે. નાનાં બાળકો એ રીતે આવે–જાય છે.

એક નાની બાળકીને લઈને એકવાર એની મા દર્શને આવી. મેં બાળકીને શંખલાની માળા પહેરાવી ને જપ કરવા કહ્યું.

એની મા કહે, "ના માતાજી, માળા ન પહેરાવશો. કદાચ એનાથી જપ ન થાય તો?" મેં કીધું "કાંઈ નહિ ન થાય તો ભલે. એ માળાથી ચાહે તે કરે."

પછી એ બાળકી તો મોટી થઈ. દરરોજ જપ કરે. એમ કરતાં કરતાં જપમાં જ એનું મન લાગ્યું. પણ ૧૧ વર્ષની થઈને એ મરણ પામી. છેક છેલ્લી ઘડીએ પણ એણે જપ છોડ્યા નહિ. માતાને અપાર શોક થયો. એ ખૂબ રડવા લાગી.

એ પછી બીજીવાર હું ત્યાં ગઇ ત્યારે એણે મને વાત કરી. "માતાજી! મેં એક સ્વપ્ન જોયું. સ્વપ્નમાં મેં મારી બાળકીને જોઈ– ફૂલથી વીંટળાયેલી. વાળની લટોમાં પણ ફૂલ સજ્યાં 'તાં!' મનમાં થયું કે એને પકડીને ગોદમાં લપેટી લઉં, ને કોઈ દિ ના છોડું. ત્યારેય એ નાનકડી જ દેખાતી'તી. થોડીવાર બેસીને એણે ચાલવા માંડ્યું. મેં પણ પાછળ પાછળ ચાલવા માંડ્યું. એ આગળ આગળ ચાલી. જતાંજતાં એક સુંદર ઉપવન આવ્યું. એમાં કેટલાક જટાધારી મહાત્માઓની મંડળી બેઠેલી. એની વચ્ચે જઈને બાળકી બેઠી..... ત્યાં તો મારા ઇષ્ટદેવ જાણે કે આવી ચડ્યા. ને મને સ્પર્શ કર્યો. હું એકદમ જાગી ગઈ. આંખો ઉઘાડીને આજુબાજુ જોયું તો મારા ઇષ્ટદેવ તો હતા નહિ."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મેં કહ્યું, "બાળકીએ જપ કરતાં જ સ્વપ્નદ્વારા ઈષ્ટદેવનાં દર્શન અને દિવ્ય સ્પર્શનો અનુભવ કરાવ્યો. સ્વપ્ન સુંદર છે! ઈશ્વરનો અનુભવ કરવા માટે ધ્યાન કર્યા કરો."

એ પછી બીજી એકવાર હું તારાપીઠ ગઈ ત્યારે એક અગિયાર મહિનાની બાળકીને એ માએ મારા સામે ધરી દીધી ને કહ્યું, "એના પિતાજીએ સ્વપ્ન જોયું; જાણે એ પુત્રીએ આવીને એમને કહ્યું, 'પિતાજી! મારાથી ત્યાં નથી રહેવાતું. મારી મા રડ્યા કરે છે, ખૂબ મન મૂકીને રડ્યા કરે છે. ચાલો, હું તમારે ત્યાં આવું.' આ સ્વપ્ન પછી પુત્રી અવતરી."

આકર્ષણથી જ પુત્રીને અવતરવું પડ્યું. એ પ્રમાણે વાસનાથી સ્વપ્ન રહે છે. ખેંચાણ પણ મદદ કરે છે. એટલે જ કોઈનો દેહાંત થાય તો પ્રાર્થના કરવી જોઈએ કે એની ઊર્ધ્વગતિ થાય.

એક બીજી વાત. પતિપત્ની હતાં. પતિ ભક્ત જેવો. એમનાં એક પછી એક કરતાં કુલ છ પુત્રો મરણ પામ્યા. છઠ્ઠો પુત્ર તો જુવાન વયે મરણ પામ્યો. પત્નીને અપાર દુઃખ થાય પણ પતિ તો બસ, પૂજા-પાઠમાં જ મસ્ત રહે. પત્ની કહે, "આવો જુવાન બેટો મરણ પામ્યો છે. છતાંય તમને કેમ જરાય દુઃખ નથી થતું?" ત્યારે પતિ જવાબ આપે છે, "કોને માટે શોક કરું? અનંત જન્મોમાં આવા તો અનેક પુત્રો થયા અને અનેક મરણ પામ્યા. એમાંથી કોને માટે શોક કરું?"

જો સત્યદૃષ્ટિ ઊઘડી જાય તો રોવું નથી આવતું. જે આત્મ-સ્થિતિ પ્રાપ્ત કરે છે એને કશું લાગતું નથી. જે રીતે બાળક બદલાતાં બદલાતાં બુઢ્ઢો બની જાય છે તે વખતે રડવું આવતું નથી. એ જ રીતે મૃત્યુ પણ આવે તો એમાં રડવાનું શું?—ગતિમાં સ્થિતિ કયાં છે? સૃષ્ટિ, સ્થિતિ, લય તો હરવખત ચાલ્યા જ કરે છે; એવી જ રીતે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જન્મ એટલે સૃષ્ટિ, યૌવન એટલે સ્થિતિ અને મૃત્યુ એટલે લય. સૃષ્ટિ કર્તા બ્રહ્મા છે, સ્થિતિ કર્તા વિષ્ણુ અને લય કર્તા રુદ્ર. પ્રાપ્તિ છે તે કાળી છે. કાળી એટલે કાળનો વિનાશ કરનારી. કાળ એટલે સમય. કહે છે ને કે સમય આવે છે ત્યારે જ સમજ આવે છે. સમજ આવે છે ત્યારે કાળથી બચાઇ જવાય છે. કાળ બદલાઈ જાય છે. જેવી રીતે પ્રિયજનની સ્મૃતિ પણ કાળ જતાં બચાઈ જાય છે. કાળ એને હજમ કરે છે, કાળ વિનાશક છે, માટે જ કાળીના એક હાથમાં ખડ્ગ છે; બીજા હાથમાં મુંડ છે. એક હાથથી આશીર્વાદ આપે છે, અભય આપે છે, શત્રુઓનો વિનાશ કરે છે; અને જ્ઞાનરૂપી અસિથી અજ્ઞાનનું ખંડન કરે છે.

પ્રશ્ન : આત્મા શરીર વિના રહી શકે કે?

મા : શરીર વિના પણ રહી શકે. આત્મા તો બંધન મુક્ત છે. એ તો સદામુક્ત છે. એ તો નગ્ન છે. એને માટે કપડાં નથી.

પ્રશ્નઃ મા! જો આત્મા મુક્ત છે તો પછી ભૂતપ્રેત એ બધું શું છે?

મા : જેમ ઘર્ષણથી ગુસ્સો ઉત્પન્ન થાય છે ને, જેમ બંધ પાણીમાં દુર્ગંધ ઉત્પન્ન થાય છે ને—એમ આત્મા પણ આવરણથી છવાઈ જાય તો એનું પણ પતન થાય છે—એ પ્રેતયોનિમાં જાય છે. જેમ ગંદાપાણીમાં પણ 'પાણી' તો છે જ એ રીતે આવરણોથી ઘેરાયેલા આત્મામાં પણ 'આત્મતત્ત્વ' તો છે જ.

પ્રશ્નઃ મા! પ્રેતાદિ શરીરમાં કેવી રીતે પ્રવેશે છે?

મા : પિતાજી! 'એ'ની ભિન્નભિન્ન લીલાઓ છે! ફૂલની ગંધ કેવી ફેલાઈ જાય છે! ખૂશ્બુ કેવી પકડાઈ જાય છે! એ રીતે પ્રેતાદિ પણ શરીર ધારણ કરે છે. જગતનાં બધાં રૂપો ભાવના જ છે. બધું ભાવમય જ છે. તમે લોકો કેવા મને સાંભળી રહ્યા છો! આ બાળકી પર સ્નેહ છે ને, એટલે સાંભળી રહ્યા છો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જેટલાં નામ છે એટલાં 'એ'નાં જ નામ છે. જેટલાં રૂપ છે. એટલાં એનાં જ રૂપ છે. જેટલા ગુણ છે એટલા એના જ ગુણ છે. જેટલા ભાવ છે એટલા એના જ ભાવ છે.

બિન્દુમાંય એ છે. બિન્દુમાંથી તો સૃષ્ટિ સર્જાય છે! તમારામાંથી જ તમારું બાળક સર્જાય છે. પૂર્ણમાંથી પૂર્ણ ઉત્પન્ન થાય છે. પૂર્ણમાં પણ શૂન્ય છે, શૂન્યમાં પણ પૂર્ણ છે—જે રીતે બિન્દુમાં સિન્ધુ, સિન્ધુમાં બિન્દુ. બીજમાં વૃક્ષ ને વૃક્ષમાં બીજ. દરેક ભાવમાં એ ભાવની એક મૂર્તિ હોય છે. કોઈને ભૂતનો આવેશ આવી ગયો. એ બકવાટ શરુ કરે છે, કારણ એનામાં પેલી મૂર્તિ પ્રવેશે છે. દરેક રોગની પણ મૂર્તિ હોય છે.

પ્રશ્ન: ભગવાનનાં રૂપનાં શું પ્રત્યક્ષ દર્શન થઈ શકે?

મા : જે લોકો સાધન–ભજન કરે છે એમાંથી કોઇ કોઇના ભાગ્યમાં આવાં દર્શન લખાયાં હોય છે. યોગેશ ઘોષે મને વાત કરેલી. એકવાર એ મોટરમાં એક જંગલમાંથી જઈ રહ્યા'તા એમાં રસ્તો ભૂલ્યા. ગમે તેમ કરે પણ સાચો રસ્તો જડે નહિ. હવે શું કરવું! એ તો મૂંઝાયા. ત્યાં કોઈ બાળક દોડતો દોડતો આવ્યો. એને એમણે કહ્યું. ને એણે કહ્યું, "ચાલો રસ્તો બતાવું." એ એમને સાચા માર્ગ પર દોરી ગયો. જોગેશને તો મનમાં થયું કે બિચારાએ રસ્તો બતાવ્યો છે તો એને મુઠ્ઠી ભરીને પૈસા આપું, પણ જ્યાં ખિસ્સામાંથી હાથ બાલી પૈસા આપવા જાય છે ત્યાં બાળક જ ન મળે! ગુમ!
એ પ્રમાણે પ્રભુ કોઈ વાર બચાવી પણ લે છે. એ તો સર્વ શક્તિશાળી છે.

પ્રશ્ન : મનુષ્યમાં શું એવી શક્તિ આવી શકે?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : મનુષ્ય પણ 'એ' બની શકે. અસાધારણ પ્રેરણા મળે તો મનુષ્ય બદલાઈ જાય છે. પ્રેરણા એ પણ મનનો ભાવ જ છે, પણ સાચી પ્રેરણા સ્વયંસ્ફૂરિત હોય છે. એમાં મનનું કામ નથી. એવી પ્રેરણાથી માણસ બદલાઈ જાય. મનની જે પ્રેરણા છે એનાથી બધી વાતો ફળીભૂત થતી નથી. બાકી, સાચી પ્રેરણા તો પ્રકાશિત થઈને જ જાય છે–પ્રકાશ આપે છે જ. મનની પ્રેરણામાં દ્વન્દ્વ રહી જાય છે, સંશય રહી જાય છે. સાચી પ્રેરણા નિઃસંશય સ્થિર જ્યોતિની માફક જલે છે.

પ્રશ્ન : સંશય શા માટે રહે છે?

મા : સંગથી સંશય જાગે છે. તમે જે અવસ્થામાં રહો છો એમાંથી સંશય જાગે છે. આગની પાસે રહો ને ગરમી ન લાગે એવું બને? કોઈ કોઈ કામ કરવાથી પણ સંશય વધે છે. કોઈ કોઇ કામથી ઘટે છે.

"બસ, હરિકથા હિ કથા; ઔર સબ વ્યથા હિ વ્યથા।।"

હરિને મેળવવાથી જ સંશય મટે છે.

પ્રશ્ન : મનુષ્ય પર સારા માઠા ગ્રહની અસર પડે છે તે જો મન દૃઢ હોય તો ઘટાડી શકાય કે?

મા : આગ પાણીને સૂકવે છે એ રીતે તમે ગ્રહની શક્તિને ઘટાડી શકો. તમારી પાસે જો ગ્રહને હટાવવાની શક્તિ હોય તો ગ્રહ તમને શું કરી શકે? માત્ર ભગવાન પર જ ભરોસો રાખો તો ગ્રહ તમારો વાંકો વાળ પણ નહિ કરી શકે. ભગવત્‌શક્તિ વિના એનો નિગ્રહ કરવાની અન્ય કોઈમાં શક્તિ નથી જ ભગવાનના આગ્રહથી જ નિગ્રહ થશે.

પ્રશ્ન : મા! સાધનાની શક્તિ વિષે કાંઈક કહો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : એક વાત યાદ આવી. એક સાધક હતો. સાધન કરતો જ રહ્યો, છતાં ભગવાન તો ન મળ્યા. એને દુઃખ થયું. એ તો પાછો ઘર ભણી ચાલી નીકળ્યો. રસ્તામાં એક બીજા મહાત્મા મળ્યા. મહાત્મા કહે. "કેમ ભાઈ! કઇ તરફ ચાલ્યા?" પેલો કહે, "ઘર તરફ." "ઠીક ત્યારે, હુંયે તમારી સાથે આવું." કહીને પેલા સાધુ મહાત્મા પણ એની સંગાથે ચાલ્યા. ચાલતાં ચાલતાં એક નગરમાં આવ્યા. એક શેઠને ઘેર ગયા. શેઠ બહુ ભક્તિમાન હતા. બંનેને સોનાના થાળમાં જમાડ્યા. જમીને બંનેએ થોડોક આરામ કર્યો. પછી પાછા ચાલવા માંડ્યું. નીકળતી વખતે પેલા સાધુ મહારાજે છૂપી રીતે એક સોનાની ઝારી પોતાની ઝોળીમાં સરકાવી દીધી. પેલા સાધકને તો નવાઇ લાગી! "કેમ મહાત્મા આમ કર્યું?"

"તુમારા કામ તુમ કરો ભાઈ ઔર હમકો હમારા કરને દો!" પેલો તો ચૂપ થઈ ગયો.

ચાલતાં ચાલતાં રાત પડી. એક ગામ આવ્યું. ત્યાં બંનેએ રહેવાનો વિચાર કર્યો. પણ ગામમાં તો કોઈ આશ્રય આપનારું મળ્યું નહિ. આખરે નદી કિનારે ગાયેાનું એક ધણ પડ્યું'તું. ત્યાં ગયા. રબારીએ ગમાણમાં જગા કરી આપી, ને બંનેએ ત્યાં નિરાંતે રાત પસાર કરી. સવારે નીકળતી વખતે મહાત્માએ પેલી ઝારી ત્યાં મૂકી દીધી ને ચાલવા માંડ્યું. સાધક કહે, "મહાત્મા, આમ કેમ કર્યું?" મહાત્મા કહે, "તુમારા કામ તુમ કરો ભાઈ ઔર હમકો હમારા કરને દો!"

વળી ચાલતાં ચાલતાં એક ત્રીજું ગામ આવ્યું. એક જણને ત્યાં આશ્રય મળ્યો. એ ઘરમાં પતિપત્ની બંને રામભક્ત હતાં. એમને એકનો એક નાનો છોકરો હતો. એમણે તો બંનેને બરાબર જમાડ્યા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જમી રહ્યા પછી મહાત્મા પેલા સાધકને કહે "ચાલો હવે રસ્તે પડીએ." એ બન્નેએ પાછી ચાલતી પકડી. રસ્તામાં જ પેલો છોકરો રમતો'તો. મહાત્માએ તેને પકડી લીધો, ને એનું ગળું દબાવી મારી નાખ્યો ને ચાલતા થયા. સાધક તો અકળાઈ ઊઠ્યો. "મહારાજ તમે તો કેવા છો ? આ તો અસત્ય છે–તમે મારી સાથે હવે ના આવશો."

પણ તો ય પેલાએ તો એની સાથે જ ચાલવા માંડ્યું. સાધક બિચારો શું કરે? મૂંગો મૂંગો એ તો રસ્તો કાપવા માંડ્યો. ત્યાં એક નદી આવી. એક છોકરો નદીપાર કંઈક ચીટ્ઠી જેવું લઈને જતો'તો. મહાત્માએ એને જોયો કે તરત જ દોડીને એને ડૂબાડી દીધો. સાધકને તો ત્રાસ છૂટ્યો. એ ચીસ પાડી ઊઠ્યો. "તમે તે મહાત્મા છો કે કોણ? આવા ક્રૂર કૃત્યો કરો છો!" મહાત્મા કહે, "જો ભાઈ! આજ સુધી મેં તને કાંઈ વાત જ કરી નથી. આજે બધું કહું. પેલા શેહની સોનાની ઝારી ચોરી, કારણ કે એ સાધુસંતોને દ્રવ્યથી જ આદર સત્કાર આપતો'તો. એ બરાબર ન કહેવાય. સાધુસંતોને તો કંચનના મોહથી અલગ જ રાખવા જોઈએ. માટે જ મેં એને દાખલો બેસાડવા માટે કટોરી લઈ લીધી. જેથી ફરી વાર એ આ દાખલો યાદ કરી કોઈ સાધુસંતને સોનાની કટોરી આપે જ નહિ. એ કટોરી પેલા રબારીને ત્યાં મૂકી કારણ કે રબારી લોકો સાધુસંતોને બહુ આવકાર આપતા નથી. હવે આ રબારીને ત્યાં એક રાત આપણે રહ્યા એથી એને એક ઝારી મળી ગઈ, એ જાણીને એ સાધુસંતોની સેવા કરવા તત્પર બનશે. પેલા પતિ–પત્નીના એકના એક પુત્રની હત્યા કરવી પડી, કારણ કે એ દંપતી ખૂબ ભક્તિશાળી હતાં, પણ જ્યારથી આ પુત્ર આવ્યો ત્યારથી એમની ભક્તિ ઘટતી જતી'તી. એટલે એમને પુનઃ પ્રભુ પ્રત્યે વાળવા માટે એમના પુત્રને મારે મારી નાખવો પડ્યો. અને અહીં નદી કાંઠે જેને ડૂબાડ્યો તે હતો આ રાજ્યના મંત્રીનો પુત્ર. એ અને રાજાનો કુંવર બંને દોસ્ત છે. છતાં એણે રાજાના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પુત્રને મારી નાંખીને રાજ પચાવી પાડવાનું કાવત્રું કરેલું એ કાવત્રા પ્રમાણે એ આજે ચીઠ્ઠી લઈને જતો હતો, જો એને જવા દીધો હોત તો રાજ આખું ઊંધું વળત અને અંધાધુંધી છવાઈ જાત. એટલે લોકકલ્યાણ માટે મેં એની હત્યા કરી. એકને મારવાથી સેંકડોને બચાવ્યા. આટલું બોલીને મહાત્મા તો અલોપ થઈ ગયા !

પેલા સાધકે વિચાર કર્યો તો ખબર પડી કે એ મહાત્મા કોઈ દેહધારી મહાત્મા ન હતા, પણ એણે પોતે કરેલી સાધનાની શક્તિ જ દેહધરીને એની સાથે આવેલી. એણે જ એને દૃષ્ટાન્તો બતાવ્યાં.

સાધના કદી નકામી જતી નથી. એ હંમેશાં સાથે જ રહે છે. "નહિ કલ્યાણકૃત્ કશ્ચિત્ દુર્ગતિં તાત ગચ્છતિ ।" (ગીતાજી)
(સ્વામીનારાયણ સાધુનાં ભજનો થયાં પછી વાર્તાલાપ શરૂ થયો.)

પ્રશ્ન : મા ! અમારા કલ્યાણનો માર્ગ કયો ?

મા : કલ્યાણનો માર્ગ મળતો નથી ? ગુરુઆશ્રમ નથી મળ્યો ?

પ્રશ્ન : ગુરુ તો મંત્રોપદેશ આપે. એ મંત્રોપદેશની વાત તો જૂદી છે. પ્રાપ્તવ્ય વસ્તુ મારે માટે શું છે ?

મા : ગુરુ પાસેથી જ એ જાણી લેવું જોઈએ કે પ્રાપ્તવ્ય શું છે અને કેવી રીતે એ મેળવી શકાય.

પ્રશ્ન : ગુરુ તો આપ જ છો. બ્રાહ્મણને જેમ ગાયત્રીમંત્ર મળેલો હોય છે એમ અમને મંત્ર આપો.

મા : એ તો ગુરુ જ બતાવે હું તો બાળકી છું.

પ્રશ્ન : પણ ગુરુને શોધવા કેવી રીતે ? એમનાં લક્ષણો કયાં ?

મા : ગુરુ તો જગત્‌ગુરુ જ. એ જ બધો વહીવટ કરે છે. મનથી એને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઢૂંઢો. રોજ વ્યાકુળ બનીને પ્રાર્થના કરો. એ ખૂદ જ ગુરુરૂપે પ્રકટ થશે. પ્રાર્થના કરો. " તમારા વિના ચાલશે જ નહિ, રહેવાશે જ નહિ." આમ પ્રાર્થના કરશો તો પ્રકાશ મળશે.

પ્રશ્ન : એવી પ્રાર્થનાથી પણ એ ન આવે તો ?

મા : જ્યાં એ હશે ત્યાંથી એ જરૂર આવશે જ. પ્રાર્થના કરો, અને અંદર–બહાર એની શોધ ચલાવો. અંતરમાં જ ગુરુ માટેની લાલસા જાગે તો એને પ્રકાશિત થયા વિના છૂટકો જ નથી. જેમ માટીમાં વાવેલું બીજ ધરતી ફાડીને પણ વૃક્ષરૂપે જ બહાર ઊગી નીકળે છે, એ રીતે તમારી પ્રાર્થના પણ જરૂર ઊગી નીકળશે જ. ગુરુ માટેનો તલસાટ જાગવો જોઇએ.

વિદ્યાપ્રાપ્તિ માટે ગુરુની જરૂર પડે છે જ. ગુરુ શીખવાડે તો જ લખતાં વાંચતાં આવડે. જે ભણ્યો નથી એને પૂછવાનું પણ કાંઈ સૂઝતું નથી, અને જો સૂઝે તો પ્રશ્ન આવડતો નથી ! ગુરુ વિના ભગવાનને કોણ બતાવી શકે ? જ્યાં સુધી ગુરુ ન મળે ત્યાં સુધી એને મેળવવા માટે કોશિષ કરવી જોઈએ. વિશેષ તો સત્સંગ કરવો જોઈએ. એ માટેની ભૂખ વધારવી જોઈએ.

પ્રશ્ન : સત્સંગ કેવી રીતે વધે ?

મા : સત્સંગની ઇચ્છાથી સત્સંગના રસ્તાઓ સૂઝશે–જેમકે સદ્‌ગ્રંથ, સદાલોચન, રામાયણ, મહાભારત, ગીતા વગેરે ગ્રંથોનો સંગ કરો. એમાંના સદ્‌ભાવોનો સંગ કરો. સદ્‌ગ્રંથ, ધ્યાન, નામજપ, ઈશ્વરચિંતન, ભગવાન ગુણવર્ણન, રૂપવર્ણન આદિ સત્સંગની જ રીતિઓ છે.

પ્રશ્ન : શું ધ્યાન પણ એનો જ પ્રકાશ છે ?

મા : ધ્યાન તો માત્ર સાધન છે. 'એ' તો સ્વયં પ્રકાશ. જેમ નિદ્રા આપોઆપ આવીને એનો પ્રભાવ બતાવે છે એમ ધ્યાન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ સ્વયંપ્રકાશિત થઈ એનો સંગ તમને કરાવે છે. માટે જ સત્સંગ કરવાની મહેનત તો કરો જ. જેટલો વખત તમે શુદ્ધ ભાવમાં રહી શકશો, એટલો વખત તમે સત્સંગી બનશો. એનાથી ભગવત્પ્રાપ્તિ માટેની ક્ષુધા વધશે.

પ્રાર્થના માટે સમય નક્કી કરો. જો કે માત્ર સમયથી જ પ્રભુ નથી મળતા. ઘડિયાળ કાંઈ પ્રભુ નથી. અપાવતું. પણ મન એસી શકતું નથી ને? માટે મનને 'એ'ના ચરણચિંતનમાં બરાબર બેસાડવા માટે ઘડિયાળની જરૂર પડે. જ્યાં સુધી પ્રભુનાં દર્શન ન થાય ત્યાં સુધી બસ આ પ્રમાણે નિયત સમયે ધ્યાન લગાવ્યા જ કરો. ધ્યાનની જ્યારે આદત પડી જશે ત્યાર પછી ઘડિયાળની જરૂર નહિ રહે. પ્રભુ કૃપા રૂપે પ્રકટ થશે જ.

પણ હરપળે કશું ને કશું કરતા જ રહો—ધ્યાન, જપ. જો એકદમ દર્શન થાય તો પછી આદતની જરૂર જ નથી. અરે! આદત તો આપોઆપ આવે છે. ભૂખ, નિદ્રા ઇત્યાદિ કેવાં સમયસર આવે છે! નિરંતર હરિકથા કરો. "હરિ કથા વહ કથા, ઔર સબ વ્યથા ઔર વૃથા."

પ્રભુ વિના રહેશો તો દુઃખમાં રહેશો—સંશયમાં. રહેશો સંસારમાં રહો છતાં ય એને ધર્મસંસાર બનાવો. તમારો ધર્મ બરાબર બજાવો પોતાનો ધર્મ છોડીને બીજાના ધર્મની ચિંતા ન કરો. એમાં ભય છે. "સ્વધર્મે નિધનં શ્રેયો, પરધર્મો ભયાવહઃ" એવું તમારા લોકો પાસેથી જ સાંભળ્યું છે. મને તો કોઈએ ભણાવી નથી!

પ્રશ્ન : મા! પાતંજલે યોગમાં મનનિગ્રહનો રસ્તો બતાવ્યો છે તે બરાબર છે!

મા : પાતંજલે બતાવ્યો છે? જો કોઈ એવો યોગી મળે, પાક્કો યોગી, તો એ પ્રમાણે કરવું. ધ્યાન, યોગ રાજયોગ, હઠયોગ વગેરે જુદા જુદા રસ્તાઓ છે. બધાંના માટે એક રસ્તો નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશ્ન : મા ! નાદ, બિંદુ, કાલાતીત એ બધું શું છે ?

મા : નાદનો આશ્રય લઈને જે ચાલે છે તે શબ્દબ્રહ્મનો જ રસ્તો લે છે, શબ્દ બ્રહ્મની જ ઉપાસના કરે છે. શબ્દબ્રહ્મ અખંડધ્વનિરૂપે રહે છે. શબ્દની સહાયથી આ અખંડધ્વનિ ચાલ્યા જ કરે. બિંદુમાં જઈને આ નાદ પ્રવેશ કરે છે.

પ્રશ્ન : બિંદુ એટલે ?

મા : કાલાતીત–મહાસાગરનું બિંદુ. બિંદુમાં સિન્ધુ છે ને સિન્ધુમાં બિંદુ છે.

[ભજન ચાલે છેઃ]

"યાદ આવે, યાદ આવે, વૃંદાવન યાદ આવે!"

મા આવીને બેસે છે. ભક્તો માતાજીને ભજનો ગાવા પ્રાર્થના કરે છે

મા : (એક વૃદ્ધ ભક્ત પ્રતિ) પિતાજી ! તમે તો મને તો કંઈ ગાતા પણ શીખવ્યું નથી ને ? મને તો કંઈ આવડતું નથી. અને ઉસ્તાદોની સમક્ષ હું શું બોલું ? અચ્છા ! તમારામાંથી તો કોઈ ગાવ; એ સાંભળીને મને આવડી જાય તો !

એક બહેન (ભજન શરૂ કરે છે) :—

"સીતારામ કહો, રાધેશ્યામ કહો....."

(એ બાદ -)

મા : મને તો હસવું આવે છે ! જો વચમાં ભૂલી જાઉં તો તમે લોકો સંભાળી લેજો હોં !

[અપૂર્વ શાન્તિ છવાય છે—એક ટાંકણી પડી હોય તોએ પણ સાંભળી શકાય એટલી. મા ગાવું શરુ કરે છે. આંખો બંધ થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શબ્દ જાણે ભાવના જ રૂપમાં બહાર પડે છે. ભાવ જાણે સ્વયં શબ્દ-રૂપે કવિતાના ઘાટે રમવા નીકળ્યો.]

મા : ભજન કરો રે.....પ્રેમકી પૂતલિયાં,
ભજન કરો.....રે ભજન કરો !

કૌન તુમારી બહન ભાનજા ? કૌન તુમારી માતા...?
કૌન તુમારી સાથ ચલેંગે ? ઔર કૌન બને ગુરુ માતા ?
ભજન કરો.....

યમુના હમારી બહન–ભાનજે, ગંગા હમારી માતા ।
પુણ્ય હમારી સાથ ચલેગા, ધર્મ હમે ગુરુ માતા ।।

કૌન તુમારા દેવર લગત હૈ ? કૌન તુમારા જેઠ ?
કૌન તુમારી નનદ લગત હૈ ? ચમકે ચારે દેશ !
ભજન કરો.....

ચંદ્ર હમારે દેવર લગત હૈ, સૂર્ય હમારે જેઠ.....!
પછી ?.....(ભૂલી જાય છે. હસવા માંડે છે.)

દિદિ : બિજલી હમારી.....

મા : બિજલી હમારી નનંદ લગત હૈ, ચમકે ચારે દેશ ।।
ભજન કરો.....

કૌન તુમારે સખા લગત હૈ ? કૌન તુમારે સાથી ?
કૌન તુમારે પિતા લગત હૈ ? કૌન તુમારે પતિ ?
ભજન કરો.....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સત્ય હમારે સખા લગતં હૈ, ધીરજ મેરા સાથી।
પિતા હમારા પરમ પિતા, ઔર આત્મા મેરે પતિ ।।
ભજન કરો.....
ભજન કરો .....કાષ્ટકી પૂતલિયાં, પ્રેમકી પૂતલિયાં,
ભજન કરો.....

એક બાળકી : મા ! ધૂન કરો.

મા : સીતારામ.....સીતારામ

[ધૂન ચાલે છે. ત્યાર પછી એક ભાઈ ભજન ગાય છે. ત્યાર પછી–]

પ્રશ્ન : સંતોના શરીરમાં ભગવાન બિરાજતો હોય, તો પછી એમના શરીરમાં ને આ શરીરમાં ફેર શો ?

મા : પૂછો છો એ જ ફેર છે ને !

પ્રશ્ન : દુનિયામાં દુઃખ જ ભર્યું છે એને મટાડવાનો કોઈ ઉપાય ?

મા : દુનિયામાં તો સુખ અને દુઃખ બન્ને છે. પણ બન્ને ક્ષણિક છે. એ બે ભાઈ સાથે જ રહે છે; સાથે આવે–જાય છે. ખૂબ ખાવ–પીઓ, પછી અપચો થાય જ. દુનિયા એટલે જ દ્વિધા-ભાવ. માટે જ જ્યાં દુનિયા ત્યાં દુઃખ–દ્વિધા છે ત્યાં દુઃખ છે; એકત્વની ઉપાસના કરશો તો જ દુઃખ ભાંગશે. બાકી, દુનિયામાં રહેવું છેને દુઃખમાં નથી રહેવું એ કેવી રીતે બને ? આગની પાસે રહો અને તાપ ન લાગે એ કાંઈ શક્ય છે ?

પ્રશ્ન : મા ! પહેલેથી જ "અહં બ્રહ્મ"ની ઉપાસના કરવી તે બરાબર છે કે ? આપના ગુરુ શું કહે છે ?

મા : આ શરીરના ગુરુ એ નથી જાણતા. અને ..આ શરીર જ માત્ર ગુરુ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશ્ન : એમ બોલીને અમારી વાત ઉડાડી ના નાંખો!

મા : ના, એમ વાત નહિ ઉડાવું. માનશો કે? તમે જ મારા ગુરુ છો! (ખડખડાટ હસી પડે છે) કેમ, બરાબર છે ને?.....

જગતગુરુ મારા તો ગુરુ છે. બધા ગુરુઓ મારા જ ગુરુ છે. ગુરુનો પ્રકાશ જ્યાં હોય.....હાં! શું કહેતી'તી? (હસી પડે છે.) ભૂલી ગઈ! પિતાજી! નાનપણથી જ આવી ભૂલકણી છું. છેક ત્યારનું દિમાગ આવું જ થઈ ગયું છે.

પ્રશ્ન : મા! આપ સમાધિસ્થ થાવ છો? આપનો અનુભવ કહો?

મા : કોઈ કોઈવાર સાધના જ આવીને રમી જાય છે, ખેલ કરી જાય છે—જેમ બાળક આવીને ખેલ કરી જાયને એમ. નાનપણથી જ દિમાગ બગડી ગયું છે. સાધના તો બિચારી રમત કરે છે. આપોઆપ જ આવે છે. ને જાય છે. એ જ ગુરુ ને એ જ શિષ્ય. એવી પળોએ સમાધિ પણ લાગી જાય છે. સમાધિ અનેક પ્રકારની હોય છે.

પ્રશ્ન : આત્મા પરમાત્માને કોણે બનાવ્યા?

મા : પરમાત્માને તો પિતામાતા છે જ નહિ! એ તો સ્વયં પ્રકાશરૂપ છે.

પ્રશ્ન : અમે એ કેવી રીતે માનીએ?

મા : એ સ્વયં પ્રકાશિત થાય તો જ.

પ્રશ્ન : મા! પ્રકાશ કોઈવાર એની મેળે જલતો નથી?

મા : સ્વયંપ્રકાશ તો જલે છે જ. એને ચેતાવનારું કોઈ નથી. કોઈ બૂઝાવી પણ શકતું નથી. જેમ સૂર્યની આડું વાદળ આવી જાય છે ત્યારે એ ઢંકાઈ જાય છે, પણ વાદળ દૂર થાય ત્યારે સૂર્ય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જોઇ શકાય છે, એમ પેલા સ્વયંપ્રકાશની આડે આવેલું આવરણ હઠાવો તો પ્રકાશનાં દર્શન થશે.

પ્રશ્ન : ભગવાન એક છે તો પછી જુદાજુદા આચાર્ય, પયગંબર વગેરે શા માટે?

મા : પિતાજી! હાથ, પગ, બદન બધાં જુદાંજુદાં અંગો તો મૂળ એક જ શરીરનાં છે ને? એ રીતે એનાં નામો જુદાંજુદાં અપાય તો ય 'એ' તો એક જ છે. અનંતગતિ, એક ગતિ! અનંત અને એક!

પ્રશ્ન : એવી દૃષ્ટિ ક્યારે થાય?

મા : જ્યારે સ્વયં કૃપા કરે ત્યારે.

પ્રશ્ન : ચતુર્વર્ણમાં હરિજનોને શું સ્થાન?

મા : ચતુર્વર્ણમાં જે છે (બ્રાહ્મણ વગેરે વર્ણ છે ને) એમાં 'હરિજન' નામની કોઈ વર્ણ જ નથી. 'હરિજન' ખૂબ સુંદર છે. હરિજન!

પ્રશ્ન: એની તો શૂદ્રમાં ગણત્રી થાય છે.

મા : શૂદ્ર પાસેથી જે કામ લો છો તે એની પાસેથી લો છો કે?

પ્રશ્ન: ના, ના, નથી લેતા.

મા : શૂદ્રના હાથનું પાણી લો છો એ રીતે હરિજનના હાથનું લો છો? હરિજન કયા હિસાબથી શૂદ્ર ગણાય?

એક ભાઈ: શૂદ્રના અસ્પૃશ્ય અને સ્પૃશ્ય એવા બે વિભાગ છે.

મા : બે વિભાગ હોય તો તો ઠીક!

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશ્નઃ આપે કહ્યું હતું કે શરીર પણ આત્મા છે, તો શરીરને શા માટે બાળવામાં આવે છે?

મા : જે બળી જાય ને ગળી જાય એ આત્મા નથી.

પ્રશ્ન : જ્યારે જાતિ પર દુઃખ આવી પડે છે ત્યારે સિદ્ધ મહાપુરુષ શું કરે છે?

મા : ઘણાંને લાગે છે કે એ લોકો કશું કરતા નથી. પણ હું તો કહું છું કે જેમ પુષ્પ ખીલે છે ને સુવાસ ફેલાઈ જાય છે તેમ એ લોકોની દયા તો ખૂબ વિસ્તૃત હોય છે. કોઈને દુઃખ પડે ત્યારે એ બચાવી લે છે.

પ્રશ્નઃ દયા હોય તો આ બધા અત્યાચારો શા માટે?

મા : અત્યાચાર ભગવાનની લીલા જ છે. કોણ કોના પર અત્યાચાર કરે છે? સંસાર, ગતિ, પરિવર્તનશીલ છે માટે અત્યચાર દૃષ્ટિથી જ આમ દેખાય છે. દયા ક્યાં પ્રકાશિત થાય છે? ભગવાન તો પાડે પણ ખરો ને ઉદ્ધારે પણ ખરો. એ તો નિર્દય પણ છે ને દયાવાન પણ છે. જે ઉદ્ધારી શકે છે તે ડુબાડી પણ શકે છે. જગત વિચિત્ર છે. જગતમાં તો વિવિધ વૈચિત્ર્ય છે. ચતુર્વર્ણની બાબતમાં પોતપોતાના ધર્મ પ્રમાણે જો કર્મ કરવામાં આવે તો તો દ્વંદ્વને કોઈ સ્થાન જ નથી. જેમ આપ લોકો કહો છો ને!

સ્વધર્મે નિધનં શ્રેયઃ
પરધર્મો ભયાવહઃ!

બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, સંન્યસ્તાશ્રમ, એ ચાર આશ્રમો જો બરાબર રહ્યા હોત તો કોઈ ગરબડ થાત જ નહિ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચાર આશ્રમ અને ચાર વર્ણના તૂટવાથી જે ધર્ષણ થયું તેને લીધે જ આ ગરબડ જાગી છે. આ ગરબડમાં જે વધુ બળવાન એનો વધુ પ્રભાવ પડે. 'બધાં મારાં જ છે' એવો ભાવ જો જાગે તો તો લડાઇને સ્થાન રહે જ ક્યાં! આવી બુદ્ધિ–પરાઈ બુદ્ધિથી તો લડાઈ જાગી.

પ્રશ્ન : અત્યારે જે અંધાધૂંધી ચાલે છે તે ઇશ્વરે હિન્દુ જાતિનું સંગઠન કરવા માટે કરી હશે?

મા : હિંદુનું સંગઠન થાય કે મુસ્લિમોનું સંગઠન થાય, એનો પ્રભુ પાસે કાંઈ પ્રશ્ન જ નથી.

પ્રશ્ન: ભગવાને દુનિયા શા માટે બનાવી?

(સભા હસવા લાગી.)

મા : પિતાજી! તમે બરાબર પૂછ્યું! અમને તો કોને આટલી તકલીફ પડે છે! ભગવાને શા માટે દુનિયા બનાવી? પિતા-માતાને શું જરૂર હતી તે બાળક નથી સમજી શકતો. તમે જ્યારે પિતા બનશો ત્યારે જ જાણશો. ભગવાન તો પરમપિતા છે, પરમમાતા છે, પરમબંધુ છે. કોઈ વાર એ અમંગલ કરતા જ નથી. પિતા સારું જ કરે છે. પિતાને મેળવવાનો એની પાસે પહોંચવાનો પ્રયત્ન ન કરો ત્યાંસુધી આ વાતની કેવી રીતે ખબર પડે? બચ્ચાને થાય કે માતાએ મને કેમ માર્યો? કેમ કષ્ટ દીધું? પિતાની જરૂરત પિતા જ જાણે છે.

પ્રશ્ન: પ્રકાશ તરફ જવા માટે પ્રથમ પગથિયું કયું લેવું જોઈએ? પહેલું પગથિયું કયું?

મા: પોતપોતાના ગુરુ જે રસ્તો બતાવે તે. બધાં માટે એક રસ્તો નથી. સ્વતનો આશ્રય લેવો પડશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશ્ન : ગુરુનો ફોટો, ચિત્ર કે પ્રતિમાથી પ્રેરણા મળી શકે? દા. ત. શંકરાચાર્ય.

મા : કહેવાય છે ને કે જેવું ધ્યાન ધરશો તેવું મેળવશો. શંકરાચાર્યનું પણ જો એકાગ્ર ચિત્તે ધ્યાન ધરો તો પ્રેરણા મળશે. જેમ મંત્રદ્વારા પ્રેરણા મળે છે–ઈષ્ટદેવનું દર્શન પણ થાય છે. ધ્યાન કરવું જોઈએ. અનિષ્ટનું ધ્યાન ન કરવું જોઈએ. જેને પ્રણામ કરો, એનો ભાવ તમારામાં પ્રવેશ પામે છે. તત્-બુદ્ધિથી બધાને સમાન માનીને પ્રણામ કરો. ભાવનાથી પ્રણામ કરો તો બધું સારું જ થશે.

પ્રશ્ન : માતાજી! માની લો કે આપ જ ગુરુ છો. રસ્તો બતાવો.

મા : હું તો નાની બાળકી છું. બાળકી ગુરુ કેવી રીતે બની શકે? શરીર મોટું છે. શરીર નાનું હોત તો ગોદમાં ખેલવાવાળી બાળકી છું હું તો!

પ્રશ્ન : કૃષ્ણની જિંદગીમાં સાત્ત્વિક, રાજસિક, તામસિક ગુણ દેખાય છે. એ ત્રણમાંથી કયા ગુણનો સ્વીકાર કરવો? અજ્ઞાની કયો ગુણ લે?

મા : મા, તમે કયો ગુણ ચાહો છો?

પ્રશ્ન : સાત્ત્વિક.

મા : તો સાત્ત્વિક લઈ લો. ભગવાન કદી દોષ નથી કરતો. દોષદૃષ્ટિ તો તમારે છે.

એક ભાઈ ભજન ગાય છે:–

લજ્જા મોરી રાખો શ્યામ હરિ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તા. ૬-૧૨-૪૭

પ્રશ્ન : સ્વધર્મે નિધનં શ્રેય :.....કહ્યું છે ને, તે સ્વધર્મ કયો ?

મા : પોતાના ગુરુ જે બતાવે તે ધર્મ. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર દરેકને પોતપોતાના ધર્મ હોય છે. વળી ખરો ધર્મ તો જે ગુરુ બતાવે તે જ. પોતાના ધર્મથી ભલે પ્રગતિ થાય કે પતન થાય, તેની પરવા રાખ્યા વિના ધર્મને જ અનુસરો. માટે જ કહ્યું છે : સ્વધર્મે નિધનં શ્રેય :।

પ્રશ્ન : ગીતામાં લખ્યું છે સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ। એમાં શું વિરોધાભાસ નથી ?

મા : વિરોધ નથી. ભગવાનનું શરણ લો. તમારાં ભિન્નભિન્ન સ્વભાવો હોય છે ને ! એ પ્રમાણે ગુરુ માર્ગ બતાવશે. ત્યાગ-વૃત્તિથી ભગવાનનું જ ભજન કરો. આત્માનું શરણ લો.

પ્રશ્ન : ગુરુ તો તરેહ તરેહના હોય છે. લોકગુરુ, શિક્ષાગુરુ વગેરે. એમાંથી કયા ગુરુને અમે ગણીએ ?

મા : જે ભગવત્પ્રાપ્તિમાં મદદ કરે એ જ પરમ ગુરુ–માંતાપિતાની સેવા કરવી એ પણ પુત્રની ફરજ છે. પિતામાતાની જો તત્ સ્વરૂપથી સેવા કરે તો એ સેવા પ્રભુને જ પહોંચે છે. ગૃહસ્થ ધર્મમાં પુત્રનું કર્તવ્ય પિતામાતાની સેવા અને ભક્તિમય આચરણ એ જ છે.

પ્રશ્ન : કોઈ પુત્ર માતાપિતાની સેવા ન કરે, ને ભગવાનની સેવા કરે, તો શું એ ખોટો છે ?

મા : ભગવાનની જો બરાબર સેવા કરે તો એ પિતામાતાની સેવામાં વિઘ્નરૂપ નથી. જે મનથી ભજન કરે છે એ કોઈની ખુશા નથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરી શકતો, કોઈને તિરસ્કારતો નથી. શ્રદ્ધા જાગે, પછી સર્વ પર શ્રદ્ધા રહે છે.

જો ભગવાન પર શ્રદ્ધા જાગે તો કોઈ પર અશ્રદ્ધા રહેતી જ નથી. એ મનુષ્ય બદલાઈ જાય.

પ્રશ્ન : મા! સંતોમાં ભગવાનનો વાસ છે. એમની ઇન્દ્રિયોમાં પ્રભુનું તેજ હોય છે. તો પછી એમનાં ચરણ સ્પર્શથી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આદિ વાસનાઓનો ક્રમ ક્ષય થતો નથી?

મા : જો સ્પર્શ થાય તો તો જરૂર નષ્ટ થાય જ. એમાં પણ એક વસ્તુ છે. પ્રણામ પણ બરાબર રીતે થયેલા હોવા જોઈએ. આપણા પ્રણામ બરાબર નથી હોતા. પ્રણામ એટલે ઢોળાવું હલવાવું. પ્રણામ કરવા એટલે પ્રભુના ચરણમાં આપણું સર્વસ્વ હાલવી દેવું, જેથી દિવ્ય તેજ માટે આપણામાં જગ્યા થાય. જેમ લોટામાંથી પાણી હલવાઈ જાય તેમ તમારે પણ ખાલી–શૂન્ય થઈ જવું જોઈએ. એ રીતે શૂન્ય થઈ જવાય પછી જ પાત્ર પ્રભુની શક્તિથી ભરાઈ જાય છે. ઢાલ દો, જર જાતા હિ હૈ। લેકિન બર્તન કા પાની ઢાલા હિ ન હિ હોતા। યહ તો મુશ્કિલ હૈ। જો અંગસ્પર્શની વાત કરો તો માખી પણ અંગસ્પર્શ કરે છે. એ પણ દિવ્ય થઈ જવી જોઈએ. સંત જ્યાં બેસે છે એ જગ્યા પણ દિવ્ય બને છે. સંત જો એવા દિવ્ય હોય તો દિવ્ય પ્રકાશ પણ હોય જ. દિવ્ય પ્રકાશથી એક લાકડી પણ દિવ્યરૂપ બની જાય. બધું દિવ્યરૂપ બની જાય, બની શકે છે! તમે જેના માટે તલસશો–તલસાટ અનુભવશો એ વસ્તુ તો એણે તમને આપવી જ પડશે. તમે જેટલું આપશો એટલું મેળવી શકશો. જેટલા હલવાશો એટલા ભરાશો. જેમ અગ્નિના સ્પર્શથી માખણ પીગળી જાય છે, તેમ સંત-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મહાત્મામાં એવી પણ શક્તિ હોય છે કે સ્પર્શમાત્રથી બદલી શકે. પણ સૃષ્ટિક્રમમાં મહાત્માઓ ડખલ નથી કરતા. કોઈને યોગાનુયોગથી એવું બની જાય તે જુદી જ વાત છે. કર્મની ગતિથી જ પ્રગતિ થાય છે.

પ્રશ્ન : સંતોના ચરણોમાં ચોવીસે કલાક પડ્યા રહેવાથી પણ પ્રકાશ કેમ નથી મળતો ?

મા : ચોવીસ કલાકમાં તમે પ્રભુ માટે કેટલો સમય આપ્યો છે ? જે મહાત્મા સાથે રહે છે–ચોવીસે કલાક એમની સેવા કરે છે, એને એનું ફળ જરૂર મળે છે જ. પૂર્ણદર્શન ના થાય એટલે હારી ના જવું. કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ ! એવો ભાવ રાખો. આ રસ્તે તો જ્યાંસુધી પ્રભુ ના મળે ત્યાંસુધી રહેવું પડે. જ્યાંસુધી રામ ન મળે ત્યાંસુધી આરામ કેવો ? જેનામાં એવો તીવ્ર ભાવ જાગે એ તો વ્યાકુળ બની પ્રભુનાં ચરણોમાં જ પડ્યો રહે–એને બીજો ખ્યાલ જ ન આવે.

ભગવાનની પાસે જવાના બે રસ્તા છે. એક તો ભગવાનનાં ચરણોની સેવા કરવાનો.....બીજો ભગવાનનાં દ્વારા તોડીને અંદર ઘૂસવાનો. એવાં સાધનભજન કરો કે બીજી કોઈ પ્રવૃત્તિ માટે ફુરસદ જ ન મળે. જ્યાંસુધી ભગવાન ન મળે ત્યાંસુધી જંપીને ન બેસો. એ રીતે કરશો તો જરૂર બદલાઈ જશો. ચોવીસ કલાકમાં બધો સમય એનો જ વિચાર કરો. જમતી વખતે પણ શરીર માટે નહિ પણ એના ખ્યાલથી ભોજન કરો. શરીરને શા માટે પોષવું ? એનું સાધનભજન થઈ શકે માટે જ. સંસારીને તો પત્ની–પુત્રની સેવા કરવી પડે છે. તમે તો એ જંજાળમાંથી મુક્ત છો. અમારું તો જીવન જ ઈશ્વર માટે છે. અમારે બીજું જોવાનું ય શું ? જો સાધક આ માર્ગમાં વળે તો સ્નાન કરવું, ખાવું–પીવું બધું, શરીર સાફ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રાખવા માટે જ કરે છે. ને શરીર શા માટે શુધ્ધ રાખે છે? સાધન-ભજન કરવા માટે જ. જો એ રીતે મંડ્યા રહેશો તો પ્રકાશ જરૂર મળશે જ. જો આમ નહિ કરો તો જેવો સંગ કરશો એવું મેળવશો. માટે જ કહું છું ને કે ભગવાન તો સર્વત્ર છે—વૃક્ષની પાસે બેઠા હો તો ત્યાંથી પણ ભગવાન મળશે. કાશીવૃંદાવન ધામ તો તમારામાં જ છે. હઠ કરવાથી એ નહિ મળે. હઠ એ સત્યાગ્રહ નથી. સત્યાગ્રહથી ઈશ્વર જરૂર મળશે.

પ્રાર્થનાનો પ્રભાવ તો પડે છે જ. વૃક્ષના મૂળમાં પાણી રેડો તો છેક ડાળીએ ડાળીએ ને પાંદડે પાંદડે પહોંચી જાય છે. પ્રણામ. એટલે એ રીતે ઢોળાઈ જવું. એથી એમ બનશે કે આપણી ને સંતની વચ્ચે સૂક્ષ્મ સંયોગ થશે. જેમ સમુદ્રમાંથી તમે તમારી શક્તિ પ્રમાણે પાણી લઈ શકો એ રીતે પ્રભુ પાસેથી પણ શક્તિ પ્રમાણે મેળવી શકશો. દઈ શકશો ત્યારે જ લઈ શકશો ને? જો દઈ શકશો તો જરૂર લઈ શકશો.

પ્રશ્ન : મા! જ્યારે આંતરિક શત્રુઓનું આક્રમણ થાય ત્યારે 'મા'નું નામ લેવાથી એ કામાદિ વાસનાઓ રૂપી શત્રુઓ નાસી જશે?

મા : જો એને અંતરથી પુકારો તો જરૂર એમ બને જ. અગ્નિથી જેમ પાણી સુકાઈ જાય છે એમ વાસનાઓ પણ જરૂર સુકાઈ જાય જ.

પ્રશ્ન : મા! બધું શું અમારે જ કરવું પડશે? કે મા, પણ અમારે માટે કંઈ કરશે!

મા : (ખૂબ હસે છે) ઇસકે બીચમેં એક બાત હૈ! જો ભગવાન કશું કરાવે જ નહિ તો તમે શું કરી શકવાના હતા? જીવનો સ્વભાવ તો છે મર્યાદા બાંધવાનો. મહાત્માઓને તો તમે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ખેંચીને કામ કરાવો છો. મનમાં એવું ન રાખો કે તમે જ બધું કરો છો. એ જો ન કરાવે તો તમે તો કશું કરી જ નથી શકતા. ખાલી કરો તો જ ભરાઈ જશો. ગુરુચરણે સ્વાર્પણ કરો. જેટલા ખાલી થશો એટલા એની શક્તિ વડે ભરાઈ જશો.

પ્રશ્ન: મા! શુકન અપશુકન એ સાચી વાત છે? બ્રાહ્મણ ઉચ્ચ મનાય છે છતાં એ સામે મળે તે અપશુકન ગણાય છે. શુકન એ શું ચીજ છે?

મા : બ્રાહ્મણ મળે તે તો તમારે માટે સારી વાત છે. તમે માનો છો માટે એમ બને છે. તમે જો ન માનો તો મનની શક્તિથી એમ ન સંભવે.

એક બાત હૈ!

એક સાહેબ હતા. મુસાફરી માટે નીકળ્યા. કોઈએ કહ્યું, "બધા નક્ષત્ર છે, ન નીકળો તો સારું." સાહેબે તો ન માન્યું. જળની મુસાફરી શરૂ કરી. રસ્તામાં સમુદ્રમાં તોફાન જાગ્યું. સાહેબ તો ગભરાયા. નાવ ડૂબ્યું. સાહેબ માંડ માંડ તરતા તરતા કિનારે આવ્યા. આવીને કહે છે, "બધા શાલા! કહાં હૈ! યહ સબ ઉનકા હિ તોફાન હૈ!"

માટે કર્મ પ્રમાણે જ બન્યા કરે છે. બધા શાલા કહાં હૈ! (મા હસે છે.)

પ્રશ્ન : તો પછી નક્ષત્ર બાધક હોય કે નહિ?

મા : હોય પણ ખરાં. ખરાબ નક્ષત્ર હોય તો મૃત્યુ પણ થાય. માટે જ શુભ કામો શુભ દિવસ જોઈને જ થાય છે. એક ઘટના કહું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્યારે આ શરીર નાનું હતું ત્યારે મામાને ત્યાં હું રહેતી. એમની પાડોશમાં જ લગ્ન પ્રસંગ પર એક કુટુંબ આવેલું. એની આ વાત છે. તે વખતે કાલીપૂજા ચાલતી હતી. ઘરનાં બધાં પૂજામાં ગયાં હતાં. એમાં એક મા અને દીકરી પણ હતાં. પૂજામાં મોડું થયું. તે દરમ્યાન મા દીકરી તો સૂઈ ગયાં. છેક ત્રણ વાગે પૂજા પૂરી થઈ. જમવા વેળા થઈ ત્યારે મા જાગી અને દીકરીને જગાડી. દીકરી તો રડવા લાગી. માએ એને ખૂબ ધમકાવી. તો યે એ છાની ન રહી. ઘરમાંથી પણ કોઈએ એને છાની ન રાખી. આખરે માએ કંટાળીને કહ્યું, "મર! જા! હું તો તને મૂકીને એકલી જ જાઉં છું." એમ કહી છોકરીને પડતી મૂકી એ બહાર મોં ધોવા ગઈ. પણ પાછી આવીને જુવે છે તો છોકરી ન મળે. પછી તો ધમાલ મચી. ખૂબ શોધ ચલાવી. શોધતાં શોધતાં છોકરીનું શબ એક જંગલમાંથી મળ્યું!

આ ઉપરથી એટલું શીખવાનું કે મુખમાંથી કદિ અશુભ વચન ન કાઢવાં. સેવા કરતાં કરતાં પણ સદ્‌ભાવના તો જોઈએ જ. માની ધમકી તો આશીર્વાદરૂપ છે. દુનિયામાં શુભ અને અશુભ બંને છે. પૂજામાં સ્વસ્તિવાચન થાય છે ને? પ્રભુની લીલામાં આમ શુભ-અશુભ બંને છે. એ તો બંનેથી પર છે. છતાં આપણે તો સ્વસ્તિ-વાચન કરવું જ. સાધકે પણ આ બાબતમાં ખૂબ જાગૃત રહેવું જોઈએ. એના મુખમાંથી બૂરી વાણી ન નીકળવી જોઈએ. એને તો હરવખત હરિ કથા હિ કથા ઔર સબ વ્યથા ઔર વૃથા.

પ્રશ્ન : પ્રાર્થના અથવા સાધના ભજનમાં નિયત સમયની કશી જરૂર છે ખરી? સાધના શરૂ કરનાર સાધક માટે કયો સમય તમે સૂચવશો?

મા : પોતપોતાના ગુરુ જે બતાવે એ રીતે સાધનભજન કરવું જોઈએ. નિયત સમય પણ જોઈએ. ચોવીસ કલાકમાં ચાર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંધ્યા સમય હોય છે. બ્રાહ્મમુહૂર્ત, મધ્યાહ્ન, સાયંકાળ અને મધ્યરાત્રી. એ સમય સંધિનો સમય કહેવાય છે. કારણકે આ સમયમાં બે વિશિષ્ટ શક્તિઓનું ઘર્ષણ થાય છે અને એમાંથી એક વિશેષ શક્તિ પેદા થાય છે. તેથી એવી રીતે ઉપાસનામાં બેસવું જોઇએ કે સંધિક્ષણ પણ એ દરમ્યાન આવી જાય. એ વખતે જો તનમન લગાવીને સાધક બેસી જાય તો શક્તિપાત મળશે જ મળશે. નિયત સમયની પણ જરૂર છે. જેવી રીતે ખાવાનું, પીવાનું, સૂવાનું, એ દરેક પણ નિયત સમયે જ થાય છે. એ રીતે સાધનભજન નિયત સમયે જ કરવાની ટેવ પડે તે હિતાવહ છે. એમ પણ બને કે કોઈને નિયત સમયની જરૂર પણ ન લાગે. એને તો જ્યારે સમય મળે ત્યારે એ પ્રભુને ભજે. જેમ તમે ઓફિસમાં લખતાં લખતાં પાન ચાવ્યા કરો છો ને–તેમ કામ કરતાં કરતાં પણ તેનું પ્રભુનું નામ લીધા કરો. તાંત્રિક સાધકો માટે રાત્રે ૧૨થીૐનો સમય અનુકૂળ ગણાય છે. અને બીજા સાધકો માટે સવારના ૩થીૐનો સમય અનુકૂળ ગણાય છે.

પ્રશ્ન : સાંભળ્યું છે કે સાડા ત્રણથી સાત સુધીમાં સાધનભજનમાં બેસવાથી મહાત્માઓ સૂક્ષ્મ રૂપે આવીને સાધકને મદદ કરતા હોય છે. એ શું સાચું છે ?

મા : હા, મદદ કરી શકે છે. સાધનામાં કોઈને જ્યોતિરૂપે પણ મદદ કરે છે. દુનિયામાં જે શરાબ પીવે છે, એને શરાબ પીનારા સાથીઓ પણ મળી રહે છે. એ રીતે જ જે ધર્મચર્ચા કરે છે એમને એવા જ સાધુ મળી જાય છે. વેા ભી તો અચ્છા પીનેવાલા હૈ ના ? ધર્મકર્મમાં મદદ કરનારા પણ મળી રહે છે જ. કોઈ ભાગ્યશાળીને મહાત્મા લોકો સૂક્ષ્મરૂપે મદદ આપે છે.

પ્રશ્ન : મા ! સ્વપ્ન શું સત્ય વસ્તુ છે ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : જેમ આ બધું (સભા બતાવીને) સત્ય છે એમ જગત પણ સત્ય છે.

પ્રશ્ન : સચ્ચિદાનંદનું સ્વરૂપ કેવું છે?

મા : સચ્ચિદાનંદનું સ્વરૂપ, જેની પાસે પ્રકાશ છે તે જાણે. એક બાત હૈ! કોઈ મૂર્તિ દ્વારા સચ્ચિદાનંદનું ભજન કરે છે. ભગવાન તો સચ્ચિદાનંદરૂપ છે. ભગવાનને જે મેળવે છે તે એ સમજે છે. જેણે નથી મેળવ્યા એને એ વસ્તુ સમજાવવી મુશ્કેલ છે. કોઈ શક્તિ દ્વારા જ ભગવાનના રૂપનાં દર્શન કરાવે તે જુદી બાત. જે રસગુલ્લાં ખાય એ જ એના સ્વાદનો અનુભવ કરી શકે. એ અનુભવ કોઈ શબ્દમાં નથી ઊતરતો. ભાષાની શક્તિ તો મર્યાદિત છે ને?

પ્રશ્ન : સ્વાદ લેવાની જો ઇચ્છા હોય તો?

મા : તો એ માર્ગે જાઓ. ગુરુ બતાવે એ પ્રમાણે કર્યા કરો.

પ્રશ્ન : સત્, ચિત્ ને આનંદ શું એક એકથી ચડિયાતાં તત્ત્વો છે?

મા : સત્સ્વરૂપ પણ ભગવાન છે, ચિત્સ્વરૂપ પણ એ છે, આનંદ સ્વરૂપ પણ એ જ છે.

પ્રશ્ન : સત્ચિત્આનંદથી પર એવી કોઈ વસ્તુ છે? એનાથી આગળની કોઈ વસ્તુ છે?

મા : પહેલાં એને તો સમજી લો, મેળવી લો. પછી આગળની વાત.

પ્રશ્ન : મા! સંસારમાં ચેન નથી પડતું. શું કરીએ?

મા : ચેન નથી પડતું, તે તો ખુશી થવા જેવી વાત છે. સંસારમાં જો સુખ લાગે તો આપના મૂળ ઘરમાં કેવી રીતે જઈ શકો? વિદેશમાં જ જો ગોઠી જાય, તો ઘરની યાદ જ કેવી રીતે આવે?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશ્ન : જીવન ધારણનું શું પ્રયોજન છે?

મા : પ્રયોજન શું? ભગવાનની સેવા એ જ પ્રયોજન.

પ્રશ્ન : ભગવાન પોતે જ બહુરૂપી છે!

મા : હાં! એનાં તો અનંત રૂપો છે. જ્યાં અંત નથી ત્યાં બહુરૂપ!

પ્રશ્ન : મંત્રચૈતન્ય કોને કહેવાય છે?

મા : જે રીતે તમે વાત કરો છો ને, એ રીતે ઇષ્ટદેવતા આવીને મંત્ર આપી જાય. જેના વડે ભગવાનને મેળવાય. એવા ઋષિઓ મંત્રદૃષ્ટા કહેવાય છે. જેમ તમે મને દેખો છો, હું તમને દેખું છું. તેમ તેઓ મંત્રને જુવે છે. મંત્રદ્વારા જેને ઉદ્દેશીને મંત્ર ઉચ્ચારાય એ જ ખુદ જવાબ આપે છે.

પ્રશ્ન : આ કયી રીતે શક્ય છે, મા?

મા : ગુરુકૃપા.

પ્રશ્ન : તમે તો એક જ બાજુ બતાવો છો.

મા : બીજી બાજુ તો છે જ નહિ. એક જ છે. એક બાજુને મૂકી દેશો તો એકાગ્રતા કેવી રીતે મેળવશો? અને એકાગ્રતા નહિ હોય તો પ્રકાશ કેવી રીતે મેળવશો?

પ્રશ્ન : કૃપાનું સ્વરૂપ કેવું હોય?

મા : કૃપાનું ય સ્વરૂપ હોય છે? કૃપાનો તો અનુભવ હોય. જે રીતે કૃપાદ્વારા અપ્રાપ્ત વસ્તુ તમે પ્રાપ્ત કરી શકો. એ પણ કૃપાનું જ એક સ્વરૂપ છે. એવાં દરેક વસ્તુને સ્વરૂપો હોય છે. કરુણાનાં પણ રૂપો હોય છે.

પ્રશ્ન : કૃપા પ્રકાશરૂપ છે?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : તમે જે જુવો છો તે પ્રકાશકૃપા. બહાર પ્રકાશિત ન દેખાય એવી અપ્રકાશ્ય કૃપા પણ હોય. જેમ વૃક્ષ કોઈને નિમંત્રણ પણ આપતું નથી, તેમ આવેલાને ભગાડી પણ નથી દેતું. પણ સર્વને સર્વદા શીતળતા આપે છે.

પ્રશ્ન : ભગવાન કૃપા ન કરે તો ?

મા : ભગવાનના તરફ જવાની કૃપા તો અપ્રકાશ્ય જ રહે છે. કૃપા કરવી તે તો ભગવાનનો સ્વભાવ જ છે.

પ્રશ્ન : કૃપા સાધારણ અને વિશેષ પણ હોઈ શકે છે ?

મા : ભગવાનનું તો સર્વ સારું જ છે. કયા બાળકને કયી રીતે પાળવું તે પિતા જાણે છે. મારે છે તે પણ કૃપા છે. વહાં કૃપા હિ કૃપા હૈ. અકૃપાને ત્યાં સ્થાન જ નથી. અમુક કાર્યમાં કૃપા નથી એમ તમે સમજો છો, પણ એમ નથી હોતું. એક કૃપા હોય છે ક્રમ હેતુપૂર્ણ કૃપા કોઈ વાર એવું ય બને કે, જે તમારા પ્રયત્નો છતાં ય ન બને તે ભગવાનની કૃપાથી બને ! એક હોય છે નિગ્રહ કૃપા અને એક હોય છે અનુગ્રહ કૃપા. ક્રિયા જગતમાં જ્યાં ગતિ છે ત્યાં અનંત ગતિ છે. તેમ કૃપા પણ અનંત છે.

પ્રશ્ન : સાધના પણ શું અનંત છે ?

મા : સાધના પણ અનંત હોય છે. અંત કયાં હોય ? અંત શા માટે હોય ? સાધના કર્યા કરો. જરૂર પ્રકાશ મળશે. સ્વયંપ્રકાશ થશે. શૂન્યમાં પણ પૂર્ણ છે. હરેક જગામાં પૂર્ણ રૂપે એ વિચરે છે. સાધન કરો, તો એની કરુણાકૃપાથી ગમે તે જગાએ પ્રકાશ પ્રાપ્ત થશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક બીજમાં તો અનંત બીજ હોય છે. એક રજકણમાં તો અખંડ ધરતી હોય છે.

પ્રશ્ન : સાધનાના અંતમાં અનંતની પ્રાપ્તિ થાય છે?

મા : અનંત કહો કે એક કહો, જે રીતે પ્રાપ્ત કે અપ્રાપ્ત. ભાષાની આ વાતો નથી.

એક જણ : મા! એક વાત યાદ આવે છે.

ગંગાના કિનારે એક મહાત્મા બેઠા હતા. એમની પાસે એક વાર શિષ્ય ગયો. ચરણમાં પડી, બોલ્યો, "ગુરુદેવ! શરણ દો." સામે જ એક કૂવો હતો. તેમાં રહેંટ ચાલતો હતો. એ બતાવીને ગુરુ કહે, "જો! સામે રહેંટ ચાલે છે તેમાં બંધાઈ જા ને કૂવામાં ઊતરીને પાછો રહેંટની સાથે બહાર આવ. પણ જોજે ભિંજાતો નહિ." શિષ્ય કહે, "જેવી આજ્ઞા." એણે તો એમ કર્યું પણ બહાર આવ્યો ત્યારે ભિંજાયેલો. એવા જ વેશે ગુરુ પાસે આવ્યો. ગુરુએ તો એને ધમકાવ્યો. શિષ્ય કરગરવા લાગ્યો. "હવે એવું નહિ થાય, ગુરુદેવ." ગુરુ કહે, "અચ્છા. બીજી વાર જા. જો આ વખતે ભિંજાયા વિના આવજે. નહિ તો શિષ્યપદ નહિ આપું." પેલો તો ફરીથી ગયો. ફરીથી પણ પહેલાની માફક ભિંજાઈને જ આવ્યો. ફરીથી ગુરુએ ધમકાવ્યો. ત્રીજી વાર ગયો. ને ત્રીજી વાર પણ એમ જ બન્યું. ગુરુ પાસે બેઠેલા બીજા શિષ્યો એને કહે, "એના કરતાં ગુરુને જ સંભળાવી દે ને કે પાણીમાં પડીએ તો ય ન ભિંજાઈએ એ તે કાંઈ શક્ય છે?" શિષ્ય કહે, "ના એ મારી ફરજ નથી. ગુરુ મારા કરતાં વધુ સમજદાર છે ગુરુની આજ્ઞા એ જ મારી તો ફરજ."

મા : ગુરુની આજ્ઞાનું પાલન એ જ કર્તવ્ય. શક્યાશક્યનો વિચાર કરવા ન રહેવું. વિચારશૂન્ય બનીને ગુરુની આજ્ઞાનું પાલન કરવું જોઈએ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશ્ન : આજ્ઞા અવ્યવહારિક હોય તો ય એનું પાલન કરવું ?

મા : તનમનથી એ આજ્ઞાનું પાલન કરવાની કોશિશ કરવી જોઈએ.

પ્રશ્ન : મા ! એક પતિપત્ની જાત્રાએ જવા નીકળ્યાં. રસ્તામાં પતિ બિમાર પડયો અને મરણ પામ્યો. પત્ની ખૂબ કરપાંત કરવા લાગી. એ સાંભળીને કોઈ ઋષિ ત્યાં આવી ચડયા, પત્નીને કહે, " બાઈ ! કેમ રડે છે ? " પેલી કહે, " મારો પતિ મરણ પામ્યો છે. એને આપ સજીવન કરી આપો." ઋષિ કહે, " વિધાતાનો લેખ તો કદિ મિથ્યા થઈ શકતો જ નથી." મા ! વિધાતાનો લેખ શું ન બદલી શકાય ?

મા : વિધિનિયત છે તે બદલી શકાતું નથી. પણ ઉપરવાળો જે છે ને તે બધું બદલી શકે છે. એ જ લખનાર છે. એ ભૂંસી પણ શકે છે.

પ્રશ્ન : મા ! ગાઓ.

મા : ચે તો ઢોલ હૈ ! તુમ જૈસા બજાવો ઐસા બજેગા !

(મા ગાય છે.)

(૧) હરિ હરિ ભજેજા પ્રભુકા રિઝાયે જા,
પ્રેમ હરિ નામકા લિએજા, ભાઈ લિએજા.

(૨) હરે કૃષ્ણ ! હરે કૃષ્ણ ! કૃષ્ણ કૃષ્ણ હરે હરે !
હરે રામ ! હરે રામ ! રામ રામ હરે હરે !

(૩) રામ રાઘવ ! રામ રાઘવ ! રામ રાઘવ ! રક્ષમાં !
કૃષ્ણ કેશવ ! કૃષ્ણ કેશવ ! કૃષ્ણ કેશવ ! પાહિમાં !

(૪) રામ રામ, રામ રામ, રામ રામ, રામ હે !
કૃષ્ણ કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ, કૃષ્ણ હે !

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશ્ન : વ્યવહારમાં સંપૂર્ણ સત્ય નથી ચાલતું. હિન્દુ–મુસલમાનના ઝઘડા ચાલી રહ્યા છે. હિન્દુ ધર્મ પર અધર્મ સવાર થઈ જશે. કૃષ્ણ ભગવાને પાંડવોને કહેલું કે તમે થોડોક અધર્મ કરો જેથી વધુ મોટો અધર્મ ડૂબી જશે.

મા : ભગવાને એવી વાત કરી એમ કોણે કહ્યું ? બધાંએ સત્ય જ બોલવું જોઈએ. ભગવાન સ્વયં કહે તે જરૂર કરવું જ જોઈએ. કોને માટે ભગવાન શું કરશે તે સમજી શકાય એવી વાત નથી. મહાજન કહે તે કરો, તે કરે એમ ના કરો. કોના પર કૃપા થશે એ તો તમે જાણી શકતા જ નથી. ક્રિયા જગતમાં તો આમ છે. ભગવાન તો તરેહ તરેહની વાતો કરે છે ! ભગવાન જ બધું છે એમ જો માનવામાં આવે તો પછી જૂઠ રહે જ ક્યાં ? ભગવાન શું કરે છે એની વાત શું કામ કરો છો ? તમે શું કરો છો એની જ વાત કરોને. સત્યલાભ માટે સત્ય બોલવું જ જોઈએ.

પ્રશ્ન: પુનર્જન્મ એ શું સાચી વાત છે ? પુનર્જન્મમાં જાતિ બદલાય કે નહિ ?

મા : પુનર્જન્મ છે જ. પુરુષ એ પુરુષ પણ રહે; અથવા કર્માનુસાર બદલાય પણ ખરો.

પ્રશ્ન : ગત જન્મનો ખ્યાલ આવી શકે ?

મા : હા. દિલ્હીમાં એક મહાવીરનું મંદિર હતું. એમાં એક નાની બાળકીએ પોતાના માતપિતાને, પોતાના ગયા જન્મની ઘટના બતાવેલી. એક નાના છોકરાને બતાવીને કહેલું કે એ ગયા જન્મમાં પોતાનો પુત્ર હતો. એ ત્રણ માસનો થયો કે પોતાનો દેહ પડેલો. એનું મકાન અમુક જગાએ છે, તે પણ એણે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બતાવેલું. એનાં મા, દાદાના ચશ્મા, એના ઘરમાં એક ચક્ર હતું તે, વગેરે બધું એણે બતાવેલું. એ સાંભળીને બધાં તો નવાઈ જ પામેલાં આટલી નાની બાળકી શી રીતે જાણી શકે? દૃષ્ટિથી પૂર્વજન્મની ખબર પડી શકે છે. જો કોઈ એ બાળકીને મારતું તો એ કહેતી કે જો મારશો તો હું ચાલી જઈશ. બચપણમાં એને આવી સ્મૃતિ હતી પણ ઉંમર જેમ જેમ વધતી જાય, તેમ તેમ એ પૂર્વજન્મનાં સ્મરણો ભૂલતી જાય છે.

પ્રશ્ન : ભગવાન કૃષ્ણ કદિ જૂઠું બોલ્યા હતા જ નહિ. કૃષ્ણે તો સત્યની જ પ્રેરણા આપી છે. મહાભારતમાં પણ ઘણા ક્ષેપક શ્લોકો છે.

મા : ભગવાન તો સચ્ચિદાનંદ રૂપ છે.

પ્રશ્ન : જ્યારે કુરુક્ષેત્રમાં યુદ્ધ થયું ત્યારે કૃષ્ણે અર્જુનને કહેલું કે તું તારે માથે રાખ. એના પાપની જવાબદારી મારે માથે. તો પછી અમારા પાપની જવાબદારી પણ ભગવાનની જ ને? અમે પાપ કરીએ એનો ગુનેગાર શું ભગવાન નથી?

મા : વાલ્મિકિની વાત તો સાંભળી છે ને? જ્યારે એ ડાકુ હતા, ત્યારે એક વાર નારદનો ભેટો થયેલો. નારદે એમને પૂછેલું કે તમે જે પાપકૃત્ય કરો છો એના ભાગીદાર કોણ છે? વાલ્મિકિ કહે, "હું લૂંટ ચલાવું છું. તેમાંથી તો સ્ત્રી, મા, બાળકો બધાંનું ભરણપોષણ થાય છે. એટલે એ બધાં ભાગીદાર જ ગણાય ને? નારદે એમને ઘેર જઈને સ્ત્રી વગેરેને એ વસ્તુ પૂછી આવવા કહ્યું. એ તો ઘેર ગયા. જ્યારે પૂછ્યું ત્યારે આંખ ઉઘડી. એટલે તમે જે પાપ કરો છો એના ભાગીદાર પણ તમે જ છો. હા! જો કોઈ પાપનો બોજો ઉપાડનાર મળી જાય તો તો બહુ સારું! પછી તો તમે તમને ફાવે તે કરો!

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યંત્રને કોઈ પાપ નથી લાગતું, યંત્રીને જ પાપ લાગે છે. મોટર અકસ્માત થાય તો મોટરને કોઈ શિક્ષા કરતું નથી, પણ ડ્રાઈવરને જ ડંડા પડે છે. તમને સંદેહ રહે છે ને? એટલે તમને જ પાપ લાગે છે. જે દોષ મટાડી શકે છે, એને દોષ લાગતો નથી. જે સૃષ્ટિનું સર્જન કરે છે, તે તેની વૃદ્ધિ પણ કરી શકે છે. અને સંહાર પણ કરી શકે છે. ભગવાન પર તમે દોષ ન ઢોળી શકો. એને માટે તો દોષ લેવાને સ્થાન જ નથી. જેને દોષદૃષ્ટિ છે, એને જ દોષ લાગે.

તા. ૭-૧૨-૪૭

(સવારમાં સાત વાગે મા ફરવા નીકળ્યાં. મેદાનમાં બેઠાં. જમીન દેખાડીને કહે:)

આસન તો છે જ ને? આ આસન એવું છે કે કોઈ એના ટુકડા કરી શકે તેમ નથી. આ આસન બધો વખત સાથે જ રહે તેવું છે. આને મા...ટી કહે છે ને? આ તો મા છે મા.

પ્રશ્ન : તુમ કહાં રહેતે હો?

મા : ચરણમાં!

પ્રશ્ન : ભગવાનને તો માતા તરીકે પૂજવા જોઇએ કે પિતા તરીકે?

મા : ભગવાનને માતા, પિતા, સખા-જેને જેવો ભાવ આવે એ રીતે-પૂજવા જોઇએ. ભગવાન તો સર્વ કાંઈ છે.

(મંડપમાં)

પ્રશ્ન : હંસ, ૐ ઔર સો અહં એનો વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ શું થાય?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : સંન્યાસી લોકો માટે આ શબ્દો છે. પ્રણવ સર્વ લોકો માટે નથી. આ શરીર પ્રણવ જલ્દી બોલતું નથી. કોઈ વાર ૐ સાંભળીને કોઈ માની લે કે મેં દીક્ષા આપી. જો કે એ ભયથી જ હું નથી બોલતી એમ પણ નથી. સાધારણત: હું એ નથી બોલતી. સંન્યાસી લોકો એ બોલે છે. માટે એનો અર્થ સંન્યાસી લોકને પૂછી લો. આત્મધ્યાન, આત્મચિંતનનો એ તો મંત્ર છે. સો અહં એટલે 'પરમાત્મા તે હું જ છું.' કોઈ કોઈને ગૃહસ્થાશ્રમમાં પણ પ્રણવનો મંત્ર અપાય છે. પ્રણવ શબ્દબ્રહ્મ કહેવાય છે. ગુરુ જો આપે તો તો એ બરાબર છે.

પ્રશ્ન : સો અહંનો નાદ તો આપોઆપ સંભળાય છે કે એને કોઈ અવલંબનની જરૂર પડે છે?

મા : અવલંબન કેવું? નાદ એ જાતે જ અવલંબન છે. નાદની સહાયથી જ મંત્ર બને છે.

પ્રશ્ન : નાદની ઉપાસના કઈ રીતે થાય?

મા : એ તો ગુરુ બતાવે છે.

પ્રશ્ન : સમાધિ અવસ્થામાં શ્વાસોચ્છવાસની ક્રિયા શું ચાલે છે?

મા : એક બાત હૈ! સમાધિ તો તરેહતરેહની હોય. ભાવસમાધિ, સવિકલ્પસમાધિ, નિર્વિકલ્પસમાધિ. કોઈ કોઈમાં શ્વાસ રહે છે. કોઈ કોઈમાં શ્વાસ રહેતો જ નથી. એમાં ડોકટરોની બુદ્ધિ કામ નથી કરતી!

પ્રશ્ન : સાંભળ્યું છે કે પાંચ હજાર વર્ષથી સમાધિસ્થ મહાત્માઓ પણ હિંદમાં છે, એ સાચું છે?

મા : કોઈ કોઈ કહે છે કે હિમાલયમાં કોઈ એવા મળી આવે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશ્ન : આપે એવા કોઈને જોયા છે ?

મા : વિંધ્યાચળમાં એકવાર આ શરીર ફરી રહ્યું હતું. ત્યાં આ શરીરે હજારો વર્ષના એક શરીરને જોયું. કેવું સુંદર રૂપ ! ખૂબ આકર્ષક ! એ તો દિવ્ય શરીર હોય. કોઈ કોઈનું શરીર તો હજારો સાલ થયા છતાં યુવક જેવું જ લાગે. કોઈ કોઈનું વૃદ્ધ જેવું લાગે. હાથની ચામડી ઝૂલી રહી હોય !

પ્રશ્ન : એ બધું આ સાધારણ ચર્મચક્ષુઓથી દેખાય કે નહિ ?

મા : કોઈ કહે છે કે હિમાલયમાં અસલી સ્થૂળ શરીરવાળા લોકો સાધનભજન કરી રહ્યા છે. એવા મહાત્માઓ આવા વાતાવરણમાં તો કેમ રીતે દેખાય ? વળી કેટલાક મહાત્માઓ સૂક્ષ્મરૂપે પણ ફરતા હોય છે, અને જ્યાં જ્યાં પ્રભુકથા થતી હોય છે, ત્યાં આવીને બેસતા હોય છે.

પ્રશ્ન : કુંડલિની શી વસ્તુ છે ?

મા : જે એ જાતની ક્રિયા કરે એને ખબર પડે. જ્યારે ગુરુમુખે એ સાંભળશો ત્યારે જ પ્રકાશ મેળવી શકશો. વાસ્તવિક અનુભવ થશે ત્યારે જ પત્તો મળશે. બિમાર બનવાથી જ તરસ લાગે છે. પાણી માગીએ છીએ ત્યારે અકળાઈને એક જાતની ગુંગળામણનો ભાવ વ્યકત કરીએ છીએ. અંદરખાનેથી જે પ્રકાશ થાય છે તે સ્વયં ભગવાન નામ રૂપે જ પ્રકાશિત થાય છે, કોઈ કોઈ વાર એમ પણ બને છે કે નામ પ્રકાશ થયો હોય તો યે એ નામ કોનું છે એ સાધક ન જાણે. છતાં એ નામ જપતાં જપતાં એ આગળ વધી શકે અને પરમાત્માને મેળવી શકે. મંત્રચૈતન્ય. ક્રિયાચૈતન્ય, પ્રકાશચૈતન્ય, મંત્રજપ કરવાથી થાય છે. જેને માટે મંત્ર હોય એ જ ખુદ પ્રકાશિત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થાય છે. મંત્રનાં રૂપ–ગુણ–સારું તત્ત્વ પ્રકાશિત થાય છે. મંત્રને પ્રકાશિત કરવો એટલે જ ચૈતન્ય. સાધનાના રસ્તામાં જ કોઇ સહયાત્રી મળી જાય છે. એને પૂછવાથી પણ રસ્તો મળે. સમયપત્રક જાણી લીધા પછી સ્ટેશન પર જવાથી જ પત્તો મળશે. ખુદ લક્ષણ, નામ, રૂપ, ગુણના સ્વરૂપે પ્રભુ પ્રકાશિત થાય છે. કયાં–સુધી જવાથી કેવું લક્ષણ પ્રકાશ થાય છે, તે બધી ખબર સાધકને પડે છે. ત્યાં સાઇનબોર્ડ પણ હોય છે. જેમકે લાહોર–ઘણા કહે છે ને કે લાહોર 'લવ' (લવ અને કુશ) ઉપરથી પડ્યું.

પ્રશ્ન : એક લક્ષાધિપતિ સંસાર ત્યાગ કરીને નીકળી પડ્યા.

મા : લખપતિ છે તે લક્ષ્યપતિ થવા જાય છે. આટલા દિવસ સુધી એ લક્ષ્યપતિ બન્યો નથી હોતો, હવે એ થવા જાય છે.

પ્રશ્ન : તેઓ સંન્યાસી થઈને બદરીનાથની જાત્રાએ નીકળેલા. સાથે બીજા એક સાધુ પણ હતા. રસ્તામાં એક જગાએ એક વૃક્ષ પર તેમણે એક ગોદડી મૂકી. ગોદડી મૂકીને એ બંને તો જાત્રાએ ચાલ્યા. રસ્તામાં પેલા સંન્યાસીનું મૃત્યુ થયું. ત્યારબાદ એમનો સાથીદાર તો જાત્રા કરીને પાછો ફર્યો. ફરતાં ફરતાં પેલા વૃક્ષ પાસે આવ્યો. એ ગોદડી લેવા જાય છે ત્યાં એના ઉપર એક સાપ બેઠેલો! પેલો સંન્યાસી જ સાપ બનેલો. તો મા! જેણે લાખોની મિલકત છોડી એને સાપયોનિમાં અવતાર કેમ લેવો પડ્યો? એને ઈશ્વરે મદદ કેમ ન કરી? એની આસક્તિ કેમ ન છોડાવી?

મા : એ માટે જ હોંશિયાર રહેવું જોઈએ. એક નાની સોયમાં પણ વાસના ન રહેવી જોઈએ.

એક ભાઈ : અમે સાંભળ્યું છે કે આ ખુદ હરિબાબાની જ ઘટના છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : હરિબાબા એવા કોઈ સંન્યાસી સાથે નહિ ગયેલા. બીજા કોઈ મહાત્મા પાસેથી સાંભળેલી વાત હશે.
બાગમાં જઈએ છીએ તો પૂજાનાં ફૂલ તોડવાં. કાંટા તરફ શા માટે જોવું ?

પ્રશ્ન : વાસનામાંથી સંપૂર્ણ મુક્તિ કયારે થાય છે ?

મા : જ્ઞાનાગ્નિ જ્યારે પ્રજ્વલિત થાય છે ત્યારે ભક્તિથી ગાળે છે અને જ્ઞાનથી જલાવે છે.

પ્રશ્ન : એ સંન્યાસી સર્પયોનિમાં હતા. ગોદડી તો એમણે છોડી દીધી હતી. સંન્યસ્તથી થોડું કે જ્ઞાન પણ મેળવ્યું હશે જ તો સર્પયોનિમાં પણ શું એ જ્ઞાન રહે છે ?

મા : હા. જ્ઞાન તો રહે જ. કેટલીવાર તો પ્રારબ્ધ ભોગ માટે જ જન્મ લેવો પડે છે.

પ્રશ્ન: આત્મસમર્પણ સમયે મુક્તિની ભાવના હોવી જોઈએ?

મા : મુક્તિ–અમુક્તિની તરફ દૃષ્ટિ જ નહિ રાખવાની. સમર્પણ કરો. બસ દેનાર તો એ છે ને ? એને જે ફાવશે તે દેશે, એવા ભાવથી સમર્પણ કરો. પછી મુક્તિ મળશે કે ભક્તિ મળશે એ તો દેનાર જાણે !

પ્રશ્ન: શુદ્ધ પ્રેમનું સ્વરૂપ કેવું હોય છે?

મા : પ્રેમ સ્વરૂપ તો આપણી આગળ જ પ્રગટ થાય છે. પુસ્તકોમાં એ વિષે લખ્યું હશે. જોઈ લેજો. વળી પ્રેમનું એક લક્ષણ તો તે છે કે એ અવર્ણનીય છે. કોઇ મિત્ર સાથે પ્રેમ થયો તો. એ કેવો થયો, તે તો જે અનુભવે તે જ જાણે. રસગુલ્લાંનો સ્વાદ તો જ્યારે એ મોંમાં પડે ત્યારે જ અનુભવાય.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશ્ન : આ સંસારમાં રહીને પણ શાશ્વત શાન્તિ મળી શકે?

મા : હાથ બાંધેલા હોય. પછી મુક્તિ મળી શકે? જો કે સંસારમાં રહ્યા છતાં પણ મુક્તિ મળી શકે. જેમ વીજળીના પંખાના અભાવે હાથપંખો ચલાવતાં ચલાવતાં ચૂવું પડે. ને એમ કરતાં કરતાં ક્યારે ઊંઘ આવી જાય છે, તેની તો ખબરે ય પડતી નથી. પછી તો હાથનો પંખો યે બંધ પડી જાય છે. પેલો વીજળીનો પંખો હોત તો તો ચાલ્યા જ કરત. પણ હાથ પંખો તો પડી જાય છે. સંસારની માયામાં ઊંઘ આવી જાય તો મુક્તિ માટેના પ્રયત્નો જ ભૂલી જવાય છે. એટલે સંસારમાં રહેવા છતાં પણ કોશિશ કરો. કરતાં કરતાં મુક્ત બની જવાશે. ખરો સંસાર તો અંદર છે. ચાર દીવાલ એ કાંઈ થોડો જ સંસાર છે? જંગલમાં રહેવા છતાં પણ મન તો સંસારમાં રમ્યા કરે, એમ પણ બને. એટલે જ્યાં હો ત્યાંથી મુક્તિ માટેનો પ્રયત્ન કરો. જ્યાં જ્યાં અંધારું છે ત્યાં ત્યાં દીવો પ્રગટાવ્યા કરો. અંધારું ધીરે ધીરે દૂર થશે. પણ સંસારમાં જ બરાબર રચ્યાપચ્યા રહેવું અને મુક્તિની પણ ઇચ્છા કરવી—એ એ કેવી રીતે બની શકે?

(મા ધૂન લગાવે છે.)

ગોપાળ બોલો, ગોવિંદ બોલો...

તા. ૮–૧૨–'૪૭

પ્રશ્ન : મા! આપણી ભારતમાતા—પાર્વતીનું દેહછેદન થયું છે, તે જોડાશે કે નહિ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : એ તો મારાથી કઈ રીતે કહેવાય ? ને એનું છેદન તો કોઈ કરી શકતું જ નથી ! શું છેદન ખરેખર થયું જ છે ? એ સાચી વાત છે ? ક્યારે થયું ? એ તો એની વિશાળ ગોદ છે—એ તો બધાંને સ્થાન દે છે. માતા એ તો માતા જ છે. માટી કહેવા છો ને ? માટી બરોબર મા હૈ. મા છે એ તો.

મા : (ધૂન) હરિબોલ...હરિબોલ...હરિબોલ...

(સ્વામી માધવતીર્થ ઉપદેશ આપે છે—ત્યારબાદ)

પ્રશ્ન : મા ! સ્વામીજી કહે છે બધું માયા છે. આપ કહો છો ઠાકૂરની લીલા છે !

મા : જે કરાવવાવાળો છે તે જ બધું કરાવે છે. બ્રહ્મસત્ય છે. જે કર્મ છે તે પણ એ જ છે, તેઓ કહે છે એ પણ સત્ય છે. એક વસ્તુ અગત્યની છે. દરેક કર્મમાં તત્દૃષ્ટિ જોઈએ. તો જ બ્રહ્મસાક્ષાત્કાર થાય.

જ્યાં માયા છે ત્યાં બ્રહ્મ નથી. માયા એટલે મેં આયા ! આયા એટલે ' આયા ઔર ગયા.' આવાગમન એ જ છે માયાવાદ. નેતિ, નેતિ એટલે નથી નથી.

બસ ! એનું જ ધ્યાન ધર્યા કરો. જેમ બરફમાં પાણી હોય છે ને પાણીમાં બરફ હોય છે એવું જ એનું સ્વરૂપ છે—નિરાકાર નિરાકાર છે. છતાં જે પાત્રમાં રાખો એવો આકાર ધારણ કરે !

આ બધી એની જ લીલા છે. રૂપે—અરૂપે એ જ વિચરે છે. એ જ આવે છે, એ જ જાય છે. ભગવાન પોતાની સાથે જ તાલી લે છે. પોતે પોતાની સાથે જ ખેલ કરે છે. એ માટે લીલા. પિતાજીએ બરાબર જ કહ્યું છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ બાળકી તો હિન્દી જાણતી નથી. એટલે સ્ત્રીલિંગ, પુંલિંગનું ભાન રહેતું નથી. પિતાજીએ ભણાવી પણ નથી! લખતાં–વાંચતાં પણ શીખવ્યું નથી.

સ્વા. મા : ભગવાને જે કહ્યું છે–શાસ્ત્રમુખે–એ જ હું તો કહું છું.

પ્રશ્ન : જે અનુભવગમ્ય છે એ વિદ્યારૂપે–વાણીદ્વારા સમજાવી શકાય કે નહિ?

મા : બ્રહ્મવિદ્યા છે. પણ બ્રહ્મવિદ્યાદ્વારા તો વર્ણન કરી શકાય. બ્રહ્મ કેવો છે તે તો કઈ રીતે કહી શકાય? એ તો અશક્ય વસ્તુ છે. 'બ્રહ્મ' કહેવાય એમ નથી. 'નથી' કહેવામાં પણ થોડો અવકાશ રહી જાય છે. 'છે' કહેવામાં પણ પૂરું થતું નથી. 'હા' કહેવાથી પણ પતતું નથી. 'ના' કહેવાથી પણ બસ થતું નથી. એ જે છે તે તો વાણીથી પ્રકાશિત કરી શકાતો જ નથી.

સ્વા. માઃ માતાજી!

મા : વાહ! પિતાજી! હું તો આપની બાળકી છું, નાની બાળકી.

સ્વા. મા : પિતાજીના માતાજી! ને માતાજીના પિતાજી! આ તો નવો સંબંધ.

મા : નવો સંબંધ? નવો શા માટે? બધું પુરાતન જ છે. નવું કશું છે જ નહિ. પિતાજી! સુનો! માતાપિતા, પરમમાતા, પરમપિતા, પરમબંધુ.....એ જ છે ને? એ એટલે જ તમે. તો પછી નવો સંબંધ કઈ રીતે થયો? તમે કહો છો ને કે આત્મા તો એક છે. આત્મા એક જ છે. પિતા કહો, માતા કહો, ચાહે તે કહો.

પ્રશ્ન : તો શું વાણીથી બ્રહ્મવર્ણન થઈ શકે નહિ, એમ આપ કહો છો ને?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : પિતાજી કહે છે ને કે વાણીદ્વારા એનું વર્ણન થઈ શકે નહિ. વાણી તો માત્ર ઇશારો કરે–માત્ર દિશા બતાવે–માત્ર આંગળી ચીંધે. એનું વર્ણન થઈ શકે નહિ.

પ્રશ્ન : મા ! પિતાજી તો બધી શાસ્ત્રની મોટી મોટી વાતો કરે છે. શું રસોઇશાસ્ત્ર વાંચવાથી પેટ ભરાઈ જાય કે ?

મા : કલકત્તા જાવ ત્યારે જ બરાબર ખબર પડે કે કલકત્તા શું ચીજ છે એને માટે રેલ્વેનું સમયપત્રક જોવું પડે, ગાડીમાં બેસવું પડે, ને પ્રતીક્ષા કરવી પડે. જવા માટે પણ પહેલેથી પત્તો તે મેળવવો પડે ને ?

એક જણ : વાંચવાથી ખાવાનું નહિ મળે. માની પાસે જાઓ અને માગો કે મા ખાવા આપ.

પ્રશ્ન : બાળક ભૂખ્યું થાય છે ત્યારે મા ખુદ જ આવીને એને બોલાવી જાય છે. બાળકને મા પાસે જવું જ પડતું નથી. મા જ આવે છે.

મા : બચ્ચું ભૂખ્યું થાય છે ત્યારે ઘર તરફ જુવે છે ને ? માને પુકારીને રડે છે ને ? એના મનમાં તે વખતે મા જ રમી રહે છે. તમે અહીં–તહીં શું જોયા કરો છો ? અહીં (પોતાનું શરીર બતાવીને) મા છે, તો શું ત્યાં (માધવાતીર્થ તરફ આંગળી કરીને) મા નથી ?

આત્મા એટલે મા. એ તો શાસ્ત્રવાક્ય છે, ગુરુ વાક્ય છે. મા તો આવું જ પીરસી શકે છે.

એક બીજી વાત. મા તો ખુદ પીરસે, થાળ ભરી દે જ. થાળ ભરી આપે એટલે ? એ દ્વારા પ્રકાશ આપે છે કે નહિ એ તો તમે જાણી શકો પણ નહિ. આકાંક્ષાને તો ભગવાન જ વધારી શકે !

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશ્ન : બાળકને ખાતાં નથી આવડતું હોતું. મા જ એને ખાતાં શીખવે છે.

સ્વા. મા : મા! એમને જાતે કાંઈ કરવાની ઇચ્છા જ નથી!

મા : કરવાની ઇચ્છા નથી એમ નહિ! પણ 'તમે ખાવા આપો,' 'તમે ખાવા આપો' એમ પુકાર જ કરતા નથી.

સ્વા. મા : મા કહે છે કે માને દરરોજ કહો 'ખાવા આપો,' 'ખાવા આપો.' 'ખિલા દો'! 'ખિલા દો'!

એક જણ : પણ મા! (હૃદય પર આંગળી મૂકીને) તું તો ખરેખર ખીલા દે છે. ખીલા ભોંકે છે અહીં.

મા : હા.....એની પણ જરૂરત પડે છે જ. જુઓને! એક દેશનો શબ્દ એ બીજા દેશમાં ગાળ મનાય છે! શિક્ષાની પણ જરૂર છે જ. શિક્ષા વગર શિખાતું નથી. ધક્કો લાગ્યા વિના આગળ વધાતું નથી!

(માતાજીના તંબૂમાં)

પ્રશ્ન : પ્રકૃતિ અને પરાપ્રકૃતિમાં શું ભેદ છે?

મા : પરાપ્રકૃતિ મુક્તિને અનુકૂળ છે, અને પ્રકૃતિ બંધનનું કારણ બને છે–બંધનને અનુકૂળ છે.

પ્રશ્ન: પરાપ્રકૃતિથી મુક્તિ મળે છે?

મા : પ્રકૃતિથી મુક્તિ નથી મળતી.

પ્રશ્ન: ચંડીપાઠમાં સા વિદ્યા પરમામુક્તિ હેતુર્ભૂતા સનાતની એવું લખ્યું છે ને?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : પરાવિદ્યા પ્રાપ્ત કરવાથી મુક્તિ મળે છે જ–અસલી મુક્તિ. તમે કેવી શક્તિથી મુક્તિ મેળવશો એ મુખ્ય પ્રશ્ન નથી. એ તો સ્વયંપ્રકાશ છે. શક્તિનું સ્વરૂપ ક્રિડા છે. સંસારમાં ફસાવનારી માયા છે એ તો.

પ્રશ્ન : સ્વપ્નમાં દેવદેવીઓનાં દર્શન–જ્યોતિર્મયરૂપનાં દર્શન કદિ થાય કે?

મા : હોય છે–થાય છે. પ્રકાશ થાય છે જ. જગતમાં મહાતેજ–મહાજ્યોતિ હોય છે જ. જ્યોતિ જ્યોતિમાં પણ ભિન્નતા હોય છે. અસલી બ્રહ્મ તેજ એ અનોખી જ વસ્તુ છે. અસલી જ્યોતિથી તો પ્રભુ મળે–એ તો એક જ છે. સ્વયંપ્રકાશ.

પ્રશ્ન: જાગૃતપણું, સ્વપ્ન અને સુષુપ્તિ-એ ત્રણે અવસ્થા શું સાથેજ રહે છે?

મા : ત્રણે અલગ અલગ દેખાડે છે. સ્વપ્નમાં પ્રત્યક્ષ દર્શન થાય છે. અત્યારે જ જે જાગૃતિ હું અનુભવું છું એ પણ સ્વપ્ન જ છે ને? જે દેખું છું, સાંભળું છું એ બધું તો અનિત્ય છે ને? એ રીતે તો કલ્પના બતાવાય છે.

એક ભાઈ : માનો કે હું અત્યારે કોલેજમાં લેક્ચર આપી રહ્યો છું. મને ખ્યાલ આવ્યો કે માતાજી મુંબઈમાં છે. શું એમાં ત્રણે અવસ્થા સાથે નથી આવતી?

પરમાનંદજી : તમે જ્યારે કોલેજમાં લેક્ચર આપી રહ્યા હો છો, ત્યારે માને પ્રત્યક્ષ તો જોતા નથી. મા મુંબઈમાં છે એ તો કલ્પના છે. સ્વપ્નમાં તો વસ્તુ પ્રત્યક્ષ દેખાય છે.

મા : સૂક્ષ્મદૃષ્ટિથી ત્રણેયનો સમન્વય સાધી શકાય. આખરી વસ્તુ જ્યાંસુધી ન મેળવો ત્યાંસુધી સર્વમાં સર્વ છે. એકમાં જ સર્વનો લય થાય.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશ્ન : સ્વપ્નમાં તો મનમાં હોય છતાં પ્રત્યક્ષ રહે છે. જાગૃતમાં જે હોય છે તે કલ્પના હોય છે. સ્વપ્નમાં મુંબઇ દેખાય, જાગૃતાવસ્થામાં ન દેખાય.

મા : ત્યારે આવી વાત છે. બાકી, યોગથી તો અહીં—અમદાવાદમાં જ —મુંબઈ જોઈ શકાય.

પરમાનંદજી : યોગીની પાસે સમય—સ્થળનાં બંધનો નથી રહેતાં.

મા : સમય નવ વાગ્યાનો હોય ને દસ વગાડી દે, એમ બને. જુઓ અત્યારે એક જગાએ મધ્યરાત્રી છે, એક જગાએ ત્રણ વાગ્યા છે. હરવખત આમ બન્યા જ કરે છે.

પ્રશ્ન : ધ્યાનસ્થ દશા હોય, એમાં જે જ્યોતિ દેખાય છે તે શું છે?

મા : એ તો સુંદર વસ્તુ છે. વ્યક્તિ વ્યક્તિને એ જુદી જુદી વસ્તુ લાગે. તેજ એટલે મહાતેજ. યોગી લોકો તો દશ વર્ષ પહેલાંની તમારી સ્થિતિ પણ જોઈ શકે છે. અને એ સ્થિતિમાં તમને મૂકી શકે છે.

પ્રશ્ન : જો પ્રકાશ સાચો જ હોય તો એ ચિરંતન પ્રકાશ હોવો જોઈએ.

મા : એ પ્રકાશ સ્થિર નથી રહેતો. સ્થિર રહે તો તો તમે તો બદલાઈ જાવ. પણ એ પ્રકાશની તો ઝાંખી પણ ઘણી છે—સારી છે.

પ્રશ્ન : જે જ્યોતિ બુઝાય છે એને પ્રજ્વલિત કરો.

મા : પ્રજ્વલિત કરવા માટે જુસ્સાથી સાધનભજન ચલાવો. દરેકને માટે સાધનની એક રીત નથી, ભિન્નભિન્ન છે. જ્યોતિ બુઝાઈ જાય તો પણ સાધન કર્યા જ કરો. સાધન કરો, ફળ જરૂર મળશે જ. એક ઉપાયથી બંધ થશે—બીજાથી પાછી પ્રજ્વલિત થશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશ્ન : સંતને ઓળખવા કેવી રીતે ?

એક ભાઇ : મા ! એવું થર્મોમિટર બનાવો.

મા : એવું થર્મોમિટર પણ મળે, જે સમજે છે તે સમજી જાય. વાતથી જ સમજી જાય છે. થર્મોમિટર, ટેમ્પરેચર, ડીગ્રી બધું'ય છે.

પ્રશ્ન : શ્રાદ્ધ એ શું અનિવાર્ય છે ?

મા : હા, કરવું જ જોઈએ. એક વાત છે. એક પંડિત અને ફકીર એકવાર ઘરમાં બેઠા હતા. ત્યાં ઓચિંતી પંડિતને ફણસની સુગંધ આવવા માંડી. ઘરમાં તો ફણસ ન હતું. બગીચામાં પણ ન હતું. વળી આ ફણસની ઋતુ પણ ન હતી. તો પછી વાસ આવી ક્યાંથી ? એણે તો બધે તપાસ કરી. પણ ક્યાંય ફણસ ન મળે. આખરે ફકીરને વાત કરી. ફકીરે એને પોતાની સાથે આવવા કહ્યું. બંને નદીકિનારે ગયા. નાવમાં બેસીને સામે પાર ગયા. ત્યાં એક ઝૂંપડું હતું. એમાં બેસીને એક યુવાન શ્રાદ્ધ કરી રહ્યો હતો. એને બતાવીને ફકીરે કહ્યું, " આ યુવાન, તારો પૂર્વજન્મનો પુત્ર છે. તે જ અત્યારે આપનું શ્રાદ્ધ કરે છે. આપને ફણસ ખૂબ ભાવતું. એટલે આજે પણ, એ ગમે ત્યાંથી, ફણસ મેળવી લાવ્યો છે. ને શ્રાદ્ધ કરે છે. એ શ્રાદ્ધના પ્રભાવે જ એ ફણસની વાસ તમને આવી રહી છે." જેમ ટેલીગ્રામથી ખબર મળી જાય છે, તેમ શ્રાદ્ધથી પણ મળે છે. પહેલાં ટેલીગ્રામ હતો–તાર હતો, ધીમે ધીમે તે હવે બે તાર (Wireless) બની ગયો છે ! મંત્રથી તો બધું જ શક્ય છે.

પ્રશ્ન: મૃત્યુ પછી જીવાત્મા બીજો દેહ મેળવે છે, કે વચમાં એને થોડો સમય શરીર વિના રહેવું પડે છે ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : દરેકને માટે અલગ અલગ વસ્તુ બને છે. કોઈ જલદી જન્મ લઈ લે છે, કોઈને જન્મ લેતાં વાર પણ લાગે. કર્મ પર એનો આધાર છે. (ઊઠતાં ઊઠતાં) કર્માનુયાયી જન્મ હોતા હૈ !

તા. ૯-૧૨-'૪૭

પ્રશ્ન : ઉદ્ધવજી તો ભગવાનના નિત્ય સાથી હતા. બાલસખા હતા. તો પણ ભગવાને જતી વખતે ઉદ્ધવજીને કહ્યું કે તમે બદરીનાથ જાવ. ત્યાં સાધનભજન કરો. તો ભગવાનના નિત્યસખા હતા છતાં ભગવાને એમને કેમ છૂટા પાડ્યા ? એમને પોતાની સાથે મોક્ષધામમાં કેમ ન લઈ ગયા ?

મા : ભગવાન શું કરવાથી રાજી થાય ?

પ્રશ્ન : એ તો ભગવાન જાણે.

મા : ભગવાન જ જો જાણે છે તો, એ જે જાણે છે તે એ કરે છે ! ભગવત્લીલાનાં તો બધાં જ સંગી સરખાં છે ને ? બદરીનાથમાં કોણ છે ? ત્યાં પણ એ જ છે ને—ખુદ ભગવાન જ છે ને ? ભગવાને પોતાની પાસે જ ઉદ્ધવજીને મોકલ્યા ને ? જ્યાં જુઓ ત્યાં એનાં જ સ્વરૂપો છે. સર્વને પ્રણામ કરો. બદરીનાથ જવું, તપસ્યા કરવી, એ બધું એની મરજીથી જ થાય છે. વિશ્વબ્રહ્માંડ એનું જ રૂપ છે. હરેક રૂપમાં એને જ જુઓ. તપસ્યાના રૂપમાં પણ ભગવાનને જ જુઓ. ભગવાન જે કરાવે તે કરો. તમે જુઓ છો કે ભગવાન અલગ અલગ છે. ભગવાન કહે છે કે બધાં રૂપોમાં મને જુઓ ! એમાં તો અનંતરૂપ, ગતિ, સ્થિતિ છે. જ્યાં લીલાની વાત છે ત્યાં હરેક રૂપમાં એ જ છે, એ જ છે, એ જ છે. વોહિ હૈ !

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગુરુની વાણી મંત્ર છે. સ્વયં ભગવાન કદી બોલતા નથી. તમારી ભાવના પ્રમાણે કરો તો તમે ભગવાનને કબજે કરી શકશો. શું કરવાથી બાળક સુખી થશે, એ માતાપિતા જાણે છે. ભગવાને આમ કેમ કર્યું, એ પ્રશ્ન જ અસ્થાને છે. તમે જે સ્થાનમાં છો– તમારું જે દૃષ્ટિબિંદુ છે એમાં આ બરાબર છે. ભગવાન કે ભગવાનનો ઉચ્છિષ્ટ પ્રસાદ બંને એક જ વસ્તુ છે. અલગ અલગ ભાવથી તો ભગવાનથી અલગ રહેવાનો જ માર્ગ મળે છે. પિતાની જાગીર તે બાળકની જ જાગીર છે. સારી જમીનદારી–સારો પ્રકાશ–એની પાસે જઈને જુઓ. એને પ્રત્યક્ષ રૂપમાં, હરેક ભાવમાં, હરેક રૂપમાં, જોવાની કોશિશ કરો. જે જેવું ઇચ્છે છે તેવું જ મેળવે છે. વિયોગ પણ પ્રભુનો જ એક પ્રકાશ છે. રાધા કૃષ્ણનો વિયોગ તો એક રસ છે! બરાબર છે ને?

પ્રશ્ન : ભજનકીર્તનમાં સમાધિદશા એ શું છે?

મા : સમાધિદશા કોને કહે છે? સમાધિદશા પ્રાપ્ત થાય તો એનાથી જુદા રહેવાનું નથી. માત્ર એકાદ બે કલાક ધ્યાનમાં લીન બની જવાય એને સમાધિ ન કહેવાય.

પ્રશ્ન : રામકૃષ્ણ પરમહંસને પણ ભાવ સમાધિ થતી હતી ને?

મા : સાધારણ દૃષ્ટિથી, કીર્તનમાં ભાવ થાય, કીર્તન પછી પાછા સંસારમાં પડી જવાય. એ તો ક્ષણિક ચિનગારીનો પ્રકાશ છે, બીજું કાંઈ નહિ. ભગવાનના નામથી જે આવે છે તે ઠીક છે. પરમહંસજીની તો વાત જ ન્યારી છે. ભાવ સમાધિમાં એમની વાત હું ન કરી શકું. સમાધિસ્થ સ્થિતિમાં વિષયાતીત બની જવાય છે. જેવી રીતે એમ. એ. પાસ કર્યા પછી પણ, માણસ નાનાં બાળકને ક–ખ શીખવી શકે છે. ક–ખ શીખવવાથી એની એમ. એ.ની ઉપાધિ કાંઈ ચાલી જતી નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તે રીતે એકવાર સાચી સમાધિ પ્રાપ્ત થાય પછી એ અનુભવ ચાલ્યો જતો નથી. છોટા બડા સબ તો તુમારી પાસ હૈ! વહાં તો છોટા બડાકા સવાલ હિ નહિ હૈ!

હરતાં ફરતાં પણ સમાધિ થઈ જાય તો થઈ જાય. જે રીતે મહાપુરુષ ભાવમાં સ્થિત થઈ જાય તો થઈ જાય. એવા મહાપુરુષને માટે તો પરમસ્થિતિમાં રહ્યા છતાં, ભાવ અભાવ સરખા છે–સમાન છે. મહાપુરુષની સ્થિતિ જોવાથી એને કળી શકાય છે.

પ્રશ્ન : ક્ષણિક વિજ્ઞાનથી, પરમતત્ત્વ જે છે તે કેમ રીતે જોઈ શકાય?

મા : વિશેષજ્ઞાન જો મેળવો તો પરમતત્ત્વ મળે.

પ્રશ્ન : સત્ય તો એક છે. છતાં જો એક જ મતમાં માનીએ તો, એ સિવાયના બીજા મતો જૂઠા ઠરે. એક મતવાદને જો સત્ય માનીએ તો અન્ય જૂઠા ઠરે છે. એનું શું કારણ?

મા : વાદ–વાદ ને બાદ કરીને વિચારો. વાદ તો હંમેશાં બાદ જ રહેશે. સત્ય પ્રાપ્તિના રસ્તા જુદા જુદા છે–સત્ય જુદું નથી. રસ્તામાં ભેદ છે, સ્થિતિમાં ભેદ નથી. જન્મગત કે કર્મગત સંસ્કારો પ્રમાણે દરેક પોતપોતાને અનુકૂળ માર્ગ ગ્રહણ કરે. 'જત મુનિ તત મત!' (તુંડે તુંડે મતિર્ભિન્ના)

પ્રશ્ન : ક્ષણિક પ્રકાશનો આવેશ આવે, વળી બુઝાય જાય. એ વાર-વાર આવે ને બુઝાઈ. એમ કેમ થતું હશે?

મા : એમ બુઝાતાં બુઝાતાં પ્રજ્વલિત થશે જ. જો એમ આવેશ આવ્યા જ કરે તો તો રસ્તો ખૂલી જાય. જલતાં જલતાં પ્રજ્વલિત થઈ જાય.

પ્રશ્ન : પ્રજ્વલિત કરવાનો સરળમાં સરળ માર્ગ કયો?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : ઓછામાં ઓછું સત્સંગ તો કરો જ. જો સાધુ મહાત્માનો સંગ ન મેળવી શકો તો સદ્ગ્રંથ વાંચો, ધ્યાન કરો, પૂજાપાઠ કરો. પ્રભુનું જ ચિંતન કરો. જેટલી કોશિશ કરશો એટલા આગળ વધી શકશો.

પ્રશ્ન : ભગવાન સર્વવ્યાપક છે, એની ખાત્રી શી ?

મા : અધ્યાપક કે શિક્ષક પરીક્ષા લે છે તે કોને માટે હોય છે ? બાળકને માટે, પરીક્ષકને માટે નહિ. શિક્ષક તો બધું જ જાણે છે. પણ એ વિદ્યાર્થીને ભાન થવું જોઈએ કે પોતે કેટલામાં છે. પોતાનામાં કયા કયા દોષો છે. ભગવાનની પરીક્ષા લેતાં પહેલાં આપણે આપણી જ પરીક્ષા લેવી જોઈએ. આપણે આપણી જાતનો જ અભ્યાસ કરવો જોઈએ. પ્રભુ તો પરીક્ષક છે. પરીક્ષાથી તે પર છે. પરીક્ષા તો તમારે માટે છે. તમે જ તમારી જાતને ઓળખો, એટલા માટે છે. ઘણા સાધન તો કર્યે જ જાય છે, કર્યે જ જાય છે. છતાં વૃત્તિઓ, ગુસ્સો, લોભ આદિ તો રહે જ છે. પ્રભુપ્રાપ્તિનું ધ્યેય રાખે છે, પણ એ તો મેળવવું રહી જ જાય છે. એટલે પરીક્ષા એ પ્રોફેસર માટે નથી. વિદ્યાર્થીઓ માટે હોય છે. એ તો જાણે છે કે તમે કેટલામાં છો.

પ્રશ્ન : મનમાં સંશય ઊઠે તે સારું કે ખરાબ ?

મા : એક બાત હૈ ! રસ્તામાં જનારને સંશય તો થાય જ. જ્યાંસુધી નિઃસંશય ન બનાય ત્યાંસુધી સંશય તો આવશે જ. ભલે આવે ! એ પોતે ખરાબ વસ્તુ નથી. પ્રશ્ન જાગશે, પ્રશ્ન આવશે, તો જ ખુલાસો પણ આવશે. સંશયમાંથી સંદેશ મળે છે, ને સંદેશમાંથી સમાધાન મળે છે. સંશય જાગે છે અભ્યાસ કરતાં કરતાં. જેણે અભ્યાસ જ કર્યો નથી, જે લખતાંવાંચતાં પણ શીખ્યો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નથી, એને સામાન્યતઃ પ્રશ્નો જ આવતા નથી. બીજું, જે પરીક્ષામાં પાસ થઈ ગયા છે એમને પ્રશ્નો નથી આવતા.

વારંવાર પૂછવાથી પ્રશ્નો નષ્ટ થાય છે. ગુરુને વારંવાર પૂછો. એ જે કહે તે કર્યા કરો. વળી પાદપૂજા, સાધનભજન પણ કર્યા કરો. જે રીતે ખાવું, પીવું, નોકરી, ઊંઘવું, બેસવું એ નિત્ય કર્યા કરો છો. એ રીતે નિત્ય નિઃસંશય બનવા માટે પ્રભુ પ્રાર્થના કર્યા કરો, પૂજાપાઠ કર્યા કરોઃ આગ પ્રગટાવો, તાપ લાગશે જ. મનથી જો કરશો તો બદલાઈ જશો. સારી પેઠે જો આગ લગાડશો તો બાળી શકશો—બદલાઈ જશો. થોડી આગથી જલાવી ન શકાય. માત્ર થોડો તાપ જ લાગે. થોડાસે થોડા મિલતા! કુછ મિલનેસે કુછ નહિ હોતા! કુછ માંગનેસે કુછ મિલતા! મગર ઇસસે સબકુછ નહિ હોતા!

પ્રશ્ન : એક વસ્તુની આપ વાત કરો છો તે સાંભળીએ છીએ. ખ્યાલમાં પણ રહે છે. ભગવાન વિષે સાંભળીએ છીએ. છતાં હરેક કાર્ય કરતાં એ યાદ કેમ નહિ રહેતા હોય?

મા : ચંચળતા એ મનનો સ્વભાવ છે. જન્મજન્માંતરોના એના પર સંસ્કારો પડેલાં હોય છે. એટલે એ બહિર્મુખ બનેલું હોય છે. એને અંતર્મુખ કરવું તે સહેલું નથી. બહાર રખડવાની એને આદત પડી ગઈ હોય છે. જે અંતર્મુખી નથી એને સાક્ષાત્કાર થતો નથી. માટે અંતર્મુખી બનવા પ્રયત્ન કરો. ભગવાન અંતર્યામી કહેવાય છે ને? એને મેળવવા માટે અંતર્મુખી બનો. તો જ અંતર્યામીનો પ્રકાશ પામશો. મનને બહાર રખડવા દેવાથી ગૂંગળામણ થશે. સાધન કરતાં કરતાં એક અવસ્થા એવી આવશે, જ્યારે બહારની વાતો સારી નહિ લાગે. એમાં ચેન નહિ પડે. પણ જ્યાંસુધી એ ગતિ ન મળે ત્યાંસુધી અંતર્મુખી થવા પ્રયત્ન કરો. એ ગતિ મળ્યા પછી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તો કાંઈ સવાલ જ નથી. મન એકી સાથે બે ગતિમાં રહી શકતું જ નથી. બેથી કામ બગડશે. એક મેળવવાનો પ્રયત્ન કરો. બીજું, પૂજા કરો તે બતાવવા માટે ન કરો. અભ્યાસી બનો. એથી શું થશે? અનભ્યાસ ઓગળી જશે. અભ્યાસથી શું થશે? આગળ જતાં અનભ્યાસ અને અભ્યાસ બંને ટળી જશે. એકત્વને પામશો.

પ્રશ્ન : ઘણા લોકો કહે છે કે અભ્યાસથી–સાધનભજનથી, જે દર્શન મળે છે, એનું કારણ તો દિમાગ ખરાબ થઈ ગયું હોય છે– ઢીલું પડી ગયું હોય છે, તે જ હોય છે. એ શું સાચું છે?

મા : દિમાગ બગડવાથી દર્શન મળે છે!?.....વાહ! કેવું સરસ! .....પ્રકાશ તો સ્થાન સ્થાન પર છે. દર્શન તો તમારે કરવાનાં છે. ખરાબ દિમાગથી એ કેની રીતે બની શકે? નિદ્વંદ્વની તરફ લઈ જવું તે તો પ્રકાશનો સ્વભાવ છે. દિમાગની ગરબડ એમાં કામ ન આવે. અને પ્રકાશથી કે દર્શનથી તો દિમાગની ગરબડ પણ સાફ થઈ જાય છે.

પ્રશ્ન : સાકારરૂપે દર્શન થઈ શકે?

મા : હા. જરૂર.

પ્રશ્ન : આપ રસ્તામાં કોઈ દુઃખીને જુઓ. એ ગમે તેટલો કુપાત્ર હોય, તો પણ આપને એની દયા ન આવે? આપ એને મદદ ન કરો? ભગવાન એ રીતે મદદ ન કરે?

મા : આપ આપનો જ ખ્યાલ કરો. હંમેશાં આરામમાં જ રહો. ઈશ્વરને તો જ્યારે ખરા દિલથી પુકારશો ત્યારે એ સત્વર આવશે જ.

એક જણ : એ તો ત્યાં હોય છે જ. એ તો સર્વ વ્યાપક છે.

મા : વાસુદેવ તો સર્વના હૃદયમાં છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશ્ન : પાણીમાં કીડી પડેલી આપણે જોઈએ છીએ, કે તરત જ એને ઊઠાવી લઈએ છીએ. ભગવાન એ રીતે દયા કરીને આપણને ન ઊઠાવી લે?

મા : એની કૃપાના બે રસ્તા છે. અનુગ્રહ અને નિગ્રહ દુનિયામાં સુ અને કુ બંને છે. જેને માટે જે માર્ગ યોગ્ય તે જ ઈશ્વર વાપરે છે. બિમારીરૂપે, ક્રિયારૂપે, કર્મરૂપે—એમ હરેક રૂપમાં જે પ્રગટ છે, એને જુઓ. જ્ઞાનિને અંતે પણ પ્રકાશ થાય છે જ.

વળી એક બીજી દૃષ્ટિથી જોઇએ તો, એ તો દુઃખોદ્વારા—બિમારીદ્વારા તમારી સફાઈ જ કરી રહ્યો છે. એ અસલી ડોક્ટર તો સાફસૂફી કરી રહ્યો છે.

બીજી એક દૃષ્ટિથી જુઓ. કોણ કોને મારી શકે છે? કોણ બિમાર છે? જે બિમારી તમે જોઈ રહ્યા છો તે તો ભ્રાન્તિ છે. વોહિ હૈ! વોહિ હૈ! વોહિ હૈ!

પ્રશ્ન : ઘણા સાધુઓ વેશ્યાને ત્યાં જાય છે. પતનમાં ગરકાવ થઈ જાય છે. પણ આખરે આંખો ઊઘડે છે. છતાં એમને દર્શન મળે છે!

મા : એનો અર્થ એવો નહિ કે તમે પણ પડો. કોઈ કોઈનો એવો પલટો થાય પણ છે. કર્માનુસાર દરેકને એવાં કર્મો કરવાં પડે છે. મિત્ર ભાવે સાત જન્મ. શત્રુભાવે ત્રણ જન્મ—એમ કેટલા યે જન્મો જાય છે. પણ જો પુકાર ઊઠે તો એક જન્મથી પણ પતી જાય છે.

પ્રશ્ન : જો ત્રણ શત્રુજન્મથી પતનું હોય તો તો બધાં શત્રુભાવે જ એને ભજવાનું પસંદ ન કરે?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : એના જેવું કર્મ કરવાની શક્તિ તો જોઈએ ને? શત્રુ બનવા માટે પણ ખરેખરો શત્રુભાવ હોવો જોઇએ ને? એવો ભાવ જાગવો જોઈએ કે જેમાંથી ઘર્ષણ ઉત્પન્ન થાય. એ ઘર્ષણદ્વારા અગ્નિ પ્રગટે. એને માટે તીવ્રક્રીડા જોઈએ. તીવ્રમાં તીવ્રક્રીડા વિના અગ્નિ નથી પ્રગટતો. જ્યાં આગ પ્રગટે છે, ત્યાં પછી એકાગ્રતા આવે છે. જ્યાં એકાગ્રતા આવે ત્યાં એ આપો-આપ પ્રગટ થાય છે.

પ્રશ્ન: આપે કહ્યું ને કે બિમારી પણ ભ્રાન્તિ છે. એ કેવી રીતે?

મા : તમારી દૃષ્ટિએ તો બિમારી તે બરાબર બિમારી જ છે. પણ જ્યાં સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપનું દર્શન થયું ત્યાં બિમારીની વાત જ અલગ છે. દુનિયા તો કહેશે, આ તો બધાં ગપ્પાં છે ગપ્પાં.

પ્રશ્ન : મરણ બાદ આત્માની કેવી સ્થિતિ થાય છે?

મા : પોતપોતાના કર્મની ગતિ, ગતિ અનુસાર એની સ્થિતિ થાય છે.

પ્રશ્ન : શરીરના મૃત્યુબાદ આત્મા વચમાં કચાંય રોકાય છે ખરો કે?

મા : આત્માનાં પણ વચમાં સ્ટેશન હોય છે, રૂકાવટ હોય છે. જ્યાં જન્મમૃત્યુની વાત છે ત્યાં આમ બને છે. (પછી સ્વામી માધવા-તીર્થ, સુપ્રસિદ્ધ અમેરિકન વૈજ્ઞાનિક આઇન્સ્ટીનની સાપેક્ષવાદની 'થીઅરી'—(Theory of Relativity)—સમજાવે છે.) પિતાજી કેટલા ભલા છે! એક જ ઉદાહરણદ્વારા આપણને બધું જ શીખવે છે! પિતાજી તો આત્મારામ છે!

પ્રશ્ન : બાળકી 'મા' બને ને મા 'બાળકી' બને એ કેવું?!

મા : સમાન ઉમ્મર છે ને, એટલે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશ્ન : જ્યાં 'મા' ભાવ છે ત્યાં બાળકીનો ભાવ કેવી રીતે આવે ?

મા : દીકરા પણ મટી જવાય છે, દીકરી પણ મટી જવાય છે.

સ્વા. મા : 'મા'ની ઉપાધિ અને 'દીકરી'ની ઉપાધિ, 'મા' અને 'દીકરી'નો સંબંધ કયારે થયો, તેના પર અવલંબે છે.

પ્રશ્ન : સ્વામીજી ! નિવૃત્તિ કઈ રીતે પ્રાપ્ત થાય ?

સ્વા. મા : કર્તા પણ છૂટે અને કર્મ પણ છૂટે ત્યારે. કર્તાપણાથી નિવૃત્તિ મળશે.

મા : પિતાજી કહે છે કે જ્યાંસુધી શરીરનાં કર્મો દેખાય છે, ક્રિયા દેખાય છે ત્યાંસુધી નિવૃત્તિ કેવી ?

પ્રશ્ન : કર્મ જ્યાંસુધી કરીએ છીએ ત્યાંસુધી તો મન ચલિત થાય...

સ્વા. મા : જ્ઞાનીનું મન ચલિત રહેતું નથી. અજ્ઞાનીનું મન ચલિત રહે છે.

પ્રશ્ન : ત્યાંસુધી દેહ છે જ્યાંસુધી મનનો નાશ કેવી રીતે થશે ? મનોનાશ વિના અચલપણું કયાંથી આવે ? તો પછી સદેહે નિવૃત્તિ પણ કેવી રીતે મળે ?

સ્વા. મા : મનની ગતિ બદલવી પડે છે.

મા : મન રહે છે કે નહિ ?

સ્વા. મા : મનની તો પ્રતિભાસિત (Appearance) પ્રતીતિ માત્ર રહે છે—જે રીતે મૃગજળ દેખાય છે ને એવી. એ તો મિથ્યા છે.

પ્રશ્ન : મન ક્રિયા કરે છે કે નહિ ? મન પ્રતિભાસિત છે કે પ્રત્યક્ષ ?

સ્વા. મા : મનની તો પ્રતીતિમાત્ર છે—કલ્પિતમાત્ર, મન જો સાચું હોય તો તો દ્વૈતભાવ આવે. (કારણ બ્રહ્મ એક જ સત્ય છે.)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશ્ન : જ્ઞાનીનું મન તો નાશ થઈ ગયું હોય ને ?

સ્વા. મા : માતાજી સમજાવે. કહિન વસ્તુ આવે ત્યારે મા કહે છે કે હું પઢીલખી નથી !

મા : હું તો કાંઈ લખીપઢી નથી. કહિન વસ્તુ આવે છે ત્યારે જ આમ કહું છું એમ નથી. અધરું સહેલું એની તો વાત જ નથી. પણ...જગત્‌ગુરુમાં માનો છો ને ? જગત્‌ગુરુ જેને કહેવામાં આવે છે તેને મનઅમન જેવું કાંઈ હોતું જ નથી. જગત એટલે ગતિ. જગત્‌ગુરુ તો આ ગતિથી પર છે. જે ગતિમાં રહે તે જગત્‌ગુરુ કેવી રીતે કહેવાય ?

સ્વા. મા: જે ગતિ દેખાય છે તે તો સ્વપ્નવત્ છે. દેખાય છે પણ નથી. ગુરુ તો અનિર્વચની ય છે.

મા : જગતની દૃષ્ટિએ અનિર્વચની ય. જે જ્ઞાની છે તે તો નિત્ય એક જ સ્થિતિમાં છે. જ્ઞાનીને વળી દૃષ્ટઅદૃષ્ટિ કેવી ? દૃષ્ટિ ને સૃષ્ટિ અલગ છે ? જગતની દૃષ્ટિ એટલે તો જેમાં જોનાર અને આપનાર બે અલગ રહી ગયા છે—એવા અલગ ભાસે છે. જગત તો પરિવર્તનશીલ છે ! જ્યાં દૃષ્ટિ ત્યાં સૃષ્ટિ. આ તો માયાનો પ્રદેશ છે. માયા કેવી છે તે ગુરુ સમજાવે. માયા તો રણ જેવી છે.

(સ્વામીજી સમજાવવાનો પ્રયત્ન કરે છે.)

મા : જગતની દૃષ્ટિ એ તો લાલ ફાનસ જેવી છે. અંદર દીવો તો બળે છે. પણ ઉપર તો હોય છે છાયા. દીવાને લીધે દેખાય છે તો પેલી છાયા જ. ઉપર નીચે જ્યાં જુઓ ત્યાં છાયા જ દેખાય. જ્ઞાનદૃષ્ટિ તો કોરે રહી જાય છે. પ્રકાશ અને છાયા બંનેને અલગ કયી રીતે કરવાં ? જીવ અને જગત એ પ્રકાશ અને છાયા જેવાં છે. છાયાને જુદી કયી રીતે કરવી ? જીવ છે ત્યાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તો પ્રકાશ નહિ પણ પેલી છાયા જ દેખાયા કરે છે ! આવો છે માનવો. જ્ઞાનદૃષ્ટિથી જ આત્મજ્યોતિનાં દર્શન થાય છે.

એમાં એક વસ્તુ અનિવાર્ય છે. ગુરુ તો તમને સમજાવે. સમજાવવા માટે સમય લે. પણ એમાંથી તમે કેટલી વાત લીધી ? એ પ્રશ્ન મુખ્ય છે. ગુરુ તો સમજાવે. પણ લેવાનું છે તો તમારે ને ? ભાષાનો ઉપયોગ કરવો પડે છે ને તે તો માત્ર સમજાવવા માટે જ.

એમાં પણ એક વાત છે. જે લોક દૃષ્ટિસૃષ્ટિમાં પડ્યા છે, તે લોકો તો જોઈ શકે છે કે અલગ અલગ કશું એમને માટે તો છે જ નહિ. તત્‌દૃષ્ટિમાં લેવા દેવાનું કશું રહેતું જ નથી. ત્યાં તો કેવળ અદ્વૈત છે. એક બ્રહ્મ, દ્વિતીયો નાસ્તિ ! ત્યાં અભેદને સ્થાન જ નથી. જાણે કે પાણીમાંની લહરી–જલતરંગ. પાણી વિના તરંગ શક્ય જ નથી. 'તરંગ' જેનું નામ છે તે એ જ (પાણી જ) છે. વોહિ હૈ !

પ્રારબ્ધભોગ જ્યાંસુધી છે, ત્યાંસુધી જ્ઞાનદૃષ્ટિ ઊઘડતી નથી. છતાં પ્રારબ્ધ પણ જ્ઞાનાગ્નિથી જલાવી શકાય છે. જ્ઞાનાગ્નિથી જ દ્વંદ્વાતીત બનાય છે. જે દ્વંદ્વાતીત છે, તે તો એકાત્મા છે. એને તો કોઈ દ્વિધાભાવ છે જ નહિ.

પણ જેને આ બધું સમજાવવું પડે છે, એને માટે તો જુદી જ વાત છે. માત્ર સમજાવવાથી–વિચારથી જ એ સ્થાનની પ્રાપ્તિ થાય, એ તો અશક્ય છે. એ તો અનુભવગમ્ય વસ્તુ છે. માટે જ કહ્યું છે ને કે એ કઠિન વસ્તુ છે. પિતાજીએ કઠિન વસ્તુ કહીને માટે કઠિન વાત આવી.

એક ભાઈ : એટલે નિવૃત્તિની પસંદગી કરો.

મા : નિવૃત્તિ–પ્રવૃત્તિની વાત જ એમાં ક્યાં આવી ? નિવૃત્તિની વૃત્તિ માટે પણ સ્થાન જોઈએ ને ? એ ક્યાં છે ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક ભાઇ : તો પછી ક્રિયા ક્યાંથી આવી ?

મા : ક્રિયાની બાબતમાં તો એમ છે ને કે તમે તમારી ક્રિયાદૃષ્ટિને લીધે ક્રિયા જોઈ રહ્યા છો. માટે જ કહ્યું છે ને કે પોતાના જ ખભે, પોતાથી ચડી શકાતું જ નથી.

સ્વા. મા : એવું તો કદાચ સ્વપ્નમાં બની શકે.

એક ભાઈ : સ્વામીજી શરીરને લક્ષમાં લઇને જ વાત કર્યા કરે છે. એ ય એક ચમત્કાર છે ને ?

મા : મુદ્દો તો આટલો જ છે. લાલ ચશ્મા પહેરો, લીલા ચશ્મા પહેરો, તો લાલ લીલું દેખાય. જે કાંઈ સાંભળો, એ દરેકની બાબતમાં પણ આપણી એક મર્યાદા હોય છે. હોય છે ને ? એ માટે જ વસ્તુ પૂર્ણપણે દેખાતી નથી. એક વાર સમજી જાવ છો તો પાછા તમે ભૂલી જાઓ છો. ક્રિયા જોવાવાળો કોણ છે ? ઉપનિષદમાં જેને મુક્ત કહે છે ને ? જે આંખથી જોવાતું નથી, મોંથી ખવાતું નથી.

સ્વા. મા : ઉપનિષદમાં–તેમ રામાયણમાં પણ આવે છે.

મા : કોણ ખાય છે ? કોણ જુવે છે ? જોવાવાળો જ જુએ છે ! સમજ્યાં ને ! પાછા ભૂલી જશો !

સ્વા. મા : આ મુદ્દો જરા અઘરો છે–જે કે જરૂરી છે. માટે જ વધુ ખુલાસાની જરૂર છે. આપે તો જોનાર અને કરનારને એક માની લીધા ! ”

મા : એમ ! લેવા–દેવાનું શું ? એ માટે તો કહ્યું છે ને કે વાક્–વાણીથી પ્રકાશ નહિ થાય.

સ્વા. મા : અસત્યને દૂર કરવા માટે બુદ્ધિ પણ ઉપયોગી તો છે જ ને ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : શુદ્ધ બુદ્ધિ, શુદ્ધ જ્ઞાન, સુકુશળતા—એની જરૂર છે. એને મેળવવા માટે પ્રયત્ન કરતા જ રહો. તમારી બુદ્ધિ ઈશ્વરના વિષયમાં રાખો. જે તરફ બુદ્ધિ લગાડશો તે તરફ એ આગળ વધ્યે જ જશે. ઈશ્વરમાં મન જોડી જ રાખો. આખરે મનોનાશ થશે. ત્યારે મન પોતાની મેળે ચાલી શકશે નહિ—ચલિત થઈ શકશે નહિ. જેમ બાળક માની ગોદમાં સૂઈ જાય છે, એમ મન પણ સમાધિસ્થ દશાને પ્રાપ્ત કરશે. સમાધિ એટલે મામાં અમન થઈ જવું. પછી મન જેવું નથી રહેતું. મન રહે તો, મનની ક્રિયા પણ રહે ને? તો સારી યે અલગ બુદ્ધિ (દ્વિધાભાવ) પણ રહે ને?

બીજું, સગુણ સ્વરૂપ વાણીમાં આવી શકે—કદાચ. પણ નિર્ગુણ સ્વરૂપ તો વાણીમાં આવી શકતું જ નથી. એ તો વાણીથી પર છે. એ તો પાણીની માફક નિરાકાર છે. આકાર ધારણ કરે છે ત્યારે જાણે પાણીનો બરફ થાય છે, એ માફક બને છે. વોહિ હૈ! વોહિ હૈ! વોહિ તો હૈ!

બરફ તો એક લીલા છે. નિરાકાર અને આકારમાં પણ ભેદ નથી. એ જ રૂપને અપ્રાકૃત લીલા પણ કહે છે. જે રીતે પરાપ્રકૃતિ —પરાપર પ્રકૃતિ વગેરે વગેરે. એમાં પણ ભિન્નતાની કોઈ વાત જ નથી. બધાં પાછળ એક જ તત્ત્વ છે. એના વડે જ બધું 'બ્રહ્મમય' છે. એમાં ગુણ ક્યાં આવે? જેમ બરફમાં ગુણ છે એમ જ. જેમ બરફને ગુણ, આકાર, પ્રકાશ વગેરે છે, એમ બ્રહ્મ પણ સગુણરૂપે ખેલ કરે છે—લીલા કરે છે.

સ્વા. મા : પણ સ્વગત પરિણામ તો જોઈએ ને?

મા : સ્વગત પરિણામ એટલે?

સ્વા. મા : જોવાવાળો જ નહિ રહે—તો ત્રિપુટીલય કઈ રીતે?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : બરફનું જ ઘર, બરફનું જ જમણ.....એ જ ચિન્મય લીલા. ત્યાં દર્શન કરનાર અને કરાવનાર અલગ નથી રહેતા. અપ્રાકૃત લીલા એ જ ચિન્મય લીલા. પણ ત્યાં પ્રકૃતિ પ્રવેશ પામી શકતી જ નથી.

સ્વા. મા : પરંતુ ચિન્મય લીલામાં પણ ત્રિપુટી તો રહેશે જ ને?

મા : તમે લોકો જ જોઈ શકો છો કે રહેશે કે નહિ!

સ્વા. મા : કોક કોકનો અનુભવ છે કે ત્રિપુટી રહેતી નથી.

મા : લીલામાં ચાહે લીલા.

સ્વા. મા : લીલાનો અર્થ જો નાટક કરો તો તો કોઈ વસ્તુ સાચી છે જ નહિ.

મા : એ નાટકમાં સાચી વસ્તુ જેવું કશું જ નથી. જ્યાં ચિન્મય છે ત્યાં તો અસત્ય વસ્તુની કોઈ વાત જ નથી! એ દૃષ્ટિથી તો વોહિ હૈ! વોહિ હૈ! વોહિ હૈ!

સ્વા. મા : પરિણામ તો રહે ને? દૃષ્ટિ ન રહે. ચિન્મય છે તે તો બરાબર. પણ ત્રિપુટીનું ચિન્મય.....

મા : ચિન્મય જ્યાં કહેવાય છે ત્યાં લય થવો ન થવો બધું સરખું છે. જેમ સમુદ્રમાં તરંગ ઊઠે છે, ને પાછા સમુદ્રમાં મળી જાય છે ને? ત્યાં લય કે વૃદ્ધિની વાત જ નથી.

સ્વા. મા : સ્વગત પરિણામ લઈએ તો બીજમાંથી વૃક્ષ થયું.

મા : એ દૃષ્ટિ ત્યાં કામ નહિ લાગે.

પરમાનંદજી : અપ્રાકૃતમાં પ્રાકૃતદૃષ્ટિ કામ નહિ લાગે.

મા : હમણાં જ મેં કહ્યું ને કે તત્‌દૃષ્ટિ જોઈએ. લખીપઢી તો છું નહિ. એટલે ઊલટું-સીધું, જેવું આવડ્યું, એવું પિતાજી આગળ કહ્યું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્વા. માઃ સ્વગત પરિણામમાં તો સમય–સ્થળનો પણ વિચાર કરવો પડશે જ.

મા : એ પણ તે જ બની જાય છે. જે નથી જ તે કરી શકાતું નથી. જે છે એ જ પ્રકાશિત થાય છે.

સ્વા. મા : જે કર્મમાં છે એ કારણમાં પણ હશે જ ને?

મા : જે છે જ નહિ એ લાવવું કેવી રીતે? જેને માટે કર્મકારણ-ભાવ જ નષ્ટ થઈ ગયો છે.

સ્વા. મા. એને કર્મકારણભાવમાં જ છોડી દેવું?

મા : જે છે જ નહિ, એને છોડવાનું ક્યાં?

સ્વા. માઃ કાર્યકારણભાવ હશે–કે સ્વગત પરિણામ હશે અથવા તો ત્રિપુટીમાં લય હશે. એમાંથી એક તો હશે જ ને?

મા : ચિન્મયદૃષ્ટિ રહે તો તો આ જગતની લીલા જ નહિવત્ છે ક્રિયાને અલગ જોઈએ છીએ કારણ કે આપણી દૃષ્ટિ એવી છે ચિન્મયમાં તો એવી દૃષ્ટિ જ કામ લાગતી નથી.

એક ભાઈ : જ્યારે અવતાર થાય છે ત્યારે તે ચિન્મય ક્રિયા જ કરે છે ને?

મા : વેદાન્તમાં દોષગુણ એવું કાંઇ આવતું જ નથી. તત્દૃષ્ટિ જોઈએ. રસ્તે ચાલવા માટે દૃષ્ટિની ય જરૂર પડે છે ને? પણ માટે જ ભાષાથી એ દૃષ્ટિ નહિ આવે. ઈશ્વર તો પોતાને જ લઈને પોતાની સાથે લીલા કરી રહ્યો છે! એનો જ પ્રકાશ, એનું જ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મિલન! વેદાન્તમાં 'એ' નથી તો કોઈ બીજી વાત જ નથી. એક બ્રહ્મ, દ્વિતીયો નાઽસ્તિ!

સ્વા. મા : વેદાન્તમાં તો ત્રિપુટીલય છે, ને માતાજી તો લીલાવાદ સમજાવે છે!

મા : તમે એને લીલા કહો. કહો! કહો! કોઈ બીજી વાત જ નથી. એક બ્રહ્મ, દ્વિતીયો નાઽસ્તિ!

સ્વા. મા : માતાજીનો જે પ્રશ્ન છે.....

મા : મારે તો કોઈ પ્રશ્ન જ નથી! વેદાન્તમાં શું નથી મળતું?

મા, લીલામાં માને છે એવું નથી. લીલાને જો માનવામાં આવે તો, આ પ્રમાણે હોય–એમ મેં તો કહ્યું. એક બ્રહ્મ, દ્વિતીયો નાઽસ્તિ! ત્યાં જ લીલાની વાત છે. 'ના' પણ નથી, 'હા' પણ નથી.
સ્વા. મા : સુંદર! તે તો ત્રિપુટીલય જ થઈ ગયો!

મા : આ શરીરની વાત નથી! પણ કોઈ જો લીલામાં માને તો એને માટે આ વાત છે, બરફ કે લીલા પણ ચિન્મય જ છે. મૃણ્મય કે જડ કશું છે જ નહિ!

એની તો ગતિ, મિલન, સારો ય પ્રકાશ ચિન્મય જ છે. જડ પણ ત્યાં ચિન્મય છે. એમાં મતામતની કોઈ વાત જ નથી!

પ્રશ્ન : જડ પણ ચેતનનું જ રૂપ છે કે ચેતનથી અલગ છે?

મા : 'પથ્થર' કહેવાથી કોઈને 'શિવ' નથી કહી શકતા. ને 'શિવ' કહેવાથી 'પથ્થર' નથી કહેવાતા. જેની ચેતનદૃષ્ટિ હોય છે, એને માટે પછી પથ્થરદૃષ્ટિ રહેતી જ નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માટે જ કહું છું કે નિત્ય સત્સંગ કરો ! સદ્ગ્રંથ પઢો, પઢતાં પઢતાં મન ઈશ્વરાભિમુખ બનશે. મન અમન બની જશે. એ માટે જ સત્સંગ કરવો જોઈએ.

સ્વા. મા : હા, નિષ્ઠાને માટે સત્સંગ જરૂરી છે.

મા : આ શરીરની તો કોઈ વાત છે જ નહિ. જે પ્રમાણે વગાડશો એ પ્રમાણે સાંભળશે. અહીં કોઈ અમુક મત છે જ નહિ. જે વાત તમે સમજો તે ખરી.

પિતાજી ! નમો નારાયણ !

(મા સ્વામીજીને પ્રણામ કરીને ઊઠે છે.)

હીમપુરા (ચાંદોદ) તા. ૧૬-૧૨-'૪૭

" આ મારા મિત્ર મફતલાલ, જેઓ પોંડીચરી આશ્રમમાં રહી આવ્યા છે, તેઓ સવારે ઓર સંગમ પર નહાવા જતાં તણાવા માંડ્યા. બચાવનાર કોઈ ન હતું. મને તો તરતાં આવડતું ન હતું. અમે ધૂમાધૂમ કરવા માંડી. છેવટે મા સ્મરણ કરવા માંડ્યું. શ્રી અરવિંદની પણ સ્મૃતિ થઈ આવી."

આ બધી વાત માને કહી.

મા : બચ ગયા. આજ જાને કા થા. નર્મદાને બચા લીયા.

(ત્યાર બાદ સખામહારાજ સંબંધમાં વાત કરી.)

મા : ખબર ભેજ દો કે શામકો આ જાય.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(પછી મા બેઠાં. મુખ પર મધુર હાસ્ય. પછી સામાન્ય વાર્તાલાપ ચાલે છે.)

મા : (હસતાં હસતાં) એવું કામ કરો જેથી આવાગમન ન રહે. જે દુઃખ આવી પડે છે, તે તો જવા માટે જ આવે છે. દુઃખથી જે આવી પડે છે એ વધુ સમય ટકતું નથી.

(મા અને સખામહારાજ વચ્ચે વાતચીત)

મા : આપે હરિબાબાને ભજન સંભળાવ્યું'તું. આ બાળકીને પણ સંભળાવો.

સખા ભક્ત : પ્રભુ! કાંઈ બોલો!

મા : હું તો નાની બાળકી છું. નાની બાળકીને માએ જે સંભળાવવું જોઈએ, તે સંભળાવો.

સખા મહારાજ : મા કહે છે કે દીકરીને સંભળાવો!
(સ. મ. ઈશારાથી માને બોલવા કહે છે.)

મા : બાળકીની સાથે ઈશારાથી કામ લે છે! મા! બાળકીને તો બોલતાં આવડતું નથી! આપ ખુદ જ બોલો!

(સખા મહારાજનું મૌન ચાલુ જ છે. મુખ ઉપર અદ્‌ભુત ભાવ છે. મા પણ એમના સામે એકીટસે જોઈ રહ્યાં છે.)

સ. ભ : દક્ષિણામૂર્તિ જેવું કરો છો! બંને મૌન થઈ ગયાં છે!

એક જણ : ગુરુસ્તુ મૌનં વ્યાખ્યાન.....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક ભાઈ : છોરુ કછોરુ થાય, પણ માવતર કમાવતર ના થાય. માએ શરૂ કરવું જોઇએ.

મા : (સ. મ. ને.) ભજનનો પણ કાંઈ સમય હોય છે શું?

સ. ભ : નિત્યનિયમ તરીકે તો સવારે અને રાત્રે ભજન થાય છે. ('મણિદ્વિ' મીરાંનું ગીત ગાય છે.)

મા : મા! કેમ બોલતી નથી? મારી કાંઈ કસૂર થઈ છે?
(સ. મ. માથું હલાવે છે.)

મા : બોલવાનું બંધ કેમ કર્યું છે? બાળકોને દૂર રાખવી છે માટે શું બોલવું બંધ કર્યું છે? ભલે! માની જેવી ઇચ્છા.

(વૈકુંઠ પ્રત્યે) હરિબાબાને કહી દે જે કે માએ આવવાની તો સ્વયંકૃપા કરી.....પણ બોલવાની ન કરી.—

એક જણ : પણ હવે બોલે તો—

મા : તો કહેજે કે પાછળથી બોલ્યાં'તાં!

સ. ભ : (સ. મ. ને) માને એમ લાગે છે કે એમની કોઈ કસૂર થઈ છે માટે, આપ બોલતાં નથી!

(સ. મ. હસે છે.)

સ. ભ : હરિબાબાને એ સંદેશો મોકલે છે!

(સ. મ. માને આંગળીદ્વારા બોલવા સમજાવે છે.)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભક્ત: (મા તરફ) આપ બાળકી બનીને બેઠાં છો. અને એ (સ. મ.), તો આપને 'મા' માનીને આવ્યાં છે!

મા: 'મા' માનીને જો આવ્યાં હોય તો મા પહેલાં બોલે.

એક ભક્ત: પ્રેમ પ્રેમમાં મગ્ન બંને.....

મા: જ્યાં એક છે, ત્યાં બે. જ્યાં બે છે, ત્યાં એક. દ્વિધાભાવથી બે છે.

એક ભક્ત: એકો અહં બહુસ્યામ્।

પ્રશ્ન: મા! તમે ગુજરાતી બોલી શકો છો?

મા: તમે પઢાવી તો છે નહિ! બિલકુલ કોરી જ રાખી છે! મને બોલવા સમજાવો છો! (સ. મ. ને આંગળી અડાડીને) મા! આપ જ હવે તો બોલો!

સ. મ: [ઇશારાથી] તમે બોલો!

મા: મા જ્યાંસુધી નહિ બોલે, ત્યાંસુધી હું યે નહિ બોલું. કોણ મા છે તે સમજી જાવ. [પ્રણામ કરે છે.]

મા: હું તો બાળકી છું. આ શરીર મોટું છે એટલું જ (મા હસે છે.)

મા: બાળકીને બોલતાં આવડતું નથી! મેં તો 'મા! મા! બોલો! બોલો!' કહ્યું, તો ય મા બોલતાં નથી! તમારા પર વધુ પ્યાર છે. મારા પર પણ પ્યાર તો કરે છે ને?

સ. ભ: સ. મ. પ્રેમમાં જ સ્થિર થઈ ગયાં છે!

મા: મારે તો રડવું જોઈએ. એને બદલે હું તો હસું છું!

સ. ભ: મા પાસે તો બાળક રડે ને?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(સ. મ. જવાની તૈયારી કરે છે. માથી વિખૂટાં પડતાં સ. મ.ની આંખમાં ઝળઝળિયાં આવી જાય છે. માના હાથમાં માળા આપી દે છે. મા એમના બીજા હાથ પરની માળા પણ ઊતારી લે છે! એ માળા દિદિને આપી દે છે!)

મા : માનો બધો સામાન બાળકીનો જ છે. માની માળા લેવાથી પણ કામ પાર પડે છે.

સ. મ : બચ્ચાંને વળી લેવાનું કે દેવાનું!

મા : જે બધું છે તે મારું જ છે. બધી જમીનદારી મારી જ છે. માની બધી જમીનદારી બાળકની જ છે! ઊલટું શા માટે સમજો છો? નહિ, મા! સારી જમીનદારી તમે તો ઠીક કરો છો, બાળકી એ લઈ લે છે!

મા : (માળા બતાવીને) મા! આ કોની છે?
(સ. મ. બોલતા નથી. માત્ર ઈશારો જ કરે છે!)

મા : મા! બોલો! બોલો! બાળકી તો બકબક કર્યે જ જાય છે. (માળા પાછી આપે છે.) લ્યો! મા!

(સ. મ. માળા પાછી માને આપે છે. સ. મ. મનમાંમનમાં જપ કરે છે માથું હલાવ્યા કરે છે.)

મા : બોલવાનું શું? હરિ કથા–કથા, ઔર સબ વ્યથા ઔર વૃથા! મા તો કીર્તન કરે છે. સાંભળ્યું!? જો માની કરુણા હોય તો બાળકીને પણ કીર્તન સંભળાવે.

સ. ભ: શશી થંભી રહ્યા ખટ્‌માસ!

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(સ. મ. ઈશારો કરે છે. બોલતા નથી. હસે છે. માતાજી માળા સ. ભ.ને પાછી આપે છે. સ. મ. માળા પાછી એમને અપાવે છે. મા હસે છે.)

મા : નાની બાળકીને સાચવતાં આવડતું નથી! બાળકી તો ઘૂમતી ફરે છે ને? કયાંક ખોઈ નાખશે! રાખતાં આવડતું નથી! હિંદી ભજન પણ આવડતું નથી. કોઈ યાદ કરે તો કવચિત્ આવડી જાય. આપીને પછી મા પાસેથી લેવું તે ઠીક નથી.

ભક્ત : મા! તમે કાંઈ બોલો. અમે તો લેવા આવ્યા છીએ.

મા : મા તો ચુપ છે. ઠીક! અહીં બોલવું જ નથી. હું તો બોલે જ રાખું છું. હરવખત જ્યાં આવવા જવાનું હોય છે ત્યાં લેણુદેણુ હોય છે. વળી કોઇ જગાએ લેણુ-દેણુની વાત જ નથી હોતી. લેણુદેણુ તે અદ્વૈત નથી. લેણુ-દેણુ તો દ્વૈત છે. મૌન રહેવું એમાં પણ લેણુ-દેણુ જ છે.

એક ભક્ત : અમે લોકો એનાં અધિકારી નથી.

(સ. મ. જવા માટે આજ્ઞા આપે છે.)

સ. ભ : હવે ઊઠીયે. રાત પડવા આવી. સાથે માનાં બચ્ચાંઓ પણ છે.

મા : રાતની તો વાત જ નથી! હું કાલે રાત્રે ૧૨ વાગે અહીં ચાલી આવી હતી. માનો આટલો સ્નેહ છે. આટલા દૂરથી આવીને દર્શન આપ્યાં. માએ ખુદ આવીને બાળકીને દર્શન કરાવ્યાં. મા! બોલો! નહિ બોલો? હું તો નાની બાળકી છું.

(સખા મહારાજ જાય છે.)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચાંદોદથી રાજપીપળા જતાં :—તા. ૧૭-૧૨-'૪૭

આજે ભક્તોના આગ્રહથી મા રાજપીપળા જવા તૈયાર થયાં છે. લગભગ ૧૦ વાગે મા ભક્તોની સાથે નર્મદામાં એક મોટા નાવડામાં આવીને બેઠાં છે. નાવમાં ભક્તો સાથે લીલા કરે છે. ખૂબ હસે છે ને હસાવે છે. વૈકુંઠને જોઈને મા બોલી ઊઠે છે:—

"જહાં કુંઠ નહિ વોહિ વૈકુંઠા!"

પરચુરણ વાતો થાય છે. વૈકુંઠ એક સિધ્ધ મહારાજની વાત કહે છે. માતાજીને પ્રશ્ન કરે છે:—

"મા! અમે લોકો આટઆટલી વાર નર્મદામાં સ્નાન કરીએ છીએ. હું તો ઓર સંગમમાં લગભગ દરરોજ સ્નાન કરું છું. શાસ્ત્રોમાં તો કહ્યું છે કે નર્મદા—પ્રયાગમાં સ્નાન કરવાથી મુક્તિ મળે છે. આટઆટલીવાર ડૂબકીઓ મારી, તો ય કેમ અમારી વાસના, અવિદ્યા આદિ દૂર થયાં નહિ?

મા : શું સ્નાન બરાબર રીતે કર્યું છે?

વૈકુંઠ : સ્નાનના ગુણાર્થની તો ખબર નથી. આપ સમજાવો. સ્નાનથી કોઈ ફાયદો થાય ખરો કે?

મા : જરૂર ફાયદો થાય. હરવખત થાય.

વૈકુંઠ : જ્યારે હું ગૃહસ્થ હતો ત્યારે વૈરાગ્યભાવ ઘડીઘડીમાં આવતો હતો. રાત્રે બે વાગે ઊઠીને ભજન કરવા બેસી જતો. છ વાર મેં ઘર છોડ્યું—ને છ વાર ઘેર પાછો ગયો. ઘરમાં વૈરાગ્ય ઊડી આવે છે. પણ એમ આવવાથી કંઈ જ થતું નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : એ તો ક્ષણિક વૈરાગ્ય આવે છે !

નાવ મૈયા નર્મદાના સુરમ્ય પટ પર ધીરેધીરે આગળ સરકી રહી છે. છેવટે ૧૧॥ વાગે સામા કિનારે પહોંચ્યાં. ત્યાંથી મા મોટરમાં રાજપીપળા ગયાં. રાજપીપળામાં શ્રીનાથજીના બગીચામાં માનો મુકામ. આ જગા ખૂબ સુંદર છે. ચારે તરફ બગીચો છે. સામે કરજણ નદી મંદગતિએ વહે છે. ત્યાં થોડીવાર બેઠાં. પછી મા પાસેના સ્મશાન તરફ ગયાં. માની સાથે ભક્તોની મંડળી પણ ઊપડી. સાધારણ રીતે સ્મશાનમાં ઉદાસ વાતાવરણ હોય છે. ત્યાં હાસ્યની છોળો ઊડી. આનંદમય વાતાવરણ જામ્યું. ત્યાં ભજનો ગવાયાં. મા એક રાયણના ઝાડની પાળી પર બેઠાં. એમનું રૂપ એ સમયે અસાધારણ હતું. સામાન્ય વાર્તાલાપ થયો. ભજનો થયાં. લગભગ ૨॥ વાગે મા ત્યાંથી ઊતારે પાછાં આવ્યાં. અહીં આવ્યા પછી પણ બહેનોએ સુંદર ભજનો ગાયાં.

રાત્રે લગભગ ૮॥ વાગે એક કલાક ભજનો ચાલ્યાં.
સીતારામ ! સીતારામ ! સીતારામ ! સીતારામ !

અહા ! શું સુંદર માધુર્ય ! એ અવાજ જાણે હૃદયતંત્રીના તારેતારને હલાવી મૂકે છે !

તા. ૧૮–૧૨–'૪૭

માતાજી લગભગ ૯ વાગે નીચે સભાસ્થાને આવીને બેઠાં. ખાસ વાર્તાલાપ ન થયો. ભજન ચાલ્યાં. સુંદર વાતાવરણ જામ્યું. લગભગ ૧૦ વાગ્યા પછી મા હનુમન્તેશ્વર જવા ઊપડ્યાં. અમારે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લોકોને ત્યાં જવાનું ન હતું. પણ કોણ જાણે શાથી, કે કોઈના કહેવાથી મોટર આવી અમને ત્યાં લઈ ગઈ.

માએ કહ્યું, "તમે લોકો અહીં શા માટે આવ્યા? અહીં તો મોટું નાવ પણ નથી! કેવી રીતે જવાશે?" છેવટે માની કૃપાથી એવડા નાના નાવમાં પણ અમે સમાયાં. મા એક આરામખુરશીમાં બેઠાં. એમના માથા પર છત્રી રાખવામાં આવી. મા ગમ્મત કરવા લાગ્યાં. મા કરનાળીમાં ઊતરી ગયાં. સ્વામી મહારાજને ત્યાં ગયાં. અને અમે ચાંદોદ આવ્યા. મા લગભગ ૬૧૫ વાગે પાછાં ફર્યાં. લક્ષ્મીનારાયણનું મંદિર જોઈને ત્રિકમજીના મંદિરે ગયાં. મંદિર માના ભક્તોથી ભરાઈ ગયું. મા ભોજન બાદ આરામ કરે છે. દર્શન માટે ભક્તોની પડાપડી ચાલે છે. આરામબાદ માની મુલાકાતો શરૂ થાય છે. પછી ભજન-કીર્તન બાદ મા લગભગ ૫ વાગે ચાંદોદના સ્ટેશને આવ્યાં. ખાસ સલૂન આવ્યું. સલૂનમાં પણ ખાનગી મુલાકાતો ચાલી. એવામાં માંડવાના ન્યાયાધીશ આવ્યા.

મા: અસલી સ્ટેટ પાને કે લિયે કોશિશ કરો!

ન્યાયાધીશ: એવું કરો કે પાછું ફરવું જ ન પડે.

મા : એવા સ્ટેટને મેળવવા માટે પ્રયત્ન કરો.

ન્યાયાધીશ: મમ માયા–દુરત્યયા–આપ જ કૃપા કરો.

લગભગ ૫–૪૦ પછી ગાડી ઉપડી. લગભગ રાત્રે ૯ વાગે ગોયાગેટ સ્ટેશન. ત્યાંથી માતાજીને પાદરા લઈ જવામાં આવ્યાં. દર્શન માટે ત્રણચાર હજાર માણસો આવેલાં. ત્યાં પંદર–વીસ મિનિટમાં પણ માએ અપૂર્વ આનંદ કરાવ્યો. પ્રસાદ લૂંટાવ્યો. લગભગ ૧૧ વાગે મા વડોદરા સ્ટેશને આવ્યાં. સ્ટેશન પર લગભગ રાતના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧–૧૦ સુધી ફરે છે ભક્તોનું ટોળું. અમદાવાદથી પણ ભક્તો માની વિદાય વેળાએ દર્શન કરવા આવ્યાં છે, એમના મોં પર વિયોગના ખ્યાલે ઉદાસીનતા છવાયેલી છે. મા તો બધાંને હસાવે છે. ૧–૧૦ વાગે ગાડી આવી; મા ગયાં–એ હાસ્યનો ચિરકાળ પડ્યો ગૂજરાતમાં ભક્તોનાં હૈયે મૂકીને.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

श्री नरमणि विरचित
श्री श्री आनन्दमयीमातृस्तवनम्

सृष्ट्युद्धारणकारिणी भगवती या भूतलं पावनी ।
पादाब्जाश्रितसज्जनस्य तु सदा मांगल्यविस्तारिणी ॥
या दावानलदग्धभक्तहृदये शान्तेः सुधावर्षिणी ।
एषाऽऽनन्दमयी तनोतु जननी श्रेयश्च प्रेयश्च नः ॥१॥

જે ભગવતી, આ સૃષ્ટિનો ઉદ્ધાર કરનારાં છે, જેઓ આ ભૂમિને પાવન કરી રહ્યાં છે, પોતાના ચરણ કમળનો આશ્રય લેનારા સજ્જનનું જેઓ સદા સર્વદા કલ્યાણ કરી રહ્યાં છે, અને દાવાનળમાં બળીજળી રહેલા ભક્તજનોનાં હૃદયને વિષે જેઓ શાંતિનું અમૃત વર્ષાવી રહ્યાં છે એવાં આ માતાજી આનંદમયી અમારું પ્રેય તથા શ્રેય કરતાં રહેજો. ॥ ૧ ॥

लीलाल्हादकरालसन्ति सकलाः पूजार्हदेहस्य ते ।
स्वात्मानन्दवियद्विहारि च मनो ह्यानन्दमय्याश्च ते ॥
संसारार्णवलं घनेच्छुकसतां ते वाच्च दिग्दर्शिणी ।
दिव्योऽयं तव विग्रहश्च जगतां तापत्रयोन्मूलनः ॥२॥

હે માતા ! આપનો જે પૂજાપાત્ર દેહ છે, તેની સર્વે લીલાઓ આનંદદાયક અને શોભીતી છે, અને આપ આનંદમયી દેવીનું જે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મન છે તે તો સ્વાત્માનંદના આકાશમાં વિહાર કરી રહ્યું છે. અને આપની જે વાણી છે તે તો સંસારસાગરને ઓળંગવા ઇચ્છનારા સજ્જનોને માર્ગ દેખાડ્યા કરે છે. એ રીતે આપનો દિવ્ય વિગ્રહ એટલે કે અવતારી દેહ, જગતના ત્રણે તાપોને ઉખેડી નાખવાને સમર્થ છે. ૨

मातस्ते शरणागतं शिशुजनं स्नेहेन संरक्ष्यतां ।
तच्चित्ते पदपंकजप्रतिकृतिः शान्तिप्रदा स्थीयताम् ॥
त्वत्पादाम्बुरूहे चलं कपिसमं तन्मानसं नीयतां ।
दिव्यं दर्शनमिष्टदं च कृपया मातः सदा दीयताम् ॥३॥

હે માતાજી ! આપને શરણે આવેલાં બાળકોનું સ્નેહસહિત રક્ષણ કરજો. આપનાં શાંતિદાયક ચરણકમળની છાપ તેઓના હૃદયમાં સ્થિર થજો. વળી, તેઓના મરકટ જેવાં ચંચળ મનને આપના ચરણકમળમાં બાંધી દેજો અને મનકામનાઓને પૂર્ણ કરનારાં આપનાં દિવ્ય દર્શન કૃપાપૂર્વક સર્વદા આપતાં રહેજો. ૩

श्रुत्वा ते गुणकीर्तनं सुललितं लोकोत्तरं शंकरं ।
वारंवारमहो विचार्य चरितं विद्वज्जनैर्वर्णितम् ॥
संजातश्च सुतीव्रवेग इह ते पादाब्जरेणुस्पृहः ।
पूर्णोऽसौ च कदा भविष्यति मुदा हेऽम्बाऽऽशुतत्कथ्यताम् ॥४॥

હે માતા ! આપના ગુણોનાં મનોહર ગીત કે જે દિવ્ય, અમાનુષી અને શાન્તિને આપનારાં છે, તે મારા સાંભળવામાં આવ્યાં. વળી વિદ્વાનોએ વર્ણવેલાં આપનાં ચરિત્રોને વાંચીને મેં વારંવાર મનન કર્યું. એને લીધે, આ સ્થળે જ આપનાં ચરણરજની પ્રાપ્તિ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થાય એવી તીવ્ર ઇચ્છા મારામાં પ્રગટી છે. એ ઇચ્છા, પ્રફુલ્લિત ચિત્તે આપ કયારે પૂર્ણ કરશો તે હે માતાજી! સત્વર કહો. ૪

अस्मिन्महाविकटकालकरालदंष्ट्रे
लोके निमज्जनतया धृतिबुद्धिशून्ये ।
संरक्षणार्थमधुना भुवि त्वं नियुक्ता
नारायणेन निजशक्तिधराऽम्ब मन्ये ॥ ५ ॥

આ વિકટ કાળનું જડબું બહુ જ કરાળ છે. એમાં ગળાઈ જવાથી આ સમાજ, ધીરજશૂન્ય અને મતિશૂન્ય બની ગયો છે. આ સમયે એનું સંરક્ષણ કરવા માટે, શ્રી નારાયણે આ ભૂતલ પર આપની યોજના કરી છે અને પોતાની સર્વ શક્તિ આપને વિષે આરોપી છે, એવી હે માતાજી! મારી માન્યતા છે. ૫

संदृश्यसेऽब्धिरिव यद्यपि मोदपूर्णा
स्वान्तर्हृदि त्वमसि नित्यमगाधबोधा ।
त्वं सर्ववादविषयप्रतिरूपशीला
ब्रह्मैव त्वं भगवति त्रिगुणैर्न स्पृष्टा ॥' ६ ॥

જેમ સમુદ્ર આનંદપૂર્વક બહારથી ગાજતો દેખાય છે છતાં અંદર તો તે એવો અગાધ છે કે તેનું માપ ન થઈ શકે. આપ પણ એ જ રીતે મોદપૂર્ણ દેખાવ છો. અને સાથે સાથે એવાં અગાધ છો કે આપના સ્વાન્તર્ હૃદયના ગૂઢ હેતુઓ કોઈ ન સમજી શકે. (પરબ્રહ્મની પેઠે જ) જેઓ આપને જેવાં સમજે, તેવાં જ આપ બની રહો છો. હે ભગવતી! માયાના ત્રિગુણથી આપ અસ્પર્શ્ય હોવાને લીધે બ્રહ્મ સ્વરૂપ જ છો. ૬

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

दत्तः शुकोऽथ भरतोऽस्तु जडाभिसंज्ञः
किंवा शिवोऽस्तु जननी ह्यवधूतभावा ।
लीला भवन्तु सकलाः शरणं गतानां
भुक्त्यै च मुक्तिकरणाय च बालकानाम् ॥ ७ ॥

॥ इति श्रीमद्विठ्ठलेशपदपंकजसेविना दासानुदासेन
नरोत्तमेन विरचितं श्री श्री आनंदमयी
मातृस्तवनं संपूर्णम् ॥

આપનામાં અવધૂત ભાવો જ દેખાયા કરે છે એટલે અમને લાગે છે કે, હે માતાજી! શું આપ ગુરુ દત્તાત્રય હશો અથવા શું શુકદેવજી હશો કે જડ સંજ્ઞાથી પ્રસિદ્ધ થયેલા ભરતજી હશો? અથવા શું આપ શિવજી હશો? જે હોય તે હોજો; છેવટે તો આપની સઘળી લીલાઓ આપને શરણે આવેલાં આ બાળકોને ભુક્તિ, તથા મુક્તિ, બંને પદાર્થો આપશે એવો અમને ભરોસો છે. ૭

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભજન

(જય) હૃદયવાસિની શુદ્ધા સનાતની (શ્રી) આનંદમયી મા
ભુવનોજ્જ્વલા જનની નિર્મલા પુણ્યવિસ્તારિણી મા
રાજરાજેશ્વરી સ્વાહાસ્વધા ગૌરી પ્રણવરૂપિણી મા
સૌમ્યા સૌમ્યતરા સત્યા મનોહરા પૂર્ણપરાત્પરા મા
રવિશશિકુંડલા મહાવ્યોમકુંતલા[૧] વિશ્વરૂપિણી મા
ઐશ્વર્યભાતિ મા માધુર્યપ્રતિમા મહિમા[૨] મંડિતા મા
રમા મનોરમા શાન્તિ શાન્તા ક્ષમા સર્વ દેવમયી મા
સુખદા વરદા ભક્તિજ્ઞાનદા કૈવલ્યદાયિની મા
વિશ્વપ્રસવિની વિશ્વપાલિની વિશ્વસંહારિણી મા
ભક્તપ્રાણરૂપા મૂર્તિમતી કૃપા ત્રિલોકતારિણી મા
કાર્યકારણ ભૂતા ભેદાભેદાતીતા પરમ દેવતા મા
વિદ્યાવિનોદિની યોગીજનરંજિની ભવલયભંજિની મા
મંત્રમીમાંસિકા વેદપ્રકાશિકા નિખિલવ્યાપિકા મા
સગુણા સરૂપા નિર્ગુણા નિરૂપા મહાભાવમયી મા
મુગ્ધ ચરાચર ગાહે[૩] નિરન્તર તવ ગુણ મધુરી મા

(મોરા)[૪] મિલી[૫] પ્રાણે[૬] પ્રાણે પ્રણમિ (શ્રી) ચરણે જય જય મા

ડાકો[૭] મા મા મા મા મા મા મા
બોલો મા મા મા મા મા મા મા
ગાઓ મા મા મા મા મા મા મા
ભજો મા મા મા મા મા મા મા
જપો મા મા મા મા મા મા મા
ડાકો મા મા મા મા મા મા મા

રમણા, ઢાકા — ભાઇજી

---

૧. વિરાટ આકાશ જેવા જેના કેશ છે.
૨. મહિમાથી ભૂષિત
૩. ગાહે—ગાય છે.
૪. મોરા—આપણે
૫. મિલિ—મળીને
૬. પ્રાણે—હૃદયમાં
૭. ડાકો—પુકારો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરમપૂજ્ય સ્વ. ભાઈજીએ માતાજીનું; ધ્યાન, મંત્ર, ગાયત્રી તથા પ્રાર્થનાની રચના કહી હતી તે અહીં આપવામાં આવી છે.

ધ્યાન : ॐ धृत सहज समाधिं विभ्रतीं हेमका न्तम् ।
नयन-सरसिजाभ्यां स्नेहराशीन् किरन्तीम् ॥
मनसि-कलित भक्तिं भक्तमानन्दयन्तीम् ।
स्मित-जित-शरदिन्दुं मातरं धीमही ह ॥ १

ॐ तपन-सकल कल्पं कल्पवृक्षोपमानम् ।
शरणागत जनानां तारकं क्लेशपाशात् ॥
हृदयकमल मध्ये स्थापयित्वेह मातू ।
विहित विविध कल्पं याद पीठं भजामि ॥ २ ॥

मंत्र : ॐ मा श्री श्री मातृपाद पीठाय नम : ।

गायत्री : ॐ श्री श्री पादपीठाय विध्महे आनन्दमम धीमहि
तन्नो माता प्रचोदयात् ॐ

प्रार्थना : ॐ मातः प्रसदिं परिपालय भक्तवृन्दान् ।
संसार दुःख दहनात् करुणा कटाक्षैः ॥
दुरीकरोतु दुरितानि सुदुःसहानि ।
त्वत् पादपीठमिह नः शरणागतानाम् ॥ १ ॥

ॐ नमस्तेतु मात र्भवानि प्रसीद ।
नमस्ते पदाम्भोज पीठाय भूयः ॥
शरण्ये तमः पारमस्मान्नय त्वम् ।
प्रपद्ये परं पावनं पाद पीठम् ॥ २ ॥

卐

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દ્વિતિય ભાગ

શ્રી મા

આનંદમયી લીલાકથા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભજન

(જય) હૃદયવાસિની શુદ્ધા સનાતની (શ્રી) આનંદમયી મા
ભુવનજીજલા જનની નિર્મલા પુણ્યવિસ્તારિણી મા
રાજરાજેશ્વરી સ્વાહાસ્વધા ગૌરી પ્રણવરૂપિણી મા
સૌમ્યા સૌમ્યતરા સત્યા મનોહરા પૂર્ણપરાત્પરા મા
રવિશશિકુંડલા મહાવ્યોમકુંતલા[૧] વિશ્વરૂપિણી મા
ઐશ્વર્યભાતિ મા માધુર્યપ્રતિમા મહિમા[૨]મંડિતા મા
રમા મનોરમા શાન્તિ શાન્તા ક્ષમા સર્વ દેવમયી મા
સુખદા વરદા ભક્તિજ્ઞાનદા કૈવલ્યદાયિની મા
વિશ્વપ્રસવિની વિશ્વપાલિની વિશ્વસંહારિણી મા
ભક્તપ્રાણરૂપા મૂર્તિમતી કૃપા ત્રિલોકતારિણી મા
કાર્યકારણભૂતા ભેદાભેદાતીતા પરમ દેવતા મા
વિદ્યાવિનોદિની યોગીજનરંજિની ભવભયભંજિની મા
મંત્રમીજ્યાત્મિકા વેદપ્રકાશિકા નિખિલવ્યાપિકા મા
સગુણા સરૂપા નિર્ગુણા નિરૂપા મહાભાવમયી મા
મુગ્ધ ચરાચર ગાહે[૩] નિરન્તર તવ ગુણ મધુરી મા

---

૧ વિરાટ આકાશ જેવા જેના કેશ છે.૨ મહિમાથી ભૂષિત.૩ ગાહે=ગાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(મોરા)[૪] મિલી[૫] પ્રાણે પ્રાણે[૬] પ્રણમિ (શ્રી) ચરણે જય જય જય મા
ડાકો[૭] મા મા મા મા મા મા મા
બોલો મા મા મા મા મા મા મા
ગાઓ મા મા મા મા મા મા મા
ભજો મા મા મા મા મા મા મા
જપો મા મા મા મા મા મા મા
ડાકો મા મા મા મા મા મા મા

રમણા, ઢાકા. } ભાઈજી

---

૪ મોરા=આપણે. ૫ મિલી=મળીને. ૬ પ્રાણે=હૃદયમાં. ૭ ડાકો=પુકારો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ

શ્રી. શ્રી. મા.

सर्वोपकार करणाय सदार्द्रचित्ता ।

મા કરૂણામય તારું હૃદય તો બાળકો ઉપર સર્વ પ્રકારના અનેકાનેક કદાપિ બદલો ન વળે તેવા ઉપકાર કરવા સદાય આતુર જ રહે છે. મા ! જેઓને તારી જ કરૂણાથી તારાં દર્શન કરવાનું સદ્‌ભાગ્ય એક વાર પણ પ્રાપ્ત થયું છે, તેઓ તો જાણે છે, કે ભક્તિ અને મુક્તિ તો આંખના પલકારામાં તું જગતના ક્ષુધિત માનવીઓને આપી શકે છે. પણ, મા ! ન યાચું ભુક્તિ, ન યાચું મુક્તિ, ન યાચું કોઈ પણ પ્રકારનું આ જીવનનું કે પરજીવનનું સુખ. તારા ચરણોમાં પડી અનેક વખત યાચના કરું છું, કે રગેરગમાં, પ્રત્યેક પળે, સદા ય તારી અનેક ભાવમયી, અખંડ અને પૂર્ણ લીલામાં નિત્ય તારાં દર્શન પામું. અને જગતમાં વિલસી રહેલા તારા ખરા સ્વરૂપનો મહિમા પૂર્ણ રૂપે પારખું. તારી કૃપા સિવાય કંઈ પણ સાધ્ય નથી. કૃપાની કુંજમાં સ્નાન કરાવજે, જેથી આંતરદૃષ્ટિ મળે અને તારાં દર્શન પામું. મા, એક પ્રસંગે ભક્તે તને પ્રશ્ન કરેલો કે, "મા, તમે કદિ પૂજાધ્યાન વગેરે સાધન કરો છો?"

તેનો ઉત્તર પણ, તેં મા ! કેવો સુંદર આપેલો, કે હા!

ફરીથી પ્રશ્ન પૂછ્યો કયારે, ત્યારે તેં એટલું જ જણાવ્યું કે, જ્યારે તમો સર્વે તેમ કરવાનું ચૂકો ત્યારે !

મા, તો અંતે એ જ પ્રાર્થના, કે આ શરીર, મન, બુદ્ધિ વગેરે કોઈ પણ વસ્તુ તારી લીલા કે તાર સ્વરૂપને તારી કૃપા સિવાય પારખવા અસમર્થ છે, તો એટલું જ કર કે તારી કૃપા.

★

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ ૐ માઁ ॥

નિવેદન

આ પુસ્તક ગૂજરાતી પ્રજાની સમક્ષ મૂકતાં મને અત્યંત હર્ષ થાય છે. માતાજી આનંદમયીના સંબંધમાં બંગાળી ભાષામાં ઠીક સાહિત્ય ભરેલું છે. ગૂજરાતની પ્રજા પણ તેનો આસ્વાદ ચાખે એ હેતુ આ પુસ્તક પ્રગટ કરવામાં આવે છે. આ પુસ્તક પ્રગટ કરવાનો હેતુ ફક્ત પ્રચારાર્થે નથી. સાક્ષાત્ વિશ્વજનની માનો પ્રચાર કરનાર અમે કોણ માત્ર? સૂર્યના પ્રકાશ માટે દીપકની જરૂર હોય ખરી? સૂર્ય પોતે જ સ્વયંપ્રકાશિત છે. એવી જ રીતે મા પણ સ્વયંપ્રકાશિત છે. એમની લીલાનું વર્ણન કરવા માટે મારા જેવા ક્ષુદ્ર જંતુઓમાં શક્તિ ક્યાં છે? તોપણ આ લખવા તૈયાર થયો છું; તેનો એક માત્ર હેતુ એટલો જ છે, કે જ્યાં સુધી મા શરીરમાં અવસ્થાન કરે છે ત્યાં સુધી કોઈ પણ સાચો સાધનેચ્છુ સાધક માના સાન્નિધ્યનો લાભ લઈ કૃતાર્થ થઈ શકે. જ્યારે હું રામ-કૃષ્ણ પરમહંસ વિષે પુસ્તકો વાંચતો ત્યારે મનમાં ઘણી ય વાર થતું, કે જો હું તેમના સમયમાં હોત તો જરૂર તેમનાં દર્શન કરી કૃતકૃત્ય થયો હોત. આવી રીતનો વસવસો માના સંબંધમાં પાછળથી ન રહી જાય તેટલા માટે જ આ પુસ્તક તેમજ તેવાં બીજાં પુસ્તકો પ્રગટ કરવાનો અમારો ઇરાદો છે.

પ્રસ્તુત પુસ્તક 'શ્રી આનંદમયી લીલાકથા' ઉપક્રમણિકાના રૂપે પ્રગટ કરવામાં આવે છે. જો માની ઇચ્છા હશે તો પાછળથી બીજા ભાગો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બહાર પાડવામાં આવશે. આ પુસ્તક મૂળ બંગાળીમાં લખાયું છે. પુસ્તકના લેખક ભાઈશ્રી અભય, માની પાસે છેલ્લા ૬ વર્ષથી રહે છે. માના સાન્નિધ્યથી તેમણે જે વિગતો એકઠી કરી છે, તેમાંથી આ પુસ્તકમાં મૂકવામાં આવી છે. ગૂજરાતી અનુવાદ હિંદી અનુવાદ ઉપરથી કરવામાં આવ્યો છે. મૂળ બંગાળી પુસ્તક હજુ પ્રકાશ થયું નથી. સાતમો અધ્યાય અભયજીના બીજા બંગાળી પુસ્તક 'શ્રી આનંદમયીર કથા'માંથી તારવી કાઢ્યો છે. આઠમો અધ્યાય ફરીથી લખવામાં આવ્યો છે. તદુપરાંત આ પુસ્તકમાં કાશીના ભારતવિખ્યાત ખૂબ વિદ્વાન અને ઉચ્ચ કોટિના સાધક મહામહોપાધ્યાય પંડિત ગોપીનાથ કવિરાજ એમ. એ, કે જેઓ પહેલાં કાશીની ગવર્નમેન્ટ સંસ્કૃત કૉલેજના પ્રિન્સિપાલ હતા. તેમની ભૂમિકા શ્રી ગુરુપ્રિયાદેવી લિખિત પુસ્તકમાંથી લઈને અહીં મૂકવામાં આવી છે. ગોપીનાથજીની વિદ્વત્તાભરી ભૂમિકા વાંચીને, માને સમજવામાં સરળતા થશે, એમ સમજીને આમાં રાખવામાં આવી છે. 'કલ્યાણ'ના વાચકો ગોપીનાથજીના વિદ્વત્તાભર્યા લેખોથી પરિચિત હશે જ.

આ નિવેદનના લેખકને પણ મા પાસે રહેવાનું છેલ્લાં ત્રણ વર્ષથી સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. માનો સંગ કરીને, મેં જે અવર્ણનીય આનંદ તથા શાંતિ અનુભવ્યાં છે, તે વિષે લખવા જતાં કલમ ચાલે તેમ નથી. જેવી રીતે રામાયણમાં શ્રીમદ્ ગોસ્વામીજી તુલસીદાસજીએ એક જગ્યાએ રામચંદ્રજીનું વર્ણન કરતાં લખ્યું છે કે :

"શ્યામગૌર કિમિ કહઉં બખાની,
ગિરા અનયન, નયન બીનુ બાની."

અર્થાત્ રામચંદ્રજી પ્રભુનું વર્ણન થઈ શકે તેમ નથી. જીભ, કે જે વર્ણન કરી શકે તેમ છે, તેને આંખો નથી—એટલે કે જોઈ શકતી નથી. આંખ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જે જોઈ શકે તેમ છે—પણ વર્ણન કરી શકતી નથી. માના સંબંધમાં પણ લખવા જતાં આની જ સ્થિતિ થાય છે. આ તો સ્વાનુભવનો વિષય છે. ગુજરાતી મિત્રોને હું તો એક જ વિનંતિ કરું છું, કે મા વિષે જાણવા માટે માનો સંગ કરીને સ્વાનુભવ મેળવી આનંદ પ્રાપ્ત કરવો, તેમાં જ મઝા છે. માતાજીના એક પરમ ભક્ત જ્યોતિશ્ચંદ્રરાય (ભાઈજી) એ માતૃ-દર્શનમાં માના સંબંધમાં એક જગ્યાએ લખ્યું છે કે, "મા સાક્ષાત્ બ્રહ્માંડજનનીનું મૂર્ત સ્વરૂપ છે. એ સર્વ દેવમયી પરમ દેવતા છે, મંત્રદૃષ્ટા ઋષિ છે. એમનામાં ઈચ્છા અને અનિચ્છા જેવું કંઈ નથી; એમની પ્રવૃત્તિ તથા નિવૃત્તિ એમની ઇચ્છાથી થતી નથી. અખંડ માતૃભાવનો સર્વતોમુખી પ્રકાશ, શ્રી માની તમામ વાતોમાં, કાર્યોમાં અને એમના અલૌકિક વ્યવહારમાં દેખાઈ આવે છે."

આ જગજ્જનની મા ક્યાં રહેતાં હશે? તેમની પાસે કેવી રીતે જઈ શકાય? તેમની પાસે જવા માટે કેવી વૃત્તિઓ રાખવી જોઈએ? આવા પ્રશ્નો વાચકને થાય, તે સ્વાભાવિક છે. મા કોઈ એક જગ્યાએ કાયમ નિવાસ કરતાં નથી. આ નિવેદન લખતી વખતે પરમ પૂજનીયા મા અલ્મોરા (હિમાલય)માં બિરાજે છે. કયે વખતે મા ક્યાં જશે તથા ક્યાં કેટલો વખત રહેશે, તે આગળથી કહેવું મુશ્કેલ હોય છે. ઘણું ખરું માના કાર્યક્રમો અનિશ્ચિત હોય છે. ઘણી ય વાર એવું બન્યું છે, કે સ્ટેશને ગયા હોઈએ છતાં ક્યાં જવાનું હશે, તે મા સિવાય કોઈ જાણતું ન હોય. સ્ટેશને ગયા પછી માને પૂછવામાં આવતું, "મા, ક્યાંની ટિકિટ લઈશું?" કોઈવાર મા કહેતાં, "સામે જે ગાડી ઊભી છે, તે જ્યાં જવાની હોય ત્યાંની ટિકિટ લઈ લો." કોઈ કોઈ વખત વળી આગળથી પણ ખબર મા આપતાં. આમ મા કયા સમયે ક્યાં મળી શકે, તે વાંચકને કહેવું મુશ્કેલ છે. છતાં માની પાસે આવતાં પહેલાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માના નામે ચાલતા કોઈ એક નીચેના આશ્રમે પત્ર લખી પુછાવતાં કદાચ માના નિવાસની ખબર પડી જાય:–શ્રી જનરલ સેક્રેટરી, શ્રી શ્રી મા આનંદમયી આશ્રમ, બીર/૯૪, ભદૈની વરાણુસી (ઉ. પ્ર.)

માની પાસે આવવાનું થાય તો કેવી જાતની વૃત્તિઓ રાખવી જોઈએ, તે સંબંધમાં ભાઈજીએ એક જગ્યાએ લખ્યું છે કે:–

" માની પાસે જવાનું થાય તો, એમના ચરણસ્પર્શ કરવા આકાંક્ષા જાગે તો, કંઈ નહિ તોયે એ સમયને પૂરતું પણ ચિત્ત દર્પણની માફક સ્વચ્છ કરવું જરૂરી છે. જે જેટલો ક્ષુધિત, પિપાસિત, શ્રદ્ધાશીલ અને શરણાગત થઈ શકશે, તે તેટલો તૃપ્તિલાભ કરશે."

માની પાસે સર્વ જાતના લોકો આવે છે. હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી, પરદેશીઓ વ. પણ માનો સંગ કરે છે. માનાં દ્વાર સર્વ માટે સર્વ સમયે ખુલ્લાં છે. ભાઈજી કહેતા, " માની પાસે ભેદાભેદ નથી. ભાવ જ એમનાં આકર્ષણ વિકર્ષણનું સૂત્ર છે. જેનો જેવો ભાવ, તેને તેવો લાભ થશે. એમની પાસે જે જેટલો શૂન્ય દેહ અને મન લઈ ને નિરાશ્રયની માફક ઉપસ્થિત થઈ શકશે, તે તેટલો જ સહજથી પૂર્ણતાને રસ્તે અગ્રેસર થઈ શકશે."

મા જગતના સર્વ ધર્મની પ્રત્યે સમભાવ રાખે છે. એક જીવંત મહાપુરૂષના સાધક મારી દ્વારા માને પુછાવ્યું હતું કે, " મા, તમે..... મહાપુરૂષના તત્ત્વજ્ઞાનમાં માનો છો ખરા ? જો મતભેદ હોય તો કયાં અને શા માટે ? કારણો કયાં ? તમારે તેમની સાથે આંતર જગતમાં ભેટ થયેલી ખરી ? માના જવાબમાં માએ લખાવ્યું હતું કે, " અહીં ...મહાપુરૂષની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાથે કોઈ ભાવમાં, કોઈ કર્મમાં, કોઈ વિષયમાં વિરોધ નથી. આ શરીરને કોઈ પણની સાથે વિરોધ નથી. પિતાજી (મહાપુરુષ) અને પુત્રી (મા) અલગ જ નથી. અન્તર્જગતમાં કહો કે બાહ્ય જગતમાં કહો." આ જવાબથી જ માનો યથાર્થ પરિચય મેળવવામાં સહાયતા મળશે.

ગૂજરાતના વાચકવર્ગને મારી નમ્ર વિનંતિ છે, કે આ પુસ્તકને ખૂબ ધીરજપૂર્વક સમજવા પ્રયત્ન કરે. આમાં ઘણું ગૂઢ તત્ત્વો સમાયેલાં છે. આ પુસ્તક તો ફક્ત પ્રસ્તાવનાના રૂપે જ છે. માના સંબંધમાં બંગાળી તેમ જ અન્ય ભાષાઓમાં જે પુસ્તકો બહાર પડ્યાં છે, તેની યાદી પરિશિષ્ટ રૂપમાં આપવામાં આવી છે. પરિશિષ્ટ ૨માં માના નામે ચાલતા આશ્રમોની યાદી આપી છે.

અનુવાદક તરીકે મારી ત્રુટિનું મને સંપૂર્ણ ભાન છે. માના બધા ભાવોને ગૂજરાતીમાં ઉતારવા જતાં ઘણી ભૂલો રહી ગઈ હશે, તે માટે વાચકગણ મને ક્ષમા આપશે. મૂળ કરતાં અનુવાદમાં ઓછા ગુણો રહ્યા છે, તે માટે માના ચરણકમળમાં ક્ષમાની પ્રાર્થના કરું છું.

આ પુસ્તકના પ્રકાશનનો ખર્ચ સ્વ. ભાઈશ્રી રજનીકાન્ત મોતીલાલ હાકોર, રહેવાસી સૂરતના, તેમના પુણ્ય સ્મરણાર્થે ભાઈશ્રી કાંતિલાલ મોતીલાલ હાકોર તરફથી મળ્યો છે; તે માટે તેઓનો આભાર માનું છું. પરમ પૂ. શ્રી. સદાકૃપાળી માની કૃપાથી સદ્‌ગત આત્માને સદ્‌ગતિ મળે, તે જ પ્રાર્થના.

આ પુસ્તક છપાવવામાં જે કોઈ ભાઈ તરફથી સીધી કે આડકતરી રીતે કોઈ પણ પ્રકારની મદદ મળી છે, તેઓ સર્વેનો આભાર.

ગૂજરાતના આત્માનુસંધાનેચ્છુ સાધકવર્ગને આ પુસ્તક આત્મો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નતિને માર્ગે આગળ લઈ જવામાં સહાયરૂપ થાઓ, એ પ્રાર્થના સાથે વિરમું છું.

असतो मा सद्गमय ।
तमसो मा ज्योतिर्गमय ।
मृत्यो मा मृतं गमय ।

શ્રી શ્રી મા આનંદમયી આશ્રમ,
પાતાલદેવી, અલ્મોરા,
યુ. પી.
તા. ૩૭ જાન્યુઆરી, ૧૯૪૪
પૌષ સુદ ૮, ૨૦૦૦

સ્વામી કાન્તિભાઈ વ્યાસ
ભાગવતાનંદ ગિરિ
શ્રી મા આનંદમયી આશ્રમ,
બી ૨/૬૪, ભદૈની–વારાણસી
(ઉ. પ્ર.)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગ્રંથકારના બે શબ્દો

જેમની ચર્ચા આ પુસ્તકમાં કરવામાં આવી છે, તેમનું નામ અનેક લોકોના સાંભળવામાં આવ્યું છે. બંગાળી ભાષામાં અનેક પુસ્તકોમાં એમની પાવન ચર્ચા પ્રકાશિત થઈ છે. પરંતુ અન્યાન્ય દેશી ભાષાઓમાં પણ એમના જીવન ઉપર પ્રકાશ પાડવાની વિશેષ આવશ્યકતા દેખાય છે. તેથી જ આ ઉપોદ્‌ઘાતસ્વરૂપ પુસ્તક હિંદી ભાષામાં પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં માના સંબંધમાં કેટલીક વાતોની સંક્ષેપમાં આલોચના કરવામાં આવી છે. જો માની ઇચ્છા હશે, તો ભવિષ્યમાં માની લીલાકથા પ્રકાશિત થશે.

માની ચર્ચા અદ્‌ભુત છે. સાધક અથવા મહાત્મા કહેવાથી જે અર્થ પ્રતીત થાય છે, તે મા નથી. મા અવતાર આદિ કોઈ પણ કોટિનાં છે, તે વાત કહી શકાય તેમ નથી. વિચારબુદ્ધિની સીમામાં રહીને માના સત્ સ્વરૂપને જાણવાનું મુશ્કેલ નહિ પણ અસંભવ છે. તોપણ, સત્યના સાધકને મા પોતાના સ્વરૂપનાં દર્શન કરાવે છે. જેનો જેવો ભાવ હોય છે, તેને અનુરૂપ તે માને દેખે છે. મા છે સાક્ષાત્ અનંત ભાવમય વસ્તુ. તેનાથી અતિરિક્ત કંઈ જ નથી.

માએ દયા કરીને લગભગ પાંચ વર્ષથી મને પોતાની પુણ્ય સંનિધિમાં આશ્રય આપ્યો છે. માની સાથે ઘનિષ્ટ વાર્તાલાપનો સુયોગ મળવાથી, માના શ્રીમુખથી બહુ વાતે સાંભળવાનું સૌભાગ્ય મળ્યું છે; તેથી મારું આ પુસ્તક લખી શકાયું છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માનો ભાવ સીમાહીન તથા અનંત દિશાઓમાં વિસ્તૃત છે. વળી તે ભાવને હું સમજી પણ કેટલો શકયો છું? માના ભાવોનું પૃથક્કરણ કરીને આ જે મેં મેળવ્યું છે, તેના કરતાં પણ અધિક સંભવ છે, કે કાલે મેળવી શકું.

કાશીના મહામહોપાધ્યાય શ્રીયુત પંડિત ગોપીનાથ કવિરાજ તરફથી મને સહાયતા મળી છે. ગ્રંથની પુનરાવૃત્તિમાં ડૉક્ટર રામવિલાસ શર્મા (લખનઉ વિશ્વવિદ્યાલય) તરફથી મને પૂરતી સહાયતા મળી છે. માના ભક્ત શ્રીયુત શીતલપ્રસાદ જયસ્વાલજી (લખનઉ)એ આ પુસ્તકના અનુવાદ અને પ્રકાશનનો બધો ખર્ચ ઉઠાવ્યો છે.

હું અયોગ્ય છું તેથી ત્રુટી હશે, તો પણ માના ચરણોમાં મને અવશ્ય ક્ષમા મળશે.

માની કૃપા કયા રૂપમાં શું કરે છે, તે હું જાણતો નથી. અપાર સ્નેહ, અદ્‌ભુત કરૂણામય માનો આ આવિર્ભાવ છે. આ પુસ્તકથી સર્વનાં હૃદયો આંદોલિત હો, એ જ એક પ્રાર્થના છે.

અભય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ પુસ્તક વિષે

કેટલાક શ્રદ્ધાસ્પદ માતૃભક્ત ભાઈઓએ આ ગ્રંથની ભૂમિકા લખવા મને વિનંતી કરી છે. માના સંબંધમાં મારી જે ધારણાઓ હોય, મારા જે અનુભવો હોય, તેને આ ભૂમિકામાં લોકોની સમક્ષ સંક્ષેપમાં હું પ્રકાશિત કરું, એવી તેમની ઇચ્છા છે.

એ બહાને, માના સ્વરૂપના વિષેની આલોચનાના આ પ્રસંગે. જગત સામે માનો સાચો પરિચય ઓછાવત્તા પ્રમાણમાં વ્યક્ત કરવાનો અવસર સાંપડશે, એમ એ લોકોનું માનવું હશે.

પણ જો કે તેઓની ઇચ્છા પૂર્ણ કરવા, મારું વક્તવ્ય સંક્ષિપ્ત ભૂમિકાકારે લખવા હું પ્રવૃત્ત થયો છું, તોપણ સત્યની ખાતર મારે કહેવું જોઈએ, કે આ લખાણથી તેઓની ઇચ્છા પૂર્ણ થશે નહિ.

હું તો પ્રકૃતિથી અસમર્થ માણસ છું. એ ઇચ્છા મારી દ્વારા પૂર્ણ થાય એ અસંભવ છે, પણ હું પ્રકૃતિવિભિન્ન હોઉં, અધિક સામર્થ્યવાળો હોઉં, તોયે એ સુસાધ્ય નથી.

માના સંબંધમાં હું જે ધારું છું, મારો જે વિશ્વાસ છે, એ મારા હૃદયની સામગ્રી છે. અન્ય લોકો તે નિર્વિચારે ગ્રહણ કરે, તે સામે કશું બંધન નથી, પણ હૃદયની આ સામગ્રીના વિષે લોકો સાર્થ તર્ક-વિતર્ક કરવા અથવા તર્કવિતર્ક ચાલે તો આ વિષયના વિષે આલોચના કરવા મારાથી પ્રવૃત્તિ થાય તેમ નથી. જે વસ્તુ હૃદયની એકાંત ગુહામાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગુપ્ત ભાવે પોષણ કરવાને યોગ્ય છે, તેને ત્યાંથી ઉઠાવી બહાર મૂકી જાહેર આલોચનાનો વિષય બનાવવા દિલ મુદ્દલે રાજી નથી. આમ છતાં ક્ષમા માગી, માનો સાચો પરિચય આપવા પ્રયત્ન કરું, તો એ એક ધૃષ્ટતા જ કહેવાય ને!

"માતૃદર્શન" અને "શ્રી શ્રી મા આનંદમયી પ્રસંગ" ના લેખકોએ પણ આવી રીતનો પ્રયત્ન ખૂબ સુંદર ભાવે કર્યો છે. માની દેહાશ્રિત લીલાઓનું વિવરણ એ બધાં પુસ્તકો વાંચીને સ્થૂલ ભાવે અવશ્ય મેળવી શકાય છે. માનો પ્રત્યક્ષ સંગ મેળવવાનું અને ઉપદેશ સાંભળવાનું જેઓને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે, તેઓએ એ વધારે ઘનિષ્ઠ ભાવે મેળવ્યું છે.

પણ આ બાહ્ય પરિચય ઘણા પ્રકારનો છે. બાહ્ય પરિચયમાં સૌ પોતાની પ્રતિભા અને સંસ્કાર પ્રમાણે દેખે અને દેખશે. માનો સાચો પરિચય મેળવવો અત્યંત કઠણ છે. સૌભાગ્યવશાત્ કોઈ તેનો આભાસ મેળવે, તોપણ તેનો બીજા સામે સારી રીતે પ્રકાશ નાખી શકશે, એવી આશા રાખવી યોગ્ય નથી. ખરું જોતાં સંતાન થઈને માનો પરિચય મેળવવા પ્રયત્ન કરવો એ ગાંડા માણસની ઘેલછા છે.

મા કોણ? માનું સ્વરૂપ શું? આવા આવા બધા ગંભીર વિષયોની મીમાંસા, અલ્પજ્ઞાનસંપન્ન શિશુ કરી શકે, એ સંભવિત નથી. શિશુ જ્યારે ન હતો ત્યારે મા હતી. શિશુ જ્યારે નહિ ત્યારેય મા હશે. મા સનાતની છે. શિશુમાં એવું શું છે, કે જેની દ્વારા માનું સ્વરૂપ સમજવામાં તે સફળતા પ્રાપ્ત કરે? જેના વડે શક્તિમાન થઈ શિશુએ જન્મ ગ્રહણ કર્યો છે, જે સત્તામાં જ શિશુની સત્તા છે, જેને છોડીને અડધી ક્ષણ પણ તે રહી શકે તેમ નથી—તેને, માને સમજવા તેનામાં શક્તિ કયાં છે? સાધનબળે બળવાન થઈ, મનુષ્ય અશક્યને શક્ય કરી શકે—એ ખરું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે. સાધનના મૂળમાં શું છે? મહાશક્તિની, માની, એક કણમાત્ર શક્તિ કે બીજું કંઈ? મહાશક્તિની કૃપાના એ કણ સિવાય મનુષ્ય જડપિંડવત્ છે–અકર્મણ્ય છે. પણ મનુષ્યની વાત શું કામ? શક્તિ સિવાય ખુદ શિવ પોતે નિસ્પંદ છે, શબવત્ છે. એ આદ્યાશક્તિને દેવમાત્ર અને જીવમાત્રના પ્રાણુસ્વરૂપને, કોણ સમજી શકે? જ્ઞાન, કર્મ, ભક્તિ વગેરે બધી સાધનાઓમાં જે પ્રાણુશક્તિ છે, તે આદ્યાશક્તિના અનુગ્રહને લીધે છે. એને આપબળે જાણે એવો કોણ છે? તેનો પરિચય તે પોતે જ પોતાને પ્રકાશિત કરે, તો જ કંઈ થાય. પણ આવો પરિચય કંઈ બધા લોકો મેળવી શકતા નથી. જેટલો આત્મપરિચય તે પોતે જ જેની પાસે પ્રકાશિત કરે, તેટલો તે મેળવે. અન્ય લોકો કંઈ જ મેળવે નહિ.

ઉજ્જવલ, જ્યોતિર્મય, ચિરપ્રકાશમય સવિતૃદેવ પ્રકાશમાન હોવા છતાં પણ, આંધળા પાસે જેવી રીતે નહિ હોવા જેવા છે, તેવી રીતે જગતમાં આદ્યાશક્તિ પ્રકાશિત હોવા છતાં સામાન્ય માણસો પાસે તે અપ્રકાશિતવત્ જ રહે છે. તે પોતે જ જો પ્રકાશિત ન થાય તો કોઈ તેને આપબળે સમજી શકે નહિ. ! એક વખત દેવર્ષિ નારદભગવાન નારાયણનાં દર્શન કરવા માટે શ્વેતદ્વીપમાં ગયા હતા. શ્વેતદ્વીપ ખૂબ દુર્ગમ જગ્યા છે. સાધારણ રીતે દેવતાઓ તથા ઋષિઓને પણ અગમ્ય છે. ત્યાં જઈને તેમણે દિવ્ય મૂર્તિ ધારી નારાયણનાં દર્શન કર્યાં હતાં. આ દેવને દુર્લભ દર્શન તે તપોબળથી કરી શક્યા છે, તેથી તેમના મનમાં એક પ્રકારનો અલૌકિક હર્ષ અને અહંકાર ઉત્પન્ન થયો હતો. સાથે સાથે આકાશવાણી થઈ કે, "નારદ, તું વૃથા અહંકાર કરે છે. મારું આ ભૂતગુણયુક્ત રૂપ જોઈને તું ધારે છે, કે તેં મારા પરમ રૂપનું દર્શન કર્યું છે, પણ તારી આ ધારણા ખોટી છે. મારા સ્વરૂપનું દર્શન હજુ પણ તને થયું નથી." તેના ખાસ અનુગ્રહ સિવાય કોઈને પણ તેના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્વરૂપનું દર્શન થઈ શકે નહિ. યોગી યોગબળે વિશ્વબ્રહ્માંડનો ભૂતકાળ, ભવિષ્યકાળ અને બધા ય વર્તમાન પદાર્થનું જ્ઞાન એકી સાથે અપરોક્ષ ભાવે, સામે વર્તમાન હોય તેમ, હાથમાં રહેલા આમળાની માફક જાણી શકે છે. પણ તેનાથી મહાશક્તિનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી. સંપ્રજ્ઞાત, સાલંબન સમાધિમાં સાંસારિક પદાર્થવિષયક પ્રજ્ઞાનો ઉદય થાય, તોપણ જગતની મૂળ પ્રકૃતિ અથવા પુરૂષને તે સમજી શકે નહિ. પુરૂષપ્રકૃતિની અતીત પરમ ઈશ્વરી શક્તિ તો હજુ દૂરની વાત! જ્ઞાનીનું જ્ઞાનબળ અને ભક્તિનું ભક્તિબળ માના ચરણનો સ્પર્શ કરી શકે નહિ. ખરી રીતે યોગબળ, જ્ઞાનબળ અને ભક્તિબળ—બધું યે બળ તે મહાબળ સ્વરૂપિણીની કણામાત્ર શક્તિનું પ્રતિબિંબ છે. આ ક્ષુદ્ર આભાસબળ તે મૂળ તરફ જતાં, સત્તાહીન થઈ જાય અને કોઈ પણ કાર્યસંપાદનમાં સમર્થ થાય નહિ. દીવાની માફક જેવી રીતે સૂર્યને પ્રકાશિત કરવાનો પ્રયત્ન હાસ્યાસ્પદ થાય છે, તેવી રીતે મનુષ્ય જ્યારે પોતાના આભાસબળની વડે મહાશક્તિ માના સ્વરૂપને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે, ત્યારે થાય છે.

સાધારણ રીતે મા સંતાનને પોતાનો પરિચય આપતાં નથી. સંતાનને માટે તે પરિચય સાધારણ રીતે જરૂરનો પણ નથી. મા તેના અભાવને પૂર્ણ કરે છે. તે જે માગે તે આપીને ભુલાવી રાખે છે, તે ભોગાર્થીને ભોગ આપે છે, મુમુક્ષુને ભક્તિ આપે છે, દુઃખીનું દુઃખ દૂર કરે છે, ભૂખ્યાને અન્ન આપે છે, તરસ્યાને પાણી આપે છે. અને જિજ્ઞાસુને જ્ઞાન આપે છે. જે તેનું જે ભાવે ભજન કરે છે, તે તેની પાસે તે જ ભાવે હાજર થાય છે. પોતપોતાના ભાવની મારફત માનો આ પરિચય સાધકમાત્ર અધિકારના અનુસારે પ્રાપ્ત કરે છે, પણ માના આ સ્વરૂપનો પરિચય નથી. માનું સ્વરૂપ ભાવાતીત—મહાભાવરૂપિણી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા અનંત પ્રકારે, અનંત ભાવનો સમન્વય અને મૂળ હોવા છતાં, ખરી રીતે સમસ્ત ભાવોથી અતીત છે. માના તે તુર્યાતીત રૂપને કોણ ગ્રહણ કરવા સમર્થ છે? પોતે ખંડ ભાવમાં રહીને મહાભાવની ધારણા કરવી અસંભવ વસ્તુ છે, ભાવાતીત સ્વરૂપ તો દૂરનું સ્વપ્નમાત્ર જ છે. વળી જે ક્ષુદ્ર માણસના હૃદયમાં ખંડ ભાવનો પણ ઉદય થયો નથી, તે કેવી રીતે સમજી શકે? માને મેળવવી હોય, તો મામાં આત્મસમર્પણ કરીને તેની સાથે એકાત્મતા પ્રાપ્ત કરવી જોઈએ. માથી પૃથક રહીને માને મેળવી શકાય નહિ. 'અહં'ભાવની નિવૃત્તિરૂપ તે આત્મસમર્પણ-યોગ માની પૂર્ણ કૃપાને આધારે જ પ્રાપ્ત થાય. તે અવસ્થા પ્રાપ્ત થતાં, માની સાથે સંતાનનો કોઈ ભેદ જ રહેતો નથી. તે વખતે એક માત્ર મા જ ચિદાનંદ સ્વરૂપે વિરાજ્યા કરે. તે વખતે, પોતે જ પોતાને જાણે છે. તે આત્મપરિચય તો સદા તેનો છે જ. પણ તેમાં જીવનનું શું? જીવને તો માને સમજવા માટેના પ્રયત્નમાં ચિરકાળ વિડંબનામાં જ રહેવું પડે છે.

જ્યારે કર્મ, યોગ અને ભક્તિના પ્રભાવે પણ માના સ્વરૂપને ઓળખી શકાય નહિ, ત્યારે જીવનચરિત્ર વાંચીને અથવા ઉપદેશ સાંભળીને તેને ઠીક ભાવથી સમજી શકાય નહિ, તે કહેવાની જરૂર રહેતી નથી. ચરિત્ર અંતઃસ્થિત ભાવોનું દ્યોતકમાત્ર છે. જે સ્વયં કોઈ ભાવને આધીન થયા વગર પણ બધા ભાવોને લઈને ખેલો કરી શકે છે અને લીલાબળે કરે પણ છે, તેને ચરિત્રની દ્વારા કોણ સમજી શકે? લોકશિક્ષણને માટે તે શાસ્ત્ર અને સમાજમર્યાદાનું રક્ષણ કરી શકે છે અને કરે પણ છે. વળી લોકશિક્ષણને માટે જ અથવા કોઈ અચિંત્ય કારણને લઈને, તે તેનું ઉલ્લંઘન પણ કરી શકે છે. તેમાં તેનું ગૌરવ શું અથવા હાનિ પણ શું? તે તો કાંઈ કાર્યકારણના નિયમોને આધિન નથી ને? કર્મ અથવા પાપપુણ્ય તેનો આશ્રય કરી શકે નહિ. તેનું આચરણ સર્વ સમયે લોકોને માટે અનુકરણીય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થશે, તેનો કંઈ અર્થ નથી. શિવે હલાહલ ઝેર પી ને મૃત્યુ ઉપર જય કર્યો, છતાં પણ જો સાધારણ જીવ ઝેરનું પાન કરે તો મૃત્યુને જ વશ થાય છે. તે દેશ, કાલ અને પાત્રાનુસારે વ્યવહાર કરે છે. વળી કોઈ કોઈ સમયે તેનું આચરણ બુદ્ધિને અગમ્ય હોય છે. તરત જ વ્યક્તિગત ફળની આકાંક્ષા, વિચિત્ર પૂર્વ કર્મસંસ્કારોનો પ્રભાવ અને વિચારબુદ્ધિની પ્રેરણાથી સાધારણ મનુષ્ય કર્મપંથે આગળ જાય છે; કારણ તેના સમગ્ર જીવનનો પાયો 'અહમ્'ભાવ ઉપર પ્રતિષ્ઠિત છે. પણ જે માનવશરીર ધારણ કરીને પણ દેહાત્મ બોધશૂન્યછે, જન્મથી જ જેનું જ્ઞાનઘન અલુપ્ત રહ્યું છે, અભિમાન અને સ્વાર્થકલુષ ઇચ્છા જેના હૃદયને સ્પર્શ કરી શકતી નથી, તેનું આચરણ વ્યક્તિગત સંસ્કાર અને આદર્શની દ્વારા પ્રેરિત થતું નથી. એક માત્ર સ્વભાવની પ્રેરણાની દ્વારા જ તેના બધા વ્યવહારો સંપન્ન થાય છે. તેથી સામાન્ય માણસના વિચાર નામાનદંડ (Standard) વડે તેના ચારિત્ર્ય વ. નું, માહાત્મ્ય વ. નું નિરૂપણ કરાય નહિ. નીતિશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને આચારશાસ્ત્ર–કોઈ પણ શાસ્ત્ર તેને સમજાવી શકે નહિ. તેનું ચારિત્ર્ય વેદવિધિની બહારનું છે. મનુષ્યના ચરિત્રથી તેના ભાવોનું અનુમાન કરી શકાય, પણ જે ભાવોની સીમાને ઓળંગીને રહ્યાં છે, સ્વયં નિર્લિપ્ત અને અભિમાનશૂન્ય રહીને પણ જુદા જુદા ભાવો લઈને અભિનય કરે છે, તેના સ્વરૂપગત પરિચયને ચરિત્રની દ્વારા જરીક પણ સમજી શકવાની આશા કરાય નહિ, એમ પૂર્વે જ કહેવામાં આવ્યું છે.

મૌલિક ઉપદેશ અતિમધુર અને લોકહિતકર હોય, તોપણ ઉપદેશ આપનારના સ્વરૂપનો બોધ તેનાથી થાય નહિ. એક ક્ષુદ્ર બુદ્ધિવાળો બાળક, તેને આપવામાં આવેલા ઉપદેશથી જો તેના અધ્યાપકના પાંડિત્યનો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નિર્ણય કરવાનો પ્રયત્ન કરે, તો સફળ થાય નહિ. તે સિવાય વૈખરી વાણીનો ઉપદેશ સ્વભાવથી જ અપૂર્ણ હોય છે. તેમાં વિશુદ્ધ જ્ઞાનના વિકાસનો સંભવ નથી. ખાસ કરીને ઉપદેશ સાંભળનારાના અધિકાર અને યોગ્યતા ઉપર આધાર રાખે છે. વૈખરી વાણીથી પર સૂક્ષ્મ વાણી સાંભળનારાની માનસિક યોગ્યતાના ભેદ રૂપે અલ્પાધિક વિકૃત ભાવે તે ઉપદેશ ગૃહીત થાય છે. બીજાઓ પાસે પ્રકાશ કરવા જતાં વળી વધારે વિકારને પ્રાપ્ત થાય છે. આ સ્વાભાવિક છે. આ અવસ્થા હોવાને લીધે ઉપદેશથી પણ માનો યથાર્થ પરિચય મેળવી શકાય નહિ.

આ ગ્રંથ અથવા આવા પ્રકારના બીજા ગ્રંથોની દ્વારા, એટલું જ નહિ પણ ખુદ માના સ્વમુખેથી ઉપદેશ સાંભળીને પણ માને ઓળખવાનો પ્રયત્ન કરવો, તે વૃથા છે. ઠીક ભાવે માનો પરિચય પ્રાપ્ત કરવો, માને ઓળખવી, તે અર્થ વગરની વાત છે. યોગ, યાગ, તપસ્યા, મંત્ર, તંત્ર–કેટલાયે ઉપાયો છે, છતાં કોઈ પણ ઉપાયથી તેને પામવી સુલભ નથી. પૂર્ણ પરિચય તો દૂરની વાત છે, પણ થોડોઘણો પરિચય કેટલા મેળવી શકે છે? તે સકામ સાધકો માટે પણ દુર્લભ છે, અને નિષ્કામ સાધકો માટે પણ દુર્લભ છે. જે સકામ ભક્ત છે, તે તો કામ્ય વસ્તુ, તે તો ભોગવિલાસને ચાહે છે, જે ભોગી છે, તે તો માને ચાહતો નથી. તે માની વિભૂતિથી મોહિત થઈને, તે વિભૂતિ અથવા ઐશ્વર્ય તરફ જ આકર્ષિત થાય છે. મા પણ તેને તે જ આપે છે, તે જ ભાવમાં પોતાને તેની પાસે પ્રકાશિત કરે છે. બીજી રીતે જોતાં, જે સાધક નિષ્કામ, જે સાધક વૈરાગ્યવાન ને મુમુક્ષુ તેનામાં ભોગાકાંક્ષા ન હોય, છતાં પણ મોક્ષલિપ્સા હોય છે; પણ ભોગની માફક મોક્ષ પણ માની વિભૂતિમાત્ર જ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ આ રીતે સાધકને સંસારબંધનમાંથી મુક્તિદાન કરે છે. ભોગ અને મોક્ષ, જેના ચરણકમળમાંથી નીકળે છે, તે મહાશક્તિરૂપા ચિદાનંદમયી જનની જ, શિવ અને જીવ બન્નેની જન્મદાતા છે. તે પૂર્ણા, પરાત્પરા, સનાતની, રહસ્યરૂપા, રસમયી, પ્રેમઘનવિગ્રહા—તેને કેટલા લોકો ચાહે છે ? અથવા કેટલા માણસો તેનું સંધાન જાણે છે ? ભોગપથનું ઐશ્વર્ય અને મુક્તિપથનું કૈવલ્ય, બન્ને જ માના ચરણમાં આળોટતાં પડ્યાં છે. આ બન્ને આકાંક્ષાઓ માના પથમાં કાંટાના સમાન છે. જેને પ્રેમનું સંધાન સાંપડ્યું નથી, તેની પાસે જ ભોગ, ઐશ્વર્ય (ઐહિક, પારમાર્થિક અને નિત્ય), તેમજ કૈવલ્ય (પુરુષ-કૈવલ્ય અને બ્રહ્મકૈવલ્ય) પુરુષાર્થના રૂપે આવી ખડું થાય છે. મહામાયા વિશ્વજનની તેનાથી ગુપ્ત રહે છે. તેને તે આપીને જ તૃપ્ત રાખે છે. તેથી તેનો પોતાનો પરિચય ભોગાર્થી અને મોક્ષાર્થી પાસે છૂપો રહે છે, કારણ કે, જે તેને ચાહતો નથી તેની પાસે તે આત્મપ્રકાશ શા માટે કરે ?

(૨)

તો શું મા બિલકુલ પોતાની જાતને પકડાવા દેતાં નથી ? તેમ અવશ્ય કહી શકાય નહિ. અતિદુર્ગમ, અતિદુર્જ્ઞેય થાય, તોપણ તે કોઈ કોઈ વખત આત્મપ્રકાશ કરે છે, કારણ તે વાત્સલ્યરસથી ભરપૂર સંતાનના પ્રાણસ્પર્શી મા, માના પુકારે તેનાથી જવાબ આપ્યા સિવાય રહેવાય જ નહિ. યોગ, જ્ઞાન, ભક્તિ, કોઈ પણ ઉપાય, કોઈ પણ તપસ્યા ન કર્યાં હોય પણ બાળકની માફક સરળ હૃદયે, માતૃહીન બાળકની માફક આકુળ પ્રાણે મા ! મા ! બોલીને પુકારી શકીએ તો માના સ્તનમાં સુધારસનો સંચાર થયા વગર રહે જ નહિ. માતૃસ્નેહના ભિખારી શિશુહૃદયને તે અમૃતરસથી ભરી દે છે. શિશુ માને મેળવીને, માને મા કહી તથા પુકારીને અને માનો આંદર લાભ કરીને ધન્ય થઈ જાય છે. માના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્વરૂપને તે ન મેળવી શકે, તો તેથી તેને ક્ષતિ શું ? કારણ, તે માનો વિશેષ પરિચય ન મેળવે, છતાં પણ માને પોતાને સ્નેહશાલિની આનંદમયી જનનીના રૂપે ઓળખી શકે છે. આ જ તેને માટે પૂરતું છે. તે આના કરતાં અધિક જાણવાને માટે પ્રયત્ન કરતો નથી, કારણ શિશુભાવની સાથે આવી રીતના પ્રયત્નનું કંઈ સામંજસ્ય નથી; અને કરવા જતાં તે માને ખોઈ બેસે અને પોતે કૃત્રિમતાના કૂવામાં પડીને માતૃદર્શનથી વંચિત રહે. તેથી શિશુના માટે માને સમજવાનો પ્રયત્ન નિષ્ફળ થાય, છતાં શિશુભાવ જ માને માતૃ રૂપે આસ્વાદન કરવાનો એક માત્ર આધાર છે. આ સત્ય છે, કારણ પોતે સંતાનભાવનો આશ્રય ન કરી શકે, તો માતૃભાવના માહાત્મ્યનો અનુભવ કરી શકે નહિ. માતૃશક્તિનો અનંત મહિમા આ આબાલભાવની અંદર થઈને જ કેટલોક આત્મપ્રકાશ કરી રહે છે. તેથી, જેને માનો પરિચય મેળવવાની આશા ખૂબ દૂર હોવા છતાં પણ સંતાનવાત્સલ્યની લાગણીના ઊભરાથી મા સ્વયં જેની પાસે જેટલો આત્મપ્રકાશ કરે, તેની પાસે તેટલું જ સત્ય તરીકે ઓળખાય. તેના ચરિત્ર અને ઉપદેશથી તેનો સાચો પરિચય મેળવવાનો પ્રયત્ન ન કરતાં, તેમાંથી માતૃસ્નેહના લીલાવિલાસદર્શનનો પ્રયાસ કરવો, તે જ યોગ્ય છે. તર્કવિવાદની સીમાની અંદર ખેંચીને રસવસ્તુના માધુર્યને નષ્ટ કરવું, તે યોગ્ય નથી.

પણ તેવો શિશુભાવ સર્વત્ર સુલભ હોતો નથી. શિશુનું અજ્ઞાન અથવા વિવેકનો અભાવ સુલભ થઈ શકે, પણ તેની સરળતા અને પવિત્રતા ઘણી દુર્લભ હોય છે. એમ છતાં ય, માતૃદર્શન માટે આનું જ એકાન્ત એ પ્રયોજન છે.

(૩)

સ્થૂલ અને બાહ્ય પરિચય લોકોના સંસ્કારભેદોને લઈને, જુદી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જુદી રીતનો થાય છે, એમ પહેલાં કહેવામાં આવ્યું છે; પણ તે પરિચય વાસ્તવિક પરિચય નથી, એમ સમજાવવાની જરૂર નથી. જેઓ માના સ્થૂલદેહનો ભૂતકાળનો ઇતિહાસ જાણે છે, તેઓ જાણે છે કે જુદા જુદા સમયે, જુદા જુદા લોકોએ, જુદી જુદી દૃષ્ટિથી માને જોયાં છે. કાલના પરિવર્તનથી અનેકની દૃષ્ટિમાં ફેરફાર થયો નથી. એમ નથી. સૃષ્ટિમાં સર્વત્ર વૈચિત્ર્ય છે. અહીં પણ છે, તે અસ્વીકાર કરાય તેમ નથી.

જ્યારે બાજીતપુરમાં સર્વથી પ્રથમ માનું જીવનગત વૈશિષ્ટ્ય લોકોને દૃષ્ટિગોચર અને શ્રુતિગોચર થવા લાગ્યું, ત્યારે વિચારરહિત સાધારણ લોકો, તે અવસ્થાને અજ્ઞાનતાને લીધે ભૂત, પ્રેત અથવા ક્ષુદ્ર દેવતાનો આવેશ છે, એમ માનતા, ભૂત વ. ને ઉતરાવવા માટે અનુકૂળ ઉપાયો પણ લેવામાં આવ્યા હતા. આ ભૂત ઉતારવાનું તે ભૂવાની શક્તિની બહારની વાત છે, તે થોડાક દિવસોમાં સૌને સમજાયું હતું તે સમયે કોઈ કોઈ લોકો મનમાં ધારતા હતા, કે મા વાયુરોગ, હીસ્ટીરિયા અથવા તેવી જાતના કોઈ રોગથી પીડાય છે. ભાવના વિકાસથી જે બધાં લક્ષણો માલૂમ પડતાં હતાં. તેને તે બધા લોકો રોગનાં ચિહ્નો છે, એમ માનતા હતા. પણ તેઓ પોતાનો આ ભ્રમ છે એમ જલદી સમજી શકયા હતા. ભાવ કોને કહેવાય, તેનું ભાન સામાન્ય માણસને નથી હોતું. તેથી ભાવના સ્ફુરણથી જે બધાં દૈહિક પરિવર્તનો ઉત્પન્ન થાય, તે તેઓ સમજી શકતા નથી. તેથી બાહ્ય લક્ષણોનું કંઈક સાદૃશ્ય જોઈને, તેઓમાં જે વિચારમોહ ઉપસ્થિત થાય તે સ્વાભાવિક છે. શ્રી ચૈતન્ય મહાપ્રભુ અને અન્યાન્ય મહાપુરૂષોના સંબંધમાં પણ આવી રીતનાં લોકમત કોઈ કોઈ જગ્યાએ થોડાક સમય માટે પ્રચલિત થયો હતો.

જે હોય તે ખરૂં, આ એ મત હવે પ્રચલિત નથી; તોપણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બીજો મત હજુ પણ છે અને લાગે છે, કે હંમેશ માટે રહેશે.૧ આમાંનો કોઈ કોઈ મત ખૂબ જ વિચિત્ર હતો. વિચિત્ર હોવા છતાં પણ, તેમાંના કોઈ મતને ઉડાવી શકાય નહિ, કારણ જે માણસ જે મતપોષણ કરે છે, તેની યુક્તિ અને વિશ્વાસ તેને જ અનુકૂળ હોય છે. બીજાની દૃષ્ટિએ તે વિચાર અનુકૂળ ન હોય, તોપણ તેને અમુળક ગણીને નિરાકરણ કરી શકાય નહિ.

પ્રથમ મત પ્રમાણે મા એક શ્રેષ્ઠ સાધિકા છે. તેમણે પૂર્વજન્મમાં ઉચ્ચ સાધનાને પરિણામે ઊર્ધ્વ ગતિ પ્રાપ્ત કરી હતી, પણ પૂર્ણ જ્ઞાનના

---

૧. જેઓ હિંદુ, બૌદ્ધ અને ખ્રિસ્તી ધર્મનો ઇતિહાસ જાણે છે, તેઓ આ મતભેદોનો વિષય સારી પેઠે જાણે છે. શ્રીકૃષ્ણને કોઈ ભગવાનનો અવતાર કહેતા. કોઈ સ્વયં ભગવાન તરીકે વર્ણન કરતા. કોઈ કોઈ તેમને નારાયણ ઋષિનો અવતાર કહેતા. વળી કોઈ કોઈ તેમને સાધારણ માણસ પણ ધારતા. "अवजानन्ति मां मूढामानुषीतनुमाश्रितम्" (ગીતા) આ ભગવાનના વાક્ય ઉપરથી જણાય છે, કે અનેક લોકો તેમની અવજ્ઞા પણ કરતા હતા. બુદ્ધના સંબંધમાં પણ તેની રીતના મતમતાંતરો બૌદ્ધ સાંપ્રદાયિક સાહિત્યમાં દેખાય છે. સ્થવિરવાદી અને મહાસાંઘિક સંપ્રદાયની દૃષ્ટિમાં મૂળમાં જ ભેદ હતો, તે તો પ્રસિદ્ધ છે. તે સિવાય ધર્મકાય અથવા સ્વભાવકાય, સંભોગકાય અને નિર્માણકાયની આલોચનાના પરિણામે રાજા શુદ્ધોદનનો પુત્ર ગૌતમ અનેક લોકોની પાસે નિર્માણકાયના રૂપે જ ગ્રહણ થતો. આ ત્રિકાયાના પરસ્પર સંબંધમાં પણ ગૌતમ નામક ઐતિહાસિક પુરૂષનું તત્ત્વ લઈને બહુ મતભેદ રહ્યા છે. ખ્રિસ્તીધર્મના વિષે પણ તેમજ છે. ખ્રિસ્તી સમાજમાં સેંકડો વર્ષો થયાં આ મતભેદનો જ વિકાસ ચાલતો આવ્યો છે. Docetism, Adoptionism, Modalism, Monarchianism, Anianism વ. મતોના ઇતિહાસની ચર્ચા કરતાં, આ સ્પષ્ટ સમજી શકાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અભાવને લઈને, તેમને ફરીથી જન્મગ્રહણ કરવાની ફરજ પડી છે. આ લોકોના મતના પ્રમાણે મા આ શરીરમાં જ્ઞાનનો પૂર્ણ વિકાસ પ્રાપ્ત કરીને જીવન્મુક્તિ અથવા સ્થિતપ્રજ્ઞની દશાને પ્રાપ્ત થયાં છે. આ જન્મમાં તેમને બાહ્ય ગુરુની આવશ્યકતા જણાઈ ન હતી. અંતઃસ્થિત અંતર્યામી ગુરુ જ, તેમને પ્રયોજનના પ્રમાણે ચલાવે છે. આ તેમનો છેલ્લો જન્મ છે.

આ મત પણ બધા લોકો સ્વીકારતા નથી. તેઓ વિચારે છે, કે જે માના જીવનમાં બધી અલૌકિક વિભૂતિઓ અને બનાવો જોવામાં આવે છે, તેનો થોડોક અંશ સિદ્ધિ અને જીવનમુક્તિવાદની દ્વારા મેળવી શકાય ખરો; પણ તેની જીવનધારામાં એવા બધા બનાવો ઘટતા દેખાય છે, જે સમજવા મુસ્કેલ છે. આ બધી વસ્તુઓ પૂર્વજન્મના સાધન જન્મસંસ્કારોના વિકાસફળે થઈ શકે છે. આ મત પ્રમાણે મા સાધિકા નથી અને જીવન્મુક્ત પણ નથી. જો તેને જીવન્મુક્ત કહેવામાં આવે, તો તે જન્મથી જ જીવન્મુક્ત છે. અધિકારી પુરુષની માફક અધિકારસમાપન કરવા માટે તેણે જન્મ ગ્રહણ કર્યો છે. આ અધિકાર પણ એક જાતનું પ્રારબ્ધ જ છે.

કોઈ કોઈ દુઃખ પ્રગટ કરે છે જે પૂર્વોક્ત મત પણ યોગ્ય નથી, કારણ, માના જીવનમાં કોઈ પણ જગ્યાએ અધિકારનો સંસ્કાર દેખી શકાતો નથી; એટલું જ નહિ, પણ જીવને જ્ઞાન અને ભક્તિનું દાન કરીને ઉદ્ધાર કરવાનો સંસ્કાર પણ તેનામાં નથી. તેણે હજુ સુધી પોતાને ગુરુના ભાવે પ્રગટ થવા દીધાં નથી. તેનું ચરિત્ર અને ઉપદેશ જગતના પારમાર્થિક કલ્યાણને માટે હોય, છતાં પણ આવી રીતનું કલ્યાણ કરવાનો સંસ્કાર તેનામાં નથી. આ મત પ્રમાણે મા નિત્યસિદ્ધા અને ભગવાનનું નિત્ય સેવકસ્વરૂપ છે. કોઈ ખાસ પ્રયોજન માટે ભગવદ્ઇચ્છાથી થોડાક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વખત માટે જગતમાં આવ્યાં છે. પ્રયોજન સિદ્ધ થતાં, તે આપમેળે જ યથાસ્થાને પાછાં ફરી જશે.

પરંતુ આ મત પણ સૌને સ્વીકાર્ય નથી. તેઓ ધારે છે, કે મા પ્રત્યક્ષ મહાદેવી છે. ભક્તોના આવાહને અને જગતના કલ્યાણના માટે તેણે શરીર ધારણ કર્યું છે. આ લોકો કહે છે, કે માની દાદીએ, (બાપની મા) કરમા કાલીમંદિરે, કાલીમાતા પાસે પુત્રને "પુત્ર થાઓ" એમ પ્રાર્થના નહિ કરતાં (ભૂલથી) "કન્યા થાઓ" એમ પ્રાર્થના કરી હતી. તેના પરિણામે માનો જન્મ થયો છે. આ લોકો માને છે કે ભગવતી કાલીએ જ સ્વાંશે મા થઈને જન્મ ગ્રહણ કર્યો છે.[1]

બીજાઓ કહે છે, કે માને કાલી અથવા દુર્ગાદેવી ન કહેતાં આદ્યાશક્તિ મહામાયા કહીને ધારણા કરવી, તે યોગ્ય છે. કોઈએ (જેમ કે લાવણ્યદેવીએ) માને દશભુજા દુર્ગાના રૂપે જોયાં છે, કોઈએ સરસ્વતીના રૂપે (જેમ કે નિર્મલબાબુએ), છિન્નમસ્તા[2]ના રૂપે (જેમ કે પ્રમથબાબુએ) અથવા દશ મહાવિદ્યાના રૂપે (જેમ કે પ્રમથબાબુના પટાવાળાએ) જોયાં છે. આથી પણ વધારે કેટલાયે લોકોએ, કેટલાયે રૂપોમાં માને જોયાં છે.

---

૧. ઢાકા, શાહબાગમાં રહેતી વખતે જે કાલી શૂન્યપથમાં આવિર્ભૂત થઈ તે માના શરીરમાં ઝંપલાવવા ઉદ્યત થઈ હતી; અને જેના પરિણામે ઢાકામાં કાલીની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. તેથી આ મતવાળાઓને થોડાક સમજી શકાય છે. અનેક લોકો માના શરીરમાં કાલીમૂર્તિનો વિકાસ જોઈ શકતા. અનેક દિવસો સુધી તેને 'મનુષ્ય કાલી' કહીને લોકો ઓળખતા. કાલીમૂર્તિ સાથે માનું તાદાત્મ્યપણું કોઈ કોઈ વખત દેખાયું છે. કોકસ બજારમાં રહેતી વખતે માએ જણ્યું હતું, કે ઢાકામાં કાલીમૂર્તિનાં આભૂષણોની ચોરી થઈ છે. પોતાના શરીરમાં માએ તે કષ્ટ અનુભવ્યું હતું.

૨. છિન્નમસ્તા=દશ મહાવિદ્યામાંથી એકનું નામ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મહાભાવમયી રાધાના રૂપે પણ કોઈ ધારે છે, અથવા કોઈ મામાં સાક્ષાત્ કૃષ્ણનો આવેશ છે એમ પણ વિશ્વાસ કરે છે.

(૪)

આવી રીતે કેટલાયે લોકો, કેટલીયે રીતે માનાં દર્શન કરે છે. આમાં કયું જોયેલું સત્ય, કયું અસત્ય ? જો કે ભાવભેદે આમાંના કોઈને પણ એકદમ અસત્ય કહી શકાય નહિ, કારણ જે, તેને જે ભાવે દેખે અથવા સમજે, તેની પાસે મા તે જ ભાવમાં પ્રકાશિત થાય છે; છતાં પણ, મને લાગે છે કે કદાચ આમાંનો કોઈ પણ તેનો સાચો પરિચય નથી. એક વખતે ભારતધર્મ મહામંડળના પ્રચારક સ્વ. દયાનંદ સ્વામી મહાશયે માને પ્રશ્ન પૂછ્યો હતો કે, "મા, તમે કોણ છો ? કોઈ કહે છે, કે તમે અવતાર છો, કોઈ કહે છે તમે (કોઈ દેવતાનો) આવેશ છો. કોઈ કહે છે તમે સાધક છો અથવા સિદ્ધ જીવ છો. હું ખરેખર જાણવા માગું છું કે તમે કોણ છો ?" માએ કહ્યું હતું કે, "તમે શું માનો છો, બાબાજી ? તમે જે માનો છો, તે જ હું છું." માના આ ઉત્તરમાં જ માના સાચા પરિચયનો આભાસ ગુપ્ત ભાવે અંતર્ગત રહ્યો છે, એમ મને તો લાગે છે. ગીતામાં ભગવાને કહ્યું છે કે, "યે યથા માં પ્રપદ્યંતે. તાં સ્તથૈવ ભજામ્યહમ્"–માનું પૂર્વોક્ત વચન પણ તેની બરાબર છે. માને તો વ્યક્તિત્વ અથવા અભિમાનની સીમા નથી, કે તેની દ્વારા તે પરિચ્છિન્ન થશે. તે સ્વચ્છ, શુદ્ધ, સ્વપ્રકાશ અને વિશાળ સત્તાના રૂપે પોતાના મહિમામાં પોતે વિરાજ્યા કરે છે, પણ આ બધા લોકો તેને સંસ્કારવશે તે સ્વરૂપમાં દેખી શકતા નથી; કારણ ચિત્ત સંસ્કારના પાશમાંથી મુક્ત ન થાય, તો સત્ય દર્શન પ્રાપ્ત કરી શકે નહિ. જેનું ચિત્ત જે સંસ્કારથી ભરપૂર છે, તે તેને તે જ ભાવમાં દેખશે અને સંસ્કારમુક્ત ન થાય ત્યાં સુધી તે દેખાવ જ તેને માટે સ્વાભાવિક છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેથી જ શુદ્ધ સત્ય નહિ હોય, તો એ કોઈ પણ સત્યની એકદમ ઉપેક્ષા કરી શકાય નહિ. જે જે મતનો ભક્ત હોય, તેની પાસે તે જ મત આદરણીય થાય, કારણ તે પોતાની વિચારબુદ્ધિમાં તેનું જ મહત્ત્વ દેખે છે.

પણ આ બધા મત જાણવાથી લાભ શું? શ્રદ્ધાવાન સાધારણ મનુષ્યને, શિશુને યોગ્ય સરળ હૃદય લઈને, માની પાસે ઉપસ્થિત થતાં માનાં વાત્સલ્ય, કરુણા અને સ્નેહની શીતળ છાયા પ્રાપ્ત થઈ શકશે. ત્યારપછી ધીરે ધીરે માતૃસંગના પ્રભાવે માની અંતઃપ્રકૃતિ તેની પાસે થોડી થોડી પ્રકાશિત થશે. 'મા, ખરેખર શું છે' આ પ્રશ્ન લઈને માથું પકવવાનું પ્રયોજન જોશે નહિ.

(૫)

મા ગમે તે હોય, તેના મનુષ્યદેહની લીલાની આલોચનાથી એવાં કેટલાંક સત્યનો અનુભવ કરી શકાએ છીએ, કે જેને મનુષ્યના હિસાબે આપણે જરૂર જાણવાં તથા યાદ રાખવાં જોઈએ. કેવી રીતે ભગવાનને મેળવી શકાએ, તેને મેળવવા માટે કેવો સંયમ, નિષ્ઠા, વૈરાગ્ય, અનાસક્તિ અને ત્યાગ જરૂરનાં છે. કર્મ, ભક્તિ, યોગ અને જ્ઞાનરૂપનું સાધનાનું સ્વરૂપ અને પરિણામ શું, તપસ્યા શું, પૂર્ણ આત્મસમર્પણ અથવા નિર્ભર ભાવ કોને કહે, વ્યક્તિગત અને સામાજિક જીવનની ઉપર ભગવદ્ સાક્ષાત્કારનો પ્રભાવ શું—આ બધું અને આવા બીજા બહુ પ્રશ્નોની મીમાંસા, માના ચરિત્રમાંથી મેળવી શકાય છે. આ બધી કંઈ ઓછી વાત નથી. શાસ્ત્રમાં અનેક વિષયોની આલોચના હોવા છતાં, તેનું પ્રત્યક્ષ નિદર્શન ન મળે ત્યાં સુધી બધા લોકો તેમાં સરખે ભાવે દૃઢ શ્રદ્ધા રાખી શકે નહિ. પણ જ્યારે આ બધાં સત્યો જીવન્ત ભાવે કોઈના પણ ચરિત્રમાં આવિર્ભૂત થતાં દેખાય, ત્યારે શાસ્ત્રવાક્યમાં અવિચલિત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રદ્ધા ઉત્પન્ન થાય છે અને પોતાના જીવન ઉપર તેનો પ્રભાવ વિસ્તૃત થઈ પડે છે. માનો સત્ય પરિચય જે હોય તે, સાધારણ મનુષ્ય તેની વિશેષ કૃપા સિવાય લેશમાત્ર પણ જાણી શકશે નહિ. પરંતુ માના સ્થૂલ જીવનની ધારા જોઈને અને આલોચના કરીને તે અનેક વિષયમાં લાભ મેળવી શકશે. માનાં ચરિત્ર અને ઉપદેશથી, તે માનું તત્ત્વ સમજી ન શકે, તોપણ ચરિત્રમાંથી આત્મોન્નતિના માર્ગની શોધ મેળવી શકશે અને ઉપદેશની દ્વારા સાધન અને આચરણના વિષયમાં ઘણું શિક્ષણ મેળવી શકશે.

માનું જીવનચરિત્ર સર્વાંશે અનુકરણીય નથી, તે સાચી વાત છે; કારણ તે આત્મબોધમાં પ્રતિષ્ઠિત છે, ભાવ અને અભાવથી પર છે, દ્વન્દ્વ-વિનિર્મુક્ત છે અને શાસ્ત્રવિધિનિષેધોથી બહિર્ભૂત છે. તે તે જ છે. તે કોઈના અનુકરણને યોગ્ય નથી. જો કે તે સ્થિતિમાં તેનું કંઈ જ કર્તવ્ય નથી, કારણ તેને એવું કંઈ અપ્રાપ્ત નથી, કે જેને પ્રાપ્ત કરવા માટે તેને કર્મ કરવાં પડે; છતાં પણ સ્વભાવની પ્રેરણાથી લોકશિક્ષણને માટે તેના શરીરનો આશ્રય લઈને, કોઈ કોઈ વખત એવાં કેટલાંક કર્મોનું અનુષ્ઠાન થાય છે, કે જે સંસારી લોકો માટે અનુકરણીય છે. જો કે આ બધાં કર્મો સ્વાભાવિક છે, પોતાની પૃથક્ ઇચ્છામાંથી જનમ્યાં નથી હોતાં અને અજ્ઞાન જગતનાં બધાં જ કર્મો કરનારની ઇચ્છામાંથી ઉત્પન્ન થયેલાં હોય છે; તોપણ જગતના જીવો માટે આ બધાં કર્મો અનુકરણીય છે. માએ માયાયુક્ત જીવને સ્વયં આચરણ કરીને દેખાડી દીધું છે, કે કયું કામ કેવી રીતે કરવું જોઈએ; ઉદ્દેશ્ય એ કે આ શરીરનું આચરણ જોઈને કૃત્રિમ રીતે હોય, તોપણ જીવ આવાં કર્મો કરવાને પ્રવૃત્ત થઈ શકશે. તેનો આ આચરણનો અભિનય માત્ર છે—અને આ વિચિત્ર અભિનય છે, કારણ તેના શરીરનો આશ્રય કરીને આ અભિનય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપમેળે જ થયે જાય છે, અવશ્ય આ સત્ય છે, કે માના શરીરમાં ઘણી ય વાર એવાં બધાં કર્મોનો ઉદ્‌ભવ થયો છે કે જેનું રહસ્ય સમજવું અઘરું છે, જે સ્પષ્ટ રીતે કોઈ પણ જીવના આદર્શરૂપે ગ્રહણયોગ્ય નથી. પરંતુ આવી રીતનાં કર્મો પણ જીવ અને જગતના કલ્યાણ માટે જ થઈ રહે છે.[૧]

તેથી જ માને મનુષ્ય કહેવાથી મા કંઈ નાનાં થઈ જતાં નથી. વળી અવતાર અથવા નિત્યસિદ્ધ કહીને સ્તુતિ કરવાથી તેનો ઉત્કર્ષ થયો છે, એમ પણ કહી શકાય નહિ.

જેની સત્તા અને સ્વરૂપાત્મક બોધ સામ્યના ભાવને પ્રતિષ્ઠિત છે, તેને માટે નાનું અને મોટું, સ્તુતિ અને નિંદા બન્નેએ સરખું છે. તેના ઉત્કર્ષ અથવા અપકર્ષનો સંભવ નથી. સમસ્ત જગત તેનું પોતાનું જ ઘર છે. સમસ્ત સત્ત્વવર્ગ તેનાં પોતાનાં જ માણસો છે. તે સ્વભાવમાં રહીને સર્વત્ર સ્વભાવના ખેલોનું જ નિરીક્ષણ કરે છે. અભિમાનવશ ક્ષુદ્ર મનુષ્ય પોતાને કર્તા માનીને પોતાને સ્વાધીન માને, તોપણ આ બિના સત્ય છે, કે જે કંઈ થાય છે તે બધું સ્વભાવવશ જ થાય છે. અવિદ્યાના મોહને લઈને તે સમજી શકાતું નથી. તેથી જ

---

૧. મા ઘણી વાર કહે છે કે, "આ શરીરનું બધું તમારા પ્રયોજનના અનુસાર આપમેળે જ થયે જાય છે." આ ઉપરથી સમજાય છે, કે માના શરીરમાં ગમે ત્યારે, ગમે તેવો અભિનય ભલેને થાય, તે તેની ઇચ્છાથી થતો નથી; પણ સ્વાભાવિક રીતે થાય છે. તે ગમે તે કોઈના દ્વારા જ નિયન્ત્રિત હોય છે. મનુષ્ય અદૂરદર્શી હોઈને સર્વ સમયે આ પ્રયોજન જોઈ શકે નહિ તે ખરું, તોપણ પ્રયોજન હોય છે જ. વ્યાસ મુનિએ યોગભાષ્યમાં ઈશ્વરના દેહગ્રહણના સંબંધમાં એક ઠેકાણે લખ્યું છે કે—"તસ્ય આત્માનુગ્રહાભાવે ઽપિ ભૂતાનુગ્રહ એવ પ્રયોજનમ્‌॥" આ પણ તેવી જ રીતે થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મહાશક્તિના ખેલમાં ઇચ્છાશક્તિનો આરોપ થાય છે અને તેનું અવશ્યમ્ભાવિ ફળ સુખ, દુઃખ, ભોગ, અનિવાર્ય થઈ પડે છે.

પહેલાં જ્યારે મા ગૃહસ્થાશ્રમમાં ઘરકામમાં નિરત હતાં, ત્યારે પણ તેઓ જે આત્મબોધમાં અવસ્થિત હતાં, ગૃહસ્થાશ્રમથી પૃથક્ ભાવે વિચરણ કરીને પણ હાલમાં તે ત્યાં જ પ્રતિષ્ઠિત છે. તેની સ્થિતિ અટલ છે. શરીરે જુદા જુદા સમયે, જુદા જુદા સાજ સજ્યા છે ખરા. જ્યારે જે ભાવમાં મા સાજતાં ત્યારે તે અભિનય જોઈએ તે પ્રમાણે થઈ જતો, પણ તે જાણે છે કે તે જ્યાં છે ત્યાં જ છે. ત્યાં જ રહીને સાક્ષીરૂપે નિર્વિકાર ભાવે દેહ અને દેહાશ્રિત સંસારના અભિનયો જોતાં જાય છે. તેમાં સત્ય ભાવની નિર્લિપ્તતા અને નિઃસંગતતા લેશમાત્ર ઓછી થતી નથી. આ સાધારણ બુદ્ધિથી પરનું રહસ્ય છે.

મનુષ્યનાં સર્વ કર્મોની મૂળમાં ઈષ્ટ સાધનતાનું જ્ઞાન અથવા કર્તવ્યનો બોધ રહે છે; અર્થાત્ મનુષ્ય તે જ કર્મો કરવા પ્રવૃત્ત થાય છે, કે જેની દ્વારા સુખપ્રાપ્તિ અથવા દુઃખ થશે, એમ તેની ધારણા જન્મે છે. અથવા કોઈ કોઈ વખતે ઔચિત્ય બોધથી પણ કર્મમાં પ્રવૃત્ત રહે છે. દ્વિતીય આદર્શ અવશ્ય પ્રથમ કરતાં શ્રેષ્ઠ છે. જગતમાં આનાં પણ દ્રષ્ટાન્તો છે. પણ જે આપ્તકામ કે જેની ઇચ્છાઓ પરિપૂર્ણ થઈ છે તે અને આત્મારામ, જે કૃતકૃત્ય છે, જેને કોઈ ચીજનો અભાવ માલૂમ પડતો નથી. તે જ સુખદુઃખસમદર્શી હોઈને સુખના પ્રલોભનથી અથવા દુઃખના તાપથી વિચલિત થતો નથી. તેમજ તેનું કર્તવ્ય રહેતું નથી. આ કર્મ તે સ્વભાવનાં કર્મો છે. ઇચ્છાની પ્રેરણાથી અથવા 'અહમ્' બુદ્ધિની પ્રેરણાથી આ કર્મો ઉત્પન્ન થતાં નથી. જે હૃદયમાં કર્તૃત્વાભિમાનની મલિનતા નથી, ત્યાં ફળાકાંક્ષારૂપ ઇચ્છા અને કર્તવ્યવિચારનો ઉદય થવાની સંભાવના પણ ક્યાં છે? આ કર્મો જ અકર્તાનાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કર્મો છે. આ કર્મ હોવા છતાં પણ અકર્મ છે. ભગવદ્‌શક્તિના પ્રકાશમાં સમગ્ર વિશ્વવ્યાપીને જે કર્મોનો સ્વતઃપ્રવાહ ચાલ્યો જાય છે, તેજ કર્મો આ છે. આ લીલારૂપી (કર્મો) છે. કર્તાના વ્યક્તિગત પ્રયોજનની દ્વારા આ કર્મો સીમાબદ્ધ થતાં નથી. જગત્‌કલ્યાણ જ આનું એક માત્ર પરિણામ છે. અજ્ઞાન જીવ પોતાના સીમાબદ્ધ જ્ઞાનની દ્વારા આ મંગળમય લક્ષ્યને સર્વ સમયે ન સમજી શકે, તોપણ આનો સ્વીકાર કર્યા સિવાય ચાલે તેમ નથી.

આના પોતાના ભજવેલા જીવનનાટકના ક્રમવિકાસના પથમાં આપણે નીચે પ્રમાણેનાં સત્યો પ્રત્યક્ષ કરીએ છીએ :—

(ક) અંતરની તીવ્ર વ્યાકુળતા જ ભગવદ્‌પ્રાપ્તિમાં મુખ્ય સહાયક છે. તેને મેળવવા માટે દિવસોના દિવસો, મહિનાઓના મહિનાઓ, વરસોના વરસો, સર્વ સમયે, સર્વ અવસ્થામાં, શયને, સ્વપ્ને, જાગરણે, ઉત્થાને, બેસતાં. ઊઠતાં, હરતાફરતાં, બધાં કર્મોની શરૂઆતમાં અને અંતમાં–મનમાં તેના માટે એક વેદના જાગ્રત રાખવી જોઈએ. સંસારના સુખસંપદ, આરામ, આડંબર કથાથી જાણે હૃદય તેને ભૂલી ન શકે.

(ખ) આના પરિણામે ક્રમશ : ચિત્ત તેની જ ચિંતામાં તન્મય થઈને રહે અને જે કંઈ તેની ચિંતામાં અંતરાયરૂપ દેખાય, તેના પર અનાસ્થા ઉત્પન્ન થવા માંડે છે. આવી રીતે ભગવદ્‌ભાવનાં વિરોધી આચરણ અને વૃત્તિની પ્રતિ વૈરાગ્ય જન્મે છે; અને સાંસારિક વિષયોની પ્રતિ ક્રમે ક્રમે અનાસક્તિ દૃઢમૂળ થાય છે.

(ગ) તે વખતે એકાંતમાં કેટલોક સમય તેને લઈને (પ્રભુના ચિંતનમાં) રહેવું જોઇએ. ઉપદ્રષ્ટાનો અભાવ માલૂમ પડવાનું કોઈ જ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કારણ નથી; કારણ હાલ તરતને માટે હૃદય જ ઉપદ્દેષ્ટાનું કાર્ય કરી શકે છે. જેને જે રૂપ, જે નામ, જે ભાવ સારો લાગે, તેના માટે તે જ પ્રથમાવસ્થામાં સ્મરણ માટે અવલંબનીય છે. દીક્ષા ન લીધી હોય તોપણ કંઈ વાંધો નથી. ધીરે ધીરે ભગવદ્સ્મરણનો સમય, માત્રા, તીવ્રતા વગેરે વધારવાં જોઈએ અથવા આપમેળે જ વધી જાય છે. ગુરુ, મંત્ર દેવતા વગેરેની આવશ્યકતા ઊભી થતાં આ બધું યોગ્ય સમયે આપમેળે જ ઉપસ્થિત થશે. જ્યારે તેને જેની જરૂર હોય ત્યારે તે આવિર્ભૂત થાય છે. અવિચ્છિન્ન સ્મૃતિ એ જ ધ્યાન અને ઉપાસના છે. જેથી તે પ્રાપ્ત થાય તે માટે મનને એકાગ્ર કરવું જોઈએ. તેની કરુણા તરફ દૃષ્ટિ રાખીને–ફળની આશા છોડીને યથાશક્તિ પોતાની મેળે પ્રયત્ન કરવો જોઈએ. આહાર, શુદ્ધિ, સંયમ, વાક્સંયમ, મૌન, ચિંતાશૂન્યતા, કર્તવ્યનિષ્ઠા, સદાચાર, સત્ય, દયા, પ્રેમ, ક્ષમા અને વિચાર–સર્વ સદ્ગુણો ચિત્તક્ષેત્રમાં ધીરે ધીરે પ્રયોજનાનુસારે ઉત્પન્ન થાય છે. આમ ધીરે ધીરે વિશુદ્ધ ભાવનો ઉદય થાય છે.

(ઘ) ધીરે ધીરે હું–તું નો ભાવ ઓછો થતો જાય છે. વ્યવહાર-ક્ષેત્રમાં પણ હું–તું ના ભાવનો વિચાર ચાલ્યો જાય છે. સમસ્ત જગત જ એક અખંડ પરિવાર છે, એમ માલૂમ પડવા લાગે છે.

(ઙ) ધીરે ધીરે ભાવગ્રંથિઓ ખૂલી જાય છે. મુક્ત શક્તિ સ્વાધીન ભાવે ખેલતી રહે છે. સંસ્કારનાં બંધનો તૂટી જાય છે.

(ચ) આવી રીતે સાધનાની પરિપક્વતાના ખંડભાવમાં અનંત અને અખંડ સત્તાનો પ્રકાશ ઉપલબ્ધિગોચર થાય છે. ત્યારે હંમેશ માટે ખંડભાવ અને ખંડકર્મોનું સમાધાન થઈ જાય છે. આજે વિચ્છિન્નમાં અવિચ્છિન્ન સત્તાના સાક્ષાત્કારની વાત કહેવામાં આવી,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તે સાક્ષાત્ અનુભૂતિ–શાસ્ત્રીય વાક્ય અને યુક્તિની દ્વારા ઉત્પન્ન પરોક્ષ જ્ઞાનમાત્ર નથી. તેથી જ જેનામાં આ બોધ જન્મે, તેના ચિત્તમાં સાંપ્રદાયિકતા લેશમાત્ર રહી શકે નહિ. જે માણસ અનંત વિભિન્ન ભાવમાં પણ એક જ પરમ સત્તાની ખોળ મેળવે છે, તે કોઈ પણ વિશિષ્ટ ભાવમાં બદ્ધ થયા વગર પણ તેની લીલાનો અનુભવ કરી શકે છે.

(છ) આવી રીતે ભાવનાં ખેલો જોતાં જોતાં ભાવના રાજ્યને છોડીને ઉપર ઊઠતાં નિર્મલ જ્ઞાનના પ્રકાશથી અંતરાકાશ ઉજ્જ્વળ થઈ જાય છે. તે વખતે સાધકની પાસે નિત્ય અને પૂર્ણ સત્ય પ્રકાશમાન થાય છે; અને તેનામાં તેનું આત્મસમર્પણ પૂર્ણતા પ્રાપ્ત કરે છે. આ સમયે જ 'અહમ્' બુદ્ધિની અંતિમ આહુતિ પૂર્ણ થઈ જાય છે. તે વખતે પોતાની ઇચ્છા અથવા અનિચ્છા એમ કંઈ જ બાકી રહેતું નથી. સર્વત્ર સર્વ કર્મોમાં એક સ્વભાવનાં ખેલો જ દૃષ્ટિગોચર થાય છે.

મા કહે છે કે, "અસીમને મેળવવું હોય તો પ્રથમ સીમામાં પોતાને આબદ્ધ રાખીને ચાલવું પડે છે. પછીથી જ અનંતના આભાસે સીમાના બંધનો ખૂલી જાય છે." માના પોતાના જીવનના અભિનયમાં આપણે આ સત્ય સ્પષ્ટ રૂપે સમજી શકીએ છીએ.

મહામહોપાધ્યાય ડૉ. ગોપીનાથ કવિરાજ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય પહેલો

સૂચના

શ્રી માતાજીનું વાસ્તવિક જીવન અદ્‌ભુતથી પણ અદ્‌ભુત છે. હું અહીં તે બધા અલૌકિક વૃત્તાન્તોને–વિસ્તારીને જીવનચરિત્ર લખવા તૈયાર થયો નથી. માતાજીની સુંદર, મહિમામયી તથા અલૌકિક લીલાઓની થોડીક ઘટનાઓનો જ અહીં ઉલ્લેખ કરું છું.

શ્રી માતાજીનો જન્મ બંગાળમાં ત્રિપુરા જિલ્લામાં ખેઉરા નામના ગામમાં થયો હતો. માનાં માતાપિતા ખૂબ ગરીબ હતાં; પરંતુ તેઓ અત્યંત સાધુ પ્રકૃતિનાં હતાં.

અત્યંત બાલ્યાવસ્થામાં એટલે સુધી કે જન્મસમયે પણ માનું જ્ઞાન સંપૂર્ણપણે હતું. પાછળથી માએ એક દિવસે કહ્યું હતું કે, "મારા જન્મથી તેરમા દિવસે જગદાનંદ કાકાના પિતાજી શું મને જોવા નહોતા આવ્યા?" માની જનનીને આ વાતનું સ્મરણ થયું કે ખરેખર તે એક દિવસ આવ્યા હતા ખરા.

બાલ્યાવસ્થામાં પણ માતાજીનો કોઈ કોઈ વખત અલૌકિક ભાવ પ્રગટ થતો હતો. માનું હરવુંફરવું કોઈ જુદી જ જાતનું હતું. મા નાનાં બાળક હતાં ત્યારે પણ કેટલાયે દેવો તથા દેવીઓ મા પાસે આવતાં

૧. સન ૧૮૯૬: (બંગાળા વર્ષ ૧૯ વૈશાખ ૧૩૦૩)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હતાં પણ તે વખતે મા આ બધી વાતો પ્રગટ કરતાં ન હતાં. કોઈ વખત કોઈ ને માનો આવો હાવભાવ જોઈ ને અચંબો થતો, પરંતુ સાધારણ રીતે માને કોઇ ઓળખી શકતું ન હતું. બધા લોકો મા તરફ ખૂબ પ્રેમભાવ રાખતા હતા.

પ્રાય : તેર વર્ષની ઉંમરે માનું લગ્ન થયું હતું. શરૂઆતમાં જોકના ત્યાં અને ત્યારબાદ પતિદેવની પાસે માના દિવસો પસાર થયા હતા. પહેલાં મા પતિદેવ ભોલાનાથજી[1]ની સાથે અષ્ટગ્રામ[2]માં રહેતાં હતાં. ત્યારબાદ કેટલોક સમય–બાજીતપુરમાં રહ્યાં. ભોલાનાથજીએ માની સાધનામાં ઠીક અનુકૂળતા કરી આપી હતી.

જ્યારે ભોલાનાથજી મા સાથે ઢાકામાં આવ્યાં ત્યારે તેમને નોકરી ન હતી. તેમણે નોકરી શોધવા બહુ પ્રયત્નો કર્યો છતાં પણ જ્યારે કંઈ વ્યવસ્થા ન થઈ શકી ત્યારે તેમણે માને કોઈ એક જગાએ રાખીને નોકરી માટે શોધ કરવાનો વિચાર કર્યો. માએ ભોલાનાથજીને ત્રણ દિવસ રાહ જોવા કહ્યું. ત્રણ દિવસની અંદર જ ભોલાનાથજીને નોકરી મળી ગઈ.

ઢાકામાં શાહબાગ નામના બગીચામાં ત્યારથી તેઓ રહેવા લાગ્યાં. આ જગ્યાએ માની કેટલીયે લીલાઓ થઈ ગઈ છે. તેનું વર્ણન થઈ શકે તેમ નથી. આજ જગ્યાએ ભક્તગણ સૌથી પહેલાં આવીને માના ચરણોમાં ઉપસ્થિત થયો હતો.

સાધનાનો આવિર્ભાવ બહુ વખત પહેલાં અષ્ટગ્રામમાં જ શરૂ થઈ ગયો હતો. ઢાકામાં પણ અનેક પ્રકારની અવસ્થાઓનો પ્રાદુર્ભાવ

---

૧. આ નામ પાછળથી પડ્યું હતું. પહેલાંનું નામ રમણીમોહન ચક્રવર્તી હતું.

૨. બંગાળના મૈમનસિંગ જિલ્લામાં એક ગામ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દેખાતો હતો. એ સમયે કેટકેટલી વિભૂતિઓ, ઐશ્વર્યો અને શક્તિઓની લીલાઓ સ્વતઃસ્ફુરિત થઈ હતી તેની ગણના નથી. કેટલાયે અસાધ્ય દુષ્ટ રોગવાળા રોગીઓ નીરોગી થયા હતા. આ ઉપરાંત કેટલીયે અવનવી ઘટનાઓ બનતી હતી.

ઢાકામાં સિદ્ધેશ્વરી નામનું એક સ્થાન છે. ત્યાં કાલીમાતાનું એક મંદિર છે. મા ભોલાનાથજીને સાથે લઈને ઘણી વખત જતાં હતાં. એ સમયે માની પાસે અધિક સંખ્યામાં ભક્તો આવતા ન હતા. એક દિવસે એવું બન્યું કે મા ભોલાનાથજીને લઇને તળકામાં જ નીકળી પડ્યાં. એક સ્થાનમાં જઈને માએ પ્રદક્ષિણા કરી અને પોતાની ચારે તરફ કૂંડાળું કરીને બેસી ગયાં. મુખમાંથી આપોઆપ મંત્રો નીકળવા લાગ્યા. પાસેની માટીને મા હાથથી દબાવવા લાગ્યાં. હાથ આપોઆપ માટીની અંદર ઘૂસવા લાગ્યો. માએ ભોલાનાથજીને પણ એ જ જગ્યાએ હાથ મૂકવા કહ્યું. ભોલાનાથજીએ ત્યાંથી હાથ ઉઠાવી લીધા પછી કંઈક લાલગંદુ ગરમ પાણી નીકળવા લાગ્યું.

પાછળથી માના આદેશાનુસાર એ જગ્યાએ એક વેદી બનાવવામાં આવી. મા કોઈક વખત આ વેદી ઉપર જઈને બેસતાં હતાં. એક વખતે કીર્તનના સમયે એવી ઘટના બની કે મા વેદી ઉપર બેઠાં હતાં. થોડીવારમાં તે જગ્યાએ ફક્ત માનાં કપડાં જ પડેલાં જોવામાં આવ્યાં. માનું શરીર ત્યાંથી અદૃશ્ય થયું હતું.

આ જગ્યાએ બીજી પણ કેટલીક ઘટનાઓ થઈ. કેટલાક સમય પછી આ જગ્યાએ એક ઓરડો બનાવવામાં આવ્યો. ઓરડાની અંદર વેદી એક ખાડાસમાન રહી. એક વખતે કીર્તનના સમયે મા ત્યાં ગયાં હતાં. અનેક ભક્તો પણ સાથે હતા. મા તે ખાડાની વચમાં જઈને બેઠાં તે વખતે માને લોકો અનેક પ્રકારના સાંસારિક પ્રશ્નો પૂછવા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લાગ્યા, એટલે માએ કહ્યું, "હું જ્યારે અહીં આવીને બેસું ત્યારે ગમે તે પ્રકારના પ્રશ્નો મને પૂછવામાં આવશે તે પ્રશ્નોનો જવાબ દઈશ." સ્ત્રીઓ અનાવશ્યક તુચ્છ તુચ્છ પ્રશ્નો પૂછવા લાગી. માએ જવાબ દેવા માંડ્યા, પરંતુ કોઈએ માને ઉચ્ચ વિચારનો પ્રશ્ન કર્યો નહિ. ત્યારબાદ કીર્તનનો આરંભ થયો. કીર્તનમાં માના શરીરમાં અદ્‌ભુત ભાવાવેશનો પ્રકાશ થયો.

એક વખતે કાલીપૂજા માટે આયોજન કરવામાં આવ્યું હતું.[૧] માને સ્નાન કરાવ્યા પછી ભોલાનાથજીએ પૂજા કરવા માટે કહ્યું. મા જમીન ઉપર બેસી ગયાં અને ડાબા હાથથી પૂજા કરવા લાગ્યાં પૂજા જોવા માટે અસંખ્ય લોકો આવ્યા હતા. આવામાં કોણ જાણે માનાં શું ભાવ આવ્યો તે મા સહસા ઊભાં થઈ ગયાં અને ભોલાનાથજીને કહ્યું, "હું બેસું છું. તમે પૂજા કરો." ભોલાનાથજી આનાકાની કરવા લાગ્યા, કારણ એઓ પૂજા કરવા રાજી ન હતાં. એવામાં પલકભરમાં માએ જે કર્યું તે જોઈને બધા આશ્ચર્યાન્વિત થઈ ગયા. મા અટ્ટહાસ્ય કરીને બધાંની વચમાં જઈને કાલીમૂર્તિ પાસે બેસી ગયાં. એમનાં પહેરેલાં કપડાં ખુલ્લાં થઈ ગયાં, જીભ બહાર નીકળી પડી. માના શરીરમાં સાક્ષાત્ જગદંબાનો આવિર્ભાવ જોઈને બધાંઓને જે વિચિત્ર અનુભવ થયો હતો, તે અવર્ણનીય છે. એક ક્ષણમાં મા સામેની બાજુ તરફ ઢળી પડ્યાં.[૨] આ તરફ ભોલાનાથજી પૂજા કરી રહ્યા હતા.

માએ બધાંને આંખો બંધ કરવા માટે કહ્યું. એક સ્ત્રી દૂરથી ઊભી રહીને આ જોયા કરતી હતી. માએ તેને પણ આંખો બંધ કરવા કહ્યું.

---

૧. સને ૧૯૨૯

૨. પાછળથી માએ કહ્યું હતું કે તે સમયના પ્રજ્વલિત ભાવને બધાંની દૃષ્ટિઓથી ગુપ્ત રાખવા માટે એવું કર્યું હતું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પાછળથી આંખ ખૂલ્યા પછી જણાયું કે ભોલાનાથજી માની પૂજા કરી રહ્યા છે. મા બેઠાં છે. ફૂલોની શોભાથી માની મૂર્તિ મનોહર દેખાય છે. એક માણસ તે સમયે મૂર્છિત થઈ ગયો હતો. પાછળથી એણે કહ્યું હતું કે તેણે એક જ્યોતિ દેખી હતી.

માની લીલાઓ, ઘટનાઓ વગેરેનો ઉલ્લેખ કરવા જતાં એક વિશાળ ગ્રંથ થઈ જાય તેમ છે.

ક્રમશઃ ભક્તજનોની પાસે મા અધિકપણે પરિચિત થવા લાગ્યાં. માના જીવનચરિત્રની આલોચના કરવાથી સ્પષ્ટ જણાય છે કે આમાં માનવબુદ્ધિ, વિચાર અને ઇચ્છાને સ્થાન નથી. એક મહાશક્તિની પ્રેરણાથી આપોઆપ જ બધું થઈ જતું હતું. માના જીવનમાં ઘટનાઓનો આ સંયોગ અદ્‌ભુત છે.

થોડાક સમય પછી જગતની જનતાની પાસે માનો કરુણાથી કોમળ, સ્નેહસ્નિગ્ધ, સંતાન–વાત્સલ્યમય જીવન પ્રગટ થયું. પોતાના વિયોગની પીડાથી કેટલાયે લોકોને માએ રડાવ્યાં છે અને સંગતિસુખ-પ્રદાનથી કેટલાય લોકોને આનંદસાગરમાં ડુબાડ્યાં છે, તેનો હિસાબ નથી.

મા અનેક સ્થાનોમાં ફર્યાં છે; પરંતુ સને ૧૯૩૨ થી માનો અધિક સમય બંગાળની બહાર વીતવા લાગ્યો. ખાસ કરીને હિમાલયમાં દહેરાદૂન તરફ. એક વખતે મા રાયપુર (દહેરાદૂન)માં હતાં. જ્યોતિષબાબુ[૧] માની પાસેથી બંગાળમાં જઈ રહ્યાં હતાં. માએ તેમને કાશીમાં ગંગા-સ્નાન કરીને જવા કહ્યું હતું. જ્યોતિષબાબુ તદનુસાર જ્યાં ગંગામાં દશાશ્વમેધઘાટ ઉપર સ્નાન કરવા માટે ઊતરવા જાય છે તેવામાં ઊંડા

૧. જ્યોતિષબાબુ–જ્યોતિશ્ચંદ્રરાય (ભાઈજી) માતાજીના એક વિશિષ્ટ ભક્ત હતા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પાણીમાં લપસી પડ્યા. ત્યાંથી તે નીકળી શકતા ન હતા. તેવામાં કોણ તેમને બહાર ખેંચી લાવ્યું તે માલૂમ પડ્યું નહિ. ઠીક તે સમયે રાયપુરમાં મા શિવમંદિરમાં સૂઈ રહ્યાં હતાં. સહેજ બહાર આવીને કમલાકાન્ત બ્રહ્મચારી પાસે કપડાં માગવા લાગ્યાં. માનું શરીર માથાથી તે પગ સુધી ભીંજાયેલું હતું. આ ખબર પાછળથી માલૂમ પડ્યા હતા.

માની પાસે કેટલાય લોકો આવવા લાગ્યા. ગૂજરાતી, ઉત્તર હિંદુસ્તાની, કાશ્મીરી, પહાડી, પંજાબી, પારસી–બધી જાતના લોકો માની પાસે આવે છે. માને સાક્ષાત્ ભગવતી સમજીને કેટલાયે લોકો એમની પૂજા કરે છે અને પોતાના હૃદયની શ્રદ્ધા માને અર્પણ કરે છે. તેઓ માની પાસે શું મેળવીને રહે છે, શું જોઈને પીગળી જાય છે, તે તેઓ જ જાણે છે. મા અને સંતાનોની વચમાં એક અદ્‌ભુત આનંદરસનો ખેલ ચાલ્યા કરે છે. એક કાશ્મીરી વૃદ્ધ મહિલા દહેરાદૂનમાં રહે છે. તેને મા કૌશલ્યામાઈ નામે પુકારે છે. તે માને માટે કંઈક ખાવાનું બનાવીને લાવે છે. માને ખવરાવવાનો તેને ખૂબ પ્રેમ છે. મા તેની સાથે નાના બાળકની માફક કેટલીયે હસાહસી, ક્રીડા, કૌતુકો કરે છે તેનો પાર નથી. મા તેની મણી ચીજો છુપાવીને તેની સાથે બાળકની માફક તોફાન કરીને સૌને આનંદ આપે છે. મેં જોયું છે કે દહેરાદૂનમાં એક બાઈ ડૉક્ટર–શારદાબહેન–માની આંખો તરફ જોતાં જ અથવા માની નાડ તપાસવા જતાં જ પોતે જ એક જાતના ભાવમાં આવી જાય છે, હાલીચાલી શકતી નથી અને લાંબા વખત સુધી ધ્યાનમાં મગ્ન રહે છે.

અનેક મહાપુરુષો મા પાસે આવે છે. તેઓ અમારા જેવા દેહધારી હોતા નથી તેથી આપણે સાધારણ રીતે તેઓને જોઈ શકતા નથી. કોઈ કોઈ વખત કોઈને માની પાસે આવી રીતના મહાપુરુષોના આગમનનો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરિચય મળી જાય છે. કોઈ વખત કોઈ સુગંધ મળી આવે છે, તો કોઈ વખત કોઈ બીજું ચિહ્ન મળી આવે છે.

આત્માનંદ નામના એક મહાત્મા કોઈ કોઈ વખત માની પાસે સાપના રૂપમાં આવે છે. માની પાસે ઘણા લોકોએ સાપરૂપી આત્માનંદનાં દર્શન કર્યાં છે.

એક વખતે નર્મદાતટપર મેં જોયેલું કે મા એવી રીતે બોલવા લાગ્યાં કે જાણે કોઈની સાથે વાતો કરતાં ન હોય. બોલતી વખતે માએ કહ્યું, "હું જઉં છું." (આ વખતે કોઈ સ્થૂલ શરીર ત્યાં હતું નહિ)

પહાડ ઉપર જ્યોતિપ્રકાશુએ એક દિવસ માની સાથે એક ગાંધર્વને ચાલતો જોયો હતો.

જે મહાત્માઓ ખૂબ ઊંચી આધ્યાત્મિક અવસ્થાએ પહોંચેલા છે તેઓને મા પ્રત્યે ખૂબ ભક્તિ અને શ્રદ્ધા છે. માની પ્રત્યે તેઓનો ખૂબ પ્રેમ હોય છે.

ડોંગા (દહેરાદૂન)માં એક વખતે રાત્રે માને રજાઈ ઓઢાડવામાં આવી ન હતી. રાત્રે તેની જરૂર જણાઈ. એક મહાત્માએ આવીને, જે વ્યક્તિ માની સેવા કરતી હતી, તેને જગાડ્યો. અહીં બીજી એક ઘટનાનો પણ ઉલ્લેખ કરું છું. કોઈ એક વખતે માનું શરીર અસ્વસ્થ થયું હતું. એક મહાત્માએ માની પાસે આવીને દેહત્યાગ નહિ કરવા માટે ખૂબ આગ્રહ કર્યો હતો અને કહ્યું હતું કે, "આપને કેટલાક દિવસ વધારે રહેવું જ પડશે."

જેવી રીતે મહાત્માઓ માની પાસે આવે છે તેવી રીતે દેવ લોકો પણ માની પાસે આવીને પોતાની શ્રધ્ધા માને અર્પણ કરે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માની પાસે કેવી જાતની ઘટનાઓ થાય છે તે માના શ્રીમુખથી નીકળેલી વાણી દ્વારા સમજાશે. જગન્નાથપુરીમાં એક વખતે વાર્તાલાપ વખતે કહ્યું હતું કે, "બાપુ, તમે જેવી રીતે આ શરીર પાસે આવો છો, ઠીક તેવી રીતે અનેક લોકો (અશરીરી મહાપુરૂષો) આવે છે અને તમારી માફક આ શરીર, પગ અને માથા ઉપર પ્રેમપૂર્વક હાથ ફેરવે છે. આ વખતે જેવી રીતે તમારાથી ઘર ભરાયલું છે, તેવી જ રીતે કોઈ કોઈ વખતે ઘર ભરાયલું રહે છે; (અશરીરી મહાપુરૂષોથી) કદાચ તમે લોકો તે વખતે કોઈ હોતા નથી. ઘર ખાલી કરીને ખાલી રહેતું નથી."

ખ્યાલ આવે તો મા કોઈ વખત કેટલાય મંત્રો બોલે છે. આપણાથી અપરિચિત ભાષામાં મા શું શું બોલે છે તે સાંભળતા નવાઇ પામીએ છીએ. ઘણું કરીને તે બધા મંત્રો અમારી સમજમાં આવતા નથી. કોઈ વખત એકાદ મંત્ર કદાચ સમજાઈ જાય.

શ્રી માના જીવનનો ઇતિહાસ અભૂતપૂર્વ છે. આ અથાગ જીવન-સમુદ્રના વિષયમાં આપણે કેટલું જ્ઞાન ધરાવીએ છીએ? માનું જીવન પ્રેમ અને આનંદરસથી સંપૂર્ણપણે ભરેલું છે. મા પોતાના મધુરથી પણ મધુર વ્યાપારથી આ જગતના સંતપ્ત જીવોને દેખાડી રહી છે કે હું તમારી અત્યંત આત્મીય છું. માનું જીવન સેવાથી, કર્મથી, ભાવોના પ્રકાશથી અને લોકકલ્યાણથી વિચિત્ર અને મહાન છે. આનાથી અતિરિક્ત બીજા પણ માના કેટલાયે ખેલો ચાલે છે પરંતુ તે બધા અમારી દૃષ્ટિની બહાર ચાલે છે. માના હાવભાવમાં, વાતચીતમાં અને વ્યવહારમાં જે થોડું પ્રકાશિત થાય છે તે રહસ્યમય, ગૂઢ વસ્તુના રૂપમાં પ્રતીત થાય છે.

મા ઘણું ખરૂં હરતાં ફરતાં રહે છે. કોઈ એક જગ્યાએ કાયમનો વાસ કરતાં નથી. ભક્ત લોકોએ માના નામે કેટલાંક આશ્રમો તૈયાર કર્યા છે, પરંતુ મા સર્વદા આશ્રમોમાં રહે છે તેમ નથી. મા કહે છે, "અખિલ વિશ્વ મારો આશ્રમ છે."

★

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય બીજો

સાધનાઓના ખેલો અને વિવિધ, વિચિત્ર અવસ્થાઓ

(૬)

માના જીવનમાં સાધનાની સર્વ અવસ્થાઓ આપોઆપ થઈ છે. માનો સાધનાસંબંધી જે ઈતિહાસ પ્રાપ્ત થયો છે, તેની આલોચના કરવાથી પ્રતીત થાય છે, કે આ સાધનાઓ અભૂતપૂર્વ છે. આમાં એક વિરાટ અને ગંભીર ઇંગિત રહેલું દેખાય છે.

પરમ વસ્તુને પ્રાપ્ત કરવા માટે કેટલાય પ્રકારની સાધનાઓ છે, તેનો હિસાબ નથી. પ્રકૃતિ અનંતમુખી છે. તેથી વ્યક્તિગત ભાવ અને અધિકારાનુસાર સાધકલોકોના સાધનમાર્ગ જુદા જુદા હોય છે. આ હિસાબે સાધનાના માર્ગો અનંત કહેવાય છે. આંતરિક વિકાસ જેનો જે ભાવથી થાય છે તે જ તેની ધારા છે. જુદી જુદી ધારાઓમાં અનુભવો પણ જુદા જુદા પ્રકારના હોય છે. આથી જ આચાર્યલોકોમાં અનેક પ્રકારના મતમતાંતરો દેખાય છે; તોપણ મોટે ભાગે સાધનાઓની ધારાઓના જ્ઞાન, ભક્તિ અને યોગ—આ ત્રણ ભાગમાં વિભાગ કરવામાં આવે છે. બ્રહ્મભાવ, પરમાત્માભાવ અને ભગવદ્‌ભાવ—આ ત્રણ ભાવ ધ્યાનમાં લઈ પ્રવૃત્તિઅનુસાર આ પ્રકારની વિચિત્રતા હોય છે. આમાં જ હઠયોગ, મંત્રયોગ, લયયોગ, અધ્યાત્મયોગ, આત્મસમર્પણયોગ વગેરે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હોય છે. માના જીવનમાં આપણે એક અદ્‌ભુત વસ્તુ જોઈ એ છીએ તે એ છે, કે તેમાં બધા પ્રકારની સાધનાઓનો સમાવેશ થાય છે. શાસ્ત્રોમાં કેટલાયે પ્રકારની અવસ્થાની વાતો મળી આવે છે.

મહાપુરુષોના જીવનની ચર્ચા કરવાથી પણ સાધનાઓનાં વિચિત્ર ભાવો અને અવસ્થાઓના ઇતિહાસની વાતો જાણવા મળે છે. વિસ્મયની વાત તો એ છે, કે આ બધી અવસ્થાઓમાં મા પ્રગટ થઈ ચૂકી છે.

માના ચરિત્રમાં–બધી સાધનાઓનો આવો સમાવેશ, બધા ભાવોનો આવો સુયોગ ક્યાં ય જોવામાં આવ્યો હોય એવું જાણમાં નથી.

મા ભોલાનાથજીની સાથે અષ્ટગ્રામમાં રહેતાં હતાં એ પહેલાં કહેવામાં આવ્યું છે. અષ્ટગ્રામમાં એક વખતે માની સાધના શરૂ થઈ. આની પહેલાં એકાદ વાર પણ માએ ભગવાનનું નામ નહોતું લીધું એમ નથી. રમતમાં ભગવન્નામ લેતાં હતાં. વિશેષ રૂપથી સાધનાનો આરંભ અષ્ટગ્રામમાં જ થયો. માએ રાતમાં બેસીને હરિનામનો જપ શરૂ કર્યો હતો. "હરિબોલ" "હરિબોલ" આ નામજપ કરતાં હતાં.

માના આ નામજપની શરૂઆતનો એક ઈતિહાસ છે. એ વખતે મા નાનાં બાળક હતાં. માનાં જનની વિધુમુખીદેવી કંઈ કારણસર બહાર ગયાં હતાં. મા તેમના પિતાજી પાસે હતાં. તે વખતે પિતાજી હરિનું ગાન ગાતા હતા. માએ પ્રશ્ન પૂછ્યો, "બાપુ, હરિનું નામ દેવાથી શું થાય?" પિતાજીએ કહ્યું, "હરિને પોકારવાથી બહુ સારું થાય છે. આપણું મંગળ થાય છે. જેવી રીતે તને નિર્મલા[૧]! નિર્મલા! એમ કહીને બોલાવીએ તો તું પાસે આવે છે, હું તને જે કહું તે તું કરે છે તેવી જ

૧. માનું પહેલાંનું નામ નિર્મલાસુંદરીદેવી હતું. આનંદમયી મા નામ પૂ. ભાઇજીએ પાડ્યું હતું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રીતે હરિને બોલાવવાથી તે આવે છે. જે પ્રાર્થના કરીએ તે બધું તે આપે છે."

મા નાનાં બાળક હતાં. માએ ફરીથી પૂછ્યું, "બાપુ, હરિ કેવડા મોટા હશે?" પિતાજીએ કહ્યું, "બહુ જ મોટા." માએ પૂછ્યું, "આ સામે જે મેદાન દેખાય છે તેમાં માય ખરા?" બાપુએ કહ્યું, "ઉં ઉં. એનાથી તો ખૂબ મોટા. તું ભગવાનને પ્રાર્થના કર. ભગવાન આવશે એટલે તું સમજી શકીશ."

માએ ફરીથી પ્રશ્ન પૂછ્યો, "હરિને કેવી રીતે બોલાવાય?"

માને પિતાજીએ હરિનામ કેવી રીતે લેવું તે શિખવાડ્યું. આમ માનું હરિનામ લેવાનું શરૂ થયું. નામજપસાધનાની સાથે સાથે માનાં પરિવર્તન શરૂ થવા માંડ્યું.

અહીં હું એક વાત પહેલાં કહી દઉં. સાધારણ સાધકલોક જ્યારે સાધનામાં પ્રવૃત્ત થાય છે ત્યારે તેઓને વાસનારૂપી શત્રુઓની સાથે લડવું પડે છે. જુદી જુદી જાતનાં આવરણો હોવાને લીધે તેઓ સહજનાં સાધનભજનમાં રસ મેળવી શકતા નથી. આવી રીતની તીવ્રતા નહિ હોવાથી પરિવર્તન પણ થતું નથી. માની નામજપસાધનામાં સાથે સાથે જ પરિવર્તન થવા માંડ્યું; તેનું કારણ છે, કે મામાં કોઈ પણ જાતના વિષયોનું આકર્ષણ ન હતું. બાલ્યાવસ્થાથી જ તે બધાં ગુણોનાં આધાર હતાં. આથી જ માની સાધના જ્યારે શરૂ થઈ ત્યારથી જ સાધનાની જુદા જુદા પ્રકારની અવસ્થાઓ શીઘ્ર અને સુંદર રૂપથી થવા લાગી.

તે વખતે મા અષ્ટગ્રામમાં હતાં. તેમણે રાતમાં બેસીને હરિનામનો જપ શરૂ કર્યો. 'હરિબોલ'નો જપ કરતાં કરતાં નામ આપોઆપ તાલથી આવવા માંડ્યું. ત્યારબાદ જપ શ્વાસોશ્વાસમાં ચાલવા લાગ્યો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માએ નામજપ કરવાનું શરૂ કર્યું ત્યારે પહેલાં તો બોલીને જપ કરતાં. ત્યારબાદ આંતરિક મનોમન જપ થવા માંડ્યો. નામજપ કરતાં કરતાં જે અમૃતરસનો આસ્વાદ આવે છે તે આવ્યો. નામજપની સફળતા થઈ ઊઠી. આનંદનો પણ પ્રકાશ થયો. તે વખતે આનંદના તરંગમાં માનું શરીર ડોલવા લાગતું, જાણે કે મગ્ન થઈને નામામૃતમાં તરબોળ ન થઈ ગયાં હોય ! આનંદના અમીરસનું ઝરણું જાણે ખૂલી ગયું ના હોય તેમ મા નામજપમાં વિભોર થઈ જતાં. પરિવર્તનની સાથે સાથે શ્વાસમાં કેટલાયે પ્રકારની ગતિ થતી હતી.

શરૂઆતમાં રાત્રે સૂતી વખતે મા નામજપ કરતાં હતાં. બપોરે પણ જો સમય મળતો તો બારણું બંધ કરીને જપ શરૂ કરી દેતાં.

એવું પણ બનતું કે મા નામજપ કરવા બેઠાં છે, પણ નામજપ કરતાં જે આનન્દ આવવો જોઈએ તે આનન્દ આવતો નથી, ત્યારે મામાં એવા ભાવનું સ્ફુરણ થતું, કે જ્યાં સુધી નામજપમાં આનંદ ના મળે ત્યાં સુધી નામજપ નહિ છોડું. બેસીબેસીને, હાલતાંડોલતાં જુદી જુદી રીતે મા નામજપ કર્યે જતાં. ડોલતાં ડોલતાં નામજપ કરતાં શરીર થાકી જાય છે પરંતુ જપ છોડતાં નથી. માના મનમાં વિચાર આવતો કે શરીર ભલે પડી જાય, શ્વાસ ભલે બંધ થઈ જાય, નામજપ કરતાં કરતાં શરીરની ભલે ગમે તેવી દશા થાય તોપણ જ્યાં સુધી આનંદ નહિ આવે ત્યાં સુધી જપ નહિ છોડું. શરીર પડશે તોપણ નામ જપતાં જપતાં જ ને !

એક વખતે મા આસન લગાવીને નામજપ કરી રહ્યાં છે. એક આસન ઉપર લાંબા વખત સુધી બેસવાથી પગ દુખવા આવ્યા છે, પરંતુ મા આસન બદલતાં નથી. માની અંદર આ જ ભાવ ફર્યા કરે છે, " આ બધા આરામ તરફ દૃષ્ટિ નાંખવાથી તો ભગવાનને મેળવી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શકાશે નહિ." દુઃખનો અનુભવ થતો હતો, છતાં મા નામજપ છોડતાં ન હતાં. હાલતાંડોલતાં નામજપ કર્યે જ જાય છે. શરીરના દુઃખો તરફ ધ્યાન દેતાં જ નથી; આથી તે દુઃખો કયારે ખતમ થઈ જતાં, તેની પણ ખબર રહેતી નહિ.

ભાવ ભગવાનની અભિમુખ રહેતો હતો, તેથી જ મા સ્વયં કષ્ટનો સ્વીકાર કરી લેતાં હતાં. માનો કેવળ એવો વિચાર હતો એવું ન હતું. માની પાસે આ પણ એક આનંદ જ હતો. આ જ આનંદ માના શરીરને જાણે કે જાગ્રત રાખતો હતો.

કેવો સુંદર ભાવ ! સાધનાસમયે આવો ભાવ ખાસ જરૂરી છે. ભગવાન માટે જે કોઈ દુઃખ આવે તે પ્રેમપૂર્વક ગ્રહણ કરી લેવું જોઈએ. કહેવું જોઈએ કે, "દુઃખ મારા માથાનું મણિ થશે જો સાથમાં આપ ભક્તિ આપશો તો." આ ભગવદ્પ્રેમનો એક અપૂર્વ વિકાસ છે.

કોઈ વખત એવું પણ બન્યું છે, કે નામજપ કરી રહ્યાં છે પરંતુ આનંદ આવતો નથી. આનંદના આગમનની રાહ જોઈ રહ્યાં છે. એમ કરતાં કરતાં નામજપનો આનંદ અચાનક વિકસિત થઈ ઊઠતો. તે વખતે મા નામજપના સ્વાભાવિક આનંદમાં પૂર્ણ રૂપથી નિમગ્ન થઈ જતાં. એક વખતે એવું બન્યું કે માએ સ્થિરભાવથી બેસીને નામ-જપ કરવો શરૂ કર્યો. શરીર નામજપના તરંગોમાં હિલોળા લેવા લાગ્યું. એક વખતે ડોલતાં ડોલતાં નામજપ શરૂ કર્યું. ત્યારબાદ શરીર પત્થરની માફક સ્થિર થઈ ગયું. નામજપમાં બહુ વખત સુધી તાલની વિભિન્ન ગતિ ચાલતી હતી. શ્વાસની ગતિથી તાલ જેવા પ્રકારનો ચાલતો હતો, શરીરની સ્થિતિ પણ ઠીક તેવા પ્રકારની થઈ જતી હતી.

કોઈ વખત નામજપ ઝડપથી ચાલતો તો કોઈ વખત ધીરે ધીરે. કોઈ વખત ભ્રૂકુટિચક્રની મધ્યમાં અને અન્યાન્ય સ્થાનોમાં નામજપના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અવાજનો અનુભવ કરતાં હતાં. કોઈ વખત નામજપ કરતાં કરતાં શરીરમાં અસાધારણ શક્તિનો અનુભવ કરતાં હતાં.

એક દિવસની વાત છે. મા અંધારામાં બેસીને હંમેશની માફક જપ કરી રહ્યાં હતાં. તે વખતે ડોલતાં ડોલતાં જપ કરી રહ્યાં હતાં; તેથી માનો હાથ અકસ્માત ભોળાનાથજીના શરીર ઉપર જઈ પડ્યો. ભોળાનાથજી ચોંકી ઊઠ્યા. આ માનો હાથ છે તેમ ઓળખી શક્યા નહિ. તેઓ 'ચોર' 'ચોર' એમ બોલી ઊઠ્યા. જ્યારે તેમણે જાણ્યું, કે તે માનો જ હાથ આટલો મોટો પ્રતીત થયો હતો, ત્યારે તેમના આશ્ચર્યનો પાર રહ્યો નહિ.

અહીં એક વાતનો ઉલ્લેખ કરવા જેવો છે, કે માનો એક અવસ્થામાં અધિક સમય વીતતો ન હતો. અવસ્થાઓ થોડા વખત માટે મા પાસે આવતી હતી અને પૂર્ણ રૂપે પ્રકાશિત થઈને જતી હતી.

મા નામજપ કરે છે અને માની આવી બધી અવસ્થાઓ થાય છે, તે વાત બહાર કોઈ જાણતું ન હતું. ભોળાનાથજી પણ ફક્ત એટલું જ જાણતા હતા કે મા નામજપ કરે છે. કોઈ કોઈ વખત મા એકાદ અવસ્થાની વાત ભોળાનાથજીને કહેતાં.

અષ્ટગ્રામથી મા વિદ્યાકૂટ ચાલ્યાં ગયાં. ત્યાં બહુ દિવસ રહ્યાં. તે વખતે નામજપ ખાસ વિશેષ માત્રામાં થતા ન હતા. છતાં કોઈ કોઈ વખત થતા પણ હતા. ત્યારબાદ મા બાજીતપુર ગયાં. બાજીતપુરમાં શરૂઆતમાં મા બહુ જપ કરવા બેસતાં ન હતાં. કોઇ વખત કયાંક બેસી જતાં. ત્યારબાદ વળી પાછો કોણ જાણે ઓચિંતો શું ખ્યાલ આવ્યો કે નામજપ વધી ગયો.

માને સહજ રીતે કુંભક થઈ જતો. માએ આ પહેલાં કુંભક, પૂરક, રેચક વગેરેની વાત પણ સાંભળી ન હતી. માનો શ્વાસ કામ કરતાં કરતાં સહેજમાં બંધ થઈ જતો હતો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માએ ક્રમશઃ ખૂબ નામજપ કરવાનો આરંભ કરી દીધો. કોઈ કોઈ વખત મા દેખતાં હતાં, કે પીળા અક્ષરોમાં નામ લખેલું છે. કોઈ વખત દેખતાં, કે બધું નામમય જ છે. રોમેરોમમાં નામ છે તેમ જણાતું. જ્યાં દૃષ્ટિ ફેંકતાં ત્યાં ભગવન્નામ જણાતું. મસ્જાલાના ખાંડવાના ધ્વનિમાં, પગરવમાં અથવા બીજા કોઈ પણ ધ્વનિમાં નામજપનો અવાજ સંભળાતો.

જેમ જેમ દિવસો વીતવા લાગ્યા તેમ તેમ વધારે ને વધારે રાત્રિઓ નામજપમાં પસાર થવા લાગી. દિવસે મા સારી રીતે ઘરનું કામકાજ કરતાં. ઘરનું કામકાજ અને સાધના બન્ને વ્યવસ્થિત રૂપે સાથે સાથે ચાલતાં હતાં. મા પોતાના ભાવમાં જ રહેતાં હતાં. માની સેવા, નિષ્ઠ અને વ્યક્તિત્વે ભોળાનાથજી ઉપર એવો પ્રભાવ જમાવ્યો હતો, કે તેઓ તેમાં વિઘ્ન નાખી શકતા નહિ. ઊલટું મા ભગવન્નામ જપ કરી રહ્યાં છે, એમ સમજીને ઉત્સાહ આપતા હતા.

આમ હતું છતાં ભોળાનાથજી એક વખત ચિંતાતુર થઈ ગયા હતા, કારણ માએ કહ્યું હતું કે, "હું હરિનામનો જપ કરું છું અને શરીર આવી રીતનું થઈ જાય છે." ભોળાનાથજી વાસ્તવિક વાત સમજી શક્યા નહિ. ચિંતાયુક્ત થઈને બોલ્યા, "આ બધું શું થાય છે? આપણે તો શૈવભક્ત છીએ. આપણે માટે હરિનામનો જપ સારો નથી." મા એટલાનાં બોલી ઉઠ્યાં, "શાક્ત શૈવ." ભોળાનાથજીએ કહ્યું, "હા. આપણે શૈવ શાક્ત છીએ." ત્યારે માએ કહ્યું, "જો એમ જ હોય તો હું—'જય શિવશંકર બમ બમ હરહર' નો જપ કરીશ.' ભોળાનાથજીએ આપણે શૈવ છીએ—એમ કહ્યું હતું, એટલે માએ શિવનામ જપવાનું શરૂ કર્યું. ભોળાનાથજીએ કહ્યું, "બહુ સારું છે."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માએ જય શિવશંકર બમ બમ હરહરના જપનો આરંભ કરતી વખતે પણ માના શરીરમાં પૂર્વવત્ પરિવર્તન થવા લાગ્યું. બધાય એક જ ભગવદ્શક્તિનાં નામ છે ને!

(ખ)

સંકીર્તન સાંભળતી વખતે મા સ્થિર રહી શકતાં ન હતાં. સંકીર્તનનો ધ્વનિ માના હૃદયમાં મધુમય ભાવતરંગો લાવીને માના દેહને કોણ જાણે કેવો કરી દેતો ન હોય! મા પ્રેમમાં એકલીન થઈ જતાં હતાં. ભકતપ્રવર અશ્વિનીકુમાર દત્તના પદનું સ્મરણ થાય છે:—

"સે નામ સુનિતે સુનિતે ગલિતે ગલિતે
પ્રાણ મધુ હોયે જાય."

અર્થાત્ ભગવન્નામ સાંભળતાં સાંભળતાં હૃદય દ્રવીભૂત થઇને પ્રાણ મધુમય થઇ જાય છે. માની પણ આવી અવસ્થા થતી હતી. આથી માનું શરીર પણ બાહ્ય દૃષ્ટિએ ઘણી વખત શિથિલ થઈ પડતું હતું. કીર્તન સાંભળતી વખતે આવા પ્રકારનો ભાવાવેશ બાલ્યાવસ્થામાં પણ માના દેહમાં પ્રગટ થતો હતો. માનાં જનની આને નિદ્રા સમજતાં હતાં. પહેલાં જ્યારે માની ઉંમર ૧૫–૧૬ વર્ષની હતી ત્યારે પણ કીર્તન સાંભળતાં માનું શરીર ભાવાવેશથી શિથિલ થઈ પડતું. ખૂબ કીર્તન થઈ રહ્યું છે. બધા સાંભળી રહ્યા છે ને એવામાં માનું શરીર સ્તબ્ધ અથવા શિથિલ થઈ જતું. પોતાની આ બધી અવસ્થાની વાતો ગુપ્ત રાખવા માટે મા સદૈવ વિશેષ રૂપથી ખ્યાલ રાખતાં હતાં.

અષ્ટગ્રામમાં પહેલવહેલા કીર્તનમાં ભાવાવેશ પ્રકટ થયો હતો. હું તે વખતની ઘટના કહું છું.

મા અને ભોળાનાથજી જે ઓરડામાં રહેતા હતા તેની બહાર એક ખૂણામાં તુલસીનો એક છોડ હતો. મા તે તુલસીના છોડને ખૂબ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ફૂલપાનથી સુંદર રૂપે શણગારી રાખતાં હતાં. સાંજે ઘીનો દીવો પણ મૂકતાં. દીવો હોલાઈ ન જાય તે માટે માટીનું નાનું કોડિયું બનાવીને તેના ઉપર પંતરાનો એક ટુકડો રાખી અંદર દીવો મૂકતાં હતાં. માની આવી સુંદર તુલસીસેવાથી ખૂબ પવિત્ર ભાવ વિરાજમાન રહેતો હતો. શ્રી હરકુમારરાય તેવામાં મા પાસે આવજા કરતા હતા. તે વખતે મા એક ગૃહસ્થાશ્રમીનાં વહુ હતાં; તોપણ હરકુમાર માની અંદર એક માતૃત્વનો સ્નેહભાવ મેળવીને આત્મવિસ્તૃત થઈ ગયા હતા.

તુલસીક્યારાનો પવિત્ર અને શુદ્ધ ભાવ હરકુમારની આંખોમાં પ્રતિબિમ્બિત થયો હતો. તે આવીને કોઈ કોઈ વખત ત્યાં ધ્યાનમાં બેસતા હતા. એક દિવસ તેમને ત્યાં સંકીર્તન કરવાની ઇચ્છા થઈ. પાસેના તળાવને પેલે કિનારે દૂર એક શિવાલય હતું. પ્રતિદિન સંધ્યાસમયે ત્યાં કીર્તન થતું હતું. હરકુમારે એક દિવસે ત્યાં જઈને કીર્તન કરનારાઓને કહ્યું, કે આજે માના તુલસીક્યારાની નીચે કીર્તન કરવું પડશે.

સંધ્યા થઈ ગઈ હતી. કીર્તન કરનારાઓ હજી સુધી આવી પહોંચ્યા નથી. તેઓને આવવામાં વિલંબ થતાં હરકુમાર પોતે જ કીર્તન કરવા બીજાઓને લઈને બેસી ગયા.

પાસેના ઓરડામાં રહેલી એક છોકરીને રક્તાતિસાર થયો હતો. મા તેની પાસે ખાટલા ઉપર બેસીને ચકના પડદાની પછવાડેથી કીર્તન સાંભળી રહ્યાં હતાં.

અહીં તેવામાં પેલા શિવાલયથી કીર્તન કરનારાઓ આવી રહ્યા હતા. ઢોલ અને કરતાલ વગાડીને કીર્તન કરતા હતા. સાથે બત્તી પણ હતી. મા બેઠાં બેઠાં કીર્તન સાંભળી રહ્યાં હતાં. દૂરથી અવાજ સંભળાતો હતો અને માને કોણ જાણે કેવો ભાવાવેશ થઈ રહ્યો હતો! કીર્તન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જેમ જેમ નજીક આવતું ગયું તેમ તેમ મા અધિકાધિક ભાવમાં વિભોર થવા લાગ્યાં.

માનું શરીર જાણે ધીરે ધીરે પીગળતું હતું. પીગળીને જાણે જમીનમાં મળી જતું હતું. માએ જોયું કે એક દિવ્ય જ્યોતિ ચારે દિશામાં ભરપૂર છે. મા આથી વધારે બેસી ના શકયાં. ભાવાવેશથી અશક્ત થઈને જમીન ઉપર પડી ગયાં. ખબર સાંભળીને ભોલાનાથજી વગેરે દોડી આવ્યા. તેમણે ધાર્યું કે મા બેહોશ થઈ ગયાં છે; આથી તેઓ માનાં આંખો અને મોં ઉપર પાણી છાંટવા લાગ્યા. પકડીને બેસાડવા લાગ્યા. મા શિથિલ થઈને વારંવાર ઢળી પડતાં હતાં. તે વખતે માના શરીરમાં આનંદની એક લહર ચાલી રહી હતી. જાણે આનંદની એક ઊર્મિ ઊછળી રહી ન હોય! મા બેસીને થરથર કાંપવા લાગ્યાં. આંખોમાંથી ઝરઝર પાણી પડવા માંડ્યાં. સંકીર્તન પૂરું થયા પછી મા ધીરે ધીરે સ્વસ્થ થવા લાગ્યાં.

આ માની પ્રથમ જ બાહ્ય ભાવાવસ્થા હતી. કોઈ કહેવા લાગ્યા કે આ કીર્તનનો ભાવાવેશ છે. કોઈ કોઈ તેને હીસ્ટીરિયા કહેવામાંથી પણ પાછા પડ્યા નહિ.

અષ્ટગ્રામમાં એક દિવસ ગગનસાધુ નામના એક કીર્તનકારી લીલા-કીર્તન કરવા માટે આવ્યા હતા. કીર્તનનો આરંભ થઈ જતાં માના શરીરમાં તરંગો ઊઠવા માંડ્યા. માએ જોયું કે માના શરીરમાંથી બે બાળકો બહાર નીકળીને નાચી રહ્યાં છે. તેઓ ગૌરનિતાઈ [૧] હતા. તેમના શરીરમાંથી એક જ્યોતિપ્રકાશ બહાર નીકળ્યો હતો. મા પણ જાણે નાનાં બાળક બની કીર્તનના તરંગોમાં ચંચળ થઈ ગયાં.

૧. ગૌરાન્ગ મહાપ્રભુ અને નિત્યાનંદ પ્રભુ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભોજન તૈયાર કરીને રાખી મૂકયું હતું. વચમાં વચમાં મા જોઈ આવતાં, કે ઠીક છે કે નહિ. આ દોડાદોડીની વચમાં કેવા એક વિચિત્ર પ્રકારનો ભાવ હતો! જે કંઈ દેખાતું તે બધું આનંદમય લાગતું. મા ભાવાવેશમાં મસ્ત થઈ ગયાં હતાં. ચાલવામાં પણ એ કંઈક જુદી જ રીતથી દોડતાં હતાં, અથવા કોઈ વખત રોમાંચથી ભરપૂર શરીરને મરડાવીને કોણ જાણે કેવાં થઈ જતાં. વળી કોઈ કોઈ વખત સ્થિર, મગ્ન ભાવ આવી જતો હતો.

કીર્તન જ્યાં થઈ રહ્યું હતું ત્યાંના પાછલા ઓરડાની પાછળ ખાટલા ઉપર મા શિથિલ થઈને સૂઈ ગયાં. ત્યારબાદ ભાવાવેશમાં સંપૂર્ણ રીતે મગ્ન થઈ ગયાં હતાં. કીર્તન બંધ થયા પછી ખાવાપીવાની વ્યથા માટે માની શોધ થવા લાગી. અહીં મા ભાવાવેશમાં સૂતાં પડ્યાં હતાં. તે વખતે એક ડોસીમા માના માથાને પોતાની ગોદમાં લઈને બેઠાં હતાં. પહેલાં કોઈ એમ સમજેલું કે મા અહીં સૂઈ ગયાં છે, પરંતુ પાછળથી બધી વાત જાણવામાં આવી હતી. મા શિથિલતાને લઈને અહીં પડ્યાં હતાં. બહુ પુકારવાથી પણ મા તરફથી કંઈ જવાબ મળ્યો નહિ. અંતે માને બધા લોકો ઘરે લઈ ગયા.

સવાર થઈ ગયું હતું. દિવસ ચઢવા લાગ્યો હતો. કીર્તન કરનારાઓને ફરીથી બોલાવવામાં આવ્યા. માનો આવો સુંદર ભાવ જોઈને ગગનસાધુ રડતાં રડતાં આકુળવ્યાકુળ થઈ ગયા. માના ભાવને દૂર કરવા માટે ફરીથી કીર્તન કરવા લાગ્યા. મા ક્રમશઃ ભાનમાં આવ્યાં.

ભગવાનનું નામ સાંભળતાં જ મા બેભાન જેવાં થઈ જતાં. સાચેસાચ માનો સુંદર અને અદ્‌ભુત ભાવ છે.

"કે વા શુનાઈલ શ્યામનામ,
કાનેર ભીતરદિયા મરમે પશિલ ગો આકુલ કરીલ
મોર પ્રાણ"... ચંડીદાસ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અર્થાત્ કોણે શ્યામનું નામ સંભળાવ્યું ? કાનની દ્વારા મર્મસ્થળમાં પ્રવેશ કરીને તેણે મારા પ્રાણને આકુળ કરી નાખ્યો છે. આવો માનો તે વખતે ભાવ હતો. શ્રી મહાપ્રભુ ચૈતન્યદેવને પણ આવો ભાવ થતો હતો.

પાસેના મકાનમાં બહુઈ 'બાઉલગાન'[૧] ગાતો હતો. આ સાંભળતાં જ મા આકુળવ્યાકુળ થઈ ગયાં. કદાચ કોઈ વખત રડી પણ જતાં હતાં. એક વખત તેના ઘરની એક છોકરીને જોતાં માના ભાવો જાણે કેવા થઈ ગયા ! અહા ! કેવું ઉદ્દીપન !

એક દિવસની વાત છે. એક બાળકે કીર્તનનું અનુકરણ કરીને માને કહ્યું, "માસી, રાધે રાધે." માએ કહ્યું, "ગોવિન્દ." તેણે કહ્યું, "રાધે રાધે." માએ કહ્યું, "ગોવિન્દ." માનો ભાવ ભગવન્નામમાં વિભોર હતો. બાળક પણ માના ભાવનો સ્પર્શ મેળવીને આજે કેવો થઈ ગયો ! લોકોએ કહ્યું—બાળકો આવું કરવાથી થાકી જાય છે. મા બાળકનો ભાવ કેવો છે તે જાણતાં હતાં, પરંતુ ત્યાં આ ભાવને પ્રકાશિત કરવો ઠીક ન હતો તેથી તેમણે પ્રકાશિત નહિ કર્યું.

કોઈ કોઈ વખત એવું પણ બન્યું છે, કે મા કોઈની બાળકીને ગોદમાં લઈને ઊભાં છે. કીર્તન સાંભળતાં ભાવ બદલાવા માંડે છે. ગોદમાંની બાળકી પડી જઈ રહી છે. મા પણ પડી જતાં હોય તેમ લાગે છે.

મા જ્યારે બાજીતપુરમાં હતાં તે સમયની હું ઘટના કહું છું. આંગણામાં કીર્તન થઈ રહ્યું હતું. મા ઘરની કુલવધૂ હતાં. ઓરડામાં બારણાની પાસે ખાટલા ઉપર બેસીને મા કીર્તન સાંભળી રહ્યાં હતાં. સાંભળતાં સાંભળતાં મા શિથિલ થઈને નીચે પડી ગયાં. હાથમાંની શંખની બંગડીઓ નંદાઈ ગઈ. મા પડ્યાં હતાં. માનું શરીર અશકત

૧. બંગાળમાં એક જાતનું ગાન.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હતું. જાણે આનંદની ઊર્મિઓનો પ્રવાહ વહી રહ્યો હતો, શરીરમાંથી જાણે ઊભરાઈ જતો ન હોય! રોમકૂપોમાંથી જાણે કે નીકળી પડતો ન હોય! કોઈએક આદમી માની આવી અવસ્થા જોઈને ભોળાનાથજીને બોલાવી લાવ્યો. બહુ ઉતાવળથી પાણી લાવીને માની આંખોમાં છાંટવા માંડ્યું. પાણીનાં એક કે બે ટીપાં નાખવા જતાં જ ભોળાનાથજીએ મનાઈ કરી, કારણ તે કદાચ માની અવસ્થા જાણી ગયા હશે.

માની આ અવસ્થાના સંબંધમાં લોકોમાં ચર્ચા ચાલવા લાગી. ભોળાનાથજીએ લોકચર્ચા સાંભળીને માને કહ્યું,—"તને આ બધું શું થાય છે? તારા સંબંધમાં લોકોમાં ખૂબ ચર્ચા થઈ રહી છે." માએ કહ્યું, "આ બધી અવસ્થાઓ આપમેળે જ થયે જાય છે. હું શું કરું? હું ઇચ્છાપૂર્વક તો કંઈ જ કરતી નથી." ભોળાનાથજીએ કહ્યું, "હું હવેથી ઘરમાં કીર્તનની વ્યવસ્થા નહિ કરું."

ત્યારબાદ ભૂદેવબાબુ[1]ના મકાનમાં એક દિવસ સંધ્યાસમયે કીર્તનની વ્યવસ્થા કરવામાં આવી હતી. પાડોશીના ઘરમાંથી એક વહુ માને લઈ જવા માટે આવી. માનું શરીર કીર્તનમાં સ્વાભાવિકભાવથી રહેતું ન હતું, એટલે મા જવા માટે રાજી ન થયાં. તેમણે કહ્યું, "હું અહીંથી જ સાંભળીશ." તેના આગ્રહથી અંતે મા જવા માટે રાજી થયાં. મા ત્યાં ગયાં. કીર્તન થઈ રહ્યું હતું. ભૂદેવબાબુનાં પત્ની મા સાથે વાતો કરી રહ્યાં હતાં. મા દૂરથી અસ્પષ્ટ સાંભળતાં હતાં. ત્યારબાદ પાછળથી સાંભળી શકતાં ન હતાં. તે વખતે મા કોઈ પણ ઉપાયે જઈને ખાટલામાં સૂઈ ગયાં. તે લોકોએ માને એક આદમી દ્વારા ઘરે પહોંચાડ્યાં. નશામાં ચકચૂર થયેલા આદમીની માફક પડતાંઆખડતાં કોઈ પણ ઉપાયે મા ઘરે જઈને સૂઈ ગયાં.

---

૧. ભૂદેવચંદ્ર વસુ, બાજીતપુરમાં ભોળાનાથજીના એક ઉપરી અમલદાર.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક દિવસની વાત છે. પાસેના મકાનમાં કીર્તન થઈ રહ્યું હતું. માને ઊષાદીદી[૧]એ બોલાવીને વાંસની ચટાઈના પડદા પાછળ બેસાડી દીધાં. કીર્તન સાંભળતાં સાંભળતાંમાં જ માના શરીરમાં ભાવાન્તર ઉત્પન્ન થયો. તેવામાં માને પીરસવાનું કામ આવી પડ્યું. મા પીરસવા માટે તૈયાર થઈ ઊભા થઈ ગયાં, પરંતુ ભાવના આવેગના લીધે સ્વાભાવિક રીતે કામ કરવા સમર્થ ન થઈ શક્યાં. જાણે હાથમાંથી થાળી અને વાટકા પડી જતાં ન હોય! કોઈ પણ રીતે પીરસવાનું કામ પૂરું કરી પડતાંઆખડતાં બારણું પકડીને બહુ મુસીબતથી ઓરડામાં ગયાં. મા જમીન ઉપર પડી ગયાં અને ભાવના તરંગોમાં આળોટવા લાગ્યાં. એટલામાં ઊષાદીદી માને શોધતાં શોધતાં ઓરડામાં આવ્યાં અને માની આવી અવસ્થા જોઈને ચાલ્યાં ગયાં. બીજે દિવસે તેણે કહ્યું, "તારી કાલે કેવી અવસ્થા થઈ હતી તે હું જાણું છું. શું તે અવસ્થા કીર્તન સાંભળવાથી થઈ હતી?"

હું માના વ્યવહારની એક વિશેષતા કહું છું. વ્યવહારમાં મા એવી રીતના ભાવથી ચાલતાં હતાં, કે જેઓને માને ભાવાવેશમાં અથવા બીજી કોઈ અવસ્થામાં જોવાનો સુયોગ મળ્યો હોય, તેઓ માની પ્રત્યે કોઈ પણ જાતની વિશેષ શ્રદ્ધાથી પકડાઈ જવાનો અવસર મેળવી શકતા ન હતા, કારણ મા પોતાની અવસ્થા ગુપ્ત રાખતાં હતાં- માની અવસ્થાના સંબંધમાં કોઈ પણ જાતની ચર્ચા વગેરે ન થાય તે તરફ માનું ખાસ ધ્યાન રહેતું. વ્યવહારમાં મા બધાંની સાથે હળીભળીને એવાં સાધારણ ભાવથી રહેવાનો ઢંગ કરતાં હતાં, કે તેઓ બધાં ભુલાવામાં પડી જતા હતા.

જાહેર કીર્તનોમાં માની મહાભાવ લીલા જોવાનું સૌભાગ્ય પાછળથી ઢાકામાં ઘણા ભક્તોને પ્રાપ્ત થયું છે, પરંતુ હમણાં તે સમય આવ્યો

---

૧ એક મહિલા, જે માતાજીની પાડોશમાં રહેતી હતી. માની પ્રતિ તેને ખૂબ પ્રીતિ હતી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ન હતો. એવું પણ બન્યું છે કે કોઈ વખત બજારમાં કીર્તન આઠ પહોરનું થઈ રહ્યું હતું. આ કીર્તન સાંભળીને મા ઘરની અંદર જ મગ્ન થઈને પડી રહેતાં હતાં.

એક વખત એક તમાલના ઝાડની નીચેથી કીર્તનનો ધ્વનિ આવી રહ્યો છે. મા વ્યાકુળ થઈ રહ્યાં છે. આખા શરીરને એકી વખતે જાણે કોઇ ખેંચી રહ્યું ન હોય એમ ભાવ થતો હતો. ગુપ્ત રૂપે એવી અદ્‌ભુત લીલાઓ થતી હતી. કોઈ વખત મા ઘરમાં પડી રહ્યાં હોય, પરંતુ તે જ સમયે ત્યાં તમાલના ઝાડની નીચે કીર્તનમાં સૂક્ષ્મરૂપે લોકો ન જોઈ શકે તેમ પાછાં નાચતાં હોય!

(૧)

બાજીતપુરની ઘટના છે.ભોળાનાથજી ખાટલાની ઉપર સૂઈ ગયા હતા. મા જમીન પર બેસીને પોતાના ભાવમાં નામજપ કરતાં હતાં. નામજપની તીવ્રતા વધી રહી હતી. એ વખતે આસન, મુદ્રા વગેરે કંઈક અધિક માત્રામાં થઈ રહ્યાં હતાં. મા થોડા વખત માટે બિછાના ઉપર લોટતાં હતાં. એમ થતાં થતાં એક સમય એવો આવ્યો જ્યારે સાધનાની ગતિ બીજા ભાવમાં વહેવા લાગી.

એક ઝૂલન પૂર્ણિમા (શ્રાવણ સુદ પૂર્ણિમા)ની રાત્રે માની દીક્ષાની ક્રિયા આપોઆપ પ્રાપ્ત થઈ ગઈ. કેવી રીતે થઈ તે હું લખું છું.

પહેલેથી જ માનો ભાવ કોણ જાણે કેવો થઈ રહ્યો હતો. નામજપની ગતિની તીવ્રતા જેટલા પ્રમાણમાં વધી રહી હતી તેટલા પ્રમાણમાં માનો ભાવ અન્તર્મુખ થઈ રહ્યો હતો. ક્યારે જઈને જપમાં બેસું એ જ એક વ્યાકુળતા જાગ્રત રહેતી હતી. શરીરને નિર્જન એકાંતમાં બેસવાનું ગમતું હતું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આજે શ્રાવણ પૂર્ણિમા છે. મા સંધ્યાના સમયે કામકાજ કરી રહ્યાં છે. જપમાં બેસવા જવા માટે એક ભાવ માને ખેંચી રહ્યો છે. મામાં એક શિથિલતાનો ભાવ આવ્યો છે. ખાવાનો ભાવ નથી, છતાં પણ રોજની માફક ખાવા આજે પણ બેઠાં. બીજા દિવસોના કરતાં ભોજન જલદી સમાપ્ત કર્યું. ત્યારબાદ માએ ભોળાનાથજીને જઈને કહ્યું, "હું હમણાં જઈને પૂજામાં બેસું છું." ભોળાનાથજી પાટ ઉપર સૂઈ રહ્યા હતા. મા જમીન ઉપર બેસી ગયાં. રોજ આવી રીતે જ બેસતાં હતાં.

આજ જરા વધારે ગંભીર ભાવ હતો. પહેલાં માની આસન વગેરેની ક્રિયાઓ થવા લાગી. તે દિવસે એક નવીન જ ક્રિયા થઈ. આખું શરીર એક જુદી જ રીતે આળોટવા લાગ્યું.

હવન કરવા માટે હાથથી માપીને એક વેદી તૈયાર કરવામાં આવી. મા આસન ઉપર બેઠાં. શ્વાસપ્રશ્વાસની સાથે નાભિ અંદર પ્રવેશ કરી રહી હતી. નાભિમાંથી એક બીજમંત્ર સ્ફુરિત થવા લાગ્યો. રેચક કરીને જપ થઈ રહ્યો હતો, અને સાથે સાથે જ નાભિપ્રદેશમાં એક પ્રકારના ચૈતન્યનો અનુભવ થવા લાગ્યો. જાણે ગ્રંથિ ખૂલી રહી ના હોય! પરંતુ મંત્ર તે સમયે સ્પષ્ટતાથી ધ્વનિત થતો ન હતો. ત્યારબાદ આ પ્રકારનો જપ સ્થગિત થઇ ગયો. શ્વાસપ્રશ્વાસની ગતિની સાથે સાથે આભાસના રૂપે જરીક રહ્યો હતો.

ત્યારબાદ પૂજા થઈ. પહેલાં વેદી ઉપર વહ્નિબીજ દોરાયું. પરંતુ આ બીજ શાનું છે તે વાત માની પાસે પ્રકાશિત થઈ ન હતી. પાછળથી પ્રકટ થયું હતું, કે આ બીજ પહેલાંના બીજમાંથી ઉત્પન્ન થયું હતું. વહ્નિના (અગ્નિ) બીજની ઉપર અગ્નિની થોડીક પૂજા થઈ. આ ખૂબ અદ્‌ભુત પૂજા હતી. પૂજા માટે ચંદન ઘસવું, નૈવેદ્ય તૈયાર કરવું વ. ની બધી ક્રિયાઓ માએ પોતાના હાથે જ કરી હતી. બહારની કોઈ પણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સામગ્રી ન હતી. પૂજનને લગતા બધા પદાર્થો માના દેહમાંથી જ તૈયાર થયા હતા. ઉપાદાનો સ્થૂલ હોવા છતાં સાધારણ જીવો તેને દેખી શકતા ન હતા.

આજે અહા! કેવો ભાવ છે! એક કામ કર્યું ને વળી પાછાં શરીર જરાક શિથિલ કરીને મા બેસી રહ્યાં. ત્યારબાદ વળી બીજું કામ થયું. આમ કરતાં કરતાં પૂજા પૂરી થઈ. પૂજનની પહેલાં માએ પ્રજ્વલિત અગ્નિને જોયો. ત્યારબાદ અગ્નિદેવની મૂર્તિનાં દર્શન થયાં.

આ પછી જે બીજમંત્ર પહેલાં પ્રકટ થયો હતો તે અંદરના એક 'ચક્ર' માં સુસ્પષ્ટ રૂપે ધ્વનિત થવા લાગ્યો. અંદર રેચકની ગતિની સાથે સાથે જપ ચાલવા લાગ્યો. જપ શરૂ થતાંની સાથે જ માએ વેદીની વચમાં તે મૂળ બીજને દોર્યું અથવા દોરાયું ત્યારબાદ અગ્નિને પ્રજ્વલિત કરીને આહુતિ દેવા લાગ્યાં.

હવન સમાપ્ત થતાં જ હાથની આંગળીઓ ઉપર જપ થવા લાગ્યા. પહેલાં આંગળીઓ જેમતેમ ચાલવા લાગી પણ પાછળથી યોગ્ય રીતે જપ થવા લાગ્યા. હૃદય ઉપર હાથ રાખીને જપ થવા લાગ્યા. પછીથી પોતાના શિર ઉપર જપ થવા લાગ્યા.

જપ થઈ રહ્યા પછી મંત્ર બોલીને પ્રણામ થયા. 'જવા કુસુમ સંકાશમ્' વગેરે મંત્રપાઠ કરીને સૂર્યને નમસ્કાર થયા. મા ઓરડાની અંદર બેઠાં હતાં, છતાં પણ અંદરથી સૂર્યનાં દર્શન થઈ ગયાં.

પરંતુ તે દિવસે રાતમાં માએ પ્રણવનો ઉચ્ચાર કર્યો નહિ. પ્રણવ અંદરથી આવ્યા છતાં તે દિવસે પ્રણવની જગ્યાએ માએ 'નમો' કહ્યું હતું. માએ સાંભળ્યું હતું કે સ્ત્રીઓએ 'ૐ' નો ઉચ્ચાર ન કરતાં 'નમઃ' નો ઉચ્ચાર કરવો જોઈએ. તેથી જ ઉપર પ્રમાણે વ્યવસ્થા થઈ હતી. પાછળથી 'ૐકાર' માના મુખમાંથી નીકળવા માંડ્યો હતો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દીક્ષાના દિવસે રાત્રે માને વિશ્રામ મળ્યો ન હતો. આખી રાત આમાં જ પસાર થઈ ગઈ હતી. પ્રાતઃકાળમાં માએ વિચાર કર્યો, "આ વખતે જપ કરું" પરંતુ હાથમાં જપ કરવા ગયાં પણ કરી શકયાં નહિ. માએ જોયું, કે જપ અસ્તવ્યસ્ત થઈ રહ્યો છે. અંતે જપ કરવાનું છોડી દઈ મા બેસી રહ્યાં.

ત્યારબાદ સંધ્યાની ક્રિયા શરૂ થઈ. આચમનથી માંડીને સંધ્યાની બધી ક્રિયાઓ નિયમાનુસાર સંપાદિત થઈ. આપોઆપ જપ થવા લાગ્યા. આ વખતે પહેલાંની માફક જપમાં ગરબડ થઈ નહિ. વ્યવસ્થિત રૂપે જપ થવા લાગ્યા. આંગળીઓ આપોઆપ યોગ્ય રીતે અનાયાસે સ્થાન ઉપર લાગતાં જ જપ શરૂ થયો. રાત્રે જ બીજનું સ્ફુરણ થયું હતું; તેના જ જપ થયાં. તદુપરાંત માએ બહાર આવીને સૂર્યને પ્રણામ કર્યાં. પછી ગૃહકાર્ય કરવા માટે ઊઠી ગયાં. ભાવ ભગવદ્‌મુખી હતો, એટલે ગૃહકાર્યમાં સાધારણ રીતે મન પરોવાયું નહિ. જબરજસ્તીથી ઊઠીને જવું પડ્યું હતું.

ભોળાનાથજીના ભાઈનો દીકરો આસુ ત્યાં સ્કૂલમાં ભણતો હતો. મા તેને નિશાળે મોકલીને, બધાંને ખવરાવીપીવરાવીને મધ્યાહ્નમાં સ્નાન કરીને બેઠાં. બપોરના સમયે બેસવાનું થતું ન હતું, તોપણ તે દિવસે માં દરવાજો બંધ કરીને બેઠાં. પોતાના હાથથી લીંપીને આસન લગાવ્યું. ત્યારબાદ માએ નિયમાનુસાર સંધ્યા કરી અથવા સંધ્યાની વિધિ સંપાદિત થઈ.

સંધ્યા કર્યા પછી પૂજનો આરંભ થયો. પોતાની મેળે જ બધું થતું હતું. સંધ્યાપૂજનની કોઈ પણ વિધિ કોઈએ માને શિખવાડી ન હતી.

પહેલી પૂજા ખૂબ વિચિત્ર થઈ. તે કોઈ દેવતાની ખાસ પૂજા ન હતી. મહાશક્તિની પૂજા હતી. તેની મૂર્તિ નથી હોતી, અનુભવ જ તેનું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્વરૂપ હોય છે. ત્યાં આવવાજવાનો કોઈ પ્રશ્ન જ હોતો નથી. તે શક્તિ વિશ્વવ્યાપક હોય છે. જે કંઈ પણ છે એને એની શક્તિએ ધારણ કરી રાખ્યો હોય છે. ભાષા દ્વારા તે શક્તિના સ્વરૂપને સમજાવી શકાય નહિ. તેની પૂજા થઈ રહી હતી. પૂજાની સાથે સાથે જ એક પછી એક પૂર્વોક્ત ભાવો પ્રકટ થઈ રહ્યા હતા. આ બીજમંત્રથી જ (જે મંત્ર પહેલી રાતમાં સ્ફુર્યો હતો તેનાથી) આ પૂજા થઈ. કેવળ એટલું જ નહિ પણ આ બીજમંત્રથી જ પૂજાનાં બધાં અંગોનું સ્ફુરણ થયું. આ પૂજાનું અનુષ્ઠાન બીજા પ્રકારનું હતું. દેવોની પૂજાનાં જેવું હોય છે તેવું નહિ.

આ પૂજા થઈ રહ્યા પછી દેવતાની પૂજા થવા લાગી. તે બીજ-મંત્રથી જ તેનું પણ સ્ફુરણ થયું. પહેલાં પોતાના શરીરમાં જ ક્રિયા થઈ. દેવતા બનીને દેવતાની પૂજા થઈ. તે રૂપ અને તે ભાવ હતાં. આસનશુદ્ધિ, અંગન્યાસ, કરન્યાસ, પ્રણામ વગેરે બધાં અંગોનું સંપાદન થયું. મા પોતાના શરીર પર ફૂલ ચઢાવતાં. વિધિઅનુસાર દેવતા-ઓના બીજમંત્રોના જપ કરવામાં આવ્યા. નૈવેદ્ય વગેરે પૂજાની બધી સામગ્રી ગઈ રાતની માફક તૈયાર થઈ હતી, તે કહેવું નકામું છે.

આમ પૂજા થઈ રહ્યા પછી પોતાના શરીરની નીચલી બાજુથી ઉપરની બાજુ તરફ હાથપરિચાલન દ્વારા માએ તે દેવતાની મૂર્તિને હાથમાં લઈ લીધી. સામે એક સ્થાન લીંપીને તૈયાર રાખ્યું હતું. મૂર્તિની તે સ્થાને સ્થાપના કરવામાં આવી. મૂર્તિને પોતાના શરીરથી પૃથક કરતાં જ માનું અલગ અસ્તિત્વ વિકસિત થઈ ઊઠ્યું. પૂજા કરતી વખતે તંત્રધારકનું[1] કામ માએ પોતે જ કર્યું. સ્વયં મંત્ર પઢીને સ્વયં જ

૧ પૂજા પદ્ધતિ જોઈને પૂજકને વિધિ બતાવનારને તંત્રધારક કહેવામાં આવે છે. પૂજકના પૂજાક્રમ વગેરેમાં જો કંઈ ત્રુટિ હોય તો તેનું સંશોધન તથા નિર્દેશ કરવાનું પણ તેનું કામ છે. તંત્રધારક તત્ તત્ ક્રિયાના જાણકાર હોય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પૂજાના કરવાવાળાની માફક માએ તેને સાંભળ્યા અને ફરીથી તે મંત્રો ઉચ્ચાર્યા. પૂજા કર્યા પછી દેવતાઓને પોતાના શરીરમાં વિલીન કરી દીધા.

આ ભાવથી ફરીથી પાછી પૂજા થવા માંડી. પૂજા કરતાં કરતાં પ્રાયઃ દિવસ પૂરો થવા આવ્યો. આસુ સ્કૂલથી આવી ગયો છે. તેને ભાત આપવો પડશે, પરંતુ આરબ્ધ પૂજા સમાપ્ત થયા વિના મા કોઈ પણ રીતે ઊઠી શકે તેમ ન હતાં. પૂજા સમાપ્ત થયા પછી મા ભાત દેવા ગયાં. ગૃહસ્થીનાં બીજાં કામો પૂરાં કરીને રાત્રે ફરીથી પૂજામાં બેઠાં. તે વખતે પણ દિવસની પૂજાવિધિ થઈ ન હતી, કારણ કે રાતમાં પહેલાં થોડીક ક્ષણ પૂજા થઈ હતી, ત્યારબાદ સંધ્યાનુષ્ઠાન થઈ ગયા પછી ફરીથી રાતની પૂજા શરૂ થઈ.

ગઈ રાત્રે (દીક્ષારાત્રિમાં) 'ઈઁ' કારનો ઉચ્ચાર માએ કર્યો ન હતો. આજે 'ઈઁ' કારનો ઉચ્ચાર થઈ ગયો.

સંધ્યા આજ એક દિવસમાં જ ત્રણ વખત નિયમાનુસાર થઈ. ત્યારબાદ ફરીથી કોઈ વખત સંધ્યા થઈ નહિ. પૂજા એક પછી એક થતી.

કેટલાક મહિનાઓ સુધી આવી રીતે પૂજા ચાલી. સંસારનું કામ-કાજ કરતાં જે સમય મળતો હતો તે સમય પૂજામાં જ વ્યતીત થતો હતો. આ જગ્યાએ એક વાત કહી દઉં. દીક્ષા પછી સાધનાનો ભાવ, પરમાર્થોન્મુખ ભાવ અખંડ રૂપથી ચાલવા લાગ્યો. શરીરભાવ. બધા ભાવો ચુમ્બકની માફક રહેતા હતા.

જે જે દેવતાઓની પૂજા થવા લાગતી તેમાંથી પ્રત્યેકના બીજ અલગ અલગ માની અંદર સ્ફુરિત થતાં હતાં. દીક્ષાના દિવસે રાતમાં જે બીજમંત્રનું સ્ફુરણ થયું હતું તેનો પૂજાકાળ સિવાય સદા જપ ચાલતો હતો. તે બીજમંત્રમાંથી જ બીજી પૂજાઓની ઉત્પત્તિ થઈ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્યારે પૂજા વખતે મા સ્વયં દેવતારૂપ થઈ જતાં હતાં ત્યારે તે તે દેવતાઓનાં આસન, મુદ્રા વગેરે પણ પ્રકટ થઈ જતાં હતાં. (પૂજાના અંતભાગમાં) એકાદ વાર એવું બન્યું કે મા પૂજાની પહેલાં પોતાના શરીરની આંખો, મુખ અને અન્યાન્ય અંગોમાં પોતાની આંગળી વડે ચિહ્ન કરીને અંકિત કરવા માંડી. સાથે સાથે જ માની મૂર્તિ દેવતાની મૂર્તિની માફક બનવા લાગી. જ્યારે આમ થતું ત્યારે મા સ્વયં દેવતાના આસન ઉપર જઈને બેસતાં. તદુપરાંત તે દેવતાની પ્રાણપ્રતિષ્ઠા થઈ; પરંતુ આ પ્રાણપ્રતિષ્ઠા બીજી જાતની હતી.

આ પછી સર્વ દેવતાઓની પૂજા થઈ. એવા બધાઓની પૂજા પણ થઈ હતી, કે જેમાં દેવતા નામની કોઈ વસ્તુ પણ ન હતી. આ પૂજાઓમાં પ્રાણપ્રતિષ્ઠા થઈ ન હતી.

અહીં આગળ એક વાતનો ઉલ્લેખ કરવા યોગ્ય છે, કે જેટલી પૂજાઓ થઈ તે બધીમાં પ્રાણપ્રતિષ્ઠાની ક્રિયાઓ થઈ તેમ નથી. કેટલીક પૂજાઓમાં થઈ પણ ન હતી.

પૂજા વખતે ચંદનથી તિલક કરવાનો વિધિ છે, તે પણ થતો હતો. કોઇ વખત તિલક કર્યા પછી પોતાની મૂર્તિ માની આગળ પ્રતિભાસિત થઈ ઊઠતી હતી.

પ્રત્યેક પૂજા થઈ રહ્યા પછી મા આરતી કરતાં હતાં. પાંચ બત્તીવાળી આરતી લઇ વિધિપૂર્વક આરતી કરતા. બે દિવસ ખાસ કરીને આરતી થઇ હતી. પ્રણામ કર્યા પછી માએ આરતી શરૂ કરી. મા આરતીના ભાવમાં વિભોર થઇ ગયાં. અંગોને યોગ્ય રીતે ઝુલાવીને આરતી કરતાં કરતાં ધીરે ધીરે ઊભાં થયાં. આરતીના આવેગમાં માનો ભાવ ઉચ્છ્વાસિત થઈ ઊઠ્યો અને માની દેહલતાની જુદી જુદી ભાવભંગિઓ હલવા લાગી. આરતીના નૃત્યમાં માનો દેહ અનુપમ ભંગિથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લીલા કરવા લાગ્યો. જે કળા અને માધુર્યયુક્ત આરતી દેવપૂજનનું અપૂર્વ અંગ છે, તેનો અતુલનીય વિકાસ થયો.

પંચમત્તી વ. લઈને આરતી કર્યા પછી મા બેસીને તથા ઊભાં થઈને હાથથી આરતી કરવા લાગ્યાં. કેવળ હાથથી જ શા માટે મા જાણે સમસ્ત શરીરથી આરતી કરી રહી હતી. તે વખતે મા સ્વયં પોતે જ જાણે આરતીરૂપ થઈ ગયાં. આ પ્રમાણે કરતાં સાથે સાથે જ શરીર હાલતું ડોલતું રહેતું.

માની આ પૂજા ખૂબ આશ્ચર્યકારક છે. માની આ સ્વાભાવિક પૂજાથી સમજી શકીએ છીએ કે શાસ્ત્રોમાં જે પૂજાઓનો ઉલ્લેખ આવે છે તે કપોલકલ્પના અથવા ગપોડાં નથી. દેવતા સ્વરૂપમઃ પરબ્રહ્મથી અભિન્ન હોવા છતાં પણ પરબ્રહ્મની એક વિભૂતિ અથવા એક શક્તિ છે. આથી દેવતાઓનું પણ સનાતન અસ્તિત્વ વિદ્યમાન છે. દેવતાઓની આરાધનાઓની પણ સનાતન વિધિઓ રહી છે.

માની પૂજા ચેતનામયી શક્તિનો ખેલ હતો. શુષ્ક, સારહીન કર્મકાણ્ડ માત્ર ન હતો. પ્રત્યેક કાર્ય સત્ય ભાવના સ્પર્શથી અને અનુભૂતિથી સજીવ થઈ ઊઠતું હતું. પૂજાની પહેલાં મા બધાં અંગોમાં હાથ રાખીને બીજમંત્રનું ઉચ્ચારણ કરતાં હતાં, અને જોતાં હતાં કે સર્વ અંગોમાં બીજમંત્ર વિદ્યમાન છે. એક દિવસ પૂજાસમયે કોઈ દેવતાના ભાવમાં ભાવિત થઈને મા પેશાબ કરવા માટે બહાર ગયાં. માના પ્રત્યેક પગલામાં તે સમયે એક અલૌકિક ભાવ વ્યાપ્ત રહ્યો હતો. માની દૃષ્ટિ પણ તે ભાવથી ભાવાન્વિત હતી.

દરેક પૂજાના સમયે દેવતાના તત્ત્વનો માને સાક્ષાત્કાર થઈ જતો હતો. પ્રાયઃ મા તત્ તત્ દેવતાનો ભાવ લઈ સમાધિસ્થ થઈ જતાં હતાં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દરેક પૂજાના પ્રારંભમાં જ એક અખંડ સત્તાનો ભાવ વિકસિત થઈ ઊઠતો હતો. ત્યારબાદ તેની વચમાં કર્મોનુષ્ઠાનનું જ સ્ફુરણ થતું હતું. પૂજા સમાપ્ત થતાં મા દેખતાં, કે જે અર્પણ કરવામાં આવ્યું છે તે બ્રહ્મ છે, જેને અપર્ણ કરવામાં આવ્યું છે તે પણ બ્રહ્મ છે, અર્પણ ક્રિયા પણ બ્રહ્મ છે અને જેમાં અર્પણ કરવામાં આવ્યું છે, તે પણ બ્રહ્મ છે. ત્યારબાદ એક સત્તાનો બોધ ફરીથી પ્રાપ્ત થતો હતો.

પૂજા વગેરેનો વિધિ જ્યારે પ્રગટ થતો હતો ત્યારે માના મુખ-મંડળ ઉપર તત્કાલીન દિવ્ય ભાવવિશેષની છબી અન્ય ભાવ દ્વારા વિકૃત થતી ન હતી. તે સમયે કોઈની વાતથી જો માના મુખમંડળ ઉપર બીજા કોઈના ભાવના ઉદયનો ઉપક્રમ થતો મા દેખતાં, કે એક ફરતું ચક્ર આવીને તે ભાવને છિન્નભિન્ન કરી નાખતું. માને કેટલીયે પ્રકારનાં દર્શન થયાં હતાં. શ્રી દુર્ગા, કાલી વગેરેનાં ચિત્રો માની પાસે સજીવ ભાવમાં પ્રકટ થયાં હતાં; તે એટલે સુધી કે ચિત્રોમાં પણ જ્યોતિ પ્રત્યક્ષ થતી હતી.

જ્યારે પૂજા પૂરી થઈ જતી ત્યારે પ્રાયઃ બાળક શ્રીકૃષ્ણનો આવિર્ભાવ થતો હતો. તે કદી નગ્નાવસ્થામાં રહેતા હતા તો કોઈ વખત વેશભૂષાથી વિભૂષિત થઈને આવતા હતા. બાળક કૃષ્ણ હસતા, ખેલતા તથા ફરતા હતા. માની સાથે કૃષ્ણની અતિ મધુર વાતચીત થતી હતી. માનો ભાવ પણ જાણે કેવો થઈ જતો ! મા અનુભવ કરતાં હતાં કે કોઈ અવસ્થામાં કોઈ ભાવમાં, કોઈ પણ દિશામાં તે બન્નેની વચમાં કંઈ પાર્થક્ય ન હતું.

કોઈ વખત કોઈ બીજા જગતમાં મા ચતુર્ભુજા સિંહવાહિની મૂર્તિનાં દર્શન કરતાં હતાં. કોઈ વખત કાલી માતાનાં, કોઈ વખત શંકરનાં દર્શન કરતાં હતાં. માને અસંખ્ય દેવદેવીઓનાં દર્શન થતાં હતાં. તેઓના ભાવમાં, તેઓની ભાષામાં, તેઓની સાથે, માની વાતચીત થતી હતી. તેઓની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાથે મા હરતાંફરતાં હતાં. કોઈ વખત મા સ્વયં દેવતા થઈ જતાં હતાં. કોઈ વખત શિવની સાથે પાર્વતી, કોઈ વખત પાર્વતીની સાથે શિવ, કોઈ વખત લક્ષ્મી સાથે નારાયણ, કોઇ વખત નારાયણ સાથે લક્ષ્મી, મા થઇ જતાં હતાં. કોઈ વખત મા શિવ પણ થતાં, પાર્વતી પણ થતાં. કોઈ વખત નારાયણ પણ, લક્ષ્મી પણ થતાં હતાં. કોઈ વખત માની અર્ધનારીશ્વર મૂર્તિ, કોઈ વખત હરિહરની મૂર્તિ થતી હતી.

એક વખત માએ જોયું કે મા એક ઘરમાં પહોચ્યાં છે. માનો તપસ્વિનીભાવ છે. ત્યાં દશ મહાવિદ્યાઓ ચાર તરફ વિદ્યમાન છે. દુર્ગા પણ છે. વળી આ ઉપરાંત માએ રાધાકૃષ્ણને યુગલમાં પણ જોયા. તેઓને જોઈને મા આનંદમાં વિભોર થઈ ગયાં. માએ જોયું, કે તેઓ પોતપોતાના ઇશારા અને સંકેતથી વાતચીત કરી રહ્યાં છે. પરંતુ તે વાતો મા સાંભળી શકતાં ન હતાં. પાછળથી તે વાતો ધીરે ધીરે સ્પષ્ટ રૂપથી સંભળાવા લાગી હતી. મામાં પરિવર્તન થઈ રહ્યું હતું. સાથે સાથે વ્યાપાર સ્પષ્ટ થતો જતો હતો. ધીરે ધીરે મા સ્વયં પણ તેઓની સાથે વાતો કરવા લાગ્યાં.

પૂજા વગેરે ખાસ કરીને લગભગ નવરાત્રિ સુધી ચાલી હતી. આની પહેલાં જ બધી યોગની ક્રિયાઓ વિશેષ રૂપથી અનુષ્ઠિત થઈ હતી. આસન, પ્રાણાયામ, ત્રાટક, મુખની અનેક પ્રકારની ક્રિયાઓ, દૃષ્ટિની ક્રિયાઓ વગેરે કેટલીયે યોગની ક્રિયાઓ તે વખતે થતી હતી.

આસન કેટલાયે પ્રકારનાં થયાં તેનો હિસાબ નથી. આશ્ચર્યની વાત છે કે શીર્ષાસન કરતી વખતે આસનને અનુરૂપ કપડાં પણ યોગ્ય રીતે પહેરાઈ જતાં. કોઈ વખત પદ્માસન વાળી માથું પાછળ નમાવી સૂઈ જતાં અને કપાળ જમીનને અડાડતાં. મા હૃદય ઉપર પૂજા કરવા લાગ્યાં. કોઈ વખત શ્વાસની ગતિથી શરીર હલકું થઈ જઈને આકાશમાં નિરાધાર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થઈને બેસતું. મા આસનબદ્ધ અવસ્થામાં સ્થિર બેઠાં છે, કેવળ બે હાથની કનિષ્ઠિકા આંગળી દ્વારા જ માનો જમીનને સ્પર્શ રહી ગયો છે. કોઈકિ વખત એવું પણ બન્યું છે, કે મા આસનબદ્ધ અવસ્થામાં વાયુની ગતિથી જમીનથી બિલકુલ અલગ થઈને આકાશમાં ઊડી પડતાં.

જેવી રીતે હાથની આંગળીઓ દ્વારા મુદ્રાઓ થતી તેવી જ રીતે માના પગની આંગળીઓથી પણ મુદ્રાઓ થતી હતી. આસન, બંધ, મુદ્રા વગેરે ક્રિયાઓ શ્વાસની જુદી જુદી ગતિઓની સાથે નિષ્પન્ન થતી હતી. પ્રાણાયામ પણ અનેક પ્રકારના થયા હતા. આ બધી ક્રિયાઓ વિષે સાધારણ લોકો જાણતા નથી હોતા.

જેટલા પ્રકારનાં આસનો, પ્રાણાયામો, મુદ્રાઓ વગેરે બધી ક્રિયાઓ છે તે બધાં મામાં થયાં હતાં. માએ કહ્યું છે કે, "એવી પણ ક્રિયાઓ છે, કે જો તેને યોગ્ય રીતે કરવામાં આવે તો સ્વાભાવિક રીતે ભાવનું પરિવર્તન થાય છે."

યોગની ક્રિયાઓ જે વખતે કરવામાં આવી હતી તે વખતે મા આકાશમાં જુદાં જુદાં યંત્રોને અંકિત થયેલાં દેખતાં હતાં. ભેળવેલા પીળા અને સફેદ પ્રકાશથી તે નિર્મિત થયેલાં હતાં. કોઈ વખત અન્યાન્ય સ્થાનોમાં પણ મા તેને દેખતાં હતાં. સફેદ રંગનાં યંત્રો પણ માને કોઈ વખત દેખાતાં. કોઈ વખત મા કેન્દ્રયુક્ત વર્તુળને દેખતાં હતાં. કોઈ વખત વળી આવા પ્રકારનાં અસંખ્ય વર્તુળો દેખાતાં હતાં. માને પોતાના શરીર ઉપર પણ યંત્ર વગેરે દોરાયેલાં દેખાતાં હતાં.

આ સમયે જુદા જુદા પ્રકારની જ્યોતિદર્શનોનો આરંભ થયો. આકાશમાં વાદળાંનું નામનિશાન ન હોય છતાં વીજળીના જેવો ચમકારો દેખાતો હતો. કોઈ વખત ખંડખંડરૂપમાં જ્યોતિદર્શન થતું હતું. પાછળથી તે બધી જ્યોતિઓ મળીને એક થઈ જતી હતી. કોઈ વખત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા બધી વસ્તુઓને અલગ અલગ જ્યોતિર્મય દેખતાં હતાં. ત્યારબાદ એવું માલૂમ પડ્યું, કે વસ્તુ અલગ અલગ નથી. સર્વ જ્યોતિ જ્યોતિર્મય જ છે. સાથે સાથે માને પ્રત્યક્ષ થયું, કે હું પણ જ્યોતિ છું. કોઈ વખત પ્રભાના આવિર્ભાવ દેખાતાં હતાં. પ્રભા કોઈ નિર્દિષ્ટ સ્થાનમાંથી આવે છે તેમ ન હતું.

મા જ્યારે પોતાના ભાવમાં બેસતાં હતાં ત્યારે ચંદ્રમાના આકારની જ્યોતિ, સૂર્યના આકારની જ્યોતિ, વળી અર્ધચંદ્રાકારની જ્યોતિ આમ આવા કેટલાયે પ્રકારની જ્યોતિઓનો આવિર્ભાવ થતો હતો. હરતાં-ફરતાં કોઈ કોઈ વખત નાનીમોટી જ્યોતિઓ દેખાઈ જતી હતી.

થોડાક વખત માટે માને એવી અવસ્થા આવી હતી, કે મા જ્યાં પોતાની નજર ફેંકતાં ત્યાં પોતાની જ મૂર્તિ દેખતાં હતાં. ત્યારબાદ માએ પોતાની આકૃતિને આકાશમાં દોરાયેલી જોઈ હતી. તે મૂર્તિ ચંદ્રમાના પ્રકાશથી ગાઢી ઉજ્જ્વલ જ્યોતિર્મય હતી.

માના દેહનું અવલંબન કરીને સાધના પ્રકટ થઈ રહી હતી, આ કારણથી વિચારશિથિલતા અને તિતિક્ષા પણ વિકસિત થઇ ઊઠતાં હતાં. એક સમયની વાત છે. મા ઘડો લઇને તળાવમાં પાણી લેવા ગયાં હતાં. સહેજમાં પગ લપસતાં પડી ગયાં. ઘડાનો કાનો માના ખભામાં લાગ્યો. તે જગ્યા ભૂરી પડી ગઈ. વાગ્યું તે માટે માને દુઃખ થયું નહિ પરંતુ આનંદમાં મગ્ન રહ્યાં; કારણ જે દુઃખ થવાનું હતું તેનો ભોગ થઈ ગયો. જો કોઇએ માને વાક્યબાણ માર્યું હોત તોપણ માનો આ ભાવ જ રહેતો, "જે થવાનું હતું તે થઈ ગયું." પરંતુ માનો આ ભાવ એક વિશેષ અવસ્થામાં થયો હતો. કેટલાયે ભાવો અને કેટલીયે અવસ્થાઓ માંમાં આવી અને ગઈ તેની ગણના નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક અવસ્થામાં સમવેદના અથવા સહાનુભૂતિ માની અંદર કેટલી હદ સુધી ઊભરાઈ આવી હતી તેની યે ઘટના અહીં વર્ણવું છું. મા ઓરડામાં સૂઈ રહ્યાં હતાં. બહાર કોઈ માણસે ગાયને લાકડીથી મારી. મારવાનો અવાજ કાને પહોંચ્યો અને માના શરીરમાં જ જાણે વાગ્યું ન હોય તેમ પ્રતીત થયું; અને તત્ તત્ સ્થાનમાં વાગ્યાના જેવી તીવ્ર પીડા થઈ હતી. કેવળ ગાયને મારવાથી જ નહિ પણ કોઈ વખત ફક્ત જમીન પર આઘાત કરવાથી પણ માના શરીરમાં દુઃખનો અનુભવ થતો. શ્રી રામકૃષ્ણ પરમહંસના જીવનચરિત્રમાં પણ આવી રીતની ઘટનાઓ મળે છે.

યોગની અવસ્થાઓ જ્યારે પ્રકાશિત થઈ ત્યારે તેના અનુરૂપ યોગની વિભૂતિઓનો પણ પ્રકાશ થયો હતો. સૂક્ષ્મ દેહથી ગમનાગમન કરવું. દૂરની વાતો સાંભળવી, દૂરની ચીજો જોવી વગેરે વિભૂતિઓ પ્રાપ્ત થઈ હતી. વિભૂતિઓની સાથે સાથે જ તેમનામાં વૈરાગ્ય થઈ જતો હતો. માનો વૈરાગ્ય સ્વાભાવિક હતો; તેથી જ તે સર્વદા સાથે રહેતો હતો.

શક્તિલાભની એક અવસ્થામાં ધ્યાન કરીને કોઈ પણ ચીજનું જ્ઞાન પ્રાપ્ત કરવું, તે કોઈ મોટી વાત માલૂમ પડી ન હતી.

માને સમાધિ થતી હતી. એ સમયે એક એવી સમાધિ પણ થતી હતી, કે જેમાં જડની માફક પડી રહેતાં. આ તેનો નિષ્ક્રિય ભાવ થતો હતો. બીજી એક એવી અવસ્થા હતી, કે જેમાં મા બેસી રહેતાં અથવા સૂઈ રહેતાં હતાં. બહાર પત્થરની માફક નિશ્ચલ દેખાતાં પણ અંદર યોગની ક્રિયાઓ ચાલતી હતી.

(ધ)

માએ મૌન ધારણ કરી લીધું. એ દિવસે કેટલાયે વિષયો ઉપર આકાશવાણી થઈ. ભોજન અને નિદ્રાના સંબંધમાં પાળવાના નિયમો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આકાશવાણી દ્વારા બતાવવામાં આવ્યા હતા. સર્વને પ્રણામ નહિ થઈ શકે તેમ જ ત્રણ વર્ષ સુધી મૌન કરવું પડશે એ પણ આકાશવાણીમાં વ્યક્ત થયું હતું. પહેલાં આકાશવાણી પ્રકટ થતાં માએ પ્રશ્ન કર્યો, "કોણ?" ઉત્તર થયો, "સ્વયં જ આ પ્રકાશ છે." ઉત્તરની સાથે સાથે માને પ્રત્યક્ષ થયું, "હું પોતે પોતાને જ કહી રહી છું." આવરણ હટી ગયું. જ્ઞાનના ઉદયની સાથે સાથે મા ધીર, સ્થિર અને ગંભીર થઈ ગયાં. જાણે કે મા બદલાઈ ગયાં ન હોય!

માને અનુભવ થયો, કે એવી કોઈ વ્યકિત નથી કે જેને હું પ્રણામ કરી શકું. એક માત્ર હું જ સર્વથી શ્રેષ્ઠ છું. અહા! આ કેવો અદ્‌ભુત ભાવ છે! આવા મહાન વિરાટ ભાવ આગળ કોઈ પ્રશ્ન જ રહેતો નથી. દેવતા, અવતાર, બ્રહ્મા, વિષ્ણુ, શિવ વગેરેના તત્ત્વોનો આવિર્ભાવ થયો. તેમાં પણ હું જ સર્વથી શ્રેષ્ઠ છું, એવું જ્ઞાન થયું. મા કેવાં ગંભીર થઈ ગયાં! મામાં હતો શ્રેષ્ઠતાનો ભાવ અને હતાં અપાર શક્તિથી ભરપૂર. હું જ સ્રષ્ટા છું, હું સર્વનો સંચાલક છું, એવું જ્ઞાન થઈ ગયું. સાથે સાથે એ બોધનો પણ આવિર્ભાવ થયો કે, "સર્વ મારી જ વિભૂતિ છે, હું જ સર્વ છું." પરંતુ આ સર્વાત્મક ભાવ સંપૂર્ણ પરિસ્ફુટ રહ્યો નહિ. માએ પોતે જ એને દબાવી દીધો. એને દબાવવાવાળો પણ કોણ હતો? શ્રેષ્ઠત્વનો ભાવ જાગ્રત રહ્યો: સર્વાત્મક ભાવ અસ્પષ્ટ રૂપે રહ્યા.

મૌન પછી પૂર્વવર્ણિત આત્મજ્ઞાનનો પ્રાદુર્ભાવ થયા બાદ જપ ચાલતા ન હતા, તેમ નથી. જપ નિરંતર અવિચ્છિન્ન રૂપે ચાલતો હતો, પણ બોધ રહી ગયો હતો કે, "હું જ જપરૂપ છું. મારો જપ મારી મેળે જ કરું છું."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રેષ્ઠત્વનો ભાવ રહ્યો ખરો પણ કોઈ એને જાણી ન જાય તેવો છુપાવવાનો ભાવ પણ સાથે રહી ગયો. પાછળથી ભાવને છુપાવવો કે ન છુપાવવો તેવો ભાવ પણ રહ્યો નહિ. મા પોતાના ભાવમાં પ્રતિષ્ઠિત રહ્યાં.

કોઈ કોઈ અવસર પર 'અહમ્' નો પૂર્ણ પ્રસાર અસ્થાયી રૂપથી પરિસ્ફુટ થતો હતો. કોઈ કોઈ ક્રિયાના સમયે એનો આવિર્ભાવ થતો હતો. કોઈને પણ સ્પર્શ કરવાનું બંધ થઈ ગયું. ત્યારબાદ એક સ્ત્રીને સિન્દુર ચઢાવવાના ઉપલક્ષ્યમાં સર્વનો સ્પર્શ કરવાનું શરૂ થઈ ગયું. સ્પર્શના સમયે હું જ સર્વ છું, એમ જ્ઞાન સ્પષ્ટ થતું. આ વ્યાપક બોધ આવીને પાછો ચાલ્યો જતો, કિન્તુ સર્વદા આભાસ રૂપે રહેતો હતો; જેમ ઉપર કહેવાઈ ગયું તેમ. પરંતુ આમાં એક વાત છે, કે જે જે વિષયને લક્ષ્ય કરીને આ બોધનું સ્ફુરણ થતું હતું, કેવળ તે તે વિષયની સાથે અભિન્નતા રહી જતી હતી.

પહેલાં કહી ગયો છું, કે આકાશવાણીને પ્રસંગે માના પ્રશ્નનો ઉત્તર થયો હતો કે, "(મા) પોતે જ તે પ્રકાશ છે." એની સાથે સાથે માને જ્ઞાનનું સ્ફુરણ થયું હતું. એ વખતથી આત્મબોધ અખંડ રૂપે ચાલતો રહ્યો છે. આગળ જતાં તે બોધ વધારે વિકસ્યો છે.

મૌન લેતા પહેલાં જે પ્રકારની સાધના ચાલતી હતી તે અન્ય પ્રકારની હતી. એ સાધનામાં, "હું સાધના કરી રહું છું" આ જાતનો વ્યક્તિગત કર્તૃત્વનો પ્રકાશ હતો. આ સમયે માની સાધના બીજી જ ધારામાં ચાલવા લાગી. નાના પ્રકારની અવસ્થાઓ આવ્યા કરતી હતી. કેટલી યોગક્રિયાઓ અને ભાવોનો વિકાસ થયો, એની કંઈ ગણના નથી.

સવાર અને સાંજ બહુ થોડા વખત માટે બેસતાં હતાં. પરંતુ આ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાધના માટે ખાસ બેસવું પડે તેમ ન હતું. સર્વ કામકાજ કરતાં રહેતાં. ગૃહકાર્ય સમાપ્ત કરીને અવકાશના સમયે મા રેંટિયાથી સૂતર કાંતતાં, સાળથી કપડાં વણતાં હતાં. ઇશારા બહુ જ થોડા કરતાં હતાં. આશ્ચર્યની વાત તો એ છે, કે મૌન સમયે મા પોતાનો અભિપ્રાય થોડાક સંકેતની દ્વારા સમજાવી દેતાં હતાં. જે વાતને મા સમજાવવા ચાહતાં તે વાત એ વ્યક્તિની અંદર પ્રવેશ કરીને વિકસિત થઈ ઊઠતી. એક માત્ર ઇશારાથી આ સંભવ નથી. બીજી કોઈ શક્તિથી ભાવ બીજામાં સંચારિત થતો હતો. કોઈ વિશેષ પ્રયોજન હોય તો કોઈક વખત કંઈક અસ્ફુટ સ્વરમાં બોલતાં હતાં. તે પણ ફક્ત ભોળાનાથજીની સાથે જ, સર્વની સાથે નહિ.

આ સિવાય કોઈ કોઈ વખત મા ચારે તરફ વર્તુળ દઈને વાતો કરતાં હતાં. એમાં કોઈ સમય, અસમય, સ્થાન, અસ્થાન, પવિત્ર, અપવિત્ર ન હતું. મા આપોઆપ બેસી જતાં હતાં. પોતાની ચારે તરફ વર્તુળ કરીને આંગળી વડે ત્રણ રેખાઓ દોરતાં હતાં. આસન ઉપર જરીક પણ હાલ્યા સિવાય આ જ ઢંગથી ચારે તરફ ઘૂમીને રેખા દોરતાં હતાં. માલૂમ થતું કે જાણે યંત્રથી રેખા દોરાઈ રહી છે. સાધારણ ભાવમાં આમ કરવું અસંભવ છે. આમ રેખા દોરાયા પછી પહેલાં માના મુખમાંથી મંત્ર પ્રકટ થતો. ત્યારબાદ કેટલીક ક્ષણો સુધી વાર્તાલાપ થતો. છેવટે મા મંત્ર બોલીને રેખાઓ ભૂસી નાખતાં હતાં.

માનું મૌન અદ્‌ભુત હતું. કામકાજની અંદર પણ મા સર્વદા અન્તર્મુખ રહેતાં હતાં. માને ઘણા પ્રકારની અવસ્થાઓ આ સમયે આવતી હતી. વિશેષે કરીને એ સમયે નાનાપ્રકાર અને વિવિધ રંગની જ્યોતિઓનું દર્શન થતું હતું. કોઈ પણ વસ્તુમાં જરાક દૃષ્ટિ સ્થિર કરતાં જ તે વસ્તુની આજુબાજુ જ્યોતિનો પરિધ દેખતાં હતાં. કોઈ વખત મા જ્યાં બેસતાં તેની સામે છાંટેલી જ્યોતિની ઝળક કંઈક દૂર સુધી દેખતાં હતાં. રસોઈ બનાવતી વખતે તથા બીજાં કામો કરતી વખતે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થોડોક સ્થિર ભાવ આવે નહિ ત્યાં તો સામે જ્યોતિ ભાસિત થતી હતી, આશ્ચર્યની વાત તો એ છે, કે જેવી રીતે આપણે આપણા શરીરનો પડછાયો તડકામાં દેખીએ છીએ તેવી રીતે માના શરીરનો પડછાયો દેખાતો ન હતો. કોઈ વખત છાયા દેખાતી તો પ્રકાશમય દેખાતી. માને પોતાનું શરીર જ્યોતિર્મય પણ દેખાતું હતું.

માને અસંખ્ય પ્રકારનાં દર્શનો અને અનુભૂતિઓ થતી હતી. એક એવી અવસ્થાનો પણ આવિર્ભાવ થયો હતો, કે જ્યારે મા બેસતાં ત્યારે એક વિરાટ જ્યોતિનું દર્શન થતું હતું. મા પોતે અનુભવ કરતાં કે હું પોતે જ એવી એક વિરાટ જ્યોતિની મધ્યમાં બેઠી છું. હરતાં અને ફરતાં આવી જ્યોતિ દેખાતી નહિ, તોપણ જ્યોતિનો પ્રભાવ રહેતો. સર્વ કંઈ દેખતાં હતાં. સૂર્યનો પ્રકાશ પણ દેખતાં હતાં. પરંતુ આ સર્વને દબાવીને એક પ્રકાશ રહી જતો હતો.

બાજીતપુરમાં મૌન થયા બાદ કોઈ કોઈ વખત માને સમાધિ લાગતી હતી. મૌની થયા બાદ જે દિવાળી આવી તે વખતની વાત છે. દિવાળીના બીજા દિવસે માએ પ્રસાદ વહેંચ્યો. પછી સ્નાન વગેરે કરતાં કરતાં દોઢ કે બે વાગી ગયા. મા સમાધિસ્થ થઈ ગયાં. આ અવસ્થા સૂવાની અથવા બેસવાની હતી. એક માત્ર સત્તામાં મગ્ન થઈ ડૂબી ગયાં. સંધ્યાના સમયે સમાધિમાંથી ઊઠ્યાં.

(૬)

મા અને ભોળાનાથ ઢાકામાં આવ્યાં. (ઈ. સ. ૧૯૨૪) ઢાકામાં શાહબાગ માના પુણ્યપ્રભાવથી ધન્ય થયો. ઢાકા આવ્યા પછી માની અંદર તત્ત્વનો પ્રકાશ વધારે પ્રમાણમાં થયો. માની અંદર જે વ્યાપક એક તત્ત્વનો પ્રકાશ અસ્પષ્ટ ભાવથી અથવા દબાઈ રહેલા ભાવથી સ્થિર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હતો તે સ્પષ્ટ થઈ ગયો. "સર્વમાં હું છું, મારામાં સર્વ છે, સર્વમાં સર્વ છે." આ સ્પષ્ટ અનુભૂતિ અપરોક્ષ ભાવથી માના બોધમાં અખંડ ભાવે રહેવા લાગી. આના પછી પણ ખોરાક વગેરેના સર્વ કઠિન નિયમોનો આરંભ થયો, કિન્તુ માની પાસે આ સર્વ સમયે ખેલ, ક્રીડા સિવાય બીજું કંઈ ન હતું. માએ કહ્યું, "હું તે સર્વને લઈને ખેલ કરવા માંડી."

હું અહીં તેમાંથી કેટલાક નિયમો કહું છું.

પ્રાયઃ આઠનવ મહિના સુધી પ્રતિદિન સવારે ત્રણ કોળિયા અને સાંજે ત્રણ કોળિયા ભોજન કરતાં હતાં. જો કોઈ વખત ફળ લેવાનું થતું, તોપણ ત્રણ વખતથી વધારે મુખમાં લેતાં ન હતાં. બીજા સમયે પાણી પણ નહિ લેતાં.

સોમવારે અને ગુરુવારે ભાત ખાતાં હતાં. બાકીના પાંચ દિવસ અતિસાધારણ ફળફૂલ ખાતાં. ફળમૂળને માટે કોઈ ખાસ પ્રબંધ ન હતો. જે વખતે જે મળ્યું તેનાથી કામ ચાલતું. આ પ્રકારનો નિયમ ઘણા દિવસ સુધી ચાલ્યો.

કેટલાક દિવસ સુધી એવા નિયમો ચાલ્યા કે એક વ્યક્તિ દિવસમાં એક વાર, એક શ્વાસમાં જેટલું ખવરાવી શકે તેટલું ખવરાવી શકતો. પાણી પણ એ એક શ્વાસમાં જ અન્તર્ગત થતું. ત્યારબાદ એવો નિયમ ચાલ્યો, કે એના એક નિઃશ્વાસમાં પણ બે આંગળીઓથી ઉઠાવીને ખાદ્ય વસ્તુ આપવામાં આવતી હતી. આ પ્રકારનો નિયમ અનેક દિવસ સુધી ચાલ્યો.

સવારે ત્રણ ભાતનાં દાણા અને સાંજે ત્રણ ભાતનાં દાણા ખાવાનો નિયમ ૭ મહિના સુધી ચાલ્યો હતો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક વખતે વળી એવો નિયમ થયેલો કે ૨૪ કલાકમાં એક વાડકીમાં નવટાંક વસ્તુ પકાવીને ખાતાં હતાં.

કોઈ એક વખતે એવો નિયમ ચાલેલો કે ફક્ત એક શરબત ગ્લાસ ચોવીસ કલાકમાં એક વખત પીને રહેતાં હતાં.

ઢાકામાં આવ્યા પછી પણ માની સર્વ અવસ્થાઓ વિચિત્ર ધારાઓમાં ચાલી હતી. શાહબાગમાં રહેતી વખતે એક એવી અવસ્થા આવી હતી, કે જેમાં ભગવાન અથવા પૂજા, અર્ચના વગેરે કંઈ રહેતું નહિ. બધું જાણે મિથ્યા થઈ ગયું છે. ઉન્માદના જેવી અવસ્થા થઇ હતી. એક દિવસ રસોઈ બનાવતાં બનાવતાં ત્યાં જ સૂઈ ગયાં. અહા ! કેવો એક ભયંકર ભાવ આવી ગયો ! આ નિરાલંબ ભાવ હતો. જગત જાણે કંઈ જ નથી, સર્વ મિથ્યા છે એવો ભાવ હતો; પણ મા આ ભાવ વિષે કોઈને કહેતાં ન હતાં. પાછળથી માને સ્પષ્ટ થયેલું કે આ અવસ્થામાં સાધક પાગલ થઇ શકે.

એક એવી અવસ્થા આવેલી કે જેમાં મા બેસી રહેતાં. એક વિચિત્ર શૂન્ય જ્ઞાનનો આવિર્ભાવ થયો હતો. આ સમયે સંપૂર્ણ શૂન્ય જ્ઞાન પ્રાપ્ત થયું હતું. કોઈ પણ વસ્તુનું અસ્તિત્વ નથી, એવો ભાવ આવ્યો. જે કંઈ પ્રતીત થાય છે તે બધું મટી ગયું. બૌધ્ધ શૂન્યવાદનો જે સિધ્ધ ત છે તે માના જીવનમાં પ્રત્યક્ષ થઈ ગયો. મા તે વખતે પત્થરની મૂર્તિની માફક બેસી રહેતાં હતાં. એ એક બુદ્ધ પ્રતિમાની માફક દેખાતાં હતાં.

માની પાસે એકએ ભક્તો આવવા માંડ્યા. તેઓ માની અવસ્થા જોઈને અવાક થઇ જતા હતા. મા સદાસર્વદા ભાવથી તરંગિત રહેતાં હતાં. કોઇ વખત સમાધિસ્થ થઈ જતાં. આ ભાવમાં બહુ સમય પસાર થઈ જતો. કેટલાક સમય સુધી જગતની તરફથી અલગ થઈ જઈને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચુપચાપ રહેવાથી શરીર આ રીતનું નિષ્ક્રિય થઈ જતું કે સંસારનો વ્યવહાર ચાલતો નહિ. વાણી અટકી જતી હતી.

કોઈ વખત મા ચુપચાપ પડી રહેતાં હતાં. મોં ઉપર કીડીઓ ચઢી જતી હતી. મોંની લાળ સાથે મધ નીકળતું હતું. કોઈ વખત શરીરનાંથી સુગંધ આવતી હતી. એમ જોવામાં આવ્યું છે, કે તે સમયની અવસ્થામાં માનો દૈન્યભાવ મૂર્તિમાન થઈ ઊઠતો હતો. મા કોઈને પોતાનો અજીઠો પ્રસાદ આપતાં ન હતાં. પગને સ્પર્શ કરીને પ્રણામ કરવા દેતાં ન હતાં. અનુગત રૂપે ભોળાનાથજીની આજ્ઞા પ્રમાણે ચાલતાં હતાં. ભોળાનાથજીનું ભોજન થઈ રહ્યા પછી તેમની થાળીમાં ભોજન કરતાં હતાં.

સંકીર્તનના સમયે માને જે ભાવાવેશ થયો હતો તે આશ્ચર્યજનક છે. સંકીર્તન સાંભળવાથી માને ભાવાવેશ બહુ પહેલેથી થતો હતો. અષ્ટગ્રામમાં રહેતી વખતે પહેલવહેલો અવિર્ભાવ દેખવામાં આવ્યો હતો. પાછળથી ઢાકામાં વિશેષ રૂપે તે લીલા જોવા મળી. નવા નવા ભાવ, સૌંદર્ય અને રસમાં મા વિકસિત થવા લાગ્યાં. બધાંની સામે માનો ભાવાવેશ થતો હતો. ભક્તજન મુગ્ધ થઈને માના તે અપૂર્વ રૂપ, તરંગિત ભાવ અને અદ્‌ભુત નૃત્યને દેખતાં હતાં. માના ભાવાવેશની વાતો ઉપર કલમની દ્વારા પ્રકાશ પાડવો મુશ્કેલ છે. તે સમયે કેટલીયે જાતની ક્રિયાઓ માના શરીરને અવલંબન કરીને આવિર્ભૂત થતી હતી. તે બધી અદ્‌ભુતથી અદ્‌ભુત ક્રિયાઓ હતી. કીર્તન શરૂ થતાં જ માના શરીરમાં અદ્‌ભુત ઢંગની કેટલીયે લહરો ચાલતી હતી. માનો દેહ જાણે કે દિવ્ય ક્રીડાથી સંચાલિત ન થતો હોય! આંખ અને મુખ ઉપર દિવ્ય જગતના બધા ભાવો આપોઆપ પ્રકાશ થતા હતા. તે મુખની શોભા સાથે જ્યોતિની પણ તુલના થઈ શકે તેમ નથી. કોઈ વખત ઊભાં હોય તો ત્યાંથી એકદમ જમીન ઉપર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પડી જતાં હતાં, પરંતુ વાયુની ઊર્ધ્વ ગતિ દેહને ઉપરની તરફ ખેંચી રાખતી હતી. આ કારણથી તેમને તે અવસ્થામાં ચોટ લાગતી ન હતી. કોઈ વખત સૂતેલી અવસ્થામાંથી બેઠા વિના ઊભાં થઈ જતાં હતાં.

ભાવાવેશમાં કોઈ વખત આંખોમાંથી આંસુઓની ઝડી પડતી હતી. આંસુઓની ધારાથી આંખોમાં ધા પડવા જેવું થઈ જતું હતું. કોઈ વખત આખું શરીર રોમાંચથી ભરપૂર થઈ જતું. કોઈ વખત ભીષણ ઠંડીમાં મા પરસેવાથી તરબોળ થઈ જતાં. કોઈ વખત થરથર કાંપતાં હતાં. કોઈ વખત શરીર સૂકા સાંઠાની માફક નિઃસાર થઈ જતાં હતાં. શ્રીમદ્ ચૈતન્ય મહાપ્રભુના જીવનમાં જે બધી અદ્‌ભુત ભાવાવેશની વાતો મળે છે, તે બધી અવસ્થાઓ માના શરીરમાં પ્રત્યક્ષ થઈ હતી.

મા કોઈકિ વખત મહાભાવની એક અવસ્થામાં પડી રહેતાં હતાં. ખૂબ બોલાવવાથી, ખેંચતાણ કરવાથી પણ માને જગાડી શકાતાં નહિ. ક્રમે બહારનો થોડોક ખ્યાલ આવતો. અર્ધ બાહ્યાવસ્થામાં માના દિવ્ય હાસ્યમાંથી જે અમૃતની ઝડી વરસતી હતી, તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. કોઈ વખત થોડી બાહ્ય સ્ફૂર્તિ આવતી, પરંતુ પાછાં ગંભીર ભાવમાં શિથિલ થઈ જતાં હતાં.

માનો મધુરથી પણ મધુર વિગલિત ભાવ પ્રકટ થતો હતો. કીર્તનમાં ઘણીવાર નૃત્ય વખતે માની મૂર્તિ શાન્ત જણાતી નહિ, ભ્રકુટિકુટિલ મૂર્તિ જાણે રણભૂમિમાં મસ્ત ન થઈ હોય તેમ લાગતું.

ભાવાવેશ પછી માના મોંમાંથી મંત્રો નીકળતા હતા. તે અપૂર્વ ઉચ્ચારણ અને અદ્‌ભુત ઢંગથી, ભેગા થયેલા ભક્તોના મનમાં એક દિવ્ય આનંદની લહર લાવતા હતા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ક્રમશ, એવી અવસ્થા આવી કે માનું પોતાના હાથથી ખાવાનું બંધ થઈ ગયું. એક વ્યક્તિ ખવરાવતી. મા જ્યાં સુધી કર્મજગતમાં રહેતાં હતાં ત્યાં સુધી સર્વદા ભાવની એક ને એક લહરમાં ડુબ્યાં રહેતાં હતાં. વાતચીત અધિક કરતાં ન હતાં. કોઈ કોઇ વખત ભક્તોનાં વાતચીત ઉપર, તેઓના અત્યધિક આગ્રહથી માનાં ભાવો બદલાઈ જતા હતા. તે વખતે યોગ્ય રીતે વાતો કરતાં હતાં. બધાંના ચૂપ થઈ ગયા પછી વળી પાછાં મા મૌની થઈ જતાં હતાં. કોઈ વખત ખાવા માટે પીરસેલી થાળીમાં પડી જતાં. એવું પણ બનતું, કે મા જાજરૂમાં જઈને શૌચ કરવા બેહાં પછી ભાન ભૂલી જઈ, સ્થિરતાથી બેસી રહેતાં હતાં. કોઈ જઈને ઉઠાડવાનો ખ્યાલ કરાવી દે ત્યારે ઊઠતાં. સર્વદા જ આમ અસ્વાભાવિકતા રહેતી હતી.

એક વખતે સિદ્ધેશ્વરીમાં શ્રી વાસંતીની પૂજા કરવામાં આવી હતી. શ્રી સપ્તમીની સંધ્યાના દિવસે ખૂબ આંધી અને વૃષ્ટિ શરૂ થઈ. મા કીર્તનમાં મસ્ત થઈ ગયાં હતાં. આવા ભયંકર વરસાદ અને તોફાનમાં મા બહાર નીકળી પડ્યાં. તે સમયે લાવણ્ય નામની એક છોકરી માના શરીરને બાઝી પડી. માને પકડતાંની સાથે જ છોકરી ભાવાવેશમાં પડી ગઈ અને 'હરિબોલ' 'હરિબોલ' કહેતી કાદવમાં આળોટવા લાગી. તેની મા અને બાપના વ્યગ્ર થવાથી માએ કંઈક કરી દીધું કે જેથી લાવણ્ય ધીરે ધીરે સ્વસ્થ થઈ ગઈ. ત્રણ દિવસ સુધી તેનો આવો વિહ્વળ ભાવ રહ્યો હતો.

મહાષ્ટમીના દિવસે પૂજા સમાપ્ત થતાં ભોગ લાવવામાં કંઈ વિલંબ થયો. મા ખૂબ રડવા લાગ્યાં. કોઈ વખત વ્યાકુળ થઈને રડતાં હતાં અથવા કોઈ વખત વળી અટ્ટહાસ્ય કરતાં હતાં. આવો વિચિત્ર ભાવ થતો હતો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાધારણ રીતે માનો આહાર નામમાત્રનો હતો. પરંતુ કોઈ વખત ન માલૂમ કેવો ભાવ ઉદિત થઈ જતો હતો, કે તેમના આહારને જોઈને આશ્ચર્યની સીમા રહેતી નહિ. એક સ્ત્રીએ માને ખાતાં નહિ જોઈને આગ્રહપૂર્વક માને ખીરનો ભોગ આપ્યો. મા ખાવા લાગ્યાં. જે જે આપવામાં આવ્યું તે તે ખાતાં જ ગયાં. અટકતાં નથી. ખાતી વખતે મંગાવેલી ખાવાની વસ્તુ લાવતાં વાર થતી તો રડી ઊઠતાં. ફરીથી પ્રબંધ કરવામાં આવ્યો. ભાત પૂરેપૂરો ચઢ્યો ન હતો, તોપણ ખાઈ ગયાં. બંગાળી અઢાર શેરની ખીર ખાઈ ગયાં. તે સ્ત્રી (ખવરાવનાર)ને ખૂબ ભય લાગ્યો, કે હવે શું કરવું ? મા તો બધું જ ખાયે જાય છે. તેવામાં તેને, સીતાદેવીએ હનુમાનને ભોજન કરાવતાં કરાવતાં કેવી રીતે તૃપ્ત કર્યા હતા, તે વાતનું સ્મરણ થયું. તેણે માના માથા ઉપર એક મંત્ર ભણીને થોડી ખીર છાંટી. માની અંદરની અગ્નિજ્વાળાની માફક એક તેજદ્વારા નીકળી અને ખીરને ગ્રહણ કરી લીધી. પાછળથી માના કપડામાં તે જગ્યા ઉપર બળ્યાના રંગની માફક દેખાયું. માનું આવું આશ્ચર્યકારક ભોજન ફરીથી પણ એક વાર થયું હતું.

તે સમયે માની એક પછી એક સાધનાની અવસ્થાઓ આવતી જતી હતી. તેથી નિત્ય નૂતન ભાવ જાગી ઊઠતો હતો. નિત્ય નવો ખેલ થતો હતો. એક દિવસ ભાવાવેશમાં મા બધાના પગની ચરણરજ લેવા અસ્થિર થઈ ગયાં. કોઈ પણ પોતાની ચરણરજ આપવા રાજી નથી થતું, તેથી મા રડવા લાગ્યાં. ભોળાનાથજી માને સમજાવવા લાગ્યા. તેમણે કહ્યું, "તું તારી જાતે જ તારા પગની ચરણરજ લે." માએ તે પ્રમાણે કર્યું અને શાંત થયા. એક વાર પૂજા વખતે કોઈ જાણે નહિ તેમ મા પાણીમાં જઈને કૂદી પડ્યાં. કોઈ પણ રીતે બહાર આવતા ઇચ્છતાં ન હતાં. અંતે બળજબરીથી બહાર લાવવામાં આવ્યાં હતાં. ધીરે ધીરે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માની એવી અવસ્થા આવી કે સંસારના કામકાજ આપોઆપ છૂટવા માંડ્યાં. કામ કરવા જતાં હાથ વાંકાચૂકા થઈ જતા હતા.

માનાં બધા ભાવો અને બધી અવસ્થાઓનો ઉલ્લેખ કરવો કઠિન જ છે, એટલું જ નહિ પણ અસંભવ પણ છે. કેટલાયે પ્રકારના તે ભાવો થતા હતા તેનો હિસાબ નથી. મા કોઈ વખત રડતાં રડતાં સમાધિસ્થ થઈ જતાં હતાં. એક અવસ્થા આવી ત્યારે મા નિસરણી ઉપર ચઢી રહ્યાં હતાં. તે વખતે માને માલૂમ પડતું હતું, કે શરીર આકાશમાં મળી ગયું છે અને દરેક પગથિયા ઉપર ચઢી શકાતું ન હતું પરંતુ ચકનાં ચકનાં સમાધિસ્થ થઈ જતાં હતાં. એક વખતે નાવમાં બેઠા પછી જલ જોઈને સ્વયં જલ થવા માગતાં હતાં. કોઈ વખત એવું થયું હતું કે જલના તરંગની સાથે માનું શરીર પણ તરંગ બેલતું હતું. મા જલમાં પડવા માગતાં હતાં. માને પકડીને સંભાળવાનું બહુ કઠણ થઈ પડતું હતું. એક વખતે જગન્નાથપુરીના સમુદ્રમાં ઊતરીને સમાધિસ્થ થઈ ગયાં.

પરંતુ માની અવસ્થાનો પ્રાદુર્ભાવ ક્રમશઃ શાન્ત થવા લાગ્યો. માના સ્થિર ઉજ્જ્વળ મહિમાની વચમાં પણ, અમ્લાન સૌંદર્યની વચમાં પણ એક સ્વાભાવિક ભાવ વિકસિત થઈ ઊઠ્યો.

માનું બધું અદ્‌ભુત છે. અસંખ્ય અવસ્થાઓ અને ભાવોનો આવિર્ભાવ માના શરીરમાં થયો હતો.[૧]

---

૧. માના દેહનું અવલંબન કરીને જેટલી વિચિત્ર અવસ્થાઓ અને ભાવોનો આવિર્ભાવ થયો હતો તેનું વિવરણ જે કંઈ મળ્યું છે તે કેટલું સ્વલ્પ છે? અમને મા તરફથી જાણવા મળ્યું છે કે તે કંઈ પણ નથી. એક વાત એ છે, કે અંતરરાજ્યના સૂક્ષ્માતિસૂક્ષ્મ વ્યાપારોને આપણે આપણી બુદ્ધિથી ગ્રહણ કરી શકતા નથી; અને આપણે માટે તે શક્ય પણ નથી. તેથી જ આ બધી ઘટનાઓને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બધી જાતના ભાવ અને બધી જાતની અવસ્થાઓ માના શરીરમાં આવી અને થોડો વખત રહીને ચાલી ગઈ. ઘણું કરીને જે અવસ્થામાં સાધકનો બહુ સમય પસાર થાય છે, મામાં તે અવસ્થા બહુ થોડા વખત માટે રહી હતી. માએ કહ્યું હતું કે, "**સાધનાની જેટલી જાતની અવસ્થાઓ થઈ શકે તે બધીનો આ શરીરમાં પ્રાદુર્ભાવ થયો છે.**"

માના જીવનમાં બીજી એક અદ્‌ભુત વાત મળે છે. પૂર્વાવસ્થામાં સાધનાઓનો જે એક ક્રમ એક વાર દેખાયો તે ફરીથી દેખાતો નહિ. ઢાકામાં માની પાસે પૂર્ણત્વનો પ્રકાશ થયો હતો.[૧] ત્યારબાદ નાના પ્રકારની અવસ્થાઓનો આવિર્ભાવ દેખાયો છે. માના શ્રીમુખથી અમે સાંભળ્યું છે કે તે સમયે વિવિધ પ્રકારની સાધનાની અવસ્થાઓમાં મા સ્વાધીન અને સ્વાભાવિક ભાવમાં વિચાર કરતાં હતાં. કઈ કઈ અવસ્થાનો કેવો પ્રકાર હોય છે, તે પ્રદર્શિત થતું હતું.

પરંતુ એક વૃત્તાન્ત જે અદ્‌ભુત અને ધ્યાન દેવાને યોગ્ય છે, તે એ

ભાષામાં વ્યક્ત કરવું સર્વથા અસંભવ છે. તે બધી બોધની વસ્તુઓ છે. આ સિવાય અનુભૂતિરાજ્યની વસ્તુઓના વૃત્તાન્તને કહેવાનો જો માને ખ્યાલ આવે તો જ આપણે જાણી શકાએ તેમ છીએ. કોઈ કોઈ વખત થોડો ઘણો જે કંઈ અંશ માના મુખેથી જાણવા મળે છે, તે જ મેળવી શકાએ છીએ. માના દેહને ઉપરથી કાર્ય અને વ્યવહારથી જે બધી વિચિત્રતાઓનો આવિર્ભાવ થયો હતો, તે બધાનું વિવરણે આપણે મેળવી શક્યા નથી. પાછળથી અનેક લોકો કંઈ કંઈ જોવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરીને ધન્ય થયા છે; પરંતુ પહેલાં એવો અવસર લોકોને મળ્યો ન હતો. લોકોની દૃષ્ટિથી અગોચર એવા માના ખેલો બહુ થયા હતા.

૧ ઢાકામાં ઠીક કયા સમયે તેનો સાક્ષાત્કાર થયો, તે માએ હજુ સુધી પ્રકટ કર્યું નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે, કે આ બધી તથા પહેલાંની જે જે સાધનાઓનો એક ક્રમ પ્રદર્શિત થયો તે બધું માની કેવળ લીલામાત્ર અથવા ખેલ છે. સાધનાની બધી વાતો આદિથી અંત સુધી માની પાસે ક્રીડામાત્ર છે, સ્વભાવથી આપ મેળે જ થયે જાય છે.

માએ કહ્યું હતું કે, "આ શરીર વાસ્તવમાં બાલ્યાવસ્થામાં જેવું હતું, આજ પણ તેવું જ છે. વચમાં સાધનાની અવસ્થાઓ થવાની હતી ને એટલે જ તદનુરૂપ સાધકના વિવિધ ભાવો પણ પ્રકટ થયા હતા."

મા સ્વયં જે વસ્તુ છે, તે રહીને જ તેણે બધી પ્રકારના ખેલો કર્યા છે. આ વિષયમાં માએ કહ્યું હતું કે,

"વિસ્મૃતિ તો હતી જ નહિ."

"પૂર્ણત્વ, અખંડત્વ જેને કહેવામાં આવે છે તે અક્ષુણ્ણ રહેતાં છતાં, આ સાધનાનાં ખેલો થયા હતા અને થઈ રહ્યા છે."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ત્રીજો

ગૃહસ્થ જીવન

કર્મનો એક ચમત્કારી આદર્શ માના જીવનમાં જોવામાં આવે છે. માનું સર્વ કંઈ સ્વાભાવિક છે. તેણે પણ અતિ સ્વાભાવિક રૂપથી માનવજીવનમાં પ્રકાશ પાડ્યો છે. મા બચપણથી જ સ્વાર્થશૂન્ય, છલકપટ-રહિત, નિર્લોભ, નિરભિમાન—એક શબ્દમાં કહું તો સર્વ સદ્‌ગુણોનાં આધાર હતાં. આ કારણથી તેમનાં કર્મો સુખભોગવાસનાની દ્વારા પ્રેરિત થતાં ન હતાં, જેમકે સાધારણતઃ થાય છે.

માની વ્યાવહારિક દિશામાં આપણે દેખીએ છીએ, કે બાલ્યાવસ્થામાં માનાં માતાપિતા ગુરુ હતાં. વિવાહિત જીવનમાં પતિ તેમના ગુરુ રહ્યા હતા. બચપણમાં માતાપિતાની આજ્ઞાનું પાલન અને ગૃહસ્થ જીવનમાં પતિની આજ્ઞાના પાલને માના જીવનને એક અપૂર્વ આદર્શ જીવન બનાવી દીધું છે.

મા જ્યારે આજ્ઞાપાલન કરતાં હતાં ત્યારે પોતાનો કોઈ પણ જાતનો વિચાર કરતાં ન હતાં. આ જ આજ્ઞાપાલનનો સાચો આદર્શ છે. સર્વથા નિસ્વાર્થ અને વાસનાશૂન્ય થયા વિના તે નથી થઈ શકતું.

માની જનની માને અનેક સદુપદેશ દેતાં હતાં. તે સદુપદેશોનું મા અક્ષરશઃ પાલન કરતાં હતાં. મા જ્યારે બહુ નાનાં હતાં ત્યારે એક વખતે એક આદમીએ માની ઉપર પાણી ફેંક્યું. માએ પણ લોટાથી પાણી ભરીને તેના શરીર ઉપર સામે છાંટ્યું. આથી તેમનાં મા મેં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બગાડીને બોલ્યાં, "પુરૂષના શરીર ઉપર પાણી છાંટે છે!" બસ, આટલું કહેવું પૂરતું હતું. વિવાહિત જીવનમાં કેવળ ભોળાનાથજીની આજ્ઞાથી તેમની હાજરીમાં એ વાર માએ હાંસીઠઠ્ઠા કર્યા હતા. તેના સિવાય કોઈ દિવસ પુરૂષોની સાથે હાંસીઠઠ્ઠા જ્યાં સુધી સંસારવ્યવહારમાં હતાં ત્યાં સુધી કર્યા નથી.

માની માતાએ માને કહ્યું હતું, "કોઈની પાસે કંઈ માગવું નહિ." એક સમયે કોઈ એક સગાને ત્યાં શનિપૂજનો પ્રસાદ વહેંચાતો હતો. માને પ્રસાદ નહિ મળ્યો. જે ભાઈ પ્રસાદ વહેંચતો હતો, તે માને આપવાનું ભૂલી ગયો હતો. માએ પણ પ્રસાદ માગ્યો નહિ. આ વૃત્તાન્ત માનાં પિતામહી સાંભળીને દુઃખી થયાં હતાં.

ગૃહસ્થ જીવનમાં માના ચરિત્રમાં અદ્‌ભુત પતિપરાયણતા હતી. લગ્નના સમયે માના જનનીએ કહ્યું હતું કે, "હવેથી સ્વામીની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરવું જોઈએ." આથી માએ પોતાની જાતને આજ્ઞાપાલનમાં સોંપી દીધી. માની તે આજ્ઞાનુવર્તિતાની ઉપમા નથી.

ભોળાનાથજીએ અન્ય કોઈ પુરૂષના મોં તરફ તાકીને જોઈ રહેવાની મનાઈ કરી હતી. માનો ભાવ તે વખતે હા કે ના કર્યા સિવાય આજ્ઞાપાલન કરવાનો હતો. એક દિવસ એવું બન્યું, કે માના પિતરાઈ ભાઈ કેડેરામાં રંગ લગાવી રહ્યા હતા. હાથમાં બ્રશ હતું. તેમણે માને કહ્યું, "નિર્મળા, મને એક પાન આપ." મા પાન લઈને ગયાં. માના ભાઈએ મોં ઉઘાડ્યું. મા મુખમાં પાન મૂકવા જતાં હતાં, એવામાં પતિની આજ્ઞાનું સ્મરણ થતાં શરીર ધ્રૂજી ઊઠ્યું. મોં તરફ દેખાયા વિના મુખમાં પાન કેવી રીતે મૂકે? મા બહુ વિમાસણમાં પડી ગયાં. ભોળાનાથજીની આજ્ઞાનો અક્ષરશઃ અમલ તો કરવો જોઈએ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માએ વિચાર કર્યો કે મુખની અંદરના તાળવા તરફ જોઈને પાન આપવું સારું છે. કોઈ પ્રકારે માએ પાન આપી દીધું, પણ આટલાથી જ પત્યું નહિ. આ ઘટનાના સમાચાર માએ ભોળાનાથજીને. પણ કહ્યાં હતાં. ભોળાનાથજી માનો અત્યધિક વિશ્વાસ કરતા હતા.

બહુ સમય વીત્યા બાદ માની આવી રીતની આજ્ઞાનુવર્તિતા જોઈને કુશારીજીએ એક દિવસે માને પૂછ્યું, "શું આપ પતિની આજ્ઞાથી કોઈનું ખૂન કરી શકો ખરા?" માએ કહ્યું, "હા, ભોળાનાથજીની આજ્ઞાથી હું ખૂન કરવા તત્પર થઈ શકું; પરંતુ જો તે વખતે શરીર કુણ્ઠિત થઈને બીજી તરેહનું થઈ જાય તો તે અવસ્થાની વાત અલગ છે."

વ્યાવહારિક હિસાબે લગ્ન પછી ૨૭–૨૮ વર્ષની અવસ્થા સુધીનો સમય માના ગૃહસ્થાશ્રમ જીવનનો કહી શકાય. તે થોડાંક વર્ષોમાં માએ જે પ્રકારની સેવાનો આદર્શ દેખાડ્યો છે, તે અતુલનીય છે. માએ સ્વયં આચરણની દ્વારા દેખાડ્યું છે, કે કર્મયોગ શું છે? સાધારણ ગૃહસ્થનો સંસાર પણ માનું કાર્યક્ષેત્ર હતું. પરંતુ માનો કર્મયોગ નિર્દોષ અને સુંદર હતો. યોગ અંદરનો વ્યાપાર છે. તે જે કોઈ પરિસ્થિતિમાં થઈ શકે છે, એમ માએ સ્પષ્ટ રૂપે બતાવી દીધું છે. સ્વપ્રશંસા, ગૌરવ અથવા કોઈ પ્રકારના સુખભાવનો પ્રશ્ન માના હૃદયમાં કોઈ વખત ઊઠ્યો નથી.

લગ્ન પછી ચાર વર્ષ સુધી માને જોહને ઘેર રહેવું પડ્યું હતું, કારણ કે તે વખતે ભોળાનાથજીને નોકરી ન હતી. મા જોહના ઘરમાં આળસરહિત થઈને કામ કરતાં હતાં, કારણ કે ભોળાનાથજીનો એવો આદેશ હતો. મા પાસે આદેશપાલન જ સર્વોપરી હતું. તેના પછી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સર્વ થતું. પોતાના શરીર પ્રત્યે મા બહુ જ ઓછું ધ્યાન આપતાં હતાં, કારણ કે માનો સ્વભાવ એ પ્રકારનો હતો.

ત્યારબાદ માને પતિસેવાનો અવસર આવ્યો. ભોળાનાથજીની સાથે રહેતી વખતે અધિકાંશ સમયમાં માની સાધનાનો પ્રકાશ સાથે સાથે ચાલતો હતો. એક તરફ માનો આધ્યાત્મિક વિકાસ ચાલતો હતો અને બીજી તરફ પૂર્ણ પવિત્રતા સાથે ગૃહકાર્ય નિર્દોષ ભાવથી ચાલતું હતું. ઇતિહાસમાં આ પવિત્રતાની અને કર્મની કોઈ તુલના નથી.

ભોળાનાથજીને, મા સત્યવક્તા છે, એવો સંપૂર્ણ વિશ્વાસ હતો. સાચું બોલવું અને સાચો વ્યવહાર ચલાવવો એ માનો સ્વાભાવિક ગુણ હતો. એક દિવસ માએ જૂઠી વાત કયા સંજોગોમાં કહી હતી, તે વર્ણવું છું.

અષ્ટગ્રામમાં એક દિવસે ભોળાનાથજી ભોજન કરવા બેઠા હતા. મા પીરસતાં હતાં. મા ત્યારે સવારસાંજ બે વખત રસોઈ બનાવતાં હતાં. માએ જોયું કે ભોળાનાથજીને દાળની જરૂર છે. માએ પોતાનાં માટે જે દાળ રાખી હતી તે ભોળાનાથજીની થાળીમાં ઢાલવી દીધી. ભોળાનાથજીએ પૂછ્યું, "તારે માટે દાળ છે ને?" માને લાગ્યું, કે જો આ વખતે દાળ બહુ નથી એમ હું કહીશ તો ભોળાનાથજી દાળ લેશે નહિ; એટલે માએ કહ્યું, "છે." વાસણના તળિયે જે થોડીક દાળ ચોંટેલી હતી, તે હતી. ભોજન કરી ભોળાનાથજી તંબાકુ પીવા લાગ્યા. મા એમની પાસે ગયાં અને કહ્યું, "મેં તમને એક જૂઠી વાત કહી નાખી છે. મારા માટે જેટલી દાળ જોઈએ તેટલી ન હતી, માત્ર નામની જ થોડી હતી."

ભોળાનાથજી માની વાત સાંભળીને ક્રોધથી લાલપીળા થઈ ગયા. માને ખૂબ ગાળો પણ ચોપડાવી. માએ તેમના પગ પકડીને કહ્યું,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"હવેથી ફરીથી આમ નહિ કરું. કોઈ દિવસ જૂઠું નહિ બોલું." કેવો અદ્‌ભુત આદર્શ!

આ સાધનાના વિવિધ અને વિચિત્ર અનુભવો આવવાથી કામકાજ છોડી દઈ ને બેસી જતાં હતાં, તેમ નથી. કર્મ એ સાધનથી અતિરિક્ત છે, એમ તેમને કોઈ વખત થતું ન હતું. "હું કામ નહિ કરું" એ ભાવ પણ ન હતો. જેટલું કરી શકાય તેટલું કર્યે જતાં હતાં. ખૂબ કામ કરી શકતાં હતાં, કારણ આ આરામ ચાહતાં ન હતાં. માનું મુખ કદી ભારે થયું હોય તેવું દેખાયું નથી. આંતરિક પ્રસન્નતાનો પ્રકાશ મોં ઉપર સદાયે રહેતો હતો. આથી જ શારદાની માએ માનું નામ "ખુશીર મા" (આનંદમાં રહેવાવાળી મા) રાખ્યું હતું.

મામાં કામ કરવાની કોઈ પ્રકારની અપટુતા ન હતી. બાલ્યાવસ્થાથી જ મા રસોઈ બનાવવામાં ખૂબ હોશિયાર હતાં. સુંદર રસોઇ બનાવી શકતાં હતાં. માની બનાવેલી રસોઈમાં જાણે કે કોઈ મંત્ર કે શક્તિથી અપૂર્વ સ્વાદ રહેતો હતો. પાછળથી જ્યારે ભક્તજન માની પાસે આવતા ત્યારે પણ મા રસોઈ બનાવી તેઓને ખવરાવતાં હતાં.

કેવળ રસોઈ બનાવવી અથવા ઘરનું કામકાજ આવડતું હતું તેમ નથી. તદુપરાંત મા શીવવાનું, ઊન વણવાનું, સૂતર કાંતવાનું, સૂતરમાંથી કપડું બનાવવાનું—એ સર્વ કામો જાણતાં હતાં. યજ્ઞોપવીત એટલું ઝીણું સૂતરથી બનાવી શકતાં હતાં કે એક ઇલાયચીના છોતરામાં આખી (નવતારની) જનોઈ રહી શકતી હતી.

માના હાથના સ્પર્શથી નિવાસસ્થાન શુદ્ધ અને સાફસૂફ રહેતું હતું. એવી જ રીતે માની સ્વાભાવિક પવિત્રતા પ્રત્યેક કાર્યમાં વિકસતી હતી. બાજીતપુરમાં વાસણ માંજવા માટે એક મજૂરણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રાખવામાં આવી હતી. વાસણ માંજવા છતાં બૂબ સાફ થતાં ન હતાં. તે મજૂરણને મા કંઈ જ કહેતાં ન હતાં; ફરીથી પોતાની મેળે વાસણ માંજી નાખતાં હતાં. જ્યારે આ વાતની ખબર મજૂરણને પડી ત્યારે તે વધારે કાળજીપૂર્વક વાસણ માંજવા લાગી. . . .

કોઈ કોઈ વખત રોગીઓની સેવા માટે માને લઈ જવામાં આવતાં. માના હાથની સેવા કે શુશ્રૂષા પામીને રોગી કોઈ બીજાની સેવા કે શુશ્રૂષા ચાહતાં ન હતાં.

માના કાર્યમાં એક ખાસ વિશેષતા એ હતી, કે માના કાર્યમાં અપૂર્વ કૌશલ દેખાતું હતું. માંમાં અસાધારણ બુદ્ધિ દેખાતી હતી. દેખાયું છે કે મા બહુ જ થોડા વખતમાં વધારે માણસોની રસોઈ તૈયાર કરી દેતાં હતાં.

મા વિવિધ ભાવોથી વિવિધ પ્રકારની ક્રીડાઓ કરે છે. એવો એક સમય આવ્યો કે જ્યારે મા લોકોત્તર ભાવથી પ્રતિમારૂપ થઈ ગયાં. સાંસારિક કામ થઈ શકતું નહિ. યોગ્ય સમયે સાંસારિક કામ આપોઆપ છૂટી ગયું. માને કામ છોડવું પડ્યું ન હતું. પરંતુ ભોળાનાથજીના સ્વામીત્વાભિમાન અને ક્રોધી સ્વભાવના સંસર્ગથી માના અત્યંત મધુર ચરિત્રના એક કરૂણ વિકાસે ભક્તજનોને મુગ્ધ કરી દીધા.

તે સમયે માને એવો ભાવ આવ્યો હતો કે જાણે જગતની સાથે તેમનો કોઈ વિશેષ સંબંધ નથી. નિરંતર પોતાના ભાવમાં રહેતાં હતાં.

"આંખિ ઢુલુ ઢલુ રજની દિને" અર્થાત્ આંખો રાતદિન (ભાવાવેશના આધિક્યથી) અર્ધખૂલ્યા જેવી રહેતી. કોઈ વખત કેટલાયે કલાકો સુધી મા મહાભાવના નશામાં પડી રહેતાં હતાં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શાહબાગમાં તે વખતે કોઈ કોઈએ મા પાસે આવવાનું શરૂ કરી દીધું હતું. કોઈ માના દર્શન કરવા આવતું, તો ભોળાનાથજીની આજ્ઞા વિના મા કોઈની સાથે વાતચીત કરતાં ન હતાં. ત્યારબાદ એવી અવસ્થા આવી કે મામાં ગૃહકાર્ય કરવાની શક્તિ જતી રહી. તેઓ પોતાના ભાવમાં જ મગ્ન રહેવા લાગ્યાં. એક વખતે ભોળાનાથજીએ આદેશ કર્યો કે મારા માટે રસોઈ બનાવવી જ પડશે. મા રસોઈ કરવા ગયાં. તે વખતે નશાની માફક તેમનામાં શિથિલ ભાવ હતો, તોપણ રસોઈ બનાવવા લાગ્યાં. માનાં મા રસોઈમાં સહાયતા કરતાં હતાં. 'ખુકની'[૧] આદિને સહાય કરવા અધિકાર ન હતો, કારણ ભોળાનાથજીનો એવો આદેશ હતો.

ત્યારબાદ ધીરે ધીરે માના જીવને અન્ય રૂપ ગ્રહણ કર્યું. બહુત્વનો ઘેરો પહેલેથી જ તૂટી ગયો હતો. વ્યવહારમાં જે કંઈ થોડું ખેંચી ખેંચીને રાખવામાં આવ્યું હતું, તે પણ પૂરું થઈ ગયું. મા ભક્તજનોની વચમાં સાર્વજનીન જનની રૂપમાં દેખાવા લાગ્યાં.

★

૧. 'ખુકની'નું હાલનું નામ ગુરુપ્રિયાદેવી છે. માની સેવા કરવાનું સૌભાગ્ય છેલ્લાં અઢાર વર્ષથી પ્રાપ્ત થયું છે. ગુરુપ્રિયાદેવી માતાજી પાસે ઈ. સ. ૧૯૨૫ થી રહે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય ચોથો

શુદ્ધ અને નિર્લિપ્ત ભાવ

માની વાતચીત બહુ વિચિત્ર છે. આપણે લોકો જગતની મલિનતા લઈ ને પડ્યા છીએ. જે સદા શુદ્ધ અને નિત્ય પવિત્ર છે, તેની નિર્મળતા અને વિશુદ્ધ પવિત્રતાને આપણે કેવી રીતે હૃદયમાં સમજી શકીએ ? મા નિર્મળ છે, કોઈ પ્રકારની મલિનતા કે કલુષતા તેમનામાં નથી.

દેહના પ્રત્યે આકર્ષણ તો જીવમાત્રમાં સ્વાભાવિક રૂપથી સ્થિત હોય છે. ભાવની અથવા મનની આ અધોગતિ પ્રત્યેક જીવમાં રહે છે. પ્રવૃત્તિનું આ ઉદ્દામ આકર્ષણ દરેક પ્રાણીને સંસારરૂપી આવર્તમાં ફેંકીને ચક્કરમાં નાખી દે છે. બ્રહ્માદિ જેવા પણ ચંચળ થઈ ગયા હતા પરંતુ મા આ આકર્ષણની સીમા બહાર છે. દેહજનિત આકર્ષણ તેમના દેહમાં કદી પ્રગટ થયું નથી.[૧]

માની સમોવડી મહિલાઓ પોતાની મંડળીમાં જ્યારે યૌવનસુલભ પ્રેમાલાપમાં પ્રવૃત્ત રહેતી હતી ત્યારે તેઓ જોતાં હતાં, કે આ સ્ત્રી (મા) અમારા જેવાં નથી. અમારી માફક જગતનો રસ લેવામાં એમને આનંદ નથી મળતો. તેઓ કહેતાં હતાં કે આ સ્ત્રી (મા) બાપા જેવી છે; જાણે કે કશામાં રસબસ નથી.

---

૧. વાસનાઓ ન હોવા છતાં પણ કામકલાતત્ત્વ આદિ સર્વ માંમાં પ્રકાશિત છે, તે કહેવું વ્યર્થ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માના લગ્નના બાદ ભોળાનાથજીને સાધારણ સંસારી પુરૂષની માફક ઘર ગૃહસ્થી કરવાનો અવસર મળ્યો નહિ. બહુ જ અદ્‌ભુત લીલા છે! એવી ઘટનાઓ બનતી હતી, કે ભોળાનાથજીને સંયમરક્ષા કરીને ચાલવું પડતું હતું. ત્યારબાદ જ્યારે માની સાધનાવસ્થાઓ પ્રકટ થવા લાગી ત્યારે બહુધા માનો અદ્‌ભુત વિચિત્ર પ્રભાવ અને શક્તિનો લોકોત્તર પ્રકાશ ભોળાનાથજીને સ્તબ્ધ કરી દેતો હતો. માનાં એવા પવિત્ર સાન્નિધ્ય અને દિવ્ય પ્રભાવને લઈને માની ઉપર ભોળાનાથજીનો એટલો અધિક પ્યાર હતો, કે જેથી સાધારણ જીવની માફક પ્રતિકૂળ આચરણ તેમની દ્વારા સ્વભાવતઃ થઈ શકયું નહિ.

ફરીથી કોઈ વખત ભોળાનાથજીમાં વૃત્તિનો ખેલ જોવામાં આવ્યો નથી, એમ નથી. એવી વૃત્તિ જ્યારે તેમનામાં આવતી ત્યારે કોઈ વખત મા સ્પર્શની દ્વારા ભોળાનાથજીની ગતિને ઊર્ધ્વમુખી કરીને સ્થિર કરી દેતાં હતાં. કોઈ વખત માનું શરીર એક વિચિત્ર ઢંગનું થઈ જતું હતું. ભોળાનાથજી સમજતા નહિ એટલે ભયભીત થઈ જતા.

મા એવાં સુંદર અને પવિત્ર હતાં, કે જેથી ભોળાનાથજી તેમને 'મા' કહીને પોકારી શકયા હતા. આથી જ તે પુકાર મધુર થયો હતો. મા સાચે મા જ હતાં. આથી જ ભોળાનાથજી પાછળથી સંતાન થઈ શકયા હતા.

મા પવિત્રતાસ્વરૂપિણી છે. સહજપવિત્રતા અને કલંકશૂન્ય શુદ્ધતાની ઉજ્જવળ જ્યોતિમાં પ્રકાશશીલા છે. આવી મૂર્તિ અને આવો નિર્દોષ, શુદ્ધ અને દિવ્ય ભાવ કયાંય છે ખરો?

સાધારણતઃ જગતની નૈતિક દૃષ્ટિએ જેને પવિત્રતા અને શુદ્ધ ભાવ કહેવામાં આવે છે, તે આધ્યાત્મિક દૃષ્ટિએ પવિત્રતાનો આદર્શ નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્યાં સુધી આ મનની ક્રિયા છે ત્યાં સુધી દુનિયાના પ્રત્યેક અંશમાં તેની બહિર્મુખ ગતિ પોતાનો માર્ગ લે છે. જો કે દુનિયામાં માના શરીરનો પ્રકાશ આપણે જોઈએ છીએ, જો કે આ આંખોથી દુનિયાના સ્વભાવિક આવરણની અંદર રહીને માને જોવાની ફરજ પડે છે, તથાપિ દેખવામાં આવે છે, કે માના વિચિત્ર લીલામય જીવનમાં પણ પ્રત્યેક પદ પર એક વ્યાપક નિર્લિપ્ત ભાવ, એક અદ્‌ભુત સ્વતંત્રતાએ પોતાનો પ્રકાશ કરી રાખ્યો છે. માના ચરિત્રની આ એક બહુ જ મોટી ખૂબી છે.

માના બચપણના જીવન તરફ દૃષ્ટિપાત કરતાં આપણે શું જોઈએ છીએ? કેટલા હાસ્યનાં ખેલો તથા પ્રીતિ મામાં જણાઈ આવતાં હતાં. અન્ય બાલિકાઓની માફક મા ચંચળ ન હતાં. કોઈ વખત મા શિશુ-સુલભ પ્રશ્ન કરતાં હતાં. સરળ શિશુના અપૂર્વ લાવણ્ય અને સૌંદર્ય સર્વને મુગ્ધ કરતાં હતાં. સર્વ માને ચાહતાં હતાં. મા બીજી બાલિકાઓ જેવાં ન હતાં. તે સમયે પણ "नाभिनन्दति न द्वेष्टि" ભગવદ્‌વાક્યને ચરિતાર્થ કરતાં હતાં.

સાધારણ વિષયમાં પણ માના સ્વભાવની વિશેષતા દેખાતી હતી. આપણે જોઈએ છીએ કે બાળકોને માતાના શરીરની સાથે લપેટાઈને સૂઈ રહેવામાં આનંદ આવે છે. મા તેમની મા પાસે સૂતાં હતાં ખરાં, પરંતુ લપેટાઈને સૂવાનું માના સ્વભાવમાં ન હતું. સ્પર્શજનિત આનંદનો ઉપભોગ તે કેવી રીતે કરી શકે? માના ભાઈઓ તથા બીજાં આત્મીય લોકો માને પ્યારથી તેડીને ગોદમાં તથા ખભે બેસાડતા, પરંતુ મા સ્વતઃ તેમની સાથે ગાઢ સંબંધ કરવા જતાં નહિ.

મા કેવા વિચિત્ર ઢંગનાં છે! બીજાનાં જેવાં નથી તે વાતની જાણ ત્યારે જ થઈ, કે જ્યારે મા સમજણાં થયાં. બધી છોકરીઓ પરસ્પર એક બીજાના ગળામાં હાથ નાખીને ચાલતી હતી. મા સર્વદા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વેગળાં જ ચાલતાં જોવામાં આવતાં. મા કદી સાહેલીઓના ગળામાં હાથ નાખીને ચાલતાં ન હતાં, એટલું જ નહિ પણ તેઓ સાથે ખાસ ગાઢ સંબંધ પણ રાખતાં નહિ. લોકો કહેતા કે આ છોકરી કાં તો એવકૂફ છે અથવા સીધી સાદી છે. માની મા પણ આવું જ ધારતાં હતાં.

લગ્ન થયા પછી માના કર્મજીવન તથા સેવામાં સૌથી ઉત્તમ વસ્તુ હતી—અનાસક્તિ અને નિર્લિપ્તતા. સર્વ વિષયોમાં તેમના નિર્લિપ્ત ભાવ હતો; તેથી જ સર્વ કાર્યો સંપૂર્ણ ભાવથી સંપન્ન થતાં હતાં.

માના શરીરમાં જ્યારે સાધનાની અવસ્થાઓ ચાલતી હતી ત્યારે મા આપણા આ રાજ્યની બહાર અનંત શક્તિ, ભાવ અને ઉપલબ્ધિના રાજ્યમાં હતાં. ત્યારબાદ મા બહુધા આપણા વ્યવહારમાં આવી મળ્યાં. મા જેવાં જન્મ્યાં હતાં તેવા સહજ અને સ્વાભાવિક થઈ ગયાં. ત્યારબાદ ભક્તજનોને લઈ ને જુદી જુદી જાતની ક્રીડાઓ કરવા લાગ્યાં.

માની પાસે સર્વ કંઈ ખેલ જ છે. ભિન્ન ભિન્ન સમયમાં ભિન્ન ભિન્ન ખેલો ખેલી રહી છે. જ્યારે મા જે ખેલ ખેલે છે અથવા જે ભાવમાં ભાવાન્વિત થાય છે ત્યારે તેમાં જરીક પણ દોષ રહી જતો નથી. તે તેની સાથે અભિન્ન થઈ જાય છે. એક કાચની પાસે જે રંગ લાવવામાં આવે છે, તે રંગથી તે કાચ રંગાઈ જાય છે. કિન્તુ આટલા બધા રંગોનો મેળ, પ્રકાશના ખેલો પોતાની અંદર કરવા છતાં પણ કાચ જેમ નિર્લિપ્ત રહે છે; કેટલાયે રંગો ભલેને લાગે છતાં પણ નથી લાગતા, મળવા છતાં પણ નથી મળતા, ઠીક મા પણ તેમ જ છે. થોડું ધ્યાન દેવાથી માના આ ભાવનું પરિજ્ઞાન થઈ જશે.

બહુધા દેખાય છે, કે માને જો તમે છાતીથી લગાવી લ્યો તોપણ સ્પર્શ થતો નથી. કોણ જાણે શું વ્યવધાન છે, કે જે દૂર કરવા જતાં પણ થતું નથી. મા આપણી વચમાં રહેતાં છતાં પણ નિર્લિપ્ત અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નિશ્ચિંત રહે છે. મા આપણું હર સમય નિરંતર કલ્યાણ કરી રહ્યાં છે. તોપણ કલ્યાણ કરવાની ઇચ્છા અથવા સંસ્કાર મામાં નથી. સદ્‌ભાવ અને ધર્મભાવની વૃદ્ધિ માટે કેટલીયે વાતો કહે છે, કેટલાયે ઉપદેશો આપે છે. પોતાની સુવિધા, અસુવિધા અને આરામની તરફ કંઈ ધ્યાન રાખતાં નથી. ધર્મભાવમાં સહાયક થવા માટે સદાસર્વદા તૈયાર રહે છે. પરંતુ મામાં વ્યસ્તતા અથવા વ્યગ્રતા નથી. આ વિષય વર્ણનની દ્વારા સમજાવી શકાય તેમ નથી. મા હૃદયથી જ સર્વ કંઈ કરે છે તોપણ તેમને કંઈ સ્પર્શ કરતું નથી. કોઈ કોઈ વખત એવું પણ દેખાયું છે. કે કોઈ આદમી માની અપાર દયા અને અસીમ સ્નેહ મેળવીને પણ બગડી ગયો છે. માના સંબંધમાં તે ગમે તેમ બોલવા માંડે તેથી માની પ્રસન્નતામાં એક રતીભર પણ ન્યૂનતા આવતી નથી. જેઓ માને વિવિધ માર્ગે પીડા કરવાની ચેષ્ટા કરે છે અથવા કરી રહ્યા છે, તેમને માટે પણ માના દરવાજા સદાસર્વદા ખુલ્લા જ છે. જે કરુણ કથા પથ્થર જેવાને પણ પીગળાવી દે, જે રુદન અત્યંત નિર્દય પુરુષને પણ દ્રવીભૂત કરી દે, તે માને સહેજે પણ સ્પર્શ કરી શકતું નથી, એમ જોવામાં આવ્યું છે. જે થવાનું હોય તે ભલેને થાય, માને કંઈ જતું યે નથી અને આવતું યે નથી. સંક્ષેપમાં, ગીતામાં બ્રાહ્મી સ્થિતિનાં જે બધાં લક્ષણો ભગવાને પોતાના શ્રીમુખથી વર્ણવ્યાં છે, તે બધાં માના જીવનમાં સજીવ થઈ ઊઠ્યાં છે.

મા જોતાં છતાં, જોતાં નથી. સર્વ કંઈ કરતાં છતાં કરતાં નથી. મા આનંદમયી સદા હાસ્યમયી થઈને પણ બધા પ્રકારના આનંદ અને નિરાનંદથી અતીત છે. કોઈ એવો આઘાત નથી કે જે તેમના મનમાં વેદનાની સૃષ્ટિ ઉત્પન્ન કરી શકે. કોઈ પણ એવું તોફાન નથી કે જે તેમનામાં ભરતીઓટ કરી શકે, અને એવી કોઈ આગ નથી કે તેમનામાં જ્વાલાઓની સૃષ્ટિ કરી શકે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય પાંચમો

માને પોતાનું કંઈ નથી

માના વિવિધ વિચિત્રતાઓથી પરિપૂર્ણ જીવનમાં એક સૌથી મોટી વિશેષતા દૃષ્ટિગોચર થાય છે; તે એ છે કે માનું એવું કશુંયે નથી કે જે વ્યક્તિગત હોય. માનું પ્રત્યેક કાર્ય આપણા લોકોના કલ્યાણ માટે જ થાય છે. હું માને જોઉં છું, કે મા પોતે પોતાની જાતને સર્વને વચમાં વહેંચી દે છે. પોતાની સ્વાભાવિક આનંદની છોળો સર્વત્ર ઉડાડે છે. આપણે જ્યારે કોઈ મહાન ભાવ કે વિષયનો વિચાર કરીએ છીએ, આપણે જ્યારે એક આદર્શ પસંદ કરવાની ચેષ્ટા કરીએ છીએ ત્યારે તે વિષયમાં આપણા લોકોની ધારણા (conception) એક સીમા સુધી જઈને અટકી જાય છે. તે સીમા ભલે ને ગમે તેટલી વિશાળ હોય!

માના ભાવની તરફ જ્યારે દૃષ્ટિ દોડાવવામાં આવે છે ત્યારે વિકાસની એક એવી સંપૂર્ણતા આંખ આગળ તરી આવે છે, કે જેને આપણે બુદ્ધિથી સમજી શકતા નથી, ત્યાં સુધી પહોંચી શકતા નથી. એમ જણાય છે, કે મા આપણા સંસારના પરિધની બહાર છે. અસંપૂર્ણ આપણે અવાક થઈ જઈએ છીએ, સ્તબ્ધ થઈ જઈએ છીએ. બુદ્ધિ ત્યાં સુધી જાય છે અને ત્યાં લોકોત્તર તત્ત્વની સાથે તેનો પરિચય થાય છે. ઠીક રીતે જોવામાં આવશે તો જણાશે કે માને મહાન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કહેવાં તે નાનાં કરવા બરોબર છે, સીમાબદ્ધ કરવા જેવું છે. બરેબર માના વિષયમાં નાનામોટાનો પ્રશ્ન જ ઊઠતો નથી.

માને પૃથક્ કરીને પોતાનું કંઈ જ નથી. તેથી જ વિક્ષોભની વચમાં પણ મામાં ધીરતા અને શાન્ત ભાવ અપૂર્વ રહે છે. આ જગ્યાએ નિર્લિપ્તતાની દૃષ્ટિએ વાત થતી નથી. એક બીજા જ દૃષ્ટિકોણથી જોવામાં આવે છે. એક પ્રેમના ભાવે અને એક કરુણાના ભાવે પોતપોતાનો પ્રકાશ કર્યો છે. શાની ઉપમા આપું ? શોધતાં પણ યોગ્ય ઉપમા નજરમાં આવતી નથી. મા અનંત આકાશના જેવાં છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, રૂપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શ આદિ કેટલાયનું મોટું બજાર લાગે છે, કેટલાયે મોટા પ્રલયકાણ્ડો થાય છે, પરંતુ આકાશમાં જરીક પણ વિક્ષોભ થતો નથી. સ્થિર, નિર્વિકાર જનની માફક બધું લઈને રહે છે. માનો આ સ્થિર ભાવ જ આપણા લોકોની ક્ષુદ્ર ચંચળતાની સામે એક વિરાટ મહિમા ગ્રહણ કરીને પ્રકાશિત થાય છે.

ભોળાનાથજી અને અનેક અન્ય લોકોના સંસર્ગથી મામાં આ ધીરતા અને શાન્ત ભાવનો અધિક માત્રામાં પ્રકાશ દેખાયો છે. આપણા લોકોની અસહિષ્ણુતા, ક્રોધ, હજારો ચંચળ ભાવો માને શું વિચલિત કરી શકે ? આપણે લોકો અજ્ઞાનથી અંધ છીએ, ગાંઠ ગાંઠમાં બંધાયેલા છીએ; તેથી જ નાનાં અઘાતોથી આપણે ચંચળ થઈ પડીએ છીએ. જેઓ આ સર્વથી પર છે, સર્વ રહસ્ય જેમની સામે પ્રકાશમાન છે, જે સર્વની દુર્બલતા જાણે છે, તેમના મિજાજમાં ગરમી આવવાનું કંઈ કારણ નથી. આથી જ તે જનનીની માફક સર્વને લઈને બેઠાં છે. માનો સ્વભાવ જ એવો છે. માના સંબંધમાં આથી જ ધૈર્ય ધારણ કરવાની વાત આવતી નથી.

વ્યાવહારિક હિસાબથી માલૂમ પડ્યું છે, કે કેટલાયે વિઘ્નો, કેટલીયે વિપત્તિઓ, કેટલાયે પ્રચંડ આઘાતો માની ઉપર આવી પડ્યા છે, પરંતુ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેઓ રતીભાર પણ માને ચંચળ કરી શકયા નથી. ભયંકર વ્યાધિના આક્રમણમાં માનો પ્રશાન્ત ભાવ જોઈને આશ્ચર્યથી દાંત નીચે આંગળીઓ દબાવવી પડે છે. રોગના સંબંધમાં મા કહે છે, "તમે લોકો આવો છો ત્યારે તમને બોલાવતી પણ નથી, તેમ જ ભગાડી મૂકતી પણ નથી." રોગ આવે છે તેને પણ ભગાડવામાં આવતો નથી. આ વાત તો બાજુએ રહી, આ સિવાય માના આરોગ્યના ઉપલક્ષ્યમાં જીવોનું કલ્યાણ થઈ રહ્યું છે, એમ માની પાસેથી સાંભળવામાં આવ્યું છે.

સંસારના તાપથી સંતપ્ત થઈને જીવ માની પાસે ઉપસ્થિત થાય છે. કોઈ દુઃખી હોય છે, તો કોઈનું હૃદય હતાશ થયું હોય છે, કોઈ શત્રુના અત્યાચારથી પીડિત હોય છે, તો કોઈ સાધનેચ્છુ હોય છે. આવી રીતના સાધકો આવીને માને શરણે રહે છે. ન માલૂમ મા આ બધાને કેવી રીતે સંભાળે છે! કોઈ વખત વિરક્તિ પણ થતી નથી. પોતાનું કંઈ જ પ્રયોજન નથી છતાં માનો દરબાર ચાલ્યા જ કરે છે. માનું શરીર જ્યાં સુધી સારું રહેતું હતું ત્યાં સુધી વિશ્રામની પણ જરૂર પડતી ન હતી. મા જ્યારે ઢાકામાં હતાં ત્યારે ખૂબ કોલાહલની વચમાં પણ માને વિશ્રામની આવશ્યકતા ન રહેતી. કેટલાયે વર્ષો સુધી આમ ચાલ્યા કર્યું.

માને મોહ નથી, પરંતુ લીલાને બહાને સંતાનોને માટે જે કંઈ કરી રહ્યાં છે, તેમાં એક અનુપમ કરુણાનો પત્તો લાગે છે, જે સ્વતઃ ઉદ્‌ગત, સ્વભાવથી જ ઉત્પન્ન છે. મામાં અને સંતાનોમાં જેવી જાતનો સંબંધ થાય છે, તેવો દુનિયામાં મળતો નથી.

હું મારી પોતાની વ્યક્તિગત અભિજ્ઞતા કહું છું. હું માની સાથે જે વ્યવહાર કોઈ કોઈ વખત કરું છું, તેને જો અત્યાચાર કહેવામાં આવે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તો અતિશયોક્તિ થશે નહિ. પરંતુ મા સર્વ સહન કરી રહ્યાં છે. મા ત્યારબાદ પણ જેવાં સ્નિગ્ધ અને મધુર હોય છે તેવાં જ રહે છે.

માનાં ધૈર્ય અને સહનશીલતાના વિષયમાં વિચાર કરવાથી પ્રતીત થાય છે, કે મા સંતાનોને માટે ગોદ પાથરીને બેઠાં છે. સહનશીલતા અને ધૈર્યની પાછળ આપણે જોઈએ છીએ કે એક ગંભીર આશ્રય સિવાય કંઈ જ નથી.

એવો કોઈ પણ અપરાધ નથી કે જે માના હૃદયમાં ઘૃણાની સૃષ્ટિ ઉત્પન્ન કરે. માની ગોદમાં અપરાધીને માટે પણ સ્થાન છે. જેનામાં કંઈ પણ સુકૃત નથી, તે પણ માની પુણ્ય સંનિધિમાં આશ્રય મેળવવાનો સુયોગ મેળવે છે.

મનમાં થાય છે, કે જે નિરાશ્રય, ત્રિતાપથી સંતપ્ત, શાંતિના તરસ્યા જીવોનું કોઈ સ્થાન ન હોય, તો આવું જ હોજો. જો શરણાગત થવાનું હોય, આત્મસમર્પણ કરવાનું હોય તો આ જ સ્થાન છે. જેને કંઈ મેળવવાનું છે, જેનામાં અભાવ છે, તે કદાપિ કોઈને આશ્રય આપી શકતો નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય છઠ્ઠો

રૂપ, માધુર્ય અને આકર્ષણ

જો માનું રૂપ જોવું હોય તો વિચારદૃષ્ટિની આવશ્યકતા નથી. સૂક્ષ્મ બુદ્ધિની પણ આવશ્યકતા નથી. માની પાસે હરેક સમયે કેટલાયે લોકો આવે છે. માની દિવ્ય મૂર્તિ અને હાવભાવ, ઓછાવત્તા પ્રમાણમાં, સર્વના હૃદયમાં પોતાની છાપ રાખે છે. મા જ્યારે નાનાં બાળક હતાં, તે સમયે પણ માનું રૂપલાવણ્ય.....લોકોને મુગ્ધ કરતું હતું. કેવી સુંદર છોકરી છે! લોકો માને ગોદમાં લેતા હતા, વહાલ કરતા હતા. માના શરીરનો બાંધો નાનપણમાં સારો હતો. જેવો સુંદર ચહેરો હતો, તેવો જ ખૂલતો રંગ હતો. સ્વભાવ પણ સુંદર અને સરળ હતો. આ દિવ્ય બાળકીને જોઈને પ્રેમ સ્વતઃ ઊભરાઈ આવતો હતો. બચપણમાં મુસલમાનો પણ માને ખોળામાં લેતા હતા.

પરંતુ મા ગરીબ ઘરનાં છોકરી હતાં. બાસ કંઈ શણગાર ન હતો. ઘણી વખતે પહેરવાનાં પૂરતાં કપડાં પણ ન હોય, ત્યાં આભૂષણોની તો વાત જ શી પૂછવી!

મા ખૂબ સુંદર ગાયન ગાતાં હતાં. કવિગાન,[1] કીર્તનગાન વગેરે

---

૧. બંગાળમાં કવિ લોકો બાસ સૂરમાં સ્વરચિત ગાયનો ગાઈને ઉત્તર તથા પ્રત્યુત્તર કરે છે. ગુજરાતમાં શીઘ્ર કવિઓ આવી રીતે ગાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા સાંભળતાં હતાં. અત્યંત મીઠા સ્વરથી તેને મા ગાઈ શકતાં હતાં. માનું સ્વરજ્ઞાન સ્વાભાવિક રહ્યું કે નહિ?

કોઈ એક સમયે મા તળાવની પાસેથી ઠેકતાં ઠેકતાં જઈ રહ્યાં હતાં. ચારે તરફ ચાળાચટકાં કરતાં માએ ગાવાનું શરૂ કર્યું. એક વ્યક્તિ, જે માના કાકા થતા હતા, જેમનું નામ રસિક હતું, તે માનું ગાયન સાંભળીને મોહિત થઈ ગયા. તેણે માને પૂછ્યું, "તું જ ગાતી હતી કે?" મા શરમાઈ ગયાં. રસિકકાકા માને પ્યાર કરતા કરતા ઘરે લઈ ગયા. તેમણે કહ્યું, "આવા સુંદર સૂરની નકલ કરતાં ક્યાં શીખી?" માને લોકો ખૂબ પ્યારથી ગાન ગવરાવવા લઈ જતા હતા.

મા ધીરે ધીરે મોટાં થયાં. બાર વર્ષ અને દશ માસે માનું લગ્ન થયું હતું. મા ઘૂંઘટવાળાં કુલવધૂ બન્યાં. મા સાધારણ ગૃહસ્થ ઘરનાં વહુ હતાં. ઘરનું કામકાજ ખૂબ કરવું પડતું હતું, છતાં પણ માના મુખ ઉપર સદાયે હાસ્યરેખા વિરાજમાન રહેતી હતી. કોઈએ માને એક દિવસ સાડી પહેરાવી દીધી. માનું આ રૂપ અકસ્માત ક્ષેત્રબાબુના જોવામાં આવ્યું. માને જોતાં જ તેમણે માને દેવી કહીને સાષ્ટાંગ પ્રણામ કર્યા. અષ્ટગ્રામમાં ક્ષેત્રબાબુ તથા મધુબાબુની સાથે ભોળાનાથજીને વિશેષ સંબંધ હતો. આ લોકોની સામે મા ઘૂંઘટ કાઢીને બહાર નીકળતાં હતાં. અષ્ટગ્રામમાં ક્ષેત્રબાબુની સ્ત્રી જ્યારે ચાલ્યાં ગયાં ત્યારે માને (રમણીબાબુની સ્ત્રીને) જોયા વગર જવાથી તેમને મળવાની ઈચ્છા હતી. તેથી તેણે પોતાના પતિને પત્રમાં લખ્યું હતું કે, "રમણીબાબુની સ્ત્રી કેવી છે, કાળી છે કે લાવણ્યમયી છે?" ક્ષેત્રબાબુએ આના જવાબમાં લખ્યું હતું કે, "ફાનસની અંદર જેમ પ્રકાશ હોય છે, મા તેવાં છે." મા હરેક વખતે ઘૂંઘટ કાઢીને ચાલતાં હતાં, તેથી જ તેમણે આવું લખ્યું હતું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માનું જેવું અસાધારણ સૌંદર્ય હતું તેવો જ કોમળ સ્વભાવ હતો.. મા બાજીતપુરમાં હતાં. ત્યાંના સ્ત્રીસમાજમાં માના રૂપના સંબંધમાં ચર્ચા થતી હતી. નદીના ઘાટ ઉપર કોઈ સ્ત્રીએ માના રૂપના સંબંધમાં કહ્યું હતું કે, "તેના સ્વરૂપથી ઘાટ શોભાયમાન રહે છે." આવું સુંદર માનું રૂપ હતું.

બાજીતપુરમાં એક વખતે એક ઘરમાં મા અને ભોળાનાથજીને કેટલાક દિવસ રહેવું પડ્યું હતું. ત્યાં એક સદ્‌ગૃહસ્થ રહેતા હતા. તેમની સેવામાં કોઈ હતું નહિ. મા પથ્ય ખોરાક તૈયાર કરીને નોકરની સાથે મોકલી દેતાં હતાં. માના હાથની સુવ્યવસ્થિત સેવાથી તે ગૃહસ્થને માતૃત્વનો આસ્વાદ પ્રાપ્ત થયો હતો. તેણે તેથી જ ભોળાનાથજીને કહ્યું હતું કે, "હું જનનીની સેવા મેળવી રહ્યો છું." તે ગૃહસ્થને મા ન હતાં. તેણે ભોળાનાથજીને વાતવાતમાં કહ્યું હતું કે, "હું આ માને તો જોઈ નહિ શકું ને?" આથી ભોળાનાથજીએ કઠેરાની ઓથેથી માને બતાવ્યાં. મા તે વખતે ઘરની પરસાળમાં હસતાં હસતાં વાતચીત કરી રહ્યાં હતાં. તે ગૃહસ્થે કહ્યું, "રાજરાણી જેવો ચહેરો છે."

હવે હું માના લોકોની સમક્ષ પ્રકાશિત થયા પછીના રૂપ અને માધુર્ય લઈ ને ચર્ચા કરીશ. જ્યારે લોકોત્તર વિવિધ ભાવો માના શરીરનો આશ્રય લઈ ને વિલસિત થતાં હતાં, જ્યારે સૂક્ષ્મ યોગની ક્રિયાઓ માના શરીરમાં અસીમ, અનંત લીલાઓનાં સ્પન્દનો જગાવીને અલૌકિક મધુરતાની સૃષ્ટિ કરતાં હતાં, તે સમયના ભાવોનું વર્ણન ભાષાની દ્વારા થઈ શકે તેમ નથી. તે સૌન્દર્ય, તે રૂપ, એક પ્રકારનું રહેતું ન હતું પરંતુ તેમાં તો અનંત વિચિત્રતાઓ રહેતી હતી. માલૂમ પડતું કે જાણે રૂપસાગર પોતાને ખાલી કરીને સર્વ રૂપો મામાં ઊભરાવી રહ્યો છે. સિનેમામાં જેવી રીતે એક પડદાની સામે ઊભા રહીને જોવા જતાં કેટલીયે વિચિત્રતાઓ આવે છે અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જાય છે, તેવી રીતે માંમાં પણ અવસ્થાઓની વિચિત્રતાઓ આવતી અને જતી. કેટલાયે ભાવોના ખેલો માના શરીરમાં આવ્યા છે અને વિલીન થયા છે.

ભાઈજી (જ્યોતિષચંદ્ર રાય)એ માનું વર્ણન કરતાં એક જગ્યાએ કહ્યું છે કે, "કોઈ વખત માના સ્થાયી હાસ્યની રેખાથી અત્યંત મધુર, નેત્ર અને મુખથી વાત્સલ્ય અને કરુણાની ધારા નિરંતર ચારે તરફ ફેલાવે છે, તો કોઈ કોઈ વખત અસીમ પ્રસન્નતાના નિર્મલ પ્રભાવથી તે શરદ-કાળના આકાશની માફક નિર્મળ થઈને વિરાજમાન રહે છે. તેમના ભાવોમાં પરિવર્તનની સાથે સાથે તેમના રૂપની પૃથક્ત્વ સદા દેખાઈ આવે છે."

કીર્તનના સમયે માને જે ભાવાવેશ થતો હતો, તે અપાર્થિવ રૂપને દેખતાં જ અનેક ભક્તોને ખ્યાલ આવતો હતો, કે શ્રીકૃષ્ણ અને શ્રીમદ્ મહાપ્રભુ આ પ્રકારે ભક્તોના હૃદયને આકૃષ્ટ કરી લેતા હતા. માનું તે માધુર્ય અતુલનીય છે. મેં સાંભળ્યું છે, કે લીલાકીર્તન પદાવલીમાં શ્રી રાધાના જે પ્રકારના રૂપનું વર્ણન મળે છે, માના શરીરમાં કોઈ કોઈ વખત તેવી પ્રેમમયી અને લાવણ્યમયી મૂર્તિનો અવિર્ભાવ થતો હતો. કોઈ કોઈ વખત માના શરીરમાં અદ્‌ભુત અને ભયાનક રૂપનો અવિર્ભાવ પણ દેખાયો હતો.

ફૂલના ખીલ્યા પછી ભમરો આપોઆપ જ આવીને તેની ઉપર બેસે છે. માની પાસે ક્રમે ક્રમે લોકોનો સમાગમ થવા માંડ્યો. માનું ઐશ્વર્ય અને વિભૂતિ જોઈને પોતાની આકાંક્ષાની પૂર્તિ માટે લોકો આવતા હતા. સ્વાર્થશૂન્ય એક અનિર્વચનીય આકર્ષણથી અનેક લોક માના ચરણકમળોમાં ઉપસ્થિત થતા હતા.

ભાઈજીએ માના કયા પ્રકારના આકર્ષણનો અનુભવ કર્યો હતો, તે તેમના ગ્રંથમાંથી ટાંકું છું:—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"મને જ્યારે શ્રી માના પ્રથમ દર્શનનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું, તેના પછી સંસારનાં અસંખ્ય વિક્ષેપ અને વિક્ષોભની વચમાં પણ નિત્યાનંદમયી માતૃભૂમિની સરળ સ્નિગ્ધ દૃષ્ટિએ મને પાગલના સમાન સદા વ્યાકુળ કરી રાખ્યો હતો. તેમની થોડીક કૃપાને માટે હૃદયમાં નિરંતર ઉત્કંઠા રહેતી હતી. આકાશની તરફ તરંગિત મહાસાગરના તરંગોના કોલાહલની માફક મારા હૃદયમાં માનાં શ્રીચરણોના ઉદ્દેશથી ગંભીર ઉચ્છ્વાસ દિનરાત 'સાયમ્' 'સાયમ્' ના ધ્વનિથી ધ્વનિત થતો હતો."

માની પાસે મનુષ્યો જ માત્ર પાગલ થતા હતા, તેમ નથી. બકરી અને કૂતરાં પણ આવીને માના શરીરને અડીને બેસતાં હતાં, એટલું જ નહિ પણ માનાં ઘૂંટણો ઉપર માથું રાખતાં હતાં. આ બધી નજરે જોયેલી ઘટનાઓ છે.

જ્યારે સાધનાઓના વિચિત્રમય પ્રકાશને એક મહાન અચિંતનીય સત્તામાં પોતાને અર્પણ કરી દીધું ત્યારે વિશ્વજનનીની મધુર સ્નિગ્ધ મૂર્તિ માના શરીરમાં વિકસિત થઈ ઊઠી. પહેલાં આ અવસ્થાઓએ જ્યારે માને પોતાની અપાર વિભૂતિ અને ઐશ્વર્યથી ઘેરી રાખ્યાં હતાં ત્યારે આપણને, માને ઠીક આ પ્રકારના ભાવમાં જોવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું ન હતું. ભગવદ્ભાવનો કયાં અપૂર્વ મહિમા, લોકોત્તર પ્રેમના વિચિત્ર ખેલો, અને કયાં આપણે સાધારણ જીવ! આથી જ (અહીંની દૃષ્ટિએ) એક આવરણ બની રહ્યું છે. તે સમયે મા જાણે આ જગતના જ ન હતાં.

મા અલૌકિક પણ છે અને લૌકિક પણ છે. મા જેવી રીતે એક તરફથી બુદ્ધિથી અગોચર છે, આપણા લોકોની પહોંચથી પર છે, તેવી રીતે બીજી બાજુથી આપણા લોકોની વચમાં આપણી માફક ગૂંથાઈ રહેલાં છે. મા જેવાં નિર્લિપ્ત, દ્વંદ્વ, વિનિર્મુક્ત છે, તેવાં જ પાછાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દયામયી અને સ્નેહમયી પણ છે. મા જેવાં અસાધારણ છે, તેવાં જ પાછાં સાધારણથી પણ સાધારણ છે. સંસારાસક્ત સાધારણથી પણ સાધારણ જીવ માની સાથે હરવાફરવાનો સુયોગ મેળવે છે. માનો મધુર પ્યાર મેળવીને, માને જીવ ભરીને પ્યાર કરે છે અને ધન્ય થાય છે.

મા કોઈ કોઈ વખત જનની માફક સ્નેહમયી, વત્સલા, કોઈ વખત નાની છોકરીની માફક જીદને કરનારાં ચંચળ થઈ જાય છે. કોઈ વખત નાની છોકરીઓનાં મિત્ર થઈ જાય છે. કોઈ વખત મધુમયી મૂર્તિથી ભક્તોનાં હૃદયને હરી લે છે. કોઈવખત આનંદનું બજાર બનાવી દે છે. આનંદમયીના આનંદમાં ભક્તો વિષાદનો ત્યાગ કર્યા વિના રહી શકતાં નથી, આનંદિત થયા વિના રહી શકતાં નથી.

માનું હાસ્ય એક અપૂર્વ વસ્તુ છે. આપણે જોઇએ છીએ, કે મા ઘણી વખત કારણથી અને અકારણથી પણ હસતાં હોય છે. જાણે કે હાસ્યનો ફુવારો ના ફૂટ્યો હોય! કોઈ વખત દેખાય છે, કે મા વાત કરતાં કરતાં ખિલખિલાટ હસી પડે છે. કોઈ વખત વૈરાગ્યની વાતોમાં પણ મા હસતાં હોય છે. ઠઠ્ઠાહાંસીમાં મા ગૂઢ તત્ત્વોની વાતો કરતાં હોય છે. અતિસાધારણ જીવના મનમાં પણ તે પોતાનો પ્રભાવ પાડે છે.

હા! હા! કરીને ઘણી વખત હસતાં જોવામાં આવે છે. જ્યારે માના પ્રદીપ્ત મુખમંડળ ઉપર હાસ્યની લહરો પોતાનો ખેલ દેખાડે છે, ત્યારે તેની ઉપમા શોધી મળતી નથી. ઊભરાતું સૌંદર્ય જાણે ક્યાંકથી જાગ્રત થઈને પોતાની ઉજ્જ્વળતાથી બધાંને અભિભૂત કરી રહ્યું છે. સુંદર દંતપંક્તિઓ અને મુખની અપૂર્વ શોભા કેવી મનોહર છે! કેવી હૃદયને આકર્ષિત કરનારી છે! તે ભાષામાં કેટલું પ્રકટ કરી શકું? સ્પષ્ટ રૂપથી જણાય છે, કે આમાં ગામડિયાપણું લેશમાત્ર પણ નથી. છે પવિત્રતા અને સરળતાની સુસ્પષ્ટ અભિવ્યક્તિ. 'હા, હા' એવા મીઠા ધ્વનિથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થાય છે કે હૃદય આકર્ષિત થયા વગર રહેતું નથી. ધ્વનિની સાથે સાથે જ જાણે કે ઉજ્જ્વળ પવિત્ર ભાવની એક લહર વિખરાઈ જાય છે.

ભાઈજીના સ્વલિખિત ગ્રંથમાં હાસ્યનું વર્ણન કરતાં લખ્યું છે કે, " તેના હાસ્યથી જાણે કે શરીરનું એકેએક અણુ અને પરમાણુ હસી ઊઠે છે. હાસ્યની લહરીમાં પવિત્રતાની એક અપૂર્વ જ્યોતિએ માની મૂર્તિને કેટલી ઓજસ્વીની કરી રાખી છે, તે ભક્તજનો જોઈ શકે છે. આવું પવિત્ર હાસ્ય કોઈ માણસ હસી શકે કે કેમ, એવો મનમાં વિશ્વાસ થતો. નથી.

કોઈ વખત પ્રશાન્ત મુખમંડળ ઉપર મૃદુ, સ્નિગ્ધ હાસ્ય દેખાય છે, અને એક અનુપમ સૌંદર્ય વિકસિત થઈ જાય છે.

આ એક ધ્યાન દેવા જેવી વાત છે, કે માની મુખશોભા સદા એક જેવી રહેતી નથી. આજ કારણથી માની છબીઓ મળતી આવતી નથી. જુદી જુદી જાતના ભાવો ખેલો કરતા હોય છે, તેથી જ જ્યારેત્યારે મુખશોભા બદલાઈ જાય છે. આ હિસાબથી માની તુલના એક સ્વચ્છ દર્પણ સાથે કરી શકાય તેમ છે. જેવી જાતનો રંગ દર્પણમાં પડે છે, દર્પણ પણ તેવા જ રંગથી રંગાઈ જાય છે.

જો કે ભક્તોની દૃષ્ટિમાં મા સૌંદર્યની એક પ્રતિમા છે, તોપણ બધાં લોકો માને સદા સમાન અને સુંદર દેખતા નથી. કોઈ કોઈ વખત મા માંદલા જેવાં દેખાય છે. તે ઉજ્જ્વલ વર્ણ, તે લાવણ્ય જ જાણે નથી. કોઈ વખત મનમાં થાય છે, કે મા અવસ્થાપન્ન છે. કોઈ વખત વળી ધાર્યાં કરતાં વધારે સ્નિગ્ધ, સુંદર પ્રતીત થાય છે. પહેલાં માના શરીર ઉપર બહુ આભૂષણો રહેતાં હતાં. લાલ મોટી કિનારીવાળું ધોતિયું પહેરતાં હતાં. લોકો માનું રૂપ જોઈને અવાક થઈ જતા હતા. પરંતુ આજકાલ તો તે શણગાર પણ નથી. આભૂષણની બલા તો આજકાલ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે જ નહિ. આજકાલ તો ફક્ત મા એક પાતળી કિનારીવાળું ધોતિયું પહેરે છે. હાથમાં શંખની બંગડીઓ અને સોનાથી મઢેલી ચૂડીઓ પહેરે છે. પહેલાં નાકમાં લવિંગ પહેરતાં હતાં, તેનું પણ ચિહ્ન છે. અરે જ! શણગાર વિનાનાં મા સુંદર દેખાય છે.

કોઈ વખત માનું એટલું સુંદર રૂપ દેખાય છે, કે તેની ઉપમા શોધી મળતી નથી. કોઈ વખત ગરમીમાં ગરદન ઉપર પરસેવો આવવાથી વાળને માથાની ઉપર ઉઠાવીને કેવા એક વિશેષ રૂપથી મા વાળને બાંધી રાખે છે! માનું મુખમંડલ બાલસૂર્યની માફક ઉજ્જ્વળ અને મનોહર દેખાય છે. કોઈ વખત મા લાવણ્યથી ભરપૂર દેખાય છે, શુષ્કતા અને માંદગીનું જાણે એક ચિહ્ન પણ નથી, ખૂબ હાસ્યથી મુખકાંતિ અરુણ થઈ ઊઠી છે. જે સમયે જે જે ભાવોનાં ખેલો દેહમાં થાય છે, તે સમયે તે તે ભાવમાં એકદમ તન્મય થઈ જાય છે. તે રૂપ, તે મુખશોભા સર્વ કંઈ તેના જેવી દેખાય છે. કોઈ વખત નિર્દોષ ગમ્મત અથવા તોફાનની જે ભાવભંગિ આંખો અને મુખ ઉપર વિકસિત થઈ ઊઠે છે, તે સુંદર અને અપૂર્વ હોય છે. મા માધુર્યમયી મા છે; તેથી જ તેની અંદર બધા ભાવોની વિચિત્ર સંજ્ઞાઓ મધુમય થઈ છે.

માને ગમે તે ભાવમાં રુજાવવામાં આવે તો તે ભાવમાં પણ તે સુંદર દેખાય છે. જે સુંદર છે, તેને માટે આવું થવું સ્વાભાવિક છે.

ધ્યાનપૂર્વક જોવાથી માના વ્યવહારમાં કેટલીયે વિશેષતાઓ દૃષ્ટિગોચર થાય છે. મેં જોયું છે કે માના મુખના ભાવો જલદીથી બદલાઈ જાય છે. મા બેઠાં છે, તેમનો ચહેરો ગંભીર છે; અને એવામાં મા પાસે બીજું કોઈ આવીને બેસતાં માનો ચહેરો બદલાઈ જાય છે. મુખ ઉપર હાસ્ય અને બાળસુલભ વાતો વાતાવરણને ઊલટપાલટ કરી દે છે. પહેલાં જે લયમાં ભાવતરંગો ચાલતા હતા તે લયમાં ચાલતા નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તરંગોની ગાંભીર્ય પૂર્ણ અને સ્થિર ગતિ નથી. ઉલ્લાસ અને ઉચ્છવાસ પૂર્ણ તરંગો ચાલે છે.

જેવી રીતે તારના યંત્રના એક તારને બજાવવાથી બીજા તારો પણ રણકી ઊઠે છે, તેવી જ રીતે માની આનંદલહરી ભક્તોના હૃદયને સ્પર્શ કરીને, ત્યાં પણ આનંદની લહરીની સૃષ્ટિ કરે છે.

માનું મુખમંડળ કોઈ વખતે સ્થિર અને ગંભીર ભાવ ધારણ કરે છે. તે સમયે ક્રોધ અથવા બીજો કોઈ દબાયેલો ભાવ પ્રકટ થતો નથી. કેવળ એક અતિશાંત ભાવ પ્રકટ થાય છે. માની વાતચીત અને હરવાફરવામાં એક ગંભીરતા વ્યાપ્ત રહે છે. તે સમયે મા સાથે કોઈ વિષય ઉપર વાતચીત કરવાનું બનતું નથી.

ઘણુંકરીને માનું મુખ હાસ્યપૂર્ણ જ રહે છે. કોઈ કોઈ વખત કેવો એક દ્રવીભૂત ભાવ આવી જાય છે. ભાવની દૃઢતા બહુ જ ઓછી દેખાય છે. હસવા માંડે તો હસ્યા જ કરે. નકામી તુચ્છ વાતોમાં પણ કોઈ વખત ખૂબ હસે છે. કોઈ વખત એવા હાસ્યની વચમાં ગંભીર થવા પ્રયત્ન કરે છે, પરંતુ ગંભીર થઈ શકતાં નથી. હા! હા! કરીને હસી પડે છે. માની પાસે કેટલાયે લોકો આવે છે. મા લોકો સાથે વાતચીત કરતી વખતે નાનાં બાળકો જેવાં થઈ જાય છે. તે સમયે એક અપૂર્વ રસનો પ્રાદુર્ભાવ થાય છે. આવનારમાં વિદ્યા, બુદ્ધિ વગેરેનું અભિમાન હોય તો મા ઘણુંકરીને તેને આઘાત પહોંચાડતાં નથી. જાણે કે મા ખૂબ વિનીત થઈ જતાં હોય છે. જાણે કંઈ જ જાણતાં નથી, એવો મા ભાવ પ્રકટ કરતાં હોય છે.

માનો પ્રેમભાવ ખૂબ સુંદર છે. તે સર્વથા પોતાનો જ ભાવ છે. આ પ્રેમભાવમાં જીવ ઘણુંકરીને પોતાની જાતને ભૂલીને માની સાથે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આત્મીયની માફક મળી જાય છે. કોઈ વખત માન અને અભિમાનનાં ખેલો ચાલે છે. મા બેસીને જાણે મઝા ન દેખતાં હોય!

મા કહે છે, "તમે મારા પિતા છો." આથી સામો માણસ જવાબ આપે છે, "નહિ, આપ મારી મા છો." આથી મા કહે છે, "હા, છોકરીને પણ મા કહેવામાં આવે છે ખરું."

માનાં ક્રીડાકૌતુકો, આનંદલીલાઓ એટલી બધી હોય છે, કે તેને ભાષામાં વ્યક્ત કરવી અસંભવ છે. જે મા અનંત શક્તિસંપન્ન અને અચિંત્ય સ્વરૂપ છે, તે ક્ષુદ્ર બનીને આવો સ્વાંગ રચીને ખેલ કરી રહી છે. એક વાર વિંધ્યાચળમાં માએ એક ઘોબણ સાથે ખૂબ નિર્દોષ તોફાન શરૂ કર્યું. માએ ઘોબણને કહ્યું, "તમે મારી મા છો, તમારું ઘર મારું ઘર છે, મને કપડાં આપો." વગેરે વગેરે.

માની સાથે તર્ક કર્યા પછી ઘોબણે કહ્યું, "જાઓ, તમારી સાથે હવે હું વાતો નહિ કરું." મા ખૂબ હસવા લાગ્યાં. માએ એક બીજી મઝા કરી. ઘોબણના પગનું ઝાંઝર લઈને માએ પોતાના પગમાં પહેરી લીધું. મા ઝમઝમ કરીને ઝાંઝરને વગાડવા લાગ્યાં અને ઘોબણને બોલાવવા લાગ્યાં, "અમ્મા, મા, મારું ઘરેણું છોકરીએ પહેરી લીધું છે. (ઝાંઝર દેખાડીને પાછું આપવાનો ભાવ ન હોય તેમ કરીને) જાઓ, હવે ચાલ્યાં જાઓ. ઘોબણે આપત્તિ સમજીને કહ્યું, "મારું ઝાંઝર મને પાછું આપી દો. ઘરમાં નાની છોકરી રડે છે." માએ કહ્યું, "હું પણ રડીશ." ઘોબણે બહુ ઝઘડાને અંતે તે ઝાંઝર માના પગમાંથી કાઢી લીધું.

બીજા એક દિવસની વાત છે. કાશીમાં એક યુરોપિયન મહિલા આવી હતી. માના માથાના વાળ ઓળતી હતી. તેણે વાળ ઓળવાના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શરૂ કર્યાં. એટલામાં મા બોલી ઊઠ્યાં, "Very nice." માનું શુદ્ધ અંગ્રેજી ઉચ્ચારવાળું વાક્ય સાંભળીને સૌ ખડખડાટ હસી પડ્યાં. મા પણ તેઓની સાથે હા ! હા ! કરીને હસનાં હસનાં શિથિલ થઈ જઈને, તે બહિરાની ગોદમાં પડી ગયાં. તે પણ વિશેષ શ્રધ્ધાન્વિત થઈને માને પ્રેમમાં બાઝી પડી.

બીજું એક ચિત્ર આપું છું. એક વખતે મા તેમની બહેનપણી સાથે વાતો કરી રહ્યાં હતાં. બહેનપણીનું નામ પણ નિર્મળા હતું. માની તે બચપણની સાહેલી હતી. માની વાતો ઉપરથી માલૂમ થતું હતું, કે જાણે અમૃતસાગરમાં ઉચ્છ્વાસ ઊઠ્યો છે. હાંસીઠઠ્ઠામાં કેટલીયે મધુમય સુંદર વાતો નીકળતી હતી. સાહેલી પણ ખૂબ પ્રેમપૂર્વક સર્વ અંગો, ખાસકરીને હાથ અને મોં હલાવીને સરળ ભાષામાં વાતો કરી રહી હતી. બધાંએ પણ હાસ્યરસનો અનુભવ કરી રહ્યા હતા. સાહેલીના પતિદેવ પણ સાથે જ આવ્યા હતા. માએ પૂછ્યું, "તે (માની સાહેલી) સારી રસોઈ બનાવે છે ખરી ?" ઉત્તર, 'હા.' આ સીધા સાદા ઉત્તરથી સૌ ખડખડાટ હસી પડ્યાં. માના મુખ ઉપર અપૂર્વ સ્મિત છવાઈ ગયું. તે હા ! હા ! કરીને હસ્યાં ન હતાં. કપાળ ઉપરની તરફથી સંકોચાયેલું હતું. મુખમંડળ ઉપર પરિહાસની એક વિચિત્ર હાસ્યપૂર્ણ ભંગિ હતી. હાસ્યમાં લજ્જાનો ભાવ હતો. આવી રીતની ભાવભંગિઓ માંમાં બહુ વખત સુધી રહી; જાણે કે મુખ સીધું કરી શકતાં નથી.

મા :—તે તમને ધમકાવે છે કે નહિ ?

તે સદ્‌ગૃહસ્થ ચૂપ રહ્યા.

મા : —(બધાંને લક્ષ્ય કરીને) "અહીં સામે બેઠી છે એટલે ધમકાવે છે તેમ કેવી રીતે કહેશે ? કોઈ રીતે નહિ કહે. પેલી કહેવા દે ત્યારે ને ?"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવી રીતે બહુ મોડા સુધી વાતો ચાલી. કોઈ ભક્તે કહ્યું, "આપ તો જગતની મા છો." માએ કહ્યું, "કૃપા કરીને આપની છોકરી બનાવી લ્યો તોપણ સારૂં છે."

મા તત્ત્વની વાતો, વિચારની વાતો કરી રહ્યાં હતાં. કહેતાં કહેતાં બોલ્યાં, "પિતાજીને કહું છું, પિતાજી આ વસ્તુ બહુ સારી છે. આપ જરા ચાખો તો ખરા." "આ તો મારી છોકરી છે, એમ બોલીને પિતાજી ધ્યાન પણ આપતા નથી. હંમેશાં જવાબ આપતા નથી."

મા કોઈ કોઈ વખત નાનાં બાળકબાળકીઓને મળવાથી તેમની ભાઈબંધી કરી લે છે. મા કહે છે, "તમારા દોસ્તની વાતો સાંભળશોને?" આમ કહીને સદુપદેશ આપે છે.

મા આપણા દરેકની આત્મીયથી પણ વધારે આત્મીય છે. આપણે માને સારી રીતે ઓળખતા નથી. આપણે તો વિષયાભિમુખ થઈને વાસના રૂપી બંધનમાં પડીને માને આપણાથી દૂર રાખ્યાં છે.

માના ગાયનના સંબંધમાં એક કે બે વાતો કહું છું. માનો સ્વર સ્વભાવતઃ મધુર છે. સ્વર ઘણાઓનો મધુર હોય છે. પરંતુ માનું ગાયન એવા એક ભાવની સૃષ્ટિ કરે છે, કે આપણાથી આકર્ષાયા વિના રહેવાતું નથી. મા જ્યારે પોતાના ભાવમાં ગાવાનું શરૂ કરે છે ત્યારે સ્વરમાં કેની એક માદકતાનો અનુભવ થાય છે. બીજી એક પણ વાત ધ્યાનમાં રાખવા જેવી છે. માએ કયાંય સંગીતનો અભ્યાસ કર્યો નથી, છતાં પણ આવું સ્વરજ્ઞાન કયાંથી આવ્યું? ગળું પણ આવી રીતે દરેક સૂરમાં કેની રીતે મળતું આવે છે. આવી રીતના સ્વાભાવિક સૂર અને તાલનું જ્ઞાન, ભાવની વ્યંજના, પ્રાણોમાં આકર્ષણ પેદા કરવાવાળી સ્વરની મૂર્ચ્છના, એક શબ્દમાં એવું મીઠું ગાયન કયાં મળે તેમ છે?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક વાર માના ગળાનો અવાજ લેવા માટે માનાં ગાયન અને વાતચીતની રેકર્ડ લેવાનો પ્રયત્ન થયો હતો. મા તે વખતે કલકત્તામાં હતાં. રેકર્ડિંગ માટે માને કલકત્તા લઈ જવામાં આવ્યાં. પૂર્વ કોઈ પણ જાતની તૈયારી વિના માને બેસાડીને ગાયન ગાવાનું કહેવામાં આવ્યું. પ્રશ્નોત્તરમાં માની વાતચીતની પણ રેકર્ડ લેવામાં આવી છે. એ દિવસમાં દશ રેકર્ડો લેવામાં આવી હતી. પાંચ બગડી ગઈ છે, પાંચ સારી છે. એક વખત ગાયન ગાતી વખતે મા ખૂબ હસવા માંડ્યાં હતાં. બીજા બધા લોકોએ માને હાથ જોડીને હાસ્ય રોકવા માટે ખૂબ વિનંતી કરી હતી, કે જેથી રેકર્ડ બગડી ન જાય. આમ કહેવા છતાં પણ, મા વધુ હસવા લાગ્યાં. બીજા લોકો પણ હાસ્યથી લાલ થઈ ગયા. માએ કહ્યું, "તમે લોકો પાગલને પકડી લાવ્યા છો." આ શબ્દો પણ રેકર્ડ થઈ ગયા. આ રેકર્ડ ખૂબ સુંદર થઈ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય સાતમો

માની સાથેના વાર્તાલાપનો સંક્ષિપ્ત સારાંશ

એક વખતે રાત્રે મા ભક્તો આગળ જૂની વાતો કહે છે. એક વખતે જ્યારે મા સોનાનાં ઘરેણાં પહેરતાં હતાં, તે વખતની આ વાત છે. ઘરેણાં ઘણી વખત નીકળી પડતાં, તેનું માને ભાન પણ રહેતું નહિ. જેના હાથમાં જે આવતું તે લઈને માને આપી દેતા. એક દિવસે એક સ્ત્રીએ કહ્યું, "હું માના હાથની ચૂડી લઈશ." એમ કહીને માના હાથમાંથી સોનાની ચૂડી કાઢવા માંડી. મા તે વખતે એકલાં જ હતાં. એવામાં લોકો આવી પડ્યા. લોકોએ હોહા મચાવી દીધી. પરંતુ મા બોલ્યાં :—

"તેને એ લેવા દો ને! ફૂલની માળા જ્યારે કોઈ ને આપવામાં આવે છે ત્યારે તો કોઈએ કંઈ બોલતું નથી!"

* * * *

એક સદ્‌ગૃહસ્થ માની પાસે આવીને પ્રશ્નો પૂછે છે.

સદ્‌ગૃહસ્થ:—"મા, તે દિવસે તમે મને ગાયત્રીજપ કરવાનું કહ્યું હતું, તેનું કારણ શું?"

મા:—"જુઓ, તમે જનોઈ પહેરી રાખી છે. કોઈ આવીને જો તમને પૂછશે કે, 'તમે કઈ જાતના છો' તો તમે બોલશો, 'હું બ્રાહ્મણ છું.' તેથી બ્રાહ્મણનાં થોડાંક કર્મો પણ રાખવાં જોઈએ ને?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તમારે ફળ તરફ દૃષ્ટિ રાખવાની જરૂર નથી. ઝાડે ફળ થાય કે ન થાય, પણ તમે રોજ થોડું થોડું પાણી રેડ્યે જજો. એક દિવસ જરૂર એવો આવશે, કે તમે પાણી રેડ્યાનો ઉપકાર સમજશો. કદાચ એમ પણ બને કે સરસ કાર્ય કરવાની ઇચ્છા પણ થશે. રોજ એક એક અધેલો જમા કરવા માંડીએ તો અંતે ઘણું એકઠું થશે.

મારી પાસે ઘણા લોકો તેમના છોકરાઓ લઈને આવતા. બધા કહેતા કે, "જુઓ, મા, બ્રાહ્મણના દીકરાઓ થઈને સંધ્યા પણ કરતા નથી." હું તેઓને કહેતી, "ઠીક થાય છે. તેઓનો કંઈ દોષ નથી. દોષ તમારો જ છે. તમે લોકો જ્યારે છોકરાઓને ભણાવો છો, ત્યારે છોકરાઓ ઠીક પછીથી પૈસા કમાશે, એવું સમજીને ભણાવો છો, તેઓ પણ સમજતા હોય છે, કે અમે આટલા સારૂં જ ભણીએ છીએ. આથી જ તેઓ સારી રીતે ભણે છે, પરંતુ માબાપ જનોઈ પહેરાવતી વખતે જનોઈ પહેરવાથી શું થશે તે શીખવતા નથી. તેથી છોકરાઓ કંઈ કરતા નથી, તે સારૂં જ કરે છે. માબાપોએ શીખવવું જોઈતું હતું, કે જેવી રીતે સારી કેળવણી આપની તે તેઓની સાંસારિક હિસાબે ફરજ છે, તેવી જ રીતે રોજ કંઈક ભગવાનનું કાર્ય કરાવવું, આધ્યાત્મિક કાર્ય કરવાનું બતાવવું તે પણ તેઓનું કર્તવ્ય છે."

મા આવી રીતે જુદા જુદા ભાવે સમજાવતાં અંતે બોલ્યાં, મેં તો તમને કહ્યું હતું અને હજુ પણ કહું છું. (ગાયત્રીજપ કરવાનું) હવે કરવું ના કરવું તમારી ઇચ્છાની વાત છે."

આ સદ્‌ગૃહસ્થભાઈ બ્રહ્મચારી હતા. આચારવિચાર માનીને ચાલી શકે તેમ ન હતા. માએ કહ્યું, "તમારાથી જે બીજો કોઈ નિયમ પાળી ન શકાય તો ચાલશે, પરંતુ જ્યાં રહો ત્યાં ગાયત્રીમંત્રનું નિત્ય સ્મરણ કરજો અર્થાત્ ધ્યાન કરજો."

* * * *

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લક્ષ્મીબાઈના બહેન માતાજી સાથે બાનગી વાતો કરતાં હતાં. ઘરમાં હું એકલો જ હતો. (માતાજીની વાતચીત હિંદીમાં ચાલતી હતી).

લક્ષ્મીબાઈનાં બહેન :—"મા, જપ કેટલા કરવા જોઈએ?"

મા :—"જેટલા જપ વધારે કરી શકો તેટલું સારું. એનાથી મિથ્યાલાપ ઓછો થશે."

લ૦ બહેન :—"મા, ધ્યાન કેવી રીતે કરું?"

મા :—તમને ધ્યાન કેવી રીતે કરવું ફાવે?"

* * * *

લક્ષ્મીબાઈનાં બહેન રડતાં રડતાં માને કહે છે, "મા, સંસાર બરાબ લાગે છે."

મા :—"તમે તો હજુ સંસારનો ત્યાગ કરી શકતાં નથી. સંસારમાં રહીને જ જે કંઈ કરવાનું હશે તે તમારે કરવું પડશે. જ્યારે સંસારમાં રહેવાનું થાય ત્યારે ધર્મથી સંસાર કરવો જરૂરી છે. સેવાવૃત્તિથી જ રહો, તે જ (ભગવાન) કર્મરૂપે તમારી પાસે પ્રકાશે છે. જેવી રીતે પાન બાતાં બાતાં તમે તમારું કામ કરો છો, તેવી રીતે જ સંસારમાં રહેતાં ભગવદ્‌કાર્ય કરો."

* * * *

માએ મણિલાલની છોકરીને ગાયન ગાવાનું કહ્યું. તેણે બૂબ સુંદર કંઠથી એક હિંદી ભજન ગાંયું.

મા :—"અભ્યાસયોગ ગીતામાં છે. અભ્યાસયોગની દ્વારા ક્રમે ક્રમે સદ્‌ભાવ ફૂટી ઊઠે છે. ભૂલ કરવાનું ભૂલી જવાય ત્યારે જ ઠીક થાય!"

મા :—(મણિલાલની કન્યા પ્રત્યે) "તમારું નામ શું?"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છોકરી :—" ચંદનબાળા."

મા :—" ચંદન શા કામે લાગે, તને ખબર છે? "

છોકરી :—" ભગવાનની પૂજામાં કામે લાગે."

મા :—" તું પણ એવું જ ચંદન છું, કે જે ભગવાનની પૂજામાં લાગે." (ગંગાચરણ બાબુ અને મણિલાલ પ્રતિ) આ બધાં નાનાં નાનાં બાળકોમાં સદ્‌ભાવ કેળવાય તે ઉચિત છે, કારણ કે બાલ્યાવસ્થામાંથી જ સત્સંગ, સદ્‌ભાવમાં રહેવાથી ક્રમે ક્રમે આ તરફ જતાં શીખશે. બાળકોને શિક્ષણ આપવાનું કામ માબાપોનું છે. આવી રીતના શિક્ષણની ખાસ આવશ્યકતા છે, કે સંસારના ભોગોમાં સાચી તૃપ્તિ નથી, એટલું જ નહિ પણ રાજમહારાજા થવાય તોપણ નથી. હું નાનાં બાળકો માટે પાંચ નિયમો બતાવું છું :—

(૧) ભગવાનની હંમેશાં પ્રાર્થના કરો.

(૨) માબાપની આજ્ઞાનું પાલન કરો.

(૩) અભ્યાસ કરો.

(૪) સત્ય બોલો.

(૫) ત્યારબાદ તોફાન કરી શકો. (મણિલાલની છોકરી પ્રત્યે), " બોલ તો, શું શું કરવું યોગ્ય છે? "

ગંગાચરણ બાબુ :—" મા, અમને તો કંઈ કહો. નાનાં બાળકો માટે તો બોલ્યાં."

મા :—" તમે લોકો નોકરી કરો છો. તેથી એક સ્થાને રહેવું પડે છે, નિયમિત કાર્ય કરવું પડે છે. આ ભાવે રહેતાં મહિને મહિને પગાર મેળવો છો અને આમ નિર્દિષ્ટ સમય થઈ ગયા પછી પેન્શન મેળવો છો. આવી રીતે એ ભાવે ભગવાનનું કાર્ય કરો તોયે પેન્શન મળે, હાં કે?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કૃપા અનુભવવા માટે પોતાના ઉપર જ કૃપા કરો. આપણે કેટલીયે વાતો સાંભળીએ છીએ, પરંતુ સાચી રીતે કથા સાંભળાય છે જ ક્યાં? જ્યારે કાર્યમાં પ્રકાશ થાય ત્યારે જ ઠીક ઠીક કથા સાંભળી કહેવાય.

ભગવાન તરફ લક્ષ્ય રાખીને ચાલો.

સત્સંગ કરવો જોઈએ, કારણ સત્સંગનો એક પ્રભાવ છે, પછી તમે તેનો અનુભવ કરો કે ના કરો.

તડકામાં ફર્યા પછી ઝાડની છાયામાં બેસવાથી તેનો પ્રભાવ પડશે જ; ઠંડક લાગશે, પરંતુ મનમાં કંઈક ખરાબ વિચારો હશે તો કદાચ તમે તે પ્રભાવને સમજી ના શકો તેમ પણ બને.

આપણે પોતે જ કંઈક કરવું પડશે. સામે કોઈ ખાવાનું આપી જાય, તો છેવટે આપણે મોંમાં તો મૂકવું જ પડશે."

એક ભક્ત સ્ત્રી :—"મા, જેનામાં પોતાની કંઈ જ શક્તિ ન હોય તે શું કરે?"

મા :—"આ જે તમે કહ્યું કે, 'જેનામાં કંઈ શક્તિ નથી તે શું કરે'—આ બોલવાની શક્તિ ક્યાંથી આવી? આ શક્તિની દ્વારા જ જપ અથવા ભજન તો કરી શકો ને?"

મા બાલાનંદ આશ્રમમાં (દેવઘર, બિહાર) ગયાં છે. સાંજનો વખત છે. માને અનેક પ્રશ્નો પુછાવા લાગ્યા. માએ પણ સુંદર સુંદર જવાબો આપવા માંડ્યા. જેટલું સ્મરણમાં રહ્યું છે તેટલું લખું છું.

મા :—"તે એક ભગવાનના જ અનંત ભાવો અને રૂપો છે."

મોહનાનંદજી :—"જો ભગવાન એક જ હોય તો અનંત થાય કેવી રીતે? એક હોવા છતાં બહુ થાય કેવી રીતે, તે સમજાતું નથી."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા :—" સમજવા માટે તો આ સાધુનો વેષ લીધો છે, આ પંથે જાઓ છો. તમે જે પૂછો છો તે મુખથી સમજાવી શકાય તેમ નથી. આપણામાં ધ્વૈતબુધ્ધિ (ભેદની બુદ્ધિ) રહી છે, તેથી આ બુદ્ધિની દ્વારા જેટલા તમે ભગવાનને સમજવા જશો, પકડવા જશો, તેટલા જ ફરીને પાછા આવશો."

મોહનાનંદજી:— " તો પછી ભગવાનને બે આંખો આપી શા માટે ? "

પ્રાણગોપાલબાબુ આ પ્રશ્નોના જવાબ આપતાં બોલ્યા, " બે આંખો છે ખરી, પરંતુ બે આંખો બે વસ્તુને દેખતી નથી. એક વસ્તુને જ દેખે છે."

મા સદા હાસ્યમયી છે. હસતા મુખે કોઈ વખત હા ! હા ! કરીને હાસ્યની લહરી અહીંતહીં વિક્ષિપ્ત કરીને ભેગા થયેલા ભક્તોના મનમાં અનુરૂપ તરંગોની સૃષ્ટિ કરીને, મધુર ભાવે વાતો કરે છે. બધા ઊંચી ડોકે આતુરતાથી માને સાંભળી રહ્યા છે. બધાંનું એક લક્ષ્ય, એક દૃષ્ટિ છે.

મા : —" હા, આંખો બે છે ખરી, પરંતુ જુએ છે એકને જ. વળી દેખો, આપણે એક એક પગલું ભરીને ચાલીએ છીએ, કોળિયે કોળિયે ખાઈએ છીએ, સર્વ સમયે એક જ ભગવદ્‌તત્ત્વ રહ્યું છે."

મોહનાનંદજી :—" મા, બે આંખે એક વસ્તુ દેખાય છે તે ખરું, પરંતુ આંખને એક બાજુએ દબાવવાથી બે છબીઓ દેખાય છે."

મા :—" એકમાં જ અનંત ભાવો રહ્યા છે, એમ કહેવાય છે ને ? વળી દેખો, આપણે બહુત્વની અંદર રહ્યા છીએ ખરા, પરંતુ અંદરમાં તે પરમ તત્ત્વ રહ્યું છે. એની અંદર રહીને જ આપણે તે અખંડ ભાવને મેળવી શકીએ છીએ. જુઓને, મન અખંડ આનંદમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તૃપ્તિ લઈને રહી શકે, પરંતુ તેમ થતું નથી. સર્વદા તે અખંડ આનંદને જ ચાહે છે. બિલકુલ તેમાંથી કંઈ બાદ જતું નથી. તેની અંદર જ આપણે બધા અખંડ છીએ, તે સરસ રીતે સમજી શકાય તેમ છે.

બાહ્ય કર્મોથી અભાવની નિવૃત્તિ થઈ શકે નહિ. આ બધાં અભાવનાં કર્મો છે. અભાવના કર્મોનો સ્વભાવ જ એવો છે, કે સદા–સર્વદા અભાવને જાગૃત કરી રાખવો. તેથી જ સ્વભાવનાં કર્મો કરવાના હોય છે. એવું બંધન લેવું જોઈએ કે જેથી સર્વ બંધનો નષ્ટ થઈ જાય. બાહ્ય દૃષ્ટિ, બાહ્ય ભાવો ઓછા કરીને અંતર્મુખી થવું જોઈએ."

મોહનાનંદજી:—"શું બહાર તે નથી? બહારની વસ્તુને બાદ શું કરવા કરો છો? અંતરમાં તેને (ભગવાનને) મેળવવાની ચેષ્ટા કરવી ઉચિત નથી શું?"

મા :—"પ્રથમ અંતર્મુખી બનીને, ભગવદ્‌ભાવ લઈને રહેવાનો પ્રયત્ન કરતાં કરતાં એવો એક સમય આવશે, કે જ્યારે ફક્ત અંદરમાં જ નહિ, પરંતુ બહાર અને અંદર એ જ ભાવ આવીને ખેંચી જશે. વળી વાસ્તવિક રીતે બહાર અને અંદર જેવી કોઈ વાત જ નથી."

કોઈ વાતમાં મોહનાનંદજીએ માને પૂછ્યું, "આપ તો પૂર્ણ છો."

માએ જવાબ આપ્યો, "પૂર્ણ, શું તમને બાદ કરીને?"

એક ભક્તના પ્રશ્નના ઉત્તરમાં માએ કહ્યું, "જીવ આ જે સત્કર્મ અસત્કર્મ કરે છે, તેનું કારણ આવી રીતે કરવાનો જીવનો સ્વભાવ છે. આપણે માટે યોગ્ય રસ્તો એ છે, કે ઇચ્છાશક્તિની સહાયથી તેને મેળવવા માટે કામે લાગી જવું. આપણામાં ઇચ્છાશક્તિ રહી છે, ઇચ્છા કરીને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપણે બધાં કામો કરીએ છીએ; પરંતુ આ વેળાએ જો આપણે કહીએ કે ભગવાન શા માટે કરાવતો નથી તો તે કહેવું શું ઠીક છે? ઇચ્છાની દ્વારા ગમે તે પ્રકારે ભગવદ્પ્રવાહમાં પડ્યા એટલે પત્યું, પછી ચિંતાની જરૂર નથી. તે આપમેળે જ પ્રવાહમાં ખેંચીને લઈ જશે."

એક વૃદ્ધે માને પ્રશ્ન પૂછ્યો, "મા, અભિમાન કેવી રીતે જાય?"

મા :—"જ્યાં સુધી જગતની અંદર રહેવાનું હોય છે ત્યાં સુધી અહંભાવ જવા ચાહતો નથી. તેથી જ અહમ્ને (ભગવાન) તરફ લગાવવાનો હોય છે. 'હું તેની જ ચિંતા કરીશ, હું તેનો જ નામજપ કરીશ' આવી રીતનો ભાવ રાખવો જોઈએ. 'હું, હું' કરતાં કદાચ 'તમે' ચાલ્યું જશે. જો એમ ના થાય તો 'તમે, તમે' કરતાં 'હું' ચાલ્યું જશે. કોઈ એક વસ્તુને લઈને રહેવું જોઈએ."

એક સ્ત્રીએ માને પ્રશ્ન પૂછ્યો, "ગુરુ ના કર્યા હોય તો શું ચાલે નહિ?"

મા :—શિક્ષણ પોતાની મેળે લઈ શકાય ખરું, પરંતુ શિક્ષક જ્યારે છણી છણીને શિખવાડે ત્યારે જ ઠીક થાય.

અર્થ વગરના નામજપ કરવાથી મન ખરાબ થઈ જાય, મનમાં અશાન્તિ આવે. એ હિસાબે ભગવાનનું જે કોઈ પણ નામ લેતાં મનમાં શાન્તિ આવે તે ઠીક વાત છે. જમીન તો સાફ કર્યે જાઉં છું, પરંતુ બીજ મળતું નથી. તેથી જ ભગવાનનું નામ ગમે તે રીતે લ્યો, છતાં ય તેનો ઉપકાર છે."

ભક્ત :—"ગુરુને ભગવાન કહેવાનું શા માટે કહેવામાં આવે છે?"

મા :—"તે તે જ છે ને! તેથી જ એમ કહે છે. એક ભગવાન જ તો ગુરુ છે."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભક્તઃ—" ઠીક, ગુરુ જો ભગવાન જ છે, તો જે દીક્ષા આપે છે તેને શા માટે ભગવાન કહેવામાં આવે છે."

મા :—" તેનું તત્ત્વ એક માત્ર તેના સિવાય કોણ પ્રકાશ કરી શકે તેમ છે? એક માત્ર તે તે જ છે. તેથી જ જ્યારે ગુરુ કહો ત્યારે એમનામાં મનુષ્યબુધ્ધિ નહિ રાખતાં ઈશ્વરબુધ્ધિ રાખવી જોઈએ. પથ્થર બોલવા જતાં શિવ કહેવાય નહિ અને શિવ કહેવા જતાં પથ્થર કહેવાય નહિ. આવરણો પડ્યાં છે એટલે જ દેખાતું નથી. આ આવરણો ગુરુની શક્તિથી, ગુરુની દયાથી કપાઈ જાય છે."

વાતો ચાલતી હતી. એવામાં કોઈ તેના મામા (અથવા મામી) સંબંધમાં કંઈ વાતો કરે છે, તે વાતો માને કાને પડતાં માએ કહ્યું,

" આ જે મામામામીના સંબંધો છે, તે શ્વાસપ્રશ્વાસ ચાલે છે, ત્યાં સુધીના જ. ઘર પણ શ્વાસપ્રશ્વાસનું જ ઘર છે. બીજા સંબંધો પણ તેવા જ છે. શ્વાસ ચાલ્યો જતાં કોણ કોના મામા અને કોણ કોની મામી? આ બધું મિથ્યા છે. આ વસ્તુ સ્થાયી નથી, બધું અસ્થાયી છે. જેવી રીતે સૂર્યોદય થાય છે, સંધ્યા આવે છે, રાત્રિ આવે છે; એવી રીતે એક પછી એક બધું પરિવર્તન થયે જાય છે. જ્યારે તમે એન્જિનગાડીમાં બેઠા હો છો, ત્યારે એમ લાગે છે, કે જાણે બધું એમનું એમ છે પરંતુ ખરી રીતે આપણે તો કેટલાયે માઈલો આગળ ચાલ્યા ગયા હોઈએ છીએ.

પોતપોતાનો રસ્તો દેખો, અપના અપના પથ દેખો. આપણા ઘરની (મૂળ ઘરની) ખબર કાઢની જોઈએ. ત્યાં કોઈ પુરુષ પણ નથી, કોઈ સ્ત્રી પણ નથી."

ભક્તઃ—" તેણે બધાંને રમકડાં આપી રાખ્યાં છે."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : —" રમકડાં તો મા ઘણી જાતનાં હોય છે. તે કેટલા પ્રકારે ખેલ કરી રહ્યો છે! તેની લીલા, તેના ખેલોનો વિચાર તો કરો. તે ખેલને સમજવા પ્રયત્ન કરશો, તો એ ખેલો સમજતાં આ બધાં ખેલો (સાંસારિક ખેલો) ઉઘાડા થઈ જશે."

'આ તો મારાથી થતું નથી' એમ શરીર ઢીલું કર્યે ચાલશે નહિ. જે દિવસ જાય છે તે પાછો આવતો નથી. એક એક મિનિટ કરીને સમય ચાલ્યો જાય છે.

ખેલોની અંદર રહીને ખેલોને ભાગવા પડશે. જે ખેલોની અંદર રહીને ખેલો ભાંગી શકાય તેવા ખેલો ખેલવા જોઈએ. તમે લોકો કપડાંને સાફ કરવા સાબુ લગાવો છો ને? પરંતુ સાબુ પોતે જ મેલો છે; તેથી જ સાબુ ઘસ્યા પછી પાણી વડે સાફ કરીને સાબુ કાઢી નાખવો પડે છે. એંઠા વાસણને માટી અથવા રાખ લઈને માંજવામાં આવે છે. શરીર પણ તેવું એક વાસણ જ છે ને?

ભગવાનનું નામ આંબલી જેવું છે. જેટલું જેટલું વધારે નામ કરો તેટલું જ વધારે ચિત્ત શુદ્ધ થશે. આંબલીથી વાસણ સાફ થાય છે. વાસણ સાફ થતાં તેમાં સ્પષ્ટ દેખાય છે.

ભગવન્નામ કરવું એટલે માંજવું. માંજવાથી સ્વરૂપ દેખી શકો. આવી રીતે જ્ઞાન આવે. જ્ઞાનગંગા આવીને કચરાને ધોઈ નાખશે. કર્મબર્મ વગેરે જે કંઈ હશે તે બધું સાફ થઈ જશે.

સંસારની અંદર જે દેખાય છે, તેમાં તે જ (ભગવાન જ) રહ્યો છે. (અર્થાત્ જગતતત્ત્વ એ જ પરમાર્થ તત્ત્વ છે).

એક ભક્તે વાતવાતમાં પૂછ્યું, "તેમાં ખરાબ શું છે?"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા :—" ખરાબ છે જ ક્યાં ? બધું જ સરસ છે. પરંતુ આપણો ભાવ ખરાબ છે. ખરાબ દૃષ્ટિ જ ખરાબ છે. વળી પાછું એક જગ્યાએ (અવસ્થામાં) જતાં ખરાબ કે સારૂં એવું કંઈ જ રહેતું જ નથી."

એક વખતે કથાપ્રસંગે માએ કહ્યું, " ભગવન્નામજપ કરવો એ પણ સત્સંગ છે. ભગવદ્‌પાઠ, જપ, કીર્તન, ભગવદ્‌ચર્ચા—આ બધું સત્સંગની અંદર આવી જાય છે. નામજપની અંદર જ સર્વ કંઈ છે. નામજપ કરતાં કરતાં સર્વ આવી જશે. કોઈ વસ્તુમાં મીઠું ન હોય તો સારૂં લાગતું નથી ને ? મસાલાવાળી વસ્તુઓ સારી લાગે છે ને ? તમે લોકો કહો છો, ' એટલું બધું સારૂં લાગ્યું કે ખૂબ ખાઈ નાંખ્યું,' આવી રીતે થવું જોઇએ. ભક્તિ, શ્રધ્ધા ના હોય ત્યાં સુધી રસ આવે નહિ."

ભક્ત :—કેટલાંયે વિઘ્નો આવે છે, શું કરીએ ?

મા :—કેટલાંયે વિઘ્નો આપણે નવાં નવાં ઊભાં કરીએ છીએ ! આપણે જ વિઘ્નો પેદા કરીએ છીએ. મનમાં ખ્યાલ રાખવો જોઈએ કે, ' ગમે તેટલાં વિઘ્નો આવતાં હોય તેટલાં આવો,' હું મારા નિશ્ચયમાંથી ડગીશ નહિ, જ્યાં સુધી દેહત્વની બુધ્ધિ નહિ જાય ત્યાં સુધી કશો ય પ્રકાશ થશે નહિ.

તેની ઉપર જ્યારે મન એકાગ્ર થશે ત્યારે દેહનું કંઈ ભાન નહિ રહે. મન જ્યારે દેહમાં ન હોય ત્યારે તે (ભગવાન) પાસે છે. જેટલું દેહમાં મન જાય તેટલો જ તે દૂર છે. શરીરના ભોગો પણ ભોગવવા છે અને ભગવાનને પણ મેળવવા છે, આ બન્ને કેવી રીતે બને ?

ભગવાન જ સર્વ રૂપે ખેલો કરે છે, તે તદ્દન સત્ય વસ્તુ છે. તેનું તમને જ્ઞાન નથી. આ બધા તેનાં જ ખેલો છે. તે ખેલોને સમજવા માટે જ પૂજા, પાઠ, ભગવદ્‌ચર્ચા વગેરે ખેલો કરવા જોઈએ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હંમેશાં મનમાં રાખજો કે 'થતું નથી' એ "આપણી ત્રુટિ છે. તે તો સર્વત્ર વ્યાપ્ત રહ્યો છે. આપણા ઉપર જય કરવો હોય તો 'હું'ની દ્વારા જ આપણા ઉપર જય કરી શકાય. 'હું' ના ઉપર જોર દો. 'હું તેને પુકારીશ જ,' 'હું તેની પૂજા કરીશ જ.'"

આ કાને સાંભળ્યું અને આ કાનેથી નીકળી ગયું, એમ કર્યે ચાલશે નહિ. એક વાત તો આપણે સાંભળની પડશે. તો જ આપણે એકને મેળની શકીશું. કેટલુંયે જ્ઞાન આપણે પુસ્તકમાં મેળનીએ છીએ. તેમાંથી ગમે તે પસંદ કરીને સંકલ્પ કરવો જોઈએ. ધર્મગ્રંથોના પાઠ કરવા જોઈએ તેમ જ સાંભળવા જોઈએ. મનની ગતિ તો સર્વ સમયે એક પ્રકારની હોતી નથી. કયા સમયે, કયા સ્તરે મન કયાં ચાલ્યું જાય છે, તે જ્યારે સમજવાની શક્તિ આવે ત્યારે સમજાય. કયા સમયે મન કયાં નાસી જાય છે, તેનું કંઈ ઠેકાણું હોતું નથી."

સાંજનો સમય છે. માની પાસે કેટલાક બ્રાહ્મણ પંડિતો માનાં દર્શન કરવા આવ્યા છે. એક જણ આગળ આવીને માની સાથે વાર્તાલાપ શરૂ કરે છે. બધા મુગ્ધ થઈને સાંભળી રહ્યા છે.

મા :—"પિતાજી, કયાંથી આવ્યા?"

બ્રાહ્મણ :—"એક જગ્યાએ આપદ્‌શાંતિ માટે સ્વસ્તયન કરી આવ્યો."

મા અજ્ઞાનવત્ બાળકની માફક પ્રશ્ન કરે છે, "પિતાજી, આ બધું કરવાથી, શું કાર્ય થાય બરૂ?"

બ્રાહ્મણ :—"હા, મા, યોગ્ય રીતે કરવામાં આવે તો જરૂર થાય. જેઓ ઉચ્ચ સાધક હોય છે, તેઓ તો વધારે સારી રીતે ક્રિયા કરી શકે."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અભિજ્ઞ પિતાની સાથે ક્ષુદ્ર બાલિકા જેવી રીતે વાતો કરે, તેવી રીતે મા વાર્તાલાપ કરે છે. નાના બાળકની માફક લાડ કરતાં, વિનયસહિત પ્રશ્નાદિ કરીને બ્રાહ્મણને ખૂબ મોટોભા કરે છે અને પોતાને નાની કરે છે. (બ્રાહ્મણ પોતાને નાનો સમજે છે અને માની સાથે વાતો કરતાં શરમાય છે, તેથી જ વાતો કરતાં માનો વિનયની સાથે લાડ કરવાનો ભાવ પ્રકાશ થાય છે.)

તેથી બ્રાહ્મણે કહ્યું, "આપનાં દર્શન કરવા માટે તો કેટલાંયે માણસો આવે છે, મને જોવા માટે તો કોઈ એ આવતું નથી."

મા :—"પિતાજી, સાંભળો, આ છોકરી તરફ લોકો હેતભાવ રાખે છે, એટલે આવે છે. એ બધા લોકો આ છોકરીને પોતાની છોકરી સમજીને સ્નેહ કરે છે, એટલે જ આવે છે. કહેવત છે ને—'મારા પ્રાણની માફક ચાહું છું.'

ભાવની સાથે જેનો મેળ હોય તેને સારૂં લાગે. તેથી જ બધા લોકો જે અહીંયાં આવે છે, હું કહીશ કે તેઓ પોતાની જ પાસે આવે છે."

બ્રાહ્મણ :—"કોઈ મારી પાસે તો આવતું જ નથી."

મા :—"હું તો કહીશ જ, કે તમારી પાસે આવે છે, કારણ તમે અને હું શું જુદાં છીએ?"

બ્રાહ્મણ :—"આપ ઊંચા સ્તરનાં છો અને હું નીચેના સ્તરનો છું. તેથી જ આપ પાસે લોકો આવે છે."

મા :—"પિતાજી, આમ કહેશો નહિ, નહિતર વળી ક્યાં ય અભિમાન વધી જશે."

સકામ અને નિષ્કામની વાતો નીકળી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બ્રાહ્મણ :—"નિષ્કામ કર્મ થઈ શકે જ નહિ. ઈશ્વરપ્રીતિથી જે કર્મો કરવામાં આવે છે, તેને જ નિષ્કામ કર્મ કહેવાય છે, પરંતુ તે પણ એક પ્રકારની કામના જ છે."

મા :—"હા, કામના છે ખરી, પરંતુ જે કામનાથી સર્વ કામનાઓ નષ્ટ થઈ જાય તેની કામના છે."

એક ભક્ત :—"સંખ્યાજપ ન રાખતાં સદાસર્વદા જ જપ કરીએ તો કેની રીતે થાય?"

મા :—"વાહ, અજપાજપની તો આપણને જરૂર છે. સર્વાવસ્થામાં શ્વાસપ્રશ્વાસ તો ચાલે છે, જપ પણ જો તેની સાથે જ ચાલવા લાગે તો સરસ થાય."

નામજપ અને બીજમંત્ર વચ્ચે પાર્થક્ય શું, એ વિષય ઉપર વાતો ચાલવા લાગી. માએ પંડિતજીને નામજપ અને બીજમંત્રના પાર્થક્ય વિષે પ્રશ્ન પૂછ્યો. પંડિતજીએ એક પ્રકારે સમજાવ્યું. માએ પણ આ સંબંધમાં કેટલીક વાતો કહી.

"(સંક્ષિપ્ત)"

"નામજપ જો કરી શકાય તો તેનો આંતરિક ભાવ જ નામીનાં દર્શન કરાવશે, કારણ તે (ભગવાન) તો ભાવગ્રાહી છે. સંપૂર્ણ રીતે તેનું નામ લેતાં જ બધું આપમેળે થયે જ જશે. ગ્રંથિ વગેરે જે કંઈ ખૂલવાનું હશે, તે ખૂલી જશે.

નામજપ કરતાં કરતાં બીજમંત્ર સ્ફુરિત થઈ શકે અને આ ભાવે સાધકને અગ્રેસર કરી શકે. (એમ દેખાય છે)."

* * *

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"આપણામાં પટ્ચક્ર અને ગ્રંથિઓ વગેરે જે કંઈ રહ્યું છે તે, આપણે જો બીજમંત્રનો જપ કરીએ તો બીજમંત્રના ઉચ્ચારણની સાથે સાથે જ તે બધું ઝણીઝણી ઊઠશે. દેખોને, બીજમંત્રમાં સર્વ કંઈ રહ્યું છે—અનુસ્વાર, વિસર્ગ, જોડાક્ષર વગેરે બધું. બીજમંત્રનો યોગ્ય રીતે ઉચ્ચારણ કરી શકાય તો ગ્રંથિ ખોલવાનું કાર્ય થઈ શકે.

ટૂંકમાં નામજપની દ્વારા ગ્રંથિઓ ખોલવાનું કાર્ય થાય છે, પરંતુ તેમાં વિગલિત ભાવ રહે છે અને બીજમંત્રની દ્વારા ઝંકારથી ગ્રંથિ ખોલવાનું કાર્ય થાય છે."

મા વૃદ્ધ બ્રાહ્મણ સાથે કેવી રીતે વાતો કરે છે, તે લખું છું. માની વાતો કરવાની ઢબ નાનાં બાળક જેવી છે. પરંતુ આમાં ખૂબી એ છે, કે મા આ વાતોમાં જ એવા ઊંચા તત્ત્વોની વાતો કરે છે, કે જેની ધારણા કરવી પંડિતને માટે મુશ્કેલ છે.

જ્યારે મા પ્રશ્ન પૂછે છે ત્યારે બોલે છે, "છોકરી જેવી રીતે પિતાજી પાસે લાડ કરીને પ્રશ્નો પૂછે તેવી રીતે હું પ્રશ્નો પૂછું છું."

કોઈએ પ્રશ્ન પૂછતાં, માએ કહ્યું, "આ બધી વાતો પિતાજી બોલે તો જ સારું. હું શું બોલું ? હું તો ગાંડુંઘેલું, જેવું તેવું બોલું છું. હું કંઈ શાસ્ત્રબાસ્ત્ર જાણતી નથી, લખવાનું યે જાણતી નથી અને ભણવાનું પણ ભણી નથી."

વૃદ્ધ કંઈક સંસ્કૃતમાં બોલવા લાગતાં, માએ કહ્યું, "પિતાજી, આ તમારી છોકરીને તમે સંસ્કૃત બોલતાં ક્યારે શિખવાડ્યું હતું ? પિતાજી, બંગાળીમાં જ બોલોને !"

માના નાની બાળકી જેવા માધુર્યપૂર્ણ દ્રવીભૂત ભાવથી બધા મુગ્ધ થઈ જાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા :—"જુઓ, જો, 'તે'મય ભાવ (ભગવદ્‌મુખી ભાવ) થઈ જાય તો તમે ભલેને ગમે તે નામથી તેને પુકારો, તેનાથી કાર્ય થશે. 'ઝાડ, ઝાડ,' કહીને પુકારશો તોપણ તે ઝાડમાંથી તે જ ચૈતન્ય-સત્તાનું સ્ફુરણ થશે, કારણ એક માત્ર તે જ સર્વત્ર છે. જલ પણ તરંગાકારે રહ્યું છે. તરંગ પણ જળ સિવાય બીજું શું છે? તેથી જ તરંગમાં દૃષ્ટિ કરવાથી 'જલ'નો બોધ આવશે જ."

વાતો કરતાં કરતાં સાંજ પડી ગઈ.

* * *

એક દિવસની વાત છે. ઘરને બીજે માળે મા પાટ ઉપર બેઠાં છે. ઘરમાં અનેક માણસો છે. વાર્તાલાપ ચાલે છે.

એક જણ :—"આપની દયા થાય તો બધુંયે થાય."

મા :—"હા, આપની દયા થાય તો બધુંયે થાય. એક આપ જ છો, આપની દયા થાય તો જ થાય.

એકદમ હૉસ્પિટલમાં ભરતી થઈ જાઓ. ઔષધ તો સંગે સંગે છે જ; હવે વધારે વખત છોડી શકશો નહિ. ડૉક્ટર નિયુક્ત થઈ ગયો છે. આમ ન થાય તો કાર્ય થઈ શકે નહિ. ઘરે આવ્યા પછી ખાવામાં જ ગડબડ થઈ જાય છે. પથ્ય, પાચન પણ ઓછુંવત્તું થઈ જાય છે."

યતીશ ગુહાની માતા :—"મા, તમે વાતવાતમાં કહો છો, કે 'તે' કરશે. 'તે' કોણ, મા?"

મા :—"તેને પાસું ફેરવવાની જગ્યા નથી." (તે એવી વસ્તુ છે, કે તેના સિવાય બીજી વસ્તુ છે જ નહિ).

મા હસે છે.

યતીશ ગુહાની માતા :—"તે કેવી રીતે?"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા :—"જે પ્રકારથી દેખી શકો છો, જે પ્રકારથી દેખી શકતા નથી, આ બધા તેના જ પ્રકારો છે."

મા હસતાં હસતાં વળી બોલે છે, "તમે લોકો કઈ વસ્તુને બાદ કરશો? જે જેવી રીતે દેખવા માગે છે, જે જેવી રીતે દેખે છે, તે તેવી જ રીતે.....સમજી શકશે."

યતીશ ગુહાની માતા :—"મા, એક રીતે કે બહુ રીતે?"

મા :—"જેટલી રીતો છે, તે બધીયે. એક પ્રકાર કહો તો એક, બહુ પ્રકાર કહો તો બહુ."

યતીશ ગુહાની માતા :—"સુંદર વાત! મા, તમારી વાતો સારી લાગે છે."

મા :—"જાણે મુખને ભાવે તેવી ચટણી!"

ખુકની દીદીનાં ફઈબા માને એક જણ વિષે વાત કહે છે, "તમને સંસારી અવસ્થામાં દેખ્યાં હતાં. તમારી પાસે આવવાની ઇચ્છા છે, પણ સાહસ થતું નથી. તે ગભરાય છે, કે તમે સંસારી લોકો સાથે વાત કરો કે ના કરો કોણ જાણે?"

માએ કહ્યું, "તમે કહેજો કે તે એકદમ સંસારી છે. તમે બોલજો કે તે વખતે તમે જોયાં હતાં તેવાં જ છે, એક બિંદુ પણ બદલાયાં નથી. શરીર થોડું પહેલાં કરતાં જાડું થયું હશે. વિદ્યાકૂટ, બેઉરાટેઉરામાં મેં જઈને "માસા, માસી" નો સંબંધ ઠીક રીતે લગાડી દીધો છે. હું પહેલાં જેવી હતી તેવી જ અત્યારે છું, જેવી હતી—તેમની તેમજ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

'પહેલાં,' 'પછી,' આવી વાતો છે કે વળી ? જેમ હતી તેમજ. .....બોલાતું નથી, નહિ ? બધું બોલી શકાતું નથી."

મા હસે છે અને બોલે છે, "થોડું ઘણું કહી શકાય."

* * *

અમૂલ્યચરણ દત્તગુપ્ત અને તેમના ભાઈ અક્ષયબાબુ બેઠા છે. મા અક્ષયબાબુને લક્ષ્ય કરીને બોલ્યાં, "પિતાજી, કાને થોડું સંભળાય છે કે ?"

અમૂલ્યબાબુ :—"હા."

મા :—"અંદર અંદર, સાંભળવું સારું. બહારના કાનોથી થોડું સંભળાય તે તો સારી વાત છે."

* * *

સાંજનો વખત છે. માનો દરવાજો ખૂલ્યો છે. ઘરમાં અનેક લોકો માના દર્શનાર્થે એકઠા થયા છે.

વીરેન મહારાજ :—"મા, સંભળાય છે, કે તમારા મઠમાં કંઈ થયા છે."

મા :—"વાહ, કેટલાયે મઠો થાય છે અને જાય છે; તેને શું ? આજે મઠમાં તો બેઠા છીએ. (બધાંને બતાવીને) આજે આટલા બધા મઠો, ગણી શકશો ?

* * *

એક તરફ મઠો ભાંગે છે, બીજી તરફ પાછા તૈયાર થાય છે."

વીરેન :—"કોણ ભાંગે છે અને કોણ તૈયાર કરે છે ?"

મા :—"જેને ભાંગવાની અને નવા બનાવવાની ગરજ છે, તે ભાંગે છે અને પાછા તૈયાર કરે છે."

* * *

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા એક વૃદ્ધને બતાવતાં રેવતીબાબુ[૧] ને કહ્યું, "મેં પિતાજીને કહ્યું હતું કે, 'પિતાજી, સાકર મુખમાં રાખો. સાકર ધીરે ધીરે ગળશે અને રસ ઝરશે. એનો અર્થ એ, કે નામજપ અંદર ને અંદર રાખશો તો નામજપરસામૃતનું પાન થઈ શકશે; એટલે જ જોઉં છું કે, પિતાજી ખરેખર સાકર લાવીને ખાય છે તે સારું થયું છે. આનાથી બધાઓને, 'નામજપ મનમાં રાખવા જોઈએ' એમ યાદ રહેશે.'"

* * *

મા ભક્તો સાથે વાર્તાલાપ કરે છે. મા કહે છે, "દોડાદોડી જો કરવાની જ હોય તો તે (સત્) સંગના માટે જ જાણે થાય, તે યાદ રાખજો. જેટલું બની શકે તેટલું કરજો. જ્યાં સુધી તળાવને કિનારે છો ત્યાં સુધી જ તળાવના પાણીની હવા લાગશે."

એક વૃદ્ધ :—"અમને તો ભોગ જ જોઈએ છીએ."

મા :—"કયાં, ભોગ કોણ ચાહે છે? આપણે તો ત્યાગને જ ચાહીએ છીએ. આ ત્યાગ વસ્તુ આપોઆપ થાય છે. અસલ ભોગ જ કોણ ચાહે છે? અસલ ભોગ્ય વસ્તુ (ભગવાન)નો જ આપણે ત્યાગ કરી બેઠા છીએ.

...પિતાજી, અસલ વસ્તુ શું? ગુરુકૃપા જ સર્વસ્વ છે."

એક ભક્ત :—"શું, ગુરુને લોકોની માફક જોઈ જોઈને શોધી કાઢવા કે ગુરુ પોતે જ દર્શન આપીને કૃપા કરશે?"

મા :—"જોવાનું, શોધવાનું મન થાય છે શા માટે? યોગાયોગ શા માટે થયે જાય છે? તેથી જ હું તો કહીશ કે, "ગુરુકૃપા'થી જ."

---

૧. શ્રી રેવતીમોહન સેન, શ્રીમદ્ વિજયકૃષ્ણ ગોસ્વામી મહાશયના શિષ્ય થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક ભક્તઃ—"ગુરુના વાક્યનું પાલન કદાચ ન થઈ શકે, એ ભયથી ગુરુ કરવાની ઇચ્છા થતી નથી."

માઃ—" પથ્થર બોલીએ તો શિવ કહેવાય નહિ અને શિવ કહીએ તો પથ્થર કહેવાય નહિ. એ હિસાબે પ્રયત્ન કરવાનું પણ ગુરુની કૃપાથી જ થાય.

નાનાં બાળકો ભણે છે. થોડું કંઈ લખતાંવાંચતાં આવડતાં તમે બોલો છો, વાહ! કેવું સુંદર લખાયું છે! પછીથી જ તમે ભૂલો દેખાડો છો, ભૂલો ભૂંસી નાખી સુધારો છો. ગુરુવાક્યનું પાલન થઈ શકે કે ના થઈ શકે 'ગુરુ કરીશ નહિ,' તે કહેવું ઠીક નથી. ગુરુનો આશ્રય હું લઈશ જ. તેમના વાક્યનું પાલન ન થઈ શકે, તો ગુરુશ્રી પોતે જ તદ્નુસારી તમને બનાવી દેશે.

.....દુર્બળતાનો આશ્રય લેતા નહિ. આશ્રય લેવો જ હોય તો સબળતાનો આશ્રય લેજો."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાય આઠમો

મા

જે કથા બોલવા જઉં છું, તેનો વિષય શું છે? મા! એ કોણ મા? જ્યાંથી પિતા, માતા અને સર્વ કંઈનો પ્રકાશ થાય છે. જે સ્વયં પિતા અને માતા બન્ને છે, જે સર્વ કંઈ છે, તે મા. વળી પાછું જ્યાં પિતા અને માતાનો પ્રશ્ન જ નથી, જ્યાં કોઈ પણ જાતનો પ્રશ્ન હોતો નથી, તે મા! આ તેમની જ કથા છે. વિશ્વના અનંત વૈચિત્ર્યથી જેમનો મહિમા નયનગોચર થાય છે, તેમની આ કથા છે. જેમના અલંઘ્ય વિધાને જીવ સુખદુઃખના પ્રવાહમાં વહ્યા કરે છે, તેમની આ કથા છે. જીવ શોકના, દુઃખના તાપથી તપિત થઈને જેમના મુખ તરફ ચાહે છે, શરણાગત થઈને જ્યાં આશ્રય માગે છે, તેમની આ કથા છે. વળી જીવના દુઃખે જે કરુણાકાતર થઈને પોતાની પરમાનંદ ગોદમાં લઈ લે છે, તેમની આ કથા છે. જે બંધુને, જે પ્રાણપ્રિયને પ્રેમિકગણ પ્રેમ કરવા માટે જ પ્રેમ કરે છે, સર્વસ્વ સોંપે છે, જેમના માટે કેટલાયે સાધકો પાગલ થઈને પોતાની જાતને ખોઈ નાખે છે, તેમની આ કથા છે.

તેમની કથા હું શું કહું? જેમના વિષે કંઈ કહી શકાય તેમ નથી, તેમના વિષે કથા કહેવાનો આ પ્રયત્ન છે. જીવની આ અદ્‌ભુત ધૃષ્ટતા છે.

ખરેખર! તેમની આ અચિંત્ય લીલાથી આજે શું થયું છે? શું મા આવ્યાં છે? જેમના માટે આવવા ને જવાનું નથી, તે શું અવતીર્ણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થયાં છે ? જે ચિરકાળ હતાં, છે અને રહેશે. જેમની સત્તાથી સૌ સત્તાવાન છે, એવાં તે આપણી વચમાં 'મા'ના રૂપે આવ્યાં છે. વ્યાપકતમ થઈને આપણી આંખે આજ આપણાં આનંદમયી મા સીમામાં પોતાને બદ્ધ કરીને રહ્યાં છે, કિંતુ તોપણ પોતાનો પ્રકાશ કરીને પણ પ્રકાશ કરતાં નથી.

જીવ તેમને શાથી પકડી શકે ? તેણે પોતે જ માયાથી જીવને ભુલાવી રાખ્યો છે. જીવત્વનું બંધન, શિવત્વની મુક્તિ એ તેના પોતાના જ ખેલો છે. તોપણ આજે આ તેના કેવા ખેલો છે ? જીવ આ જડરાજ્યે તેમનો છેડો પકડીને ફરે છે. આજ આ કેવું રહસ્ય ! જીવ તેના જ સંગવિચ્છેદે સ્મરણ કરીને રડે છે, વળી પાછો સંગ મેળવીને આનંદમાં મસ્ત થાય છે. તેની સન્મુખે પાગલ થઈને નાચે છે અને ગાય છે. જીવ તો મોહાવૃત્ત છે. તે તો ચિરકાલ પોતાનું સ્વરૂપ ભૂલી જઈને ન સમજવાનું સમજી બેઠો છે. સ્થૂલત્વનું આ આવરણ ભેદ કરવા માટે તેની પાસે આંખો નથી. તેથી જ આજે કહું છું, કે આ શું કરૂણા ! મા આ અંધ જીવના સ્થૂલ શક્તિહીન બાહુમાં પોતાનો પ્રકાશ કરવા માટે તે પ્રગટ થયાં છે.

એક વાત છે. પ્રયોજનના અનુસારે અવતારના રૂપે જે ભગવદ્-શક્તિ અવતીર્ણ થઈને આત્મપ્રકાશ કરે છે, તે ભગવાનનો એક ભાવ વિશેષ છે. પરંતુ પરમ વસ્તુ જે બ્રહ્મ, પરમાત્મા, ભગવાન—આ ત્રણે નામથી આખ્યાત થાય છે, તેનો આવિર્ભાવ શું સંભવિત છે ? પરંતુ ત્યાં આપણે તેની શક્તિની સીમા અને રેખા ક્યાં આંકીશું ? તેની અચિંત્ય સ્વતંત્રતા ! તેથી જ સ્થૂલમાં તેનો આવિર્ભાવ છે.

આપણી આંખે તેનો જ આ અદ્ભુત આવિર્ભાવ છે. તેની અનંત સંપૂર્ણતાની મધ્યમાં, તેના રાજ્યમાં આ વિગ્રહ (દેહ) શું તેની નિત્યકાલની વસ્તુ નથી ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રાયપુર આશ્રમની વાત છે. એક દિવસે એક સદ્‌ગૃહસ્થે માને પ્રશ્ન પૂછ્યો, "મા, આપ પૂર્વે ક્યાં હતાં?" માએ કહ્યું, "હાલ જ્યાં છું, ત્યાં જ હતી." પ્રશ્નકર્તાએ કહ્યું, "આત્માના સંબંધમાં પૂછતો નથી. હાલ જેવી રીતે અહીં બેઠાં છો, તેવી રીતે પૂર્વે ક્યાં હતાં?" પરંતુ મા ઉપરની માફક જ જવાબ દેવા લાગ્યાં.

માનો આ દેહ કોઈ એક સત્તાવિશેષને અવલંબન કરેલો નથી, તોપણ આ દેહનો પ્રકાશ છે. આ દેહમાં કોઈ જાતનું આવરણ નથી. શુદ્ધ 'ચિત્'થી આ દેહ અભિન્ન છે. આપણા દેહની પાછળ જેવી રીતે સૂક્ષ્મદેહ, કારણદેહ ઇત્યાદિ રહ્યાં છે, તેવી રીતે માને દેહાન્તર નથી. માનો આ જ દેહ સૂક્ષ્મ, કારણ અને ચિન્મય છે, છતાં પણ અનંત પ્રકારે લીલા થઈ શકે. કંઈ જ અસંભવ નથી.

અનેક પ્રશ્નો ઊઠી શકે, કિંતુ આપણી અહીંની (સ્થૂલ) દૃષ્ટિએ આ બધા પ્રશ્નો ઊઠે છે. હાય! આ દેશની દૃષ્ટિ એવી છે, કે તે દૃષ્ટિમાં–'તસ્મિન્ન તદ્‌વુદ્ધિ' થવું જ સ્વાભાવિક છે.

મા આપણી વચમાં કેવી રીતે હસતાં, બોલતાં રહે છે! છતાં મા શું વસ્તુ છે, તે આપણે જાણતા નથી. માએ કહ્યું છે કે, તે સર્વ જ છે. તે બધું સવિશેષ જાણે છે. એક વખતે મેં માને પૂછ્યું હતું કે, "ખ્યાલમાં આવતું નથી એમ તમે કેવી રીતે બોલો છો?" માએ કહ્યું, "ખ્યાલમાં આવતું નથી એટલે બોલવાનો ખ્યાલ આવતો નથી." કોઈએક વખતે માએ કહ્યું હતું કે, "જાણવું બાણવું શું? જે છે તે તે જ છે."

ભુવનેશ્વરે એક વખતે વાત ઊઠી હતી. માને પ્રશ્ન કરવામાં આવ્યો હતો, કે, "મા પોતાના દેહમાં 'હુંપણા'નો જે પ્રકારે બોધ કરે છે,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેવી રીતે અન્ય દેહમાં પણ 'હુંપણા' નો બોધ કરે છે કે કંઈ પ્રાર્થક્ય છે?" માએ કહ્યું હતું કે, "કંઈ પાર્થક્ય નથી."

એક વખતે જગન્નાથપુરીમાં એક જણે માને પ્રશ્ન પૂછ્યો હતો કે, "મા, શું આપનામાં કોઈ જાતનો સંશય ઊઠતો નથી? નાના પ્રકારની ચિંતાઓ શું આપનામાં વિક્ષેપ જન્માવતી નથી?" માએ કહ્યું, "સંશય કોને કહેવામાં આવે છે, તે હું જાણતી નથી. ચિંતા, ભાવના કંઈ નથી."

પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે, "શું આપનામાં વિકલ્પ છે?" માએ કહ્યું હતું, "સંકલ્પ હોય તો વિકલ્પ રહે જ." વસ્તુતઃ માને મન નથી. આ ઉપરથી પ્રશ્ન ઊઠી શકે છે, કે તો પછી મા કથાવાર્તા કેવી રીતે કરે છે? વ્યવહાર કેવી રીતે કરે છે? સાધારણ દૃષ્ટિએ આવી વાત ઊઠવી સ્વાભાવિક છે, કિંતુ આ બાબતને ગંભીરતાથી જોવી પડશે. માનો આ જે પ્રકાશ, દેહમાં આ આવિર્ભાવ, તે ફક્ત શુદ્ધ ચૈતન્યનો વિલાસ માત્ર છે! બીજું કંઈ જ નથી. તેથી જ મન, બુદ્ધિ, અહંકારનાં આવરણોનો પ્રશ્ન જ ક્યાં છે? તે દૃષ્ટિ જ અલગ છે. ત્યાં છે અનંતની સાથે સીધેસીધી એકાત્મતા. માના દેહમાં વ્યવહારને અનુરૂપ જે વખતે જે ભાવ પ્રકાશ થાય છે, તે તત્કાલ માટે ફૂટી ઊઠે છે અથવા આપણી આંખે તેનો પ્રકાશ થાય છે. અહીં ઇચ્છા અને અનિચ્છાનો દ્વંદ્વ નથી. બુધ્ધિ કે વિચારનો પ્રશ્ન નથી. જ્યાં સર્વ કંઈ છે, જ્યાં બધાં દ્વંદ્વો સમાહિત છે, તે મહાસત્તામાંથી, મહાઇચ્છાથી એ વ્યવહારનો પ્રકાશ માત્ર શુદ્ધ ચિત્નો વિલાસ માત્ર જ છે.

એક વખતે મા ચૂપ કરીને બેઠાં હતાં. માને પૂછવામાં આવ્યું કે, "તમે શું વિચારો છો?" માએ કહ્યું, "કંઈ જ નહિ." મેં કહ્યું,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"એકદમ ચિંતા કરતાં નથી શું ?" માએ કહ્યું, "એકદમ બિલકુલ સાફ છે. કોઈ વખત કોઈ આવ્યું કે ગયું, નહિતર બિલકુલ સાફ, કોઈ જાતની ચિંતા નથી."

આપણને જેમ જન્મ પછી જ્ઞાનનો ઉન્મેષ ધીરે ધીરે થાય છે, તેમ માની બાબતમાં નથી. મા જેવી રીતે પૂર્વે હતાં તેવી જ રીતે જન્મકાળે હતાં, અને પછીથી પણ તેવી જ રીતે રહ્યાં છે. વ્યાવહારિક ભાવે બોલવા જતાં કહેવું પડશે, કે જન્મથી જ માનું જ્ઞાન અક્ષુણ્ણ-ભાવે રહ્યું છે. પછીથી એક દિવસે માએ કહ્યું હતું કે, "મારા જન્મના તેરમા દિવસે જગદાનંદકાકાના પિતાજી મને દેખવા આવ્યા હતા ને?" માની જનનીને આ પાછળથી યાદ આવ્યું હતું. બીજી એક વાત છે. જન્મ સમયે મા બિલકુલ રડ્યાં ન હતાં. પછીથી બોલ્યાં હતાં કે, "હું શા માટે રડું? હું કમહાડાની ભીંતના બાકોરાંમાંથી આંબાનું ઝાડ જોઈ રહી હતી."

મા સાધક નથી, સિધ્ધ નથી, અવતાર અથવા 'આધિકારિક' નથી, નિત્યસિદ્ધ નથી; મા આમાંના કોઈ પણ કોટિનાં નથી. વળી પાછાં મા સર્વસ્વ છે. એક માત્ર પૂર્ણ વસ્તુમાં જ આનો સંભવ છે, કે સર્વાતીત હોવા છતાં પણ સર્વાત્મક છે. માને કોઈએ પૂછ્યું હતું કે, "મા, તમે કોણ છો?" માએ કહ્યું હતું કે, "તમે જે બોલો છો, તે જ હું છું."

મા શું વસ્તુ છે? મા દયા કરીને જેને જેટલું સમજાવે, તે તેટલું જ સમજી શકે.

બહુ દિવસો પહેલાંની એક ઘટના કહું છું. માના દેહને અવલંબન કરીને તે વખતે સાધનાની ક્રિયાઓ પ્રકાશિત થતી હતી. માની ક્રિયાઓ દેખીને એક જણે અસંતોષનો ભાવ પ્રકાશ કર્યો હતો. મામાં અદ્‌ભુત તેજ પણ પરિલક્ષિત થયું છે. માના પતિ ભોળાનાથજી પણ ત્યાં હતાં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા તે વખતે વ્યવહારતઃ અત્યંત મૃદુ સ્વભાવવાળાં હતાં, કિંતુ તે વખતે ભોળાનાથજીની સન્મુખે જ માનો એક વિચિત્ર વ્યવહાર અને એક વિચિત્ર ભાવ પ્રગટ થયો હતો. માને ત્યારે પૂછવામાં આવેલું કે, "આપ કોણ છો?"[૧] માએ કહ્યું હતું કે, "હું પૂર્ણ બ્રહ્મનારાયણ છું." ભોળાનાથજીએ પણ આ પ્રશ્ન કર્યો હતો. તેમના જવાબમાં માએ કહ્યું હતું, "હું મહાદેવ છું, અને મહાદેવી પણ છું."

આ જે પૂર્ણ બ્રહ્મનારાયણના સંબંધમાં માના મુખમાંથી વાણી બહાર નીકળી હતી, તે સંબંધમાં જુદી જુદી જાતના પ્રશ્નો ઊઠી શકે તેમ છે. કોઈ કહી શકે કે આ આવેશ છે, કિંતુ મા પાસેથી સાંભળ્યું છે, કે તે તેમ નથી. કોઈ કહી શકે છે, કે પૂર્વ કોઈ સંસ્કારના કારણે આમ થયું હશે, પરંતુ માએ કહ્યું છે કે તે પ્રમાણે નથી.

માની દીક્ષાની ક્રિયા જે દિવસે સ્ફુરિત થઈ હતી તેના પછીથા કેટલાક દિવસોમાં આ બટના થઈ હતી. તેથી જ આ વાત થવી સ્વાભાવિક છે, કે દીક્ષાની માફક તે ક્રિયા થઈ હતી, એમ બોલીને તે સમયે સામયિક (temporary) તેવી જાતનો ભાવ થયો હતો. અને આથી જ માના મુખમાંથી આવી વાત નીકળી હતી. આ સંબંધમાં પણ મા પાસેથી જાણવા મળ્યું છે, તે બટના વિષે પણ તેમ નથી.

આપમેળે જ યંત્રવત્ મુખદ્વારા 'પૂર્ણબ્રહ્મ નારાયણ, મહાદેવ, મહાદેવી' વગેરે શબ્દો બહાર નીકળ્યા હતા, એ મા જાણતા ન હતાં, એમ નથી. માએ કહ્યું હતું, "કોઈ અવસ્થાની વાત નથી. જે છે તે તેં જ છે."

માનો જન્મગ્રહણ જ એક ખેલ છે. ત્યારબાદ પણ ખેલો જ થયા છે. મા ખેલો ખેલ્યે જ જાય છે અને માના આ ખેલોથી જીવ ધન્ય

---

૧. પ્રશ્નકર્તાના મનમાં થતું હતું, કે મામાં કોઈ આવેશ જેવું છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થઈ જાય છે. માનો દેહ અખંડ ભાવઘન દેહ છે. માનો આવિર્ભાવ જીવના ઉપર પરમ અનુગ્રહ છે.

માની દ્વારા જે કંઈ થાય છે, તે બધું કેવળ કલ્યાણ જ થાય છે. અકલ્યાણ થતું નથી, એમ માએ કહ્યું છે.

માની આ એક અદ્‌ભુત ઘટના છે. વ્યાવહારિક હિસાબે મા કોઈને શિષ્ય કરતાં નથી. વળી આધ્યાત્મિક પ્રચાર કરવાનો કોઈ પ્રયત્ન અથવા ધર્મસંગઠન, અથવા મતપ્રવર્તન કરવાની કોઈ પણ પ્રવૃત્તિમાં મા પરિલક્ષિત થતાં નથી, કિંતુ માની દ્વારા સ્વાભાવિક ભાવે આપમેળે જ ધર્મભાવ લોકોમાં સંચારિત થાય છે. કેટકેટલીયે ઘટનાઓ થાય છે. કેટલાયે ભાવો વડે, કેટલાયે લોકો માનાં સંગ અને વાણી વડે પથ જોઈ જોઈને પરમાનંદના માર્ગે યાત્રા કરે છે. કેટલાયે લોકોના સંસાર શિથિલ થઈ પડ્યા છે. કેટલાયે લોકો આત્મહારા થયા છે—માને મેળવીને,

"નિભિડ઼ ઘન અંધારે, જ્વલી છે ધ્રુવતારા."

અર્થાત્ નિભિડ઼, ઘન અંધકારમાં ધ્રુવના તારાના રૂપે મા જ્વલી રહી છે.

માતૃચરણે કેટલાયે, લોકો, કેટલાયે ભાવોથી આકર્ષિત થયા છે. મા કેટલાયે ભક્તોનું સાધનધન છે! નયનમણિ છે! માના સંપર્કે વાતાવરણ ભગવદ્‌ભાવે ભાવાન્વિત થાય છે. દેખાયું છે કે જગ્યાએ જગ્યાએ માના આવાગમનથી આનંદનાં અજરો ઊભરાયાં છે. અસંખ્ય ભક્તહૃદયોને માએ પાગલ કરી નાખ્યાં છે. માની ઉપસ્થિતિની ઉન્માદના, આનંદોલ્લાસ, કેટલાયે ભક્તોના હૃદયોમાં ગૂંથાઈ ગયાં છે. આ ઉપરાંત કેટલીયે વાતો છે.

હાવભાવ, કથાવાર્તા, પ્રેમ, આનંદ વગેરેમાં મા જીવોની આંખો સામે રાખે છે કે, "ઓ રે! હું તારી પોતાની છું, તારી પારકી નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હું તારા પોતાના અત્યંત નજીકના સગા કરતાં પણ અત્યંત નજીક છું. માની આ વાણી જેના અંતરમાં જઈને સ્પર્શ કરે છે, તે પોતાના એક આત્મીય માણસને મેળવીને નિશ્ચિંતતાનો અનુભવ કરે છે. વસ્તુતઃ મા સર્વથી અધિક પાસે છે, પોતાની અંદર છે અને હાથ પકડીને લઈ જાય છે. આ જ માનો પરિચય !

વ્યક્તિગત સાધનાના સંબંધમાં કોઈને જ્ઞાનના વિષયમાં, કોઈને ઉપાસના અથવા અનુષ્ઠાનના સંબંધમાં, કોઈને ભક્તિના વિષે, વળી કોઈને રાજયોગમાં ઉપદેશ આપે છે. નામજપ કરવાનું પણ કોઈને કહે છે. વળી કોઈને ક્રિયાવિશેષનો પણ ઉપદેશ આપ્યો છે, એમ બન્યું છે. કોઈ વખત કોઈને મૌની થવાનું પણ કહે છે. સેવા અથવા કર્મયોગની વાતો પણ કહે છે. માનો સંયમવ્રતનો ઉપદેશ અતિસુંદર છે.

સાધારણ ભાવે પણ ઉપદેશ આપે છે. વળી જો આપણે પ્રાર્થી થઈએ અને માને ખ્યાલ થાય તો એકદમ વ્યક્તિગત ભાવે પણ ઉપદેશ આપે છે. ભિન્ન ભિન્ન પ્રકૃતિના લોકો ભિન્ન ભિન્ન ઉપદેશ મેળવે છે.

મા પોતે અનંતભાવની સમષ્ટિ છે, એટલે માની પાસે બધા ભાવના સાધકો આવે છે. જે પ્રકાર, જે સંસ્કારવિશિષ્ટ સાધક માની પાસે આવે છે, તે માની કલ્યાણની દૃષ્ટિએ, માના આશ્રયે; તે પોતાના પથે અગ્રેસર થતો હોય છે. ફક્ત આ જગતના જ સાધકો નહિ, પરંતુ અન્યાન્ય સ્તરના મહાપુરુષો પણ માની પાસે કલ્યાણની કામનાથી આગમન કરે છે.

અનેક સમયે જેઓ આધ્યાત્મિક પથે અગ્રેસર થવા માટે માની પાસે આવે છે, તેઓનો ભાવ મા ભંગ કરતાં નથી. જેને માટે જે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્વાભાવિક હોય, તે લઈને કયા કયા ભાવે પ્રવેશ કરવાથી તેનું કલ્યાણ થાય તે કૌશલ મા પકડાવી દે છે. જે કોઈ અવલંબન લઈને અન્તર્મુખી થવા માટે કહે છે, જે જરૂરનું હોય છે, જે પ્રગટ થવાનું હોય છે, તે તેની પાસે આપમેળે જ પ્રકાશિત થાય છે, એમ મા બોલે છે. એક નિર્દિષ્ટ ભાવધારાની ભીતર જીવની સાધનાને સીમાબદ્ધ કરવાનું માથી કેવી રીતે થઈ શકે? માની સાર્વજનીનતાની મધ્યમાં વ્યક્તિગત ભાવધારાનો તો પ્રશ્ન જ આવતો નથી.

તોપણ એક વાત છે. સાધકની રુચિ અને ઇચ્છા ઉપર જ છોડી દેવાથી શું સર્વદા સાધક તેના પથે ગ્રહણીય યથાર્થ પથે ચાલી શકે? તે તેમ કહી શકતો નથી, કિંતુ આ વાત સાધારણ ક્ષેત્રની છે. માના ક્ષેત્રમાં આ પ્રશ્ન આવતો નથી. માની દૃષ્ટિ સાધકની પાછળ પાછળ કામ કરે છે, એટલું જ નહિ પણ સાધકનું હર પળે રક્ષણ કરે છે, એમ કહેવા જતાં અતિશયોક્તિ થશે નહિ. પરમાર્થનું ધ્યેય નક્કી કરીને જે જે ભાવથી અગ્રેસર થવાનો પ્રયત્ન કરતો હોય છે, તેને મા ઉપયુક્ત દિશાએ ચલાવે છે. માની કૃપાથી જે જે પ્રયોજનીય છે, તે આપોઆપ અંદરથી ફૂટે છે.

ઉપરોક્ત માની જે વાત કે મા રક્ષણ કરે છે, તે શું ઓછી વાત છે? તેનામાં સૌથી શ્રેષ્ઠ શક્તિ છે. સર્વોપેક્ષા વ્યાપકપૂર્ણ વસ્તુ ભગવાન છે. તેની કૃપા માની વાણી રૂપે સાધકની પાછળ કામ કરે છે. ભગવાનની આ જ માતૃમૂર્તિ છે. તેની વાણી, તેની દૃષ્ટિ, તેનું કાર્ય, સર્વ કંઈ તેની દયાથી પૂર્ણ છે.

માનું કાર્ય અને વ્યવહાર એક ધારાએ ચાલતાં નથી. એક એક જણ એક એક પ્રકારે માને મેળવે છે. એક એક જણ એક એક પ્રકારે તૈયાર થાય છે. પ્રત્યેક વ્યક્તિને એક પ્રકૃતિગત વૈશિષ્ટ્ય હોય છે. તેથી જ પ્રત્યેકની સાધના જુદા પ્રકારની હોય છે. તદ્નુસાર માની વ્યવસ્થા હોય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે. કોઈ વખત એવું પણ બને છે, કે મોહમુગ્ધ જીવના કલ્યાણને માટે તેના સૌભાગ્યફળે માનો વ્યવહાર કઠોર કશાઘાત (ચાબુકના આઘાત) જેવો થાય છે. માના સંપર્કમાં આવીને જીવ પોતપોતાના સંસ્કારને અનુસાર માની પાસેથી ઉપદેશ અને વ્યવહાર મેળવે છે. મા તેના સંસ્કાર તરફ લક્ષ્ય કરીને, કયા સંસ્કારમાં શું પ્રયોજન, તે સમજીને વ્યવસ્થા કરે છે, તેમ નથી. ત્યાં શું સમજ્યસમજી છે? ત્યાં જ્ઞાન, ક્રિયા અને ઇચ્છાનો સંપૂર્ણ વિકાસ છે. માનો આ દેહ જ કલ્યાણમય છે. માની પાસે જે જે આવે છે, સમજવું જોઈએ કે તે મહાશક્તિથી ખેંચાઈને આવે છે; અને માનો વ્યવહાર, ઉપદેશ ઇત્યાદિ જ્યાં જેવી રીતે થવાનાં હોય ત્યાં તેવી રીતે આપમેળ જ થયે જાય છે. વળી એક વાત કહું છું. આ જે કલ્યાણરૂપિણી માના સંપર્કે લોકોનું કલ્યાણ થયે જાય છે, તે સાધારણ કલ્યાણની વાત નથી. ભલે જે ભાવે તે લે—એ તેની અમૃતમય ગોદમાં લેવાની જ વ્યવસ્થા છે, બીજે કયાંય નહિ.

સાધનામાં માની મદદ કેટલી રીતે લઈ શકાય તેનું કંઈ માપ નથી. ઘણાઓને સ્વપ્નમાં માએ કૃપા કરી છે. કેટલાયે લોકોને સ્વપ્નમાં મંત્રદીક્ષા પણ આપી છે. વળી પાછું કોઈને સ્વપ્નમાં અથવા અન્ય રૂપે ઉપદેશ પણ આપ્યા કરે છે. આ વાતો કંઈ પૂરતી નથી. બીજી ઘણીયે વાતો છે. અંતર્યામીના રૂપે, સંગે રહીને ડગલે અને પગલે સહાયતા કરે છે, બોધનો પ્રકાશ કરે છે. પોતાની અંદર જેટલા પ્રમાણમાં માને મેળવી શકાય તેટલા પ્રમાણમાં તે યથાર્થ સંગ કહેવાય અને તે સંગમાં જ એ સમજી શકાય છે, કે મા નિર્બિડ ભાવમાં આપણાં વહાલામાં વહાલાં છે.

સાધનાની અતિ ઉચ્ચ અનુભૂતિસંપન્ના કૃષ્ણા મા[૧]ની વાત આ

---

૧. કૃષ્ણા મા આજકાલ બનારસ (કાશી)માં રહે છે. તેઓ મૌની માના નામે પ્રચલિત છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રસંગે કહું છું. ઢાકામાં રહેતી વખતે તે મા પાસે આવતાં હતાં. તે બીજા ઘણાઓ પાસે પણ ગયાં હતાં. શાન્તિલાભ માટે, સુતીવ્ર વ્યાકુળતા અને વૈરાગ્યે તેમને પાગલ કરી મૂકયાં હતાં. તેથી જ કૃપા-લાભ માટે અનેક સ્થાને દોડાદોડી કરાવી હતી. માની કૃપાદૃષ્ટિ તેમના ઉપર હતી. માના ઉપરના અદ્‌ભુત પ્રેમ અને આકર્ષણે તત્કાળે તે આત્મહારા થયાં હતાં, કિંતુ પાછળથી એવી અવસ્થા આવી હતી, કે માની પાસે રહેવા માટે મન ચાહતું ન હતું. તત્ત્વલાભ માટે પાગલ થયાં હતાં. તે સમયે કાશી જઈ ને ભગવદ્‌પ્રેરણાથી ફરીથી દીક્ષા લીધી હતી. ત્યારબાદ સાધના કરતાં કરતાં આંતરિક અવસ્થા વિશેષ ભાવથી ખૂલી ગઈ અને અનુક્રમે ઉચ્ચ ઉચ્ચ અનુભૂતિના રાજ્યમાં પ્રવેશ કરવા લાગ્યાં. એ સમયે માનાં દર્શન થયાં હતાં. માની સાથે તેમનો જે આંતરિક યોગ તે બહાર પાડવાનો આરંભ થયો. પ્રથમ પ્રથમ સ્વપ્નમાં ઉપદેશ વગેરે આપતાં. ત્યારબાદ ફક્ત સ્વપ્નમાં જ નહિ પણ ધ્યાના-વસ્થામાં તે માને સાક્ષાત્ મેળવતાં. ત્યારબાદ માની કેટલીયે લીલાઓ તેમના અન્તર્જગતમાં થઈ છે, મા કેટલાયે ભાવોથી તેમને ઊર્ધ્વે લઈ ગયાં છે, એ બધો અદ્‌ભુત ઇતિહાસ છે. માથી દૂર રહેતી વખતે તેમણે કોઈક વખત માનાં સ્થૂલ રૂપે પણ દર્શન કર્યાં છે.

ઈ. સ. ૧૯૪૦ની વાત છે. મા જગન્નાથપુરીમાં કેટલાંક દિવસો હતાં. પુરીમાં કૃષ્ણા મા પણ તે વખતે હતાં. તેઓ મા પાસે આવતાં-જતાં રહેતાં. એક દિવસે રાત્રે કૃષ્ણા માની સાથે માની એક અપૂર્વ લીલા બની. આપણા આ જગતમાં નહિ પણ અન્તર્જગતમાં કોઈ એક જગ્યાએ. બીજે દિવસે સવારે કૃષ્ણા મા આવ્યાં છે. માએ કહ્યું, "કાલ આખી રાત તું મારી પાસે હતી." કૃષ્ણા મા ચૂપ કરી શકયાં નહિ, બોલી ઉઠયાં, " હું તો ચૂપ બેઠી હતી. તમે આગળથી કહી દીધું."

તે સ્થાન કયું તે હું જાણતો નથી. માએ તેમના ઉપર કૃપા કરી હતી. તે અદ્‌ભુત કૃપા; તે રાતની કથા માના મુખેથી સાંભળી છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

" .....તેને અનેક વાતો સમજાવવામાં આવી. સર્વત્ર એક જ સત્તા —આ તત્ત્વ સમજાવ્યું. તેને જે જે કહેવામાં આવે છે, તે તરત જ અંતરમાં ઉપલબ્ધિ કરી લે છે. તદુપરાંત તેનો ભાવ કેવો સ્થિર છે, તે પણ જણાયું."

કૃષ્ણા માએ મને કહ્યું છે કે, "પુરીમાં આવ્યા પછી પણ શરૂઆતમાં મા ઉપર મારી જુદી જ ધારણા હતી. મને ફક્ત મહાન જ જાણતી. તે રાત્રે માએ જે વાતો સમજાવી, તે વાતો મેં પહેલાં ઘણી ય વાર સાંભળી હતી, કિંતુ ભીતરમાં તે વાતો પ્રવેશ કરી શકી ન હતી. તે રાતથી હું અંતરમાં સમજી છું, તોપણ તે ભાવ હજુ પાકો થયો નથી."

એવું પણ બન્યું છે, કે કદાચ મા બેઠાંબેઠાં કોઈની સાથે હસીને વાતો કરતાં હોય, તે વખતે કૃષ્ણા મા, માની પાછળ બેઠેલાં હોય; તોપણ દેખી શકતાં કે મા જાણે તેમની તરફ ફરીને જ વાતો કરે છે.

હવે આપણે જોઈએ કે માનો સંપર્ક એટલે શું ! માનો બાહ્ય સંગ જ કેવળ સંસ્પર્શ નથી. જે કોઈ પ્રકારે, માનસિક સ્મરણે થાઓ અથવા અન્ય ભાવે થાઓ, માની પ્રતિ અભિમુખતા આવે તો જ માનો સ્પર્શ લાગે. આ જ માનો સંપર્ક છે. માનો સંપર્ક બે પ્રકારે લોકો ઉપર ક્રિયા કરે છે. કેવી રીતે તે કહું છું.

પૂર્વે માના દેહાવલંબને જ્યારે સાધનાની અવસ્થાઓ પ્રકાશિત થતી હતી, ત્યારે વિભિન્ન પ્રકારની અવસ્થાઓ સંપૂર્ણ ભાવે ફૂટી ઊઠતી. પ્રતિઅવસ્થાનો એક વિશિષ્ટ પ્રભાવ હોય છે. માને જે વખતે જે અવસ્થા આવતી તેનો પ્રભાવ સ્વભાવતઃ ક્રિયા કરતો; તેથી જ તે વખતે માના સંપર્કમાં જેઓ આવતા હતા, તેઓના આધારને અનુસારે માના શુદ્ધ પ્રભાવથી પ્રભાવિત થતા હતા. એક વાર એવું બન્યું હતું, કે એક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વ્યક્તિ માને સ્પર્શ કરતાં જ બાહ્ય જ્ઞાન ભૂલી જઈને કેટલાક સમય માટે એક આનંદસાગરમાં ડૂબી ગઈ હતી. બીજું પણ ઉદાહરણો છે, કે જેનાથી સમજી શકાય છે કે ભિન્ન ભિન્ન સમયે ઊર્ધ્વ ગતિના ભિન્ન ભિન્ન પ્રભાવો લોકો ઉપર પડતા. માના તે સાહચર્યથી જડ આચ્છન્ન જીવના અંતરરાજ્યમાં કેટલાયે સુંદર સુંદર ભાવો જાગૃત થતા.

કિંતુ પાછળથી જ્યારે સાધનાઓની અવસ્થાઓનો પ્રકાશ ચાલ્યો ગયો, ત્યારે માના જીવને એક અન્ય રૂપ ગ્રહણ કર્યું. સાધનાની જુદી જુદી ધારાઓની જે સફળ વિભિન્ન અવસ્થાઓનો પ્રકાશ થતો હતો, તે છુપાઈ ગયો. મા ક્રમે ક્રમે વ્યવહારે ઘણાંખરાં સાધારણ થઈ ગયાં. માના ચરિત્રની બીજી એક બાજુ ફૂટી ઊઠી. અપૂર્વ મહિમા વડે, ખ્યાલના વૈચિત્ર્યને લઈને જ માએ વ્યવહારના ખેલોમાં પોતાનો પ્રકાશ કરીને પોતાને રાખ્યાં, કિંતુ મામાં રહ્યાં છે સફળ ભાવો અને સફળ અવસ્થાઓ. કંઈ પણ ખોવાઈ ગયું નથી. જો કોઈ પણ પ્રકારના ભાવનો સંચાર કરવાનો ખ્યાલ થાય તો તે સ્ફુરિત થાય છે અર્થાત્ મા તેને સ્ફુરણ કરે છે; તોપણ ઘણી વખતે ઘણા લોકોમાં માની ગુણાતીત સત્તાનો પ્રભાવ જ વિશેષ ભાવે દૃષ્ટિગોચર થાય છે. તે વખતે શું થાય છે? તે વખતે જેની અંદર જેવા સંસ્કાર હોય છે, તે બહાર આવે છે, કોઈ પણ દબાયેલો રહેતો નથી, પરંતુ પ્રકાશ થાય છે; કિંતુ ધીરે ધીરે નિવૃત્તિની તરફ જાય છે. માના અનુગ્રહનો આ એક પ્રકારનો પ્રકાશ છે.

માની કૃપા કૈવલ્યમયી મૂર્તિની કથા વિચારવા જતાં સ્તંભિત થઈ જવું પડે છે. કૃપા કરવા માટે જ માના દેહનો પ્રકાશ થયો છે. માનાં પ્રતિદૃષ્ટિમાં, પ્રતિવાક્યમાં, પ્રતિકાર્યમાં કલ્યાણ વર્ષિત થાય છે. જુદી જુદી જાતની લીલાઓમાં, જુદી જુદી જાતનાં ખેલોમાં, તે જીવને ભોલાવી લે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા અખૂટ ધનનો ભંડારી છે. જેવી જેની ચાહના, ગ્રહણ કરવાનું જેનું જેટલું સામર્થ્ય, તે તેટલા પ્રમાણમાં તે તે રૂપે લાભ કરશે. આપના માટે મા ઉન્મુખ થઈને બેઠાં છે. દેવઘર વૈદ્યનાથ (બિહાર)ના શ્રીમદ્ બાલાનંદજીએ એક વખત માને કહ્યું હતું કે, "મા, તમારી ગાંઠડી ખોલો." માએ કહ્યું, "ગાંઠડી તો ખુલ્લી જ પડી છે."

આ એક તરફની વાત થઈ. કૃપા જે સર્વદા આધારને અનુસારે થાય છે, તેમ નથી. આ તો દ્વૈતભાવની કૃપા છે. જ્યાંથી સર્વ દ્વંદ્વોનો પ્રકાશ થાય છે, જે મૂળ સ્થાનમાં જો તે સ્વભાવમાંથી અનુગ્રહ અવતરણ કરે તો તો આધારનો પ્રશ્ન જ ટકતો નથી. તે કૃપાના સ્પર્શથી સર્વ કંઈ આપમેળે જ ચાલ્યા કરે છે. આપણી દૃષ્ટિએ કૃપા અથવા અનુગ્રહ થાય, તોપણ સ્વભાવની દૃષ્ટિથી તે ક્રીડા માત્ર છે. ત્યાં અહૈતુક કૃપાના રૂપે 'મા'ના ખેલોનો પ્રકાશ માત્ર હોય છે. આ સિવાય બીજું શું કહું?

વૃંદાવનમાં મા એક દિવસ બોલ્યાં હતાં કે, "ઇચ્છા કરીને કંઈ જ કરતી નથી, કિંતુ દેખાય છે, કે સંપૂર્ણ અહૈતુક ભાવથી પણ કોઈ કોઈ લોકો આ શરીર પાસેથી કૃપા મેળવે છે...સર્વ પ્રકારે થાય છે."

જીવ નાના ભાવે ધન્ય થાય છે. સુકૃતિના ફળે જ અગ્રેસર થાઓ અથવા પતિત થઈને દયાલાભ કરો, તે બધાના મૂળમાં તે એક કૃપા અથવા ખેલો જ છે. ટૂંકમાં માના અવિર્ભાવની આ એક મસ્ત મોટી વાત છે. તે છે માની નાના પ્રકારની કરૂણાની વાત, તે છે પ્રેમની વાત.

લૌકિક દીક્ષા મા આપતાં નથી, એ સત્ય વાત છે. કિંતુ માના આ વિગ્રહ (દેહ)ના સંપર્કમાં જેઓ આવે છે, તેઓના અંતઃસ્તલમાં એક ઘટના થઈ જાય છે. તેઓની અંદરઅંદર ભગવદ્શક્તિની સાથે યોગ થઈ જાય છે. આ યોગ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અખંડ અચ્છેદ્ય થઈ જાય છે. મા તેને ભગવદ્‌ભિમુખ કરી લે છે. મા તેને પોતાના હૃદય તરફ ખેંચવા માટે આયોજન કરતાં હોય છે. તે સમજે કે ન સમજે, તોપણ માએ તેને ગ્રહણ કરીને અપનાવી લીધો હોય છે.

જે વ્યાવહારિક જીવનની વચમાં આપણે માને મેળવ્યાં છે, તે તરફ જો દૃષ્ટિપાત કરીશું તો એક અદ્‌ભુત વિચિત્રતા દેખાશે. પોતાના ખેલો, પોતાની લીલા માએ પોતે જ રચી છે.

બાલ્યવયમાંથી જ સદ્‌ગુણોના અલંકારે માના ચરિત્રને આદર્શ કર્યું છે. પાછળથી કર્મજીવનમાં માની કર્મકુશળતા, પતિપરાયણતા, નિસ્વાર્થતા વગેરેએ માના ચરિત્રને કેવું નિર્દોષ કર્યું છે, તે દેખી શકાય છે.

મામાં સાધનાનો જે પ્રકાશ થયો છે, તે પણ એક આશ્ચર્ય છે! સકળ ધારાઓનો પ્રકાશ, સકળ અવસ્થાઓનો પ્રકાશ—ફક્ત પ્રકાશ જ નહિ પણ પૂર્ણ ભાવે પ્રકાશ એક વ્યક્તિમાં કેવી રીતે થઈ શકે? પ્રકૃતિ અને ભાવના અનુસારે એક જ પ્રકારની સાધનાઓનો પ્રકાશ થવો સ્વાભાવિક હોય છે. તેમાં બહુ વૈચિત્ર્ય રહી શકે. એકાંજ સત્તાવિશેષની અંદરથી પરમ વસ્તુ ફૂટી ઊઠે છે. તેથી જ આ ફૂટી ઊઠવાનું પણ તદનુસારે થાય છે. પ્રત્યેકની એક નિજની સ્વગતિ હોય છે. પરમ વસ્તુ, જ્યાં પૂર્ણ આત્મપ્રકાશ છે, ત્યાંની તો વાત જ કહેતો નથી. ત્યાં સર્વ છે. ત્યાંની વાત જ જુદી હોય છે. અહીં મેળવવાની કથા, તૈયાર થયાની વાત કહું છું. "ये यथा मां प्रपद्यन्ते" જે જે ભાવથી ભજન કરે છે તે તે ભાવથી તેનો ભજના કરે છે, તેવી રીતે તેનો પ્રકાશ થયો છે.

તેથી જ માના ચરિત્રમાં સકળ ધારાની સાધના, સકળ અવસ્થાઓ જે પ્રકાશિત થાય છે, તે કેવી રીતે સંભવિત થઈ શકે? મા સર્વ સત્તાઓનું કેન્દ્ર છે, સર્વ સત્તામાં સત્તાવાન છે, તેથી જ માની અંદર આવું સંભવી શકયું છે. એ સાધના પોતાના માટેની સાધના છે, તેમ નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માના ભાવોનું વર્ણન કરવા જતાં અંત આવે તેમ નથી. સાધારણ ભાવે, દુન્યવી બુદ્ધિથી દેખવા જતાં ગભરાઈ જવા જેવું થાય તેમ માલૂમ પડે છે. આટલી બધી વિચિત્રતાઓ ! તે એવી રીતનું એક વ્યક્તિત્વ છે, કે તેમાં બધી જાતના ભાવો આવીને આશ્રય મેળવે છે. અદ્‌ભુત તે બધા ખેલો છે. આવી ગંભીરતાની સાથે સાથે ઉપર-ચોટિયો (superficial) ભાવ, માતૃત્વની સાથે શિશુત્વનો ભાવ, એવું ગાંભીર્ય, એવો ઉલ્લાસ ક્યાં છે ? આવા જ્ઞાનના પ્રકાશની સાથે સાથે જ વળી સાધારણથી પણ સાધારણ વ્યવહાર; એવું તેજ, એવી સ્નિગ્ધતા ક્યાં છે ? એવી સ્વતંત્રતા, એવી શિશુસુલભ અધીનતા, એવી અવિચલ ઉદાસીનતા, એવી કરુણા ક્યાં છે ? ક્યાં છે આવી સાર્વ-જનીનતા ! મા કેવી વસ્તુ છે ! જ્યાં જ્ઞાની, યોગી, ભક્ત વગેરે તો આનંદ મેળવે છે જ, પરંતુ સાધારણ એક વિષયી લોક પણ આકૃષ્ટ થઈને મુગ્ધ થઈ જાય છે.

માની લીલાની બીજી એક વાત કહું છું. ભક્તજનોને કૃતાર્થ કરવા માટે ઘણી વખતે મા જુદા જુદા સ્થાને પ્રકટ થાય છે. માના મુખે સાંભળ્યું છે, કે એમનું શરીર આવશ્યકતાનુસારે અન્યત્ર પ્રકટ થાય છે. અહીં મા આપણી સાથે વાતો કરતાં હોય, છતાં એકી વખતે અન્યત્ર આવિર્ભૂતા થયાં હોય, તેમ પણ બન્યું છે. માની લીલાથી ગમન થઈ શકે નહિ, તેમ નથી. માને આવવા ને જવાનું નથી હોતું. વળી પાછું. આવવા ને જવાનું હોય છે પણ ખરું. અદ્‌ભુત લીલા !

માનું કાર્યક્ષેત્ર ફક્ત આપણા આ જગતમાં જ સીમાબદ્ધ છે, તેમ પણ નથી. અન્ય કેટલાયે ગતોમાં જમાનો આવિર્ભાવ થતો હોય છે. સતત રીતે આમ થાય છે. અનંત ક્ષેત્રમાં અનંત ભાવ લઈને, અનંત પ્રકારે આવિર્ભૂતા થઈને, મા ખેલો ખેલે છે. જ્યારે ખ્યાલ આવે ત્યારે મા પોતાના મુખે કેટલીયે ઘટનાઓનું વર્ણન કરે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માના મુખે સાંભળેલી એક વિચિત્ર વાત કહું છું. જ્યારે ઘટના બની ત્યારે મા સ્થૂલ શરીરે રોગશય્યામાં પડ્યાં હતાં. માએ જોયું કે મધ્ય સ્થળ ઉપર પગનો થોડોક ભાગ લટકતો રાખીને, એક ઊંચા આસન ઉપર મા પોતાના ભાવે બેઠેલાં છે. મા દેખે છે, કે જ્યાં સુધી દૃષ્ટિ જાય ત્યાં સુધી અસંખ્ય સાધુઓ ઊભા છે. જાણે કે સમુદ્ર ન ઊભરાયો હોય! ડાબી બાજુએ પણ તેમ જ છે. પાછળ પણ સાધુઓની હારની હાર ઊભી છે. સામે ઊભેલા સાધુઓ અધિકાંશ નગ્ન અવસ્થામાં અથવા લંગોટી પહેરેલા છે. કેટલાયે બહુ કાળના વૃદ્ધ સાધુઓ પણ છે. ભિન્ન ભિન્ન સ્થાન ઉપર ભિન્ન ભિન્ન પ્રકારના સાધુઓ છે. માની જમણી બાજુએ એક વન છે. તેનું નામ કલ્યાણવન છે. તે વનમાં વૃક્ષની તળે ઋષિમુનિઓ બધા રહે છે. એક બાજુ થોડીક સ્ત્રીઓ પણ છે. વનની સામે શ્રી રામચંદ્ર અને શ્રીકૃષ્ણ પણ દેખાયા હતા.

માએ જોયું કે પ્રત્યેકની સાથે માનો અંદર અને બહાર એક અખંડ યોગ રહ્યો છે. મા પ્રત્યેકની વચમાં પોતાના સ્વરૂપને દેખી રહ્યાં છે.

બધા હાથ જોડીને માની તરફ લક્ષ્ય રાખીને પોતપોતાના ભાવમાં વિભોર થઈને ઊભેલા છે. માના મુખમાંથી તે સમયે નીકળ્યું—અખંડ ભાવઘન. [૧]

માની અનંત મૂર્તિ, શિવના રૂપે, કૃષ્ણના રૂપે, દશ મહાવિદ્યાના રૂપે અથવા અન્ય મૂર્તિમાં ભક્તને માએ દર્શન આપ્યાં છે.

---

૧. મેં જે સમયે આ ઘટના માની પાસેથી સાંભળી, ત્યારે માએ એની સાથે આખી વાત બતાવી ન હતી. ઘણી ય વાર પૂછાપૂછ કરીને બધી વાત હું માના મુખેથી સાંભળી શક્યો છું. મને મા પાસેથી જાણવા મળ્યું છે કે, 'અખંડ ભાવઘન પદ'નું તાત્પર્ય માના આ વિગ્રહના સંબંધમાં છે, પરંતુ આ પહેલાં લૌકિક હિસાબે આ વાત કદી સાંભળી ન હતી.

માને આપણે સાધારણ બુદ્ધિની દ્વારા શું સમજી શકીશું? મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દેશ અને કાળથી પર છે. વળી સાથે સાથે સ્વભાવે અનંત વૈચિત્ર્યે ઉચ્છ્વાસિતા ! મા એવી એક વસ્તુ છે, જ્યાં ખંડ અને અખંડ, એકત્વ અને અનંતત્વ અદ્‌ભુત ભાવે મળ્યાં છે. બ્રહ્મનો ગત્યાત્મક ભાવ (Dynamic) અને અચલ નિર્વિકાર ભાવ (Static)માં માનો સમન્વય થયો છે.

દેખાયું છે કે માની પાસે કોઈ મત નાનો અથવા કોઈ મત મોટો છે, તેમ નથી. એટલું જ નહિ પણ મા કહે છે કે, "અમુક મત વધારે સત્ય, અમુક મત ઓછો સત્ય છે, તેમ નથી. જે જે મોલે છે, તે ઠીક છે."

તત્ત્વકથાના પ્રકાશમાં વૈચિત્ર્ય રહે, તે સ્વાભાવિક છે; કારણ દૃષ્ટિકોણ જુદી જુદી જાતના હોય છે. વૈચિત્ર્ય રહે તોપણ જે સ્થિતિમાં અનંત દૃષ્ટિકોણમાં વિસ્તાર અટક્યા વગર રહે, જ્યાં અનંત સંભાવના રહી છે ત્યાં સકળ વિરુદ્ધ સિદ્ધાંતની વચમાં પણ જે ઐક્ય અને સમન્વય રહે છે, તે દૃષ્ટિ અક્ષુણ્ણ રહે છે. તેથી જ માની પાસે આપણે એક અપૂર્વ મીમાંસા મેળવીએ છીએ. સાધારણતઃ વિભિન્ન સંપ્રદાયો વિષે શાસ્ત્રમાં જે બધા મતમતાંતરો આપણે મેળવીએ છીએ, તે બધામાં ભિન્ન ભિન્ન ધારા વર્તમાન હોય છે, કિંતુ માની કથાવાર્તામાં આપણે કોઈ જુદી નિર્દિષ્ટધારા મેળવતા નથી. જેટલા મતો છે, તે બધા માનાં જ મતો છે, જેટલી ધારાઓ છે, તે બધી માની જ ધારાઓ છે. વળી પાછું મા આ બધાનાથી અતીત પણ છે, એમ આપણે માની વાતો ઉપરથી સમજી શકીએ છીએ. મા કહે છે, "પૂર્ણ વસ્તુમાં કંઈ પણ બાદ જતું નથી, એટલું જ નહિ પણ 'નહિ' (negation) પણ બાદ જતું નથી. આપણી સીમા વિશિષ્ટબદ્ધ દૃષ્ટિમાં આ વાત કેવી રીતે સમજાય ?"

અત્યાર સુધીમાં દેખાયું છે, કે માના દેહનો આશ્રય કરીને અસંખ્ય પ્રકારની ભાવલહરીઓનાં ખેલો થયા છે, તે બધાની ગણના પણ નથી. ચારે તરફની (પારિપાર્શ્વિક અવસ્થા) અને ભાવની સાથે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાથે મા તદ્રૂપ જેવી આવશ્યકતા તેવી રીતે થાય છે. કોઈ કોઈ વખત મનું કાર્ય બુદ્ધિથી અગમ્ય હોય છે. કોઈ વખત વળી અવાક થઈને ચિંતા કરવી પડે છે. કોઈ વખત મા કૌતુક કરે છે. કેટલાયે સાધારણ ભાવોથી હાસ્યરસની અવતારણા કરે છે. ઉપરોક્ત વાતોમાં શું માનો ઓછો મહિમા દેખાય છે? તેની અનંત વિશ્વવિલાસવૈભવની વાતો વિચારતાં સ્તબ્ધ થઈ જવું પડે છે, કિંતુ મા આટલા મોટાં થઈને પણ આ ભાવે ખેલો કરે છે, એ અધિકતર આશ્ચર્યજનક લાગે છે!

ભોળાનાથજીના જીવનમાં માના ખેલો ઓછાં દેખાયા નથી. ક્ષોભ અને માનસિક અશાન્તિ ભોળાનાથજીને ભોગવવી પડી હતી. અંતસમયે ક્રમે ક્રમે શાન્ત થયા હતા, અને અંત સુધી માના ઉપર અદ્‌ભુત સમર્પણભાવ આવ્યો હતો. દેહાન્તકાળે માએ તેમની સર્વ ગ્રંથિઓ ખોલી દીધી હતી. પ્રશ્ન આવશે કે માની સાધનાની અવસ્થાઓ જ્યારે ચાલતી હતી ત્યારે ભોળાનાથજી માના પ્રભાવથી શાથી બદલાયા નહિ? તેનો જવાબ એ છે, કે માના ખ્યાલથી જ આવી રીતે થયું હતું.

માનો પ્રભાવ વચમાં વચમાં ભોળાનાથજીને સ્પર્શ કરતો હતો, તેમ નથી. ભોળાનાથજીના ભાવની નિમ્ન ગતિને માએ સ્પર્શ કરીને ઊર્ધ્વગતિ કરી નાખી હતી, અને તેમને એક જાતની સમાધિની અવસ્થાએ સામયિક ઉત્પન્ન કર્યા હતા, એવી પણ ઘટના થઈ છે. કિંતુ ભોળાનાથજી અંતર્મુખ થઈ જાઓ, આધ્યાત્મિક સંપદનો પ્રકાશ થાઓ, તેવો ખ્યાલ તે વખતે માને થયો ન હતો. એક વખતે એવું પણ થયું હતું, કે માએ ભોળાનાથજીની અંતર્મુખી ગતિને સ્થગિત કરીને માએ વ્યાવહારિક બહિર્મુખી ગતિ કરી નાખી હતી. આ પણ ભોળાનાથજીના મંગળ માટે જ થયું હતું, તે કહેવું નકામું છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માના કાર્યમાં અને વ્યવહારમાં ઘણું એવું છે, કે જે સમજી શકાય તેવું નથી. મા જે કંઈ કરે છે, તેની દ્વારા કેવળ માત્ર કલ્યાણ જ થાય છે, અકલ્યાણ થતું નથી, એમ માએ સ્વયં કહ્યું છે.

માના જીવનમાં ફક્ત ખેલો, ખેલો, ખેલો અને ખેલો જ છે. મા તો અનાદિ, અનંત કાળ, અનંત ભાવથી સ્વભાવનાં ખેલો ખેલે છે, કેટલાયે ભાંગવા ને બનાવવાનાં ખેલો, કેટલાયે ગતિસ્થિતિનાં ખેલો, કેટલાયે મેળવવા અને નહિ મેળવવાનાં ખેલો, કેટલોયે પ્રકાશ ! પોતાને લઈને પોતે જ લીલા વિલાસમય ! તેની આ આવિર્ભૂતિમાં અદ્‌ભુત વૈચિત્ર્ય, સ્વભાવનું જ વૈચિત્ર્ય છે ! વિચિત્ર તેનો જ સંસાર, અને વિચિત્ર છે તેની કરૂણા, તેનો પ્રેમ, તેની જ લીલા ! તે તે જ છે. તે પોતે જ કરૂણા અને પ્રેમના રૂપે છે.

માના સંપર્કમાં આવવાથી અસંખ્ય લોકોનું કલ્યાણ થયું છે અને થાય છે.

મા જ્યારે પ્રકાશ થયાં છે ત્યારે આ સુયોગ આપણા જીવનમાં સફળ થાઓ. જે લીલામયીની પ્રેમલીલાના રસનું આસ્વાદન કરવા ચાહે, તે માની અંદર પોતાના ઈષ્ટદેવને મેળવીને ધન્ય થાઓ. જે પરમાત્માને પોતાનામાં ઉપલબ્ધિ કરીને સ્વસ્થ થવા ચાહે, તે માને એ જ ભાવમાં મેળવીને યોગયુક્ત થાઓ. જે જ્ઞાન ચાહે છે, તે માના સંપર્કમાં આવીને જ્ઞાનના સ્વરૂપે માનો સાક્ષાત્કાર કરો. જે જે ભાવે માને ચાહે, તેની અંદર મા પોતાને તે ભાવે પ્રકાશિત કરો. મા સત્ય વસ્તુ છે. જે સત્ય વસ્તુને ચાહે છે, તે ભલેને ગમે તે કોઈ સંપ્રદાયના હો, જે કોઈ ભાવના ભલેને હો, મા તેઓની પરમ બંધુ છે.

ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે ।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ॥
ૐ તત્ સત્ ।

સમાપ્ત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તૃતિય ભાગ

શ્રી મા

આનંદમયી સદ્‌વાણી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બંગાળી પ્રકાશકનું નિવેદન

આ જગતમાં નવું બોલવા જેવું કંઈ જ નથી. પુરાતન કાળ-ચક્ર જ ફરતું–ફરતું વારંવાર નવા કલેવરમાં પ્રકાશિત થતું રહેતું હોય છે. પરમતત્ત્વના સંબંધમાં આ અનુભવ વધારે ઠીક છે એમ કહી શકાય. એક જ સનાતન સત્ય જુદા જુદા કાળમાં, જુદા જુદા યુગમાં, જુદા જુદા ભાવમાં, પ્રચારિત થઈને બહુત્વમાં એકત્વની પ્રતિષ્ઠા કરવાનો પ્રયત્ન કરે છે. અને આ ચિરંતન સત્ય જ માનવ–ચિત્તને પવિત્ર તથા જાગૃત કરે છે. આશા રાખું છું કે 'સદ્‌વાણી'ની વાતો બધા લોકોને તેવી રીતે આનંદ આપશે.

જેમના ચરણકમળમાં બેસીને આ સંગ્રહને સંકલિત કર્યો છે. તેનો આ ઉપદેશ "હર કોઈ અવસ્થામાં, હરકોઈ પંથમાં દૃઢ નિષ્ઠા તેમ જ એક લક્ષ્યથી ચાલતાં જ આત્માનુસંધાન સહજ થાય છે."—બધાઓએ આ જ મનમાં રાખવું યોગ્ય છે. અથવા **तस्य तदेव मधुरं यस्य मनो यत्र संलग्नम् ।**

—પ્રકાશક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

—: સદ્‌વાણી :—

(૧)

મનુષ્ય કર્મક્ષેત્રમાં સ્વાધીન ગતિના અભાવથી પંગુ થઈ જાય છે. ધર્મક્ષેત્રમાં પણ તેવી રીતે જ હોય છે. પોતપોતાના વિચારોનો વિકાસ ન સધાતાં સાધકની સાધન–ચેષ્ટા સંકુચિત થઈ જાય છે. તેથી જેણે તે પંથ પકડ્યો છે તે પંથમાં જ શુદ્ધ ભાવની પરિપુષ્ટિ માટે પુરુષાર્થ કરવો જોઈએ. લક્ષ્ય જ્યારે પ્રાણુમય થઈ જશે ત્યારે જેને જેની જરૂર છે તે "આપસે આપ હો જાયગા." (આપોઆપ જ થઈ જશે.)

(૨)

આકૃષ્ટ થવું એટલે પરિવર્તિત થવું. તમે લોકો જ્યારે કોઈ મનુષ્ય કોઈ વસ્તુ અથવા કોઈ ભાવની ઉપર આકૃષ્ટ થાઓ છો ત્યારે તમારે પોતાનું કંઈક ત્યાગવું પડે છે. જેટલું છોડશો તેટલું મેળવશો—આ સ્વતઃસિદ્ધ છે. કશાનો ત્યાગ કર્યા સિવાય બધું મેળવશો, એ કોઈ પણ વખત બની શકે નહિ. કારણ, એક સમયે, એક જ સ્થાનમાં, બે વસ્તુઓની સ્થિતિ થઈ શકે નહિ. ઈશ્વરભાવમાં પ્રાણ—મન જેટલું વધારે ચોંટશે તેટલા જ પ્રમાણમાં ભોગ—વાસનાઓનો ક્ષય થતો જશે. અને જે દિવસે તેમાં જ આકૃષ્ટ થઈને પરિવર્તિન તથા અનુભાવિત થતા જશો તે દિવસે જ મનનો લય!

તેનું આકર્ષણ અંતઃકરણમાં ન જાગતાં મન તેની તરફ આકૃષ્ટ થઈ શકતું નથી. આ વાત સત્ય હોવા છતાં પણ તે અનુ-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભૂતિને માટે દૃઢ પ્રયત્નમાં ઉન્મુખ રહેવું આવશ્યક છે. જેવી રીતે વેપારી દરેક દિવસના બજાર–ભાવો જાણે છે અને તેની ચિંતામાં દિવસ પસાર કરે છે તેવી જ રીતે ઈશ્વરની શોધ અને તેની ચર્ચા વગેરેમાં સર્વદા સમય વ્યતીત કરવાની આવશ્યકતા છે.

(૩)

સીમાની વચમાં એક ભાવ લઈને ચાલતાં ચાલતાં જ્યારે લક્ષ્ય સ્થિર થઈ જાય ત્યારે સીમાનું બંધન ખૂલી જાય છે, અને એક જ બહુ અને બહુ એકરૂપે જ ભાસે છે. નિઃસીમમાં પહોંચવાની શક્તિ મેળવવા માટે પહેલાં સીમાબદ્ધ થઈને ચાલવું યોગ્ય છે. જ્યાં સુધી દેહાધ્યાસ પ્રબળ, ત્યાં સુધી વિધિનિષેધોને માનીને ચાલવું જરૂરી છે. આના માટે ધૈર્ય જરૂરનું છે, તથા સહિષ્ણુતાની જરૂર છે. વિશ્વપ્રકૃતિ પોતે જ અસ્થિર હોવા છતાં, કયારેય કોઈને ચંચળતા સહાય કરતી નથી.

(૪)

સાધનની દસ અવસ્થાઓ :—

(૧) ભગવાનની તરફ મનને લગાવવું,
(૨) તેને મેળવવા માટે ચિત્તનું ચંચળ થવું,
(૩) તેને ખૂબ જલદીથી મેળવવા
માટે પ્રાણમાં વ્યાકુળતા ઉત્પન્ન થવી,
(૪) તેની તરફ ચતુરતાથી
કુશલતા સાથે આગળ વધવું,
(૫) મનનું સર્વદા સાધનાના ઊંચામાં ઊંચા પ્રદેશ
પર પહોંચવાના માટે વ્યસ્ત થવું,
(૬) બન્ને આંખોમાંથી પ્રેમાશ્રુઓનું વહન થવું,
(૭) મનનું આનંદ–સાગરમાં તરવા માટે અધિર થઈ ઊઠવું,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૮) નિશદિન ઇષ્ટલાભ માટે જપમાં મગ્ન થઈ રહેવું

(૯) પોતાની જાતને ભૂલવાના ભાવનું ઉત્પન્ન થવું,

(૧૦) (અને) છેવટે સાધકને સિદ્ધિની પ્રાપ્તિ થવી.

(૫)

ભવયંત્રણા વગર ભવયંત્રના સંચાલક યંત્રીની સાથે પરિચય-ની ઇચ્છાનો ઉદય થતો નથી. રોગ, શોક, અભાવ, પશ્ચાત્તાપ વગેરે મનુષ્ય જીવનમાં ખૂબ જરૂરી છે. જેવી રીતે અગ્નિ મલિન વસ્તુ-ઓને જલાવી દે છે, તેવી રીતે ત્રિતાપકારી હૃદયની મલિનતા નષ્ટ થઈ જાય છે, અને ભગવાન પ્રતિ એકાગ્રતા આવે છે. જ્યારે અંતઃકરણમાં પોતાની દુર્બળતા અને ઉચ્છૃંખલતા વગેરેની સ્મૃતિ થતાં વ્યથા ઉત્પન્ન થાય છે અથવા પીડા, દારિદ્ર્ય, પુત્રકન્યા આદિના વિયોગના શોક, લાંછનામાં જીવનનું ધારણ કરવું એ વ્યથા છે એમ સમજાય છે ત્યારે જ વિશ્વાસ અને શ્રધ્ધા ઉત્પન્ન થઈ ભગવચ્ચરણે આત્મનિવેદન કરવા માટે મનુષ્ય આકુળ થઈ ઉઠે છે. આ કારણથી દુઃખને આનંદથી ગ્રહણ કરો. ગ્રીષ્મના તાપદગ્ધ ચિત્તમાં ચંદ્રકિરણો જેવી રીતે મધુર માલૂમ પડે છે તેવી રીતે અન્ય કોઈ સમયે માલૂમ પડતાં નથી.

(૬)

તમે લોકો "ભગવાન જોઇએ છે, ભગવાનને મળવું છે," એમ કહો છો; પણ વિચારી જુઓ કે શું ખરેખર તેને પ્રાપ્ત કરવા માટે મન અને પ્રાણથી અભિલાષા કરો છો? જો ખરી રીતે ચાહતા હશો તો નિશ્ચયથી તેને મેળવી શકશો. તેને મેળવવાની અભિલાષા કેવી હોય તે જાણો છો? જેવી રીતે ડૂબતા નાવના યાત્રી-ઓની કિનારે પહોંચવાની અભિલાષા અથવા પુત્રશોકાતુર માતાની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંતાનને ફરી મેળવવાની અભિલાષા હોય છે તેવી રીતે તેવા ભાવથી જો તમે તેને ચાહો તો તમે દેખી શકશો કે તે દિવસ રાત તમારી સાથે જ છે. તમે લોકો તેની પાસેથી સંસારની વસ્તુઓ, જેવી કે ધન પુત્ર વગેરે ચાહો છો એટલે તે પણ તમને ધન, જન, પ્રતિષ્ઠા વગેરે આપીને ભૂલવામાં રાખે છે. તમે તેને તેના માટે જ ચાહો. નિશ્ચય જ તેનાં દર્શન થશે.

(૭)

જગતમાં અશ્રદ્ધા અથવા ઘૃણા કરવા જેવી કોઈ વસ્તુ નથી. તે અનંત ભાવે, અનંત રૂપે, અનંત લીલાના ખેલો ખેલે છે. જો તે બહુ ન હોય તો આવા ખેલો કેવી રીતે ખેલી શકે? જોતાં નથી કે પ્રકાશ અને અંધકાર, સુખ અને દુઃખ, અગ્નિ અને જળ એક જ શૃંખલામાં બંધાયેલાં છે? યાદ રાખો કે શુદ્ધ ભાવની સાથે જ સાધના છે. આપણે લોકો જેટલા અશુભ અથવા સાંકડા વિચારોને પોતાનામાં આશ્રય આપીએ છીએ તેટલું આપણે જગતનાં અમંગળનાં કારણોનું સર્જન કરીએ છીએ. બીજા પાસે શું છે અથવા શું નથી તેની ચિંતા કરવાની તમારે શી જરૂર છે? પોતે પોતાની જાતને તૈયાર કરો. પોતે સુંદર થઈને સુંદર હૃદયાસન પર ચિરસુંદરની પ્રતિષ્ઠા કરી શકો તો બધું જ સુંદર દેખી શકશો.

(૮)

કોઈ સાથે મુલાકાત થતાં તે મને પૂછે છે કે, "કોઈ અડચણ તો થતી નથીને?" તમે લોકો દૂર રહેવા માગો છો એટલે જ આવા પ્રશ્નો કરો છો. વાસ્તવિક રીતે જોઓ — તમે જ્યારે તમારાં મા–બાપ, ભાઈ–બહેનની પાસે જાઓ છો ત્યારે શું તમે આવી રીતે પ્રશ્નો કરો છો? ત્યાં તો તેઓની સ્નેહસંગતિ તમારા મનને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુકૂળ હોય છે. તેથી જ તેઓની કોઈ અડચણો હોય છતાં પણ તે તમારી આંખે પડતી નથી. જ્યારે તમે લોકો સમજશો કે હું પણ તમારું તેવું જ પોતાનું માણસ છું, ત્યારે મારી પાસે આવતાં પણ તમને આવા પ્રશ્નો ઊઠશે નહિ. તેથી જ્યારે કોઈ પણ જગાએ જાઓ ત્યારે પોતાના મન અને પ્રાણને પૂર્ણપણે લઈ જાઓ, તો દેખાશે કે કોઈ માણસ પારકું નથી. તમે લોકો જ્યારે ઇચ્છા કરો ત્યારે મારી પાસે આવી શકો છો. કારણ કે તમે બધાં લોકો એટલે એક આનંદી જ પ્રતિમૂર્તિ!

(૯)

જગતમાં સર્વ કંઈ એક પરમ પિતાથી જ બનેલું છે તેથી કોઈ કોઇથી ભિન્ન નથી. જેવી રીતે એક જ પરિવારમાં બહુ વ્યક્તિઓ થઈ જાય ત્યારે જીવનનિર્વાહ માટે તેઓ દશ જગાએ રહે છે; અથવા ભિન્ન-ભિન્ન જગાઓમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં મકાનો બનાવીને, વાસ કરે છે, તેવી જ રીતે મૂળમાં બધું એક હોવા છતાં પણ કર્મશૃંખલાને અધીન થઈને બહુભાવ. બહુરૂપમાં ટોળાં બાંધીને લોકો રહે છે! જગતમાં જેવી રીતે રોગ મટાડવા માટે એલોપથી, હોમિયોપથી, વૈદક વગેરે જુદી જુદી પદ્ધતિઓ છે અને જેને જે રુચે, જેને જે ઉપયોગી લાગે, તે પ્રમાણે ચિકિત્સા કરાવે છે, તેવી જ રીતે ભવરોગીના માટે શાસ્ત્રવાક્ય, સાધુઓના મુખમાંથી નીકળેલાં જુદી જુદી જાતનાં વિધાનો, જુદી જુદી જાતના ઉપદેશો છે જ. પરંતુ સર્વનું લક્ષ્ય એક જ છે. હિન્દુ, મુસલમાન, શકિત અથવા વૈષ્ણવ બધાંના વિભિન્ન પંથો તેના જ દ્વારે પહોંચાડવાના રસ્તાઓ છે. રેલ્વે સ્ટેશને અંદર જવાના દરવાજા પાસે ખૂબ ગડબડ તથા ઠેલાઠેલી થતી હોય છે પરંતુ પ્લેટફોર્મ પર પહોંચતાં જ સર્વનું ગન્તવ્ય-સ્થાન નિર્દિષ્ટ!

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૧૦)

પ્રભુ અને દાસ એક બીજાના આધાર હોવા છતાં પણ બંને મૂળમાં તો એક જ છે. પ્રભુએ જ્યારે કરુણામય રૂપે નીચે અવતરણ કરે છે ત્યારે તે દાસ થઇ જાય છે. જેવી રીતે દાસ પ્રભુના આધાર વિના ચાલી શકે નહિ. તેવી જ રીતે તેવી પ્રભુને પણ દાસની અપેક્ષા કરવી પડે છે. અને પરસ્પર એક બીજાનો એવો સંબંધ છે કે એક વિના બીજો રહી શકે નહિ. દાસના શરણાગત થવા માટે પ્રભુ જ એક માત્ર આશ્રય ! પ્રભુની સેવા સંબંધે પણ દાસ જ એક માત્ર અવલંબન ! જે પૂર્ણ અથવા અખંડ ભાવથી પ્રભુ છે તે જ ખંડ તથા આંશિક ભાવથી દાસ ! અથવા દાસ પ્રભુના ખંડ-ભાવનો વિકાસ માત્ર છે. તમે લોકો જે "હું દાસ છું, હું દાસ છું" એમ કહ્યા કરો છો, તે તો ફક્ત વાતો જ છે. દાસ તો હતા હનુમાન, ગરુડ વગેરે. તેઓએ પ્રભુના ભાવમાં પોતાને એટલા બધા લીન કરી નાખ્યા હતા કે તેઓની સ્વતંત્ર સત્તા જ રહી ન હતી. પૂર્ણ દાસત્વની જરૂર છે. પ્રભુને મેળવવા માટે તન, મન અને ધન વગેરે સર્વસ્વ સંપુર્ણપણે સમર્પણ ન કરી શકો તો દાસ થઈ શકાય નહિ અને પ્રભુ પણ તમને દાસત્વનું પ્રમાણપત્ર ન આપે.

(૧૧)

કોઈ કોઈ વખતે એવું માલૂમ પડે છે કે આ જગત જાણે એક મૃદંગ ! એનો વગાડનારો એક જણ ! તે તેમાંથી જેવા સૂર કાઢવા માગે તેવા કાઢે છે. કીર્તન વખતે શું તમે નથી જોતા કે તે મૃદંગના તાલે તાલે બહુ લોકો નાચતા હોય છે, ગાતા હોય છે ? પણ વાદ્ય અથવા વગાડનાર પ્રતિ કેટલા લોકોનું લક્ષ રહેતું હોય છે ? સંસારમાં જેના આનંદના એક કણને લઈને બધા લોકો સુખથી જ દિવસો પસાર કરે છે, તેને જાણવા માટે કોઈ ચાહતું નથી ! સકળ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિષયોના મૂળરૂપે જે વર્તમાન છે તેનું જ અનુસંધાન કરો—આ જ તપસ્યા ! આ જ સાચી સાધના.

(૧૨)

અનેક લોકોના મુખેથી સાંભળીએ છીએ કે "સંસારમાં (ગૃહસ્થાશ્રમમાં) રહીને ધર્મલાભ થઈ શકે નહિ." આ વાત શું સત્ય છે?

ગૃહસ્થજીવનમાં ધર્મલાભ માટે કેટલો સુયોગ છે તે જાણો છો? પિતા–માતાનો સ્નેહ, ભાઈ–બહેનનો અનુરાગ, પતિ–પત્નીનો પ્રેમ, પુત્ર કન્યાની ભક્તિ–શ્રધ્ધા, સગાવહાલાંઓનો પ્રેમ, આશ્રિત અને દીન-દુઃખીઓના આશીર્વાદ વગેરે ધર્મ–જીવનમાં કેટલાં સહાયક છે તે વિચાર કરવાથી સમજાશે. મનમાં સાંસારિક સુખ–દુઃખોના આંદોલનો કોઈ કોઈ વખત માણસને ત્યાગમય બનાવી દે છે. ભગવાન માટે આકુળતા જગાવી દે છે. આવો સુયોગ ગૃહત્યાગી સાધુ સંન્યાસીઓને પણ મળતો નથી.

(૧૩)

"ભગવાનને પૂકારવા માગું છું. પરંતુ પૂકારી શકતો નથી." આ વાત બોલ્યેથી શું થઈ ગયું ? ઘરમાં જો કોઈનું સામાન્ય શરીર બગડે તો સમય–અસમયનો વિચાર કર્યા સિવાય ડોકટર–વૈદ્ય પાસે કેટલી દોડાદોડી કરો છો ? સંસારનું કોઈપણ કાર્ય જો જરાક ઉલટ–પાલટ થઈ જાય તો કેટલા પ્રકારના ઉપાયો કરો છો ? નાના પ્રકારના વિધિવિધાન કરો છો. પણ ઈશ્વર–ચિંતનની વાત આવતાં, "આ તો થઈ શકતું નથી" એમ બોલી, તેની કૃપાની દુહાઈ બોલી, બિલકુલ અળગા થઈ જાઓ છો. શું આ કર્મીને યોગ્ય વાત છે ? એક વાર ખૂબ ઉત્સાહની સાથે જાગી ઊઠો, તો તેને ખૂબ પૂકારી શકશો. પોતાના શરીરને સ્વસ્થ, સુંદર અને સરસ કરવા માટે જેવી રીતે તમે પ્રયત્નો કરો છો, તેવી રીતે જો મનને પણ તૈયાર કરવા પ્રયત્ન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરો તો જણાશે કે ભગવાનને પૂકારવાનો ભાવ પ્રાણમાં જરૂર આવશે જ આવશે. ફક્ત તત્ત્વવિચાર કરવાથી કંઈ દહાડો નહિ વળે. તદ્‌નુસાર કર્મ અને અભ્યાસની જરૂર છે. એક લક્ષથી કર્મ કરતાં કરતાં કર્મસિદ્ધિનું કૌશલ આપમેળે જ આવી જશે.

(૧૪)

મનની ચંચળતા, અસ્થિરતા, સંશય, વગેરે ગમે તેટલા અપરાધો ભલેને હોય છતાં આનંદ જ તેનો મૂળ સ્વભાવ છે. બાળકની માફક અવિચારીપણે મન પણ અહીંતહીં સારી કે ખરાબ જગાએ ફક્ત આનંદની શોધ માટે જ રખડે છે. પણ સંસારનો ખંડખંડ આનંદ મનને બહુવાર સુધી કોઈ પણ જગાએ બાંધી શકે નહિ. જેવી રીતે પ્રેમ તથા ધમકીની સાથે બાળકોને ભણાવવામાં આવે છે તેવી રીતે મનને પણ તૈયાર કરવું જોઈએ. સત્સંગ, સદ્‌ભાવ, સદ્‌વિચાર વગેરેથી મનને અંદર–બહારથી પુષ્ટ કરો તો જ ધીરે ધીરે તે તાપશૂન્ય થઈ, પરમપદને પ્રાપ્ત કરી વિશ્રામ મેળવવાને ઉપયોગી થશે. જેવી રીતે યુધ્ધક્ષેત્રમાં આક્રમણ કરવાના પ્રયત્નથી વધારે આત્મરક્ષા કરવાની વ્યવસ્થા કરવી પડે છે તેવી રીતે શુભકર્મો વગેરેમાં મનને વિવેક–વિચારથી પરીક્ષાથી સાવધાન રાખો કે જેથી ભોગતૃષ્ણારૂપી બહારના શત્રુઓ તેને હેરાન ન કરી શકે. મનનો શત્રુ અથવા મિત્ર મન જ! મનની સહાયતાથી જ મનની અજ્ઞાનતા દૂર કરવી પડશે. મનને નિર્મળ કરવાનો સહજ ઉપાય સાધુ–સંગ અને અવિરામપણે ભગવન્નામ કીર્તન !

(૧૫)

મનુષ્ય કેવળ બહારના સુયોગ, સુવિદ્યાની શોધમાં રખડતો રહે છે. પરંતુ કોઈ સમજતું નથી કે બહારની સુવિધા અસુવિધા લઈને જ્યાં સુધી તે રખડે છે ત્યાં સુધી તેને બહાર જ રહેવું પડે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બહાર–અંદર એકી સાથે જોવાનો પ્રયત્ન ન કરવામાં આવે તો તેને મેળવી શકાય નહિ. બહારની ચિંતાનો અર્થ છે—દેહ, ધન, જન, ગૃહ વગેરે અને અંદરની ચિંતાનો અર્થ છે—આત્મચિંતા અથવા બધી ચિંતામાં તેને સામે રાખવાનો પ્રયત્ન કરવો તે. દૈહિક સુખ—માનસિક સુખ પ્રતિ લક્ષ રાખવાથી ફક્ત બહારના જ ભાવોને પુષ્ટિ મળે છે, અને અંદરના ભાવોને કાટ ચઢે છે, તેથી જ ચિત્તની મલીનતા દૂર કરતાં કરતાં જન્મ જન્માંતરો ચાલ્યા જાય છે. જેટલા દિવસો સુધી બહારની ચિંતાઓનું નિવારણ ન કરી શકો તેટલા જ દિવસો સુધી અંદરની ચિંતા પણ સાથે સાથે કરતા રહો. આત્મતત્ત્વનું અનુસંધાન કરો, નિત્યાનંદનું ધ્યાન કરો. શુભ મુહૂર્તનો ઉદય થતાં જણાશે કે ધીરે ધીરે બધા પ્રકારના વિચારો એકમુખી થઈને જ અંદર—બહારને એક કરી દે છે.

(૧૬)

તમે લોકો "સાત્વિક આહાર, સાત્વિક આહાર" બોલીને આટલા બધા યુક્તિ–તર્ક લડાવો છો, તેનો શું અર્થ? હું તો કહું છું કે સાત્વિક આહારનો અર્થ આ છે, "સદ્‌ભાવનો આહાર અથવા સત્ય અને ભગવાનમાં પ્રતિષ્ઠિત થઈને રહેવું." એક વાર એક સિદ્ધ × આહાર કરો છતાં દિન–રાત વિષયચિંતામાં મગ્ન રહ્યા કરો ત્યારે સાત્વિક આહારની સાર્થકતા શું? ચિત્તરૂપ ખલની અંદર ભગવન્નામ અથવા આત્મવિચારરૂપ ઔષધિને વિશુદ્ધ આકાંક્षा-રૂપી મધની સાથે ઘૂંટીને પીવો. અનુકૂળ પથ્ય અને અનુપાનની વ્યવસ્થા આપમેળે અંદરથી જ આવશે. સર્વ સમય સત્યને ઉદ્દેશ્ય

×એક સિદ્ધ:—અંગાળમાં બધી ચીજો જેવી કે ભાત, દાળ, શાક, વિ.ને ભેગા રાંધવામાં આવે તો તેને 'એક સિદ્ધ' કહેવામાં આવે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રાખો, શરીરની સાથે સાથે મન રાખીને કામ કરતા રહો, તેનાથી જ મન અને દેહ સાત્ત્વિક થઈને, સાત્ત્વિક આહારનું ફળ આપશે.

ભોગ જ તમને ખાઈ જાય છે. આ કારણથી સાવધાન રહેવું જોઈએ કે જેથી ખાદ્ય તમને ન ખાઈ જાય. સર્વદા તમે ખાદ્યને આત્માધીન રાખવાનો પ્રયત્ન કરતા રહો.

(૧૭)

પ્રાર્થના કેવળ એક જ! જુદી જુદી જાતિઓમાં પ્રાર્થના કરવાની જુદી જુદી પદ્ધતિઓ રહી છે. જે દિવસે કોઈને તે પ્રાર્થના કરતાં આવડી જાય છે તે દિવસ તેને પ્રાર્થના કરવાની ઝંઝટ રહેતી નથી. ખરી રીતે તમે તેને પૂકારતા નથી, પણ તે જ સર્વદા તમને પૂકારે છે. જેવી રીતે રાત્રિની નિઃસ્તબ્ધતામાં દેવમંદિરના શંખ-ઘંટાનો ધ્વનિ સાફ સંભળાય છે તેવી રીતે તેની પ્રત્યે અનન્ય ભાવભક્તિ દ્વારા વિષય-ચંચળતા શાંત થતાં, તે પૂકારનો પ્રતિધ્વનિ, પૂર્ણરૂપે, આપમેળે સંભળાશે ત્યારે જ સાચી પ્રાર્થના બહાર આવશે; આ સર્વ લોકો શીખી શકે તેમ છે. કારણ કે શિવ જેવી રીતે જીવમાં પરિણુત થાય છે. તેવી રીતે જીવ પણ શિવમાં ફરીથી પરિણુત થઈ શકે છે. જળ અને બરફની માફક જીવ અને શિવના આ ખેલો નિત્ય કાળથી ચાલતા આવ્યા છે.

(૧૮)

જગતમાં કોઈ કોઈની ઉપેક્ષા કરીને રહી શકે નહિ. પ્રત્યેક મનુષ્ય, પ્રત્યેક પાસેથી અલ્પ સન્માન અને નિર્ભયતાની આશા રાખે છે. વિધાતાની સૃષ્ટિ રક્ષા ફક્ત હું જ કરી શકું છું, અને તમારાથી નહિ થાય એમ કોઈ કહી શકે નહિ. જેવી રીતે રાજા ન હોય તો શાસનતંત્ર ચાલે નહિ તેવી જ રીતે પ્રજા ન હોય તો રાજા રહી શકે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નહિ. બધા લોકો પોતપોતાના નિર્દિષ્ટ કર્મપથ ઉપર વિશ્વપિતાની ઇચ્છા અનુસાર ઉન્નત કરી આગળ જતા હોય છે. તેથી જ ગુણ અથવા અવસ્થાને જોઈને પોતાને મોટા તથા અન્યને નાના માનીને ચાલવું તે ભૂલ છે. વિરાટ જગતને ખંડ ખંડ ભાવથી ન દેખતાં સમષ્ટિ રૂપે દેખો તો જ તે વિષે કોઈ સંદેહ કરવાનું સ્થાન નહિ રહે. જે પોતાનું સન્માન કરતાં જાણે છે તે જ બીજાને તે કરતાં વધારે સન્માન આપે છે. સન્માન સિવાય શ્રદ્ધા આવતી નથી. અને શ્રદ્ધા વિના પ્રેમ જાગૃત થતો નથી. તેથી જ પ્રેમના અભાવથી પ્રેમમય ભગવાન બહુ દૂર જતા રહે છે અને તેમનો કંઈ પત્તો લાગતો નથી.

(૧૯)

મૂળમાં સર્વ હક્ક એક જ છે. એકમાંથી જ આ વિશ્વ–બ્રહ્માંડનો પ્રકાશ થયો છે. જેણે હિમાલય પર્વત જોયો નથી તે નામ સાંભળીને મનમાં વિચારશે કે હિમાલય તો માત્ર એક પર્વત જ છે. પરંતુ જો હિમાલયની તળેટીમાં જઈને ઊભો રહી જોશે તો માલૂમ પડશે કે કેટલાયે સેંકડો સેંકડો પહાડ, લાખો લાખો ઝાડો જીવજંતુઓ, નદીઓ, ઝરણાં વગેરે લઈને કેટલાંયે માઈલો સુધી વ્યાપી જઈને ગિરિરાજ હિમાલય ખડો રહ્યો છે. તેવી રીતે સાધનાના રાજ્યમાં જે જેટલો નજીક જશે, જે જેટલો અંદર પ્રવેશ કરશે તે સમજી શકશે કે તે એક જ બહુરૂપે દેખાય છે, અથવા બહુરૂપે તે એક જ છે. આપણે સર્વદા એકત્વ લઈને જ આગળ ચાલીએ છીએ, પરંતુ તેમાં પણ આપણે બહુરૂપોમાં ભૂલથી રહીએ છીએ. એક એક પગલું ચાલતાં ચાલતાં આપણે ચાલવાનું શીખીએ છીએ. એક એક કોળિયો ખાતાં ખાતાં ભૂખ શાંત થાય છે. એક એક શબ્દને જોડતાં અક્ષર થાય છે. એક એક દિવસ ગણતાં મહિનો થાય છે અને એક એક મહિનો વર્ષમાં પરિણત થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તમારા લોકો પાસેથી સાંભળ્યું છે કે "**એકમેવાદ્વિતીયમ્**". ખરી રીતે જોતાં આ જ સત્ય છે. જગતમાં એક સિવાય બીજું કશું જ નથી. રૂપ, રસ ગન્ધાદિથી જ આ જગત છે. આ પ્રત્યેક જો કે વિવિધરૂપે પ્રકાશિત થઈને સૃષ્ટિના મહિમાનો પ્રકાશ કરે છે, તો પણ એકમાંથી જ આ બધાનો અવિર્ભાવ થયો છે. અને ફરીથી એકમાં જ લય પામશે, અને એકની પૂર્ણતાને માટે જ આની સાર્થકતા! એક લક્ષ્ય દ્વારા, એક રૂપ, એક ગંધ, એક સ્પર્શ અથવા એક શબ્દમાં પ્રતિષ્ઠિત થવાનો પ્રયત્ન કરો ત્યારે દેખાશે કે આ એકમાં જ બધું સમ્મિલિત છે. આ પછી જ થશે કે એક જ સર્વ છે અને સર્વ જ એક છે અને તે એક સિવાય કોઈનું પણ અસ્તિત્વ નથી.

(૨૦)

જેટલા દિવસ બોલવા—સાંભળવાનું રહે તેટલા દિવસ ખૂબ ઓછું બોલવાનું રાખવું જોઈએ. જો કોઈ કંઈ કહે તો બધું સાંભળીને હજમ કરવું જોઈએ. અને જ્યારે ખાસ આવશ્યકતા હોય ત્યારે હોમીઓપથીની દવાની માત્રાની માફક ખૂબ થોડું બોલવા માટે મોં ઉઘાડવું જોઈએ. જોતા નથી કે એલોપથી દવાઓની માત્રા કેટલી મોટી હોય છે. પરંતુ હોમીઓપથી દવાનું એક ટીપું જ ફક્ત તેના કરતાં વધારે કામ કરે છે! ખૂબ વાતો કરવામાં પોતાનું મોટાપણું, પાંડિત્યનો પ્રકાશ કરવાની ઈચ્છા અથવા કુટિલ તર્કો ચલાવવા સિવાય વધારે શું છે? વાતો કરવા કરતાં કાર્યનું જોર ઘણું વધારે હોય છે. બહારની વાતો અથવા તર્કથી મનુષ્ય તૈયાર થતો નથી. અંદર મનની સાથે વિચાર કરો, અન્તઃપ્રવૃત્તિને સ્થિર કરો તો, દેખાશે કે મોટી મોટી વાતો કરવાનો ભાવ ખૂબ ઓછો થઈ ગયો છે.

(૨૧)

સર્વદા ઉપર તરફ તાકીને ઉપર તરફ ચાલવા પ્રયત્ન કરો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નીચે જોઇને ચાલશો તો પાતાળમાં ઊતરી પડશો. સમાન રસ્તા ઉપર ચાલતાં ચાલતાં ઉપર તરફ જોઇને ચાલવાનો તમારો અભ્યાસ ખૂબ ઓછો થઈ ગયો છે. પરંતુ સન્મુખ અથવા ઉપસ્થિતને પકડીને ચાલવાનો તમારો જે અભ્યાસ છે, તેનો પણ તમે ઉપયોગ કરતા નથી. ઉપર જોવાનો અભ્યાસ કરો. દૃષ્ટિ ઊર્ધ્વ તરફ ન રહે તો પણ ઓછામાં ઓછું સમાન તરફ તો રહી શકે છે. ઊર્ધ્વ તરફ જવાના સાહસ અથવા યોગના નામને ઉત્સાહ કહે છે. શરીર ચાલે છે પણ મન ચાલતું નથી. વળી પાછું મન ચાલે છે પણ શરીર ચાલતું નથી—આવી રીતની ફરિયાદ પ્રાયઃ સંભળાય છે. ત્યારે આવી અવસ્થામાં જોર કરીને ક્રિયાશીલ થવું પડશે; નહિ તો પતન અનિવાર્ય ! સર્વ કર્મોમાં સાહસની જરૂર છે. સાહસ જ શક્તિ છે.

(૨૨)

સર્વ સમય ખુલ્લા શરીરે, ખુલ્લી હવામાં, ખુલ્લી જગામાં રહેવાનો પ્રયત્ન કરો. ખુલ્લા પહાડો, ખુલ્લા સમુદ્રને પ્રાણ ભરીને જુઓ. ખુલ્લા દિલની વાતો કરો. જો ખરેખર કંઈ જ તમે ન કરી શકો તો અવસર મેળવતા આકાશની તરફ તાકીને રહેજો. આવી રીતે કરતાં તમે જોઈ શકશો કે તમારી જડ ગ્રંથિઓનાં બંધન શિથિલ થઈને ખુલ્લાં થઈ ગયાં છે, અને તમે કંઈ સ્વાધીન થયા છો. પૂર્ણ ચેતના ખુલ્લાં આધારમાં જ રહે છે. બદ્ધ બધા પંગુ છે. સંસારમાં ફક્ત શરીર લઈને જ આવ્યા હતા, અને આ શરીરને છોડીને જ જવું પડશે. આના વચલા સમયમાં અતિરિક્ત આવરણ તથા આભરણને વધારવાથી તેને છોડતાં ખૂબ દુઃખ લાગશે. તેથી શરીરને હલકું રાખો તો મન પણ હલકું રહેશે. આવી રીતે શરીર અને મન બન્ને હલકાં થતાં જીવાત્માને મુક્તિ સહજમાં પ્રાપ્ત થશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૨૩)

ધન, દોલત કોના માટે છે? પોતાના જીવન—ધારણ તથા પોતાના પુત્ર પરિવારના ભરણ–પોષણ માટે જ. પુત્રપરિવાર કોના માટે? સરળભાવે જવાબ દેતા બોલવું પડશે કે, "મારા માટે." ત્યાર પછી જો પ્રશ્ન કરવામાં આવે, "આ 'હું કોણ?" તો તેનો જવાબ નહિ આપી શકો. આ છે તમારી બુદ્ધિની હદ! એકવાર ખૂબ સારી રીતે વિચાર કરી જુઓ કે, "હું કોણ છું?" ત્યારે ખબર પડશે કે બધાં પુસ્તકો, સ્કૂલ–કૉલેજમાં ભણીને માથા ફૂટયાં અને કર્મક્ષેત્રમાં જે અભિજ્ઞતા પ્રાપ્ત કરી–તે બધામાં આ પ્રશ્નનો જવાબ નથી મળતો: "હું" અને "મારું" આ બન્નેનું સંધાન મેળવવું હોય તો પુરાતન ચિતાની ધારાને બદલીને તે એક તત્ત્વની સાધનામાં મનને લગાવવું પડશે. જ્યારે ચિત્ત ચંચળ થાય ત્યારે દૃઢતાની સાથે મનને અહીં-તહીં ભટકવા ન દેતાં "હું કોણ છું?" એ પ્રશ્ન પર એકાગ્ર કરવું પડશે. આજ આત્મદર્શનનો ઉપાય!

(૨૪)

અરુણોદય થતાં વૈરાગી આવીને ઘેર ઘેર હરિનામ સંભળાવી ગયો. સાંભળ્યું હજાર–હજાર લોકોએ પરંતુ મનમાં રહ્યું કેટલા લોકોના? આનું કારણ શું? કાન તો સૌને છે પરંતુ સંસારના જૂઠા મનોરમ સૂરોથી કાન એટલા બધા ભરાઇ ગયા છે, અને તે અધિકાંશ લોકોને એટલા સારા લાગી ગયા છે કે, ધર્મનો સૂર સહેજમાં તેમના કાનમાં સારો લાગતો નથી. આનું એક માત્ર પ્રતિવિધાન એ છે હંમેશાં સવારે "હરિ" અથવા કોઈ પણ ઈશ્વરવાચક નામનો જપ કરો. દશ વાર હો અથવા દશ હજાર વાર હો, પરંતુ અવશ્ય કરો અને રોજ કેટલોક સમય ઉપાસના અથવા આત્મવિચાર, સાધુસંગ, સદાલાપ વગેરેમાં પસાર કરવો પડશે. આવી રીતે ક્રમે ક્રમે દેહયંત્ર ધર્મ–સંગીત ગ્રહણ કરવા માટે ઉદ્‌ગ્રીવ થશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જેવી રીતે હંમેશાં મન દીધા વિના અભ્યાસ કરવાથી વિદ્યા ઉપાર્જન થઈ શકે નહિ, તેવી રીતે સાધના સિવાય આત્મતત્ત્વનું જ્ઞાન થઇ શકે નહિ. આ ભૂલાવું જોઈએ નહિ. જેવી રીતે ધડિયાળને ચાવી આપવી જરૂરી છે, તેવી રીતે ભગવત્‌-ભાવની ચાવી પણ જો એકવાર ફેરવવામાં આવે તો તે ચિત્ત શુદ્ધિ કરવામાં ખૂબ સહાય કરે છે.

(૨૫)

કોઇના દોષો ન જોયા કરો. આથી આંખ અને મન બન્ને મલિન થાય છે, અને જગતમાં પાપનો બોજો વધે છે. તેથી જ જે કાંઇ જુઓ અથવા સાંભળો તેની અંદર સારૂં જોવા જ પ્રયત્ન કરો. સારાપણું તે જ સત્ય અને જીવન છે. બૂરાઈ તો ફક્ત છાયાદર્શન છે. કોઈ, કોઇ દિવસ ખરાબ બનવા ચાહતું નથી. અન્યનું ખરાબ કરવાની ઇચ્છા મનમાં ઉત્પન્ન થાય તો ખ્યાલ રાખો કે સારા થવું તે જ તમારો ઉદ્દેશ છે. ખરેખર જો તમારા ભાવો અંદર-બહાર સરળ હશે તો મન પવિત્ર અને પ્રફુલ્લ રહેશે, અને વિચાર-બુદ્ધિ પણ શુધ્ધ થઈ જશે. ત્યારે તમે કોઈ પણ જગાએ સારા સિવાય ખરાબ દેખી શકશો નહિ. પૂર્ણ ફક્ત ભગવાન, તેના સિવાય કોઈ સંપૂર્ણ નથી. બીજાઓના ગુણો દેખતાં દેખતાં તે બધા તમારામાં આવી જશે. કારણ જે જેવી રીતે વિચારે છે તે તેવો થઈ જાય છે. ખરી રીતે બીજાઓના ગુણો ગ્રહણ કરતાં જેટલી તૃપ્તિ મળે છે, તેટલી તૃપ્તિ પોતાના ગુણો જોઇને મળતી નથી. પોતાના ગુણો દેખતાં દેખતાં ફક્ત અહંકારની જ વૃદ્ધિ થાય છે. અને બીજાઓના દોષો અથવા દુર્બળતા ઉપર જ દૃષ્ટિ પડે છે.

(૨૬)

જેના મનની ચેતના જાગૃત થઈ છે અથવા જે આત્મચિંતા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જાણે છે તે જ મનુષ્ય છે. મનુષ્ય થયા સિવાય 'અતિ–માનવ' થઈ શકાય નહિ. સમાજ અને નીતિના નિયમોનું પાલન કરતાં કરતાં મનુષ્ય મનુષ્યત્વને પામે છે. ત્યાર પછી પારમાર્થિક ભાવો મનમાં આવીને મનુષ્યને જ્યારે ભાવમય કરી દે છે, ત્યારે તે મોહિની સીમા ઓળંગી જઈને 'અતિમાનુષ' થઈ જાય છે. મનુષ્ય કરે છે અભાવને પૂરો કરવાનો પ્રયત્ન, અને અતિ માનુષ કરે છે સ્વભાવની પ્રતિષ્ઠા. મનુષ્યનાં કર્મો મનુષ્યને અભાવમાંથી સ્વભાવમાં જાગૃત કરે છે. અને અતિ–મનુષ્યનાં કર્મો તેને સ્વભાવ અથવા ત્યાગ અને પ્રેમથી પૂર્ણ કરી દે છે. સૌથી પહેલાં મનુષ્ય બનવા માટે પ્રયત્ન કરો.

(૨૭)

'તે' આનંદમય છે. અને તેથી જ સૃષ્ટિની વસ્તુ માત્રનું જીવનનું લક્ષ્ય આનંદ! સર્વ સમય આનંદ આપો, લ્યો, જુઓ અને સાંભળો તો જ સર્વ સમય આનંદિત રહી શકશો. નિરાનંદ મૃત્યુનું લક્ષણ! અખિલ વિશ્વ તેને સહાયક નથી થતું. મનમાં જ્યારે નિરાનંદનો ભાવ આવવા માંડે ત્યારે જબરજસ્તીથી તેને ભગાડી દો, અને વિચારો કે હું તો 'તે' આનંદમયનો સંતાન છું– નિરાનંદ શા માટે રહું? ધનવાન મનુષ્યોનો પુત્ર શું કોઈ દિવસ પોતાને 'ગરીબનો પુત્ર' કહીને પરિચય આપવા ચાહે? એટલું જ નહિ પણ તેની પૈસાની સંપત્તિ નાશ પામી ગઈ હોય છતાં પણ તે પોતાને 'ધનવાનનો પુત્ર છું' એમ મનથી માનીને પોતાની જાતમાં સંતોષ માને છે. અને તમારી લોકોની પાસે સર્વ કંઈ હોવા છતાં ભિખારીની માફક દિવસો પસાર કરો છો. કેડ વાળ્યા સિવાય શું કંઈ કામ થઈ શકે? તમે જોતા નથી કે સાહેબ (ગોરા) લોકોની વાતોમાં તથા ચાલચલનમાં કેટલી સ્ફૂર્તિ હોય છે! તે લોકો સંસારનાં હિતકાર્યોમાં કેટલા તન્મય થઈ જાય છે! અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મન, પ્રાણ આપીને એવા દૃઢ બેઠેલા છે કે જેથી બધા ભોગ તથા ઐશ્વર્ય તેમને કરતલગત છે. ભય, ઉદ્વેગ, હતાશ વગેરેને સર્વ સમય દૂર રાખો. જ્યાં આનંદ, ઉત્સાહ અને ઉદ્યમ છે ત્યાં જ મહાશક્તિ પ્રવર્તમાન હોય છે. મનુષ્યના શુભ પ્રયત્નોની અંદર ઈશ્વરનાં દર્શન કરતાં શીખો, ત્યારે જ તમે સ્થૂલ કર્મતત્ત્વમાં થઈને સૂક્ષ્મ બ્રહ્મતત્ત્વમાં પ્રવેશ કરીને પરમાનંદ પ્રાપ્ત કરી શકશો.

(૨૮)

પોતાની આંખની કીકીમાં પોતાની છાયા દેખી શકાતી નથી, તેથી જ પોતાની નિંદા આગ્રહપૂર્વક સાંભળવી જોઈએ. કારણ કે તેનાથી પોતાની આત્મપરીક્ષામાં સુવિધા થાય છે. પરંતુ પ્રશંસા સાંભળવાથી તેવું થતું નથી. તેમાં હાનિ સિવાય કંઈ લાભ થતો નથી. મોટા ભાગના લોકો આ નિયમથી વિરુદ્ધ ચાલતા હોય છે. તેઓને પ્રશંસા સારી લાગે છે. નિંદાથી તેઓ ખૂબ ડરતા હોય છે.

પરિણામ એ આવે છે કે નિંદા-પ્રશંસાની આધીનતા જીવનભર છોડી શકતા નથી, અને અનેક વિષયોમાં અનિષ્ટ કાર્ય થઈ જાય છે. વ્યાવહારિક જીવનમાં આ વાતોને ધ્યાનમાં રાખી ચાલવું જરૂરી છે, પરંતુ ધર્મજીવનમાં નિંદા અને પ્રશંસા બન્ને ઉપર ઉદાસીન થયા સિવાય આંતરિક સ્થિરતા આવતી નથી. આંતરિક તૈયારી માટે એક લક્ષ્ય અને એકનું ધ્યાન જરૂરી છે. આ કારણે જ એ લક્ષ્યને અનુકૂળ કર્મ અને ભાવ વગેરે લઈને એકમુખી થઈને રહેવું જરૂરી છે, અને બાહ્યદૃષ્ટિ જેટલી બની શકે તેટલી છોડવી યોગ્ય છે.

(૨૯)

ભગવાનનું એક નામ ચિંતામણી છે. તે બધાંઓની સર્વ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કામનાઓને પૂર્ણ કરે છે. તેથી જીવ જો તેની ચિંતા કરે તો ધીરે ધીરે તેના સિવાય બીજી કોઈ ચિંતા તેનામાં રહેતી નથી, અને જીવ તેના ભાવથી ભરપૂર થઈ જાય છે. અર્થકામીની અર્થ-ચિંતા અને પુત્રકામીની પુત્રચિંતાની માફક તેના માટેની ચિંતા ખૂબ તીવ્ર થાય તે જરૂરી છે. જીવન-યાત્રાની સકળ ચિંતાઓમાં તેને સર્વાગ્રે રાખીને ચાલતાં ચાલતાં તેની પ્રતિ લક્ષ્ય આવશે. આવી રીતે જો તેને હૃદયના કેન્દ્રસ્થાનમાં બેસાડી શકાય, તો તે ભક્તની સર્વ ચિંતાઓનો ભાર પોતાના ઉપર લઈને તેને પોતાની ચિંતા માટે મુક્ત કરી દે છે. ત્યાગી, સંન્યાસી, ભોગી, સંસારી એટલું જ નહિ, પણ પશુ, પક્ષી, ઉદ્‌ભિજ વગેરે પણ તેની કૃપાના અધિકારી છે. પતંગને ઉડાવીને દોર પકડીને તેની શરણમાં નિશ્ચિંત મને ચૂપ થઈને રહો. પવન તેને આપમેળે તેની ગતિમાં ઉપર ઉડાવશે.

(૩૦)

સર્વદા જેટલું હસી શકાય તેટલું હસો. આનાથી શરીરની જડ ગ્રંથિઓ ખૂલી જશે. પરંતુ બહારનું હાસ્ય તે હાસ્ય નથી. બહાર-અંદર બન્નેને એક કરીને હસવું પડશે. તે હાસ્ય કેવું હોય છે તે જાણો છો? તે હાસ્યમાં માથાથી પગ સુધી સર્વ અંગોમાં સ્પંદન થઈ જાય છે. અને શરીરનું કયું અંગ વધારે સ્ફૂર્તિમય થયું છે તેની ખબર પણ પડતી નથી. તમે લોકો તો ફક્ત ઉપર ઉપરથી જ હસતા હો છો, અને મનમાં તો કોઈ બીજી જ વાત દબાયેલી હોય છે. હું તમારી પાસે મૌખિક, હાર્દિક અને આંતરિક હાસ્ય ચાહું છું. તે હાસ્ય મેળવવા માટે આત્મશક્તિ પર દૃઢ વિશ્વાસ રાખીને બહાર-અંદર એક કરવા પ્રયત્ન કરો. પ્રયોજનને ન વધારતાં, અભાવની લાગણીને પ્રસવ ન આપતાં, શુધ્ધભાવે જીવનયાત્રાનું નિર્વહન કરો. સ્વાર્થ અને પરમાર્થને એક સમજીને સર્વભાવે પોતાનું તેના ચરણોમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સમર્પણ કરી દો, તો તમે જોઈ શકશો કે તમારામાંથી એવું હાસ્ય બહાર આવશે, કે જે હાસ્યમાં જગત મસ્ત થઈ જશે.

(૩૧)

હાથની પાંચ આંગળીઓ ભિન્ન હોવા છતાં શરીરનું પ્રત્યેક અંગ ઉત્કૃષ્ટ કામથી માંડીને નિકૃષ્ટ કામ કરતું હોવા છતાં પોતાના દાંત પોતાની જીભને કરડે તો પણ તમે જેમ તેને તમારા સમસ્ત શરીરનું એક અંગ જ માનીને રક્ષા કરો છો, તેવીજ રીતે તમારા સંપર્કમાં જેટલા લોકો આવે તેઓની સાથે તેવો જ વ્યવહાર કરો તથા તેમની રક્ષા કરો. આવી રીતનો અભ્યાસ કરવાથી ધીરે ધીરે જણાશે કે સંસારનાં સમસ્ત પ્રાણીઓ પોતાનાં જ કુટુંબના છે. "મારૂં" અને "તમારૂં"નો ભેદ દૂર કરવો એ જ સાધન–ભજનનો એક માત્ર ઉદ્દેશ!

(૩૨)

ક્રમશઃ બહારની વાતો ઉપરથી મનને હટાવી લો. અર્થાત્ બહિર્મુખ ન થાઓ. નહિ તો તેને મળવાના રસ્તામાં વિઘ્નો ઉપસ્થિત થશે. હૃદયાસન પર તેને બેસાડીને જો. તમે આંખ, કાન વગેરે ઈન્દ્રિયોને બહારની વસ્તુઓને જોવામાં તથા સાંભળવામાં રાખશો તો તેની સત્તાની ઉપલબ્ધિ કેવી રીતે કરશો? માનસ ઉપાસના જ યથાર્થ ઉપાસના છે. બહારની પૂજા તો તેનો અંશ માત્ર જ. રોગી શિશુની સેવા કરતી વખતે જનની જેવી રીતે તે બાળકને સર્વ સમયે પોતાના હૃદયે ચાંપી રાખે છે. તેવી રીતે સાધનાની પ્રથમ અવસ્થામાં દેવતાને રોગી શિશુની માફક પોતાના હૃદયમાં રાખીને રહેવું જોઈએ. ઉપાસના વખતે બહારની કર્મ–ભાવનાઓનો પરિત્યાગ કરીને પ્રાણને સ્થિર કરવા શક્તિમાન ન થવાય તો દેવતાને પ્રાણમય રૂપમાં મેળવી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શકાશે નહિ. ટેલીફોન પર વાતો કરતી વખતે જેવી રીતે સર્વ મનને સંકુચિત કરીને ફક્ત શ્રવણેંદ્રિય (કાન) ઉપર એકાગ્ર કરો છો, તેવી રીતે ભગવત્–ચિંતામાં સર્વ ઇન્દ્રિયોની શક્તિ ચિત્તશક્તિમાં ઊમેરીને તેના સંવેગની વૃદ્ધિ કરો.

(૩૩)

મનુષ્ય ઈશ્વરનું પ્રતિરૂપ છે, મનુષ્ય–જન્મ સર્વ જન્મોમાં શ્રેષ્ઠ છે. મનુષ્યના મનોરાજ્યમાં એવી ગુપ્ત સંપત્તિ છૂપી રહેલી છે કે તેના જેવી સંપત્તિ જગતમાં કોઈ જગાએ નથી. ડૂબકી મારનારાઓની માફક પોતાના અંતરના ગંભીર સાગરોમાં હંમેશાં ડૂબીને તેને શોધો. અને તે રત્નોને બહાર લાવવા પ્રયત્ન કરો. અંતરાત્માના બળતા અગ્નિને પ્રકાશિત કરીને જીવન અને જગતને પ્રકાશમય કરો. આ જ પરમ પુરુષાર્થ !

(૩૪)

ભાષાનો અર્થ એ છે કે પાણી ઉપર તરતું રહેવું. મનુષ્ય ઉપર ન તરતો હોય તો ભાષા બહાર જ ક્યાંથી થાય ? મનુષ્ય જ્યાં સુધી પાણીમાં ડૂબકી દઈને રહે છે, ત્યાં સુધી કંઈ વાત કરી શકતો નથી. પણ પાણી ઉપર આવ્યા પછી જ તેના મુખમાંથી ભાષા નીકળે છે, તેવી જ રીતે ભાષા સર્વ સમયે ભાવની અભિવ્યક્તિ પૂર્ણ રૂપે કરી શકે નહિ. તમારામાંથી કોઈ કોઈ ઘણી વખત કહ્યા કરતા હો છો, "હું મારા મનના ભાવો આપને પૂરા સમજાવી શકતો નથી." આથી ખબર પડે છે કે તમારી ભાષા કેટલી અસ્પષ્ટ અને અપૂર્ણ છે ! જેટલું તમે સમજો છો તેટલું પણ વ્યક્ત કરી શકતા નથી. આ ઉપરાંત ઘણું ખરું તો તમે સમજતાં જ નથી—કેટલુંયે અણસમજ્યું છે. હૃદયની ગુહ્ય ભાષાના વિજ્ઞાનને જાણવા માટે તથા સમજવાને માટે પ્રયત્નો કરો. બહારની ભાષા જાણ્યા સિવાય સર્વ કાર્ય સુસંપન્ન થઈ જશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૩૫)

જે તરફ જુઓ તે તરફ સર્વત્ર એક અખંડ સત્તાની નિત્યતા પ્રકાશિત થયેલી છે. પરંતુ તે સત્તાને સહેજમાં સમજી શકાતી નથી. આનું કારણ શું ? તે સર્વના હૃદયમાં ઓતપ્રોત થઈને રહે છે. જેવી રીતે રાજશક્તિ દ્વારા રાજાનો પરિચય થઈ શકે અથવા તાપથી અગ્નિનો પરિચય થઈ શકે, તેવી રીતે વ્યક્તિ જગત તે જ અવ્યક્તનો પરિચય આપે છે. સૃષ્ટિ વસ્તુનું પૃથક્કરણ કરતાં કરતાં દેખાશે કે જે બાકી રહે છે તે જ સર્વ પ્રાણીઓમાં સમભાવે સ્થિત રહે છે અને તે જ ભગવાન છે, કે જે ચેતનાને નામે પરિચિત છે. તમારી કૉલેજનાં વૈજ્ઞાનિક પરીક્ષા–ભવનોમાં તથા ચિકિત્સાલયોનાં પરીક્ષાગારોમાં અને અનેક જગાએ કેટલાંય પ્રકારના પ્રયોગો થઈ રહ્યા છે. કેટલા યે નવાં નવાં તત્ત્વોની શોધખોળ થઈ રહી છે. પરંતુ તમે જો તે શોધખોળોનો મન દઈને અભ્યાસ કરશો તો જણાશે કે તે સર્વમાં તે પરમ પરમાત્માની જ શક્તિનું નિદર્શન છે. સંસારની વિચિત્રતામાં રહીને પણ સકલ કર્મો જગત પિતાના એકનિષ્ઠ સેવક થઈને કરવાનો પ્રયત્ન કરતાં કરતાં તેના પ્રતિ પ્રેમ અને અનુરાગ ઉત્પન્ન થશે. આવી રીતે 'અહંમ્'ની સંકુચિત સીમાને જેટલી જેટલી તોડશો તેટલું તેટલું વિરાટની તરફ મન અને પ્રાણ એકલક્ષ થઈને આગળ વધશે. ત્યારે જ વિવિધ ચિત્રો એક ચિત્રમાં પરિણત થશે અને તે બધા ખંડ ખંડ ભાવો એક રસ–સાગરમાં ભળી જશે.

(૩૬)

શૂન્ય થવાનો અર્થ સફેદ થાય છે. અથવા સર્વમાં ભળી જવાથી પણ સફેદ થઈ શકે છે. સફેદ રંગ સર્વ રંગોને પોતાનામાં રાખતો હોવા છતાં પોતે અરૂપ રહે છે. અથવા અરૂપનું રૂપ જ સફેદ છે. સફેદ થવા માટે સીધા બનવું પડે છે. સત્ય અને સરળતાનો આશ્રય લઈ કરીને કંઈક સફેદ બનવાનો પ્રયત્ન કરો, આથી તમે તો સુખી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રહેશો જ એટલું જ નહિ પણ અન્ય લોકો પણ તમારી પાસે આવવાથી સુખ મેળવશે. ત્યાગી થવું તે સીધા તથા સરળ થવાનું લક્ષણ છે. આત્માભિમાન શૂન્ય થતાં જગતની અંદર પોતાની જાતને ફેલાવી દો તો દેખાશે કે તમારી શૂન્યતા પૂર્ણ કરવા માટે સારો સંસાર વ્યસ્ત થઈ જશે. તમારાં આદર્શ, કર્મ અને ધર્મ સર્વત્ર મંગલદાયક થઈ જશે. આ ભોગ-વિલાસના દિવસોમાં મનુષ્યને પવિત્ર ત્યાગ અને સરળતાની વિશેષ આવશ્યકતા છે. વાસ્તવિક રીતે પૂર્ણ ત્યાગનું નામ જ પૂર્ણ ભોગ!

(૩૭)

સર્વદા જળના વહેતા પ્રવાહની માફક એકમુખી તથા તરલ થઈ રહેવાથી કોઈ પણ મેલ તમારી અંદર ભેગો થઈને જામી જશે નહિ. એટલું જ નહિ પણ બીજાનો મેલ પણ તમારા સંસર્ગમાં આવતાં સાફ થઈ જશે. અગ્નિ જ્યારે ખૂબ જોરથી સળગે છે ત્યારે તેની જ્વાળાઓ ખૂબ ઊંચે ચડે છે. પરંતુ તેની પણ એક સીમા હોય છે, કે જ્યાં જ્વાળા પોતાના સ્વરૂપ અથવા અહંકારને સ્થિર ન રાખી શકતાં ધૂમાડાના રૂપમાં પરિણત થાય છે. પરંતુ જળની ગતિ અવિરામ હોય છે.—જેમકે નદીના પાણીનો પ્રવાહ કેટલાં યે ઝાડો, પત્થરો હજારો હજારો માઈલો જેવા અવરોધ પણ ઓળંગીને ગન્તવ્ય સ્થાને પહોંચી જાય છે. પરમતત્ત્વની શોધ અથવા સંમિલન કરવા માગો તો નદીની માફક તરલ અને એક લક્ષથી ચાલતા રહેવું જોઈએ.

(૩૮)

જગતમાં પ્રત્યેક જણ પાસેથી કંઈને કંઈ શીખી શકાય છે. આ હિસાબે પ્રત્યેક પ્રત્યેકનો ગુરુ! પરંતુ આ ગુરુઓમાંથી તે જ સૌથી શ્રેષ્ઠ ગુરુ છે, કે જે પરમગુરુ પરમેશ્વરને મેળવવાનો રસ્તો દેખાડે છે. સત્ચિંતા અને સત્સંગના સંયોગથી જ્યારે ભગવાનના માટે કોઈનું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મન વ્યાકુળ થાય છે. ત્યારે તેની પાસે તે જ પ્રભુ સ્વયં ગુરુ રૂપે કોઈ પણ રૂપમાં પ્રગટ થાય છે. ગુરુને ગુરુ ભાવે દેખી શકે તે જ સાચો શિષ્ય. શિષ્યનો ધર્મ છે કે સેવાપરાયણ થવું, અને ગુરુના આદેશનું સદા પાલન કરવું. અવનત મસ્તક ઉપર જ કૃપા અથવા તો આશીર્વાદની વર્ષા થાય છે. જે જેટલો અવનત અને એકાગ્ર ચિત્તવાળો થઈ શકે તે તેટલીજ ઉન્નત થવાની શક્તિ પ્રાપ્ત કરી શકે છે. પુત્રનું એક નામ 'આત્મ જ' કહેવાય છે. પરંતુ પારમાર્થિક ભાવોમાં જો ગુરુ–શિષ્યનો સંબંધ દૃઢ થાય તો તે શિષ્યને જ વાસ્તવિક રીતે 'આત્મ જ' કહેવો ઉચિત છે.

(૩૯)

સામાન્ય માણસને સરદાર બનાવવા માટે ફક્ત ઢાલ–તરવાર બાંધવાથી જ કામ નહિ ચાલે પરંતુ શક્તિની જરૂર પણ હોય છે. તમે લોકો તો 'સ્વરાજ, સ્વરાજ'ની બૂમો પાડો છો, પરંતુ પહેલાં પોતાની જાતને તૈયાર કરો ત્યાર પછી જ સ્વરાજ્ય મળશે. નૈતિક જીવનના પાયા ઉપર ધર્મ–જીવનનું સંગઠન કરો. કર્મ–જગતમાં તેને અગ્રગણ્ય રાખો. આવી રીતે મહાશક્તિનો સંચય થશે તો તમારા સ્વરાજ્યમાં કોણ વિઘ્ન કરી શકશે ? પોતે પોતાની જાતને શાસનમાં નથી રાખી શકતા, તો વિરાટ પર તંત્ર કેવી રીતે ચલાવશો ? મનોરાજ્યના રાજા થઈ શકશો તો સારા વિશ્વનું રાજ્ય આપમેળે જ હાથમાં આવી પડશે. ધર્મ ઉપર જ જગતનું અસ્તિત્વ પ્રતિષ્ઠિત ! અને ધર્મ જ સંસારનું જીવન !

(૪૦)

જેઓ ડાક્તરી અભ્યાસ કરે છે તેઓ પહેલાં જેવી રીતે અભ્યાસની શરૂઆતમાં માનવ શરીરનાં હાડકાં, ખોપરી વગેરે ભિન્ન ભિન્ન શારીરિક યંત્રોનો ચિત્રો દ્વારા અભ્યાસ કરે છે. તેવી જ રીતે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ધાર્મિક જ્ઞાન મેળવવા માટે પ્રથમ વિહિત અનુષ્ઠાનની જરૂર હોય છે. સાધારણ રીતે બાહ્ય અનુષ્ઠાનો દ્વારા શરીર અને મન તૈયાર થતાં અંતરમાં અંતર્યામીની શોધ કરવામાં ખૂબ સુવિધા થશે.

આંતરિક વાતોને જાણવા માટે બહારની વાતો તરફ ધ્યાન આપ્યા સિવાય ચાલે નહિ, તેથી જ તેણે જગત રૂપી ચિત્રમાં પોતાના અંતરની છબી આંકી રાખી છે. આ જગતને તેનો 'આભાસ' કહીએ તો પણ ચાલે. જગતના ક્ષણિક આનંદથી મુગ્ધ ન થતાં અંતર્યામીનું શરણું લેવાનો પ્રયત્ન કરો.

(૪૧)

અનેક લોકો બોલે છે કે, 'હરિકીર્તનના ધમપછાડા અમને સારા લાગતા નથી. તેના કરતાં ચાલો એકાંતમાં બેસીને તેનું ધ્યાન કરીએ.' જો નિર્જન સ્થાનમાં બેસીને તેને મેળવો તો તો ખૂબ સરસ વાત છે, પરંતુ મનને સાચી રીતે પૂછી જુઓ કે શું તે તે સમયે ભગવાનનું ધ્યાન કરે છે કે સંસારના અવનવા ઝંઝાવાતોમાં રખડે છે? હરિકીર્તન સમયે તે વખતના ધમપછાડા મનમાં ન રાખતાં જો હરિનામ તરફ જ લક્ષ રાખશો અને ખોલ–કરતાલના જુદા જુદા સૂરો, તાલ અથવા રાગ તરફ ધ્યાન ન રાખતાં ધૂન અથવા હરિનામ તરફ લક્ષ્ય રાખશો તો દેખી શકશો કે તમારા આંતરિક ભાવો આપમેળે જ જાગૃત થઈ જશે. સાધારણ લોકો માટે સૂક્ષ્મ તત્ત્વ જાણવા માટે સ્થૂલ સંગની ખૂબ આવશ્યકતા છે. સર્વદા સગાસંબંધીઓને લઈને હરિકીર્તન કર્યા કરો, અને જો તેવી સુવિધા ન હોય તો જ્યાં હરિકીર્તન થતું હોય ત્યાં જતા રહો. નામ કરતાં કરતાં કીર્તનનો સાચો ભાવ સમજવામાં આવે છે અને કીર્તન કરતાં જપ–ધ્યાન–ધારણા વગેરે થઈ આવે છે. પૂજા–અર્ચના કરતાં જેવી રીતે નિષ્ઠા સાથે કર્મો કરવાનું વિધાન છે તેવી રીતે હરિકીર્તન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ તે ભાવે કરવું જરૂરી છે. એક સૂરે અને એક તાલે થાય તો સારૂં છે. પરંતુ એક વાત સર્વ સમય સ્મરણમાં રાખવી જોઈએ કે હરિકીર્તન કરતી વખતે તેને ધ્યાનમાં રાખજો નહિતર તે કીર્તન હરિકીર્તન ન થતાં ફક્ત વાદ્યોત્સવ જ થઈ જશે.

(૪૨)

કોઈ કોઈની દેખરેખ રાખતું નથી. સર્વની દેખરેખ ફક્ત એક જણ જ રાખે છે. મહાપર્વતની પાસે ઊભા રહીને ચારે બાજુ દેખશો તો માલૂમ પડશે કે પથ્થર, માટી, વૃક્ષ, લતા વગેરે પ્રત્યેક પ્રત્યેક સાથે એવી રીતે જકડાઈને રહ્યાં છે કે જો એક પણ આમાંથી પોતાની જગાથી ખસી જાય તો જાણે બધાં પડી જશે. પણ શું આવું કદિ થાય છે? જે પર્વત પર આ બધાં વળગી રહ્યાં છે તે જ આ બધાંને પકડી રાખે છે. ભૂમિકંપ અથવા અન્ય કોઈ દૈવોત્પાત વખતે જ્યારે કોઈ પર્વત હાલવા લાગે છે ત્યારે તે વૃક્ષો વગેરે કોઈ પણ સ્થિર રહી શકતું નથી. આવી રીતે તમે જો સમજતા હો કે અમે લોકો જ સંસાર, સમાજ, સભ્યતા વગેરેના ગૂંથણથી જગતની રક્ષા કરીએ છીએ તો આ તમારી ભૂલ છે. મૂળમાં તે ભગવાન જ સર્વ સત્ય રક્ષાકર્તા છે. આ કારણથી જ તેને જાણવાની આવશ્યકતા છે. તેને જાણવાથી સર્વ જ્ઞાન પ્રાપ્ત થાય છે અને અભાવનું દ્વંદ્વ મટી જાય છે.

(૪૩)

"શક્તિ દો, શક્તિ દો" એમ બૂમો પાડવાથી શક્તિ પ્રાપ્ત થશે નહિ. હોસ્પીટલમાં રોગીઓને આનંદ, આરામ આપવા માટે કેટલી જાતની વ્યવસ્થા હોય છે! પણ શું અંદરની રોગની જ્વાળા બહારની વ્યવસ્થાથી કોઈ દિવસ દૂર થઈ શકે કે? અંદરની વ્યવસ્થાની જરૂર છે. અને તે પ્રત્યેકના પોતાના પ્રયત્નો ઉપર જ મુખ્યત્વે નિર્ભર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રહે છે. શાસ્ત્ર અને સાધુવાક્યોને મનમાં ધારણ કરીને તે પ્રમાણે કાર્યો કર્યે જાઓ. શક્તિ યોગ્ય સમયે તમારી અંદર પેદા થશે. કાર્યમાં જેઓની કર્તવ્યબુદ્ધિ તથા દૃઢ સંકલ્પ નથી તેઓ જ બીજા પાસે શક્તિની શોધમાં અહીં–તહીં રખડે છે. સંસારનાં બધાં કામો તો તમે અહંકારની શક્તિથી કર્યે જાઓ છો–ફક્ત ભગવાનનું ધ્યાન કરવા સમયે જ શું તેની શક્તિની ભિક્ષા માગો છો? ધૈર્ય અને વિશ્વાસ સાથે સત્કર્મ કરો, શક્તિ આપમેળે જ ઉદય થશે. જો તમે કહેશો કે કાર્ય તો થઈ શકતું નથી, તો શા માટે નથી થઈ શકતું તેનાં કારણો શોધી કાઢી દૃઢ મનથી તે કારણો દૂર કરવા પ્રયત્નો કરો. નહિતર તમે કેવળ તમારી અંદર ભૂતનો બોજો જ વધાર્યે જશો અને તમે માગશો કે કોઈ બાહ્ય શક્તિ આવીને તમને આ ભરેલા નાહક બોજા સાથે ખેંચી લઈ જશે–શું આ સંભવિત છે? જેવી રીતે ચીલા વગરના રસ્તા ઉપર ગાડીનું પૈડું ફેરવવામાં ઘોડા ઉપર અથવા એંજીન ઉપર જોર દેવું પડે છે તેવી રીતે વિષયાસક્ત મનને દૃઢ સંકલ્પ દ્વારા જબરદસ્તીથી વિષયોમાંથી દૂર હટાવીને ધર્મકાર્યમાં લગાવો.

(૪૪)

જે ભગવાનને તમે પુકારો છો, તેની સાથે સૌથી પહેલાં પરિચય થવો જરૂરી છે. સર્વદા તેની જ ચર્ચા તથા તેના સંબંધી જ વાતો કરતા રહો, તેનું ચિત્ર જોયા કરો, તેનાં ગુણગાન ગાયા કરો અને સાંભળ્યા કરો. તીર્થાદિ ભ્રમણ તથા એકાંતવાસ કરીને અને સાધુસંગ વગેરેના ઉપાયોથી તેનો પરિચય થાય છે. જ્યારે પરિચય થઈ જાય ત્યારે તેને 'પિતા' કહીને પુકારો અથવા 'મા' કહીને પુકારો, પરંતુ કોઈએક સંબંધ જોડવો જોઇએ. કારણ કે સંસારી મનુષ્ય સંબંધ વિના કોઈ બંધનમાં પડતો નથી. જગતના કામોમાં તમે લોકો શૃંખલાબદ્ધ થઈ ને ચાલો છો તેથી જ ધર્મક્ષેત્રમાં પણ તમારા માટે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કોઈ શૃંખલાની એટલે કે નિયમોની આવશ્યકતા છે. શરૂઆતમાં તેવી રીતના ભાવો જાગૃત ન થાય તો નિત્યનિર્દિષ્ટ સમય જપાદિ દ્વારા તેને બોલાવતાં શીખો. ભગવાન ધીરે ધીરે તમારા હૃદયમાં જ આપમેળે આવી બેસશે. પ્રેમબંધનમાં આબદ્ધ થયા હો છતાં પણ તે બંધનને ઠીક રાખવા માટે દાન, ઉપાસના, ધ્યાન વગેરેની જરૂરીઆત છે. આવી રીતે કરવાથી જેવી રીતે પોતાને પોતાની આત્મસત્તાનું ભાન સર્વ સમય રહેતું હોય છે તેવી રીતે તેનું ધ્યાન તમારા હૃદયમાં રહેશે. મૃત્યુ વખતે પણ તેનું ધ્યાન તમારાથી છૂટશે નહિ. આનું નામ જ છે ભગવત્‌પ્રાપ્તિ.

(૪૫)

કોઈ કોઈ કહેતા હોય છે કે મારા વિના મારા કુટુંબનું પાલન કોણ કરશે ? ત્યારે સમજવું જોઇએ કે તેનું સંસાર તરફનું આકર્ષણ હજુ ઓછું થયું નથી. વાસ્તવિક રીતે, કોઈ કોઇના માટે બેસી રહેતું નથી. જ્યાં સુધી કોઇ કોઇની પાસે રહેતું હોય છે ત્યાં સુધી તે ફક્ત એક આધારની માફક રહે છે. અને ન રહે તો તેના વિના કામ ન જ ચાલે તેવું પણ નથી હોતું. આવી અવસ્થામાં નકામાં બીજાં બહાનાં ન કાઢતાં આત્મવિચાર દ્વારા પોતાની દુર્બળતાની શોધ કરીને આત્મશક્તિ મેળવવાનો પ્રયત્ન કરવો આવશ્યક છે. શોક, તાપ વગેરે કોઇને સારાં લાગતાં નથી, છતાં પણ શું કરવાથી આ શોક, તાપ વગેરેના હાથમાંથી મુક્તિ મળી શકે તેનો આપણે વિચાર કરતાં જ નથી. અર્થાત્ તેને મેળવવાના ઉપાયો શોધવાનો પ્રયત્ન પણ કોઈ કરતું નથી. આદિથી અંત સુધી આપણે લોકો જીવનને ગમે તે પ્રકારે ચલાવી દઇએ છીએ. પરિવાર ભારવહ થાય છે. તેથી તે ભયથી ઘણા લોકો સંસાર માંડતા નથી, પણ આનાથી તૃપ્ત જ રહે છે તેમ કહી શકાય નહિ. આ અપરિપૂર્ણ જગતમાં પૂર્ણ શાંતિવાળી વસ્તુ કંઈ જ નથી. તેથી જ સંસારયાત્રાની અંદર ફક્ત તેના જ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આશ્રયે જવું, તે જ ઉપાય અને ઈચ્છા હોવી જોઈએ. આ જ જીવાત્માનું લોભનીય અને પરમ તથા અંતિમ ધ્યેય હોવું જોઈએ.

(૪૬)

આવાગમન હોય છે એટલે જ આગળ અને પાછળ હોય છે. જ્યાં જન્મનો આનંદ પ્રાપ્ત થાય છે, ત્યાં મૃત્યુ માટે શોકાશ્રુ વહેરાવવા માટે પણ તૈયાર રહેવું જોઈએ. મનુષ્યજન્મ અનિશ્ચિત હોવા છતાં પણ મનુષ્યજન્મ ગ્રહણ કર્યો એટલે મરવું પડશે જ એ વાત નિત્ય સત્ય ! આવાગમનના છૂટકારામાંથી છૂટવા માટે એક માત્ર તેની જ નજીકમાં નજીક ગયા સિવાય બીજો કોઈ પણ ઉપાય નથી. સાધનબળથી ચિત્તશુદ્ધ અને તન્મય થયા સિવાય બીજો કોઈ પણ ઉપાય નથી. ઉત્તરાખંડના રસ્તાઓની માફક તે રાજ્યના રસ્તાઓ પણ ખૂબ દુર્ગમ છે. પરંતુ દેવદર્શનની પ્રબળ આકાંક્ષાને લઈને ચાલવાની શક્તિરહિત કેટલાંયે વૃધ્ધવૃદ્ધાઓ ઉત્તરાખંડ એટલે હિમાલયના યાત્રાસ્થાનોના રસ્તાની ચઢાઈ-ઉતરાઈના કષ્ટને મનથી તુચ્છ ગણીને દિવસના દિવસો સુધી આહાર વિના, નિદ્રા વિના, ભયંકર ઠંડીથી ઠરી જતાં હોવા છતાં પણ 'ધામ-યાત્રા'ને પાથેય કરે છે, તેવી રીતે આગ્રહ અને ધૈર્ય સાથે આત્મ-દર્શનને માટે પ્રયત્નો કરવા આવશ્યક છે.

(૪૭)

જે વખતે મનમાં જે ભાવ પ્રવાહની માફક આવી જાય તેનો તે વખતે ઈશ્વરી પ્રેરણા સમજીને આનંદ સાથે સત્કાર કરવો જોઈએ. જગતમાં સર્વ જે કંઈ છે તે ઇચ્છાશક્તિની ક્રિયા અને ફળ છે. જે દૃઢતા અને સહિષ્ણુતા દ્વારા કોઈ પણ સદ્—ઇચ્છાને કર્મરૂપ પ્રાણમાં પરિણત કરી શકે છે. તેના જ કર્મમાં ચૈતન્ય હોય છે. કર્મીઓ જ દૈવીશક્તિ મેળવવા માટેના અધિકારીઓ હોય છે. કોઈ એક સદ્‌વૃત્તિને લઈને કર્મો કરવાં અને સાથે સાથે ભગવત્‌ચિંતાનો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ અભ્યાસ કરવો જોઈએ. સદ્‌વૃત્તિના અનુસરણનો અભ્યાસ કરતાં તે અભ્યાસ સ્વભાવમાં પરિણત થઈ જતાં ચિત્તપટ ઉપર બીજી જાતની વૃત્તિઓ અથવા વિચારો આવીને વિક્ષેપ ઉત્પન્ન કરતાં નથી. કર્તવ્ય કર્મમાં જડતા અને અસાવધાનતા આવતાં તેનો પ્રતિરોધ કરવો તે જ એક માત્ર ઉપાય છે. કારણ કે મનુષ્ય અભ્યાસનો દાસ છે. આજે વિરાટ સંસાર ધર્મને લઈને બધા લોકો વ્યાકુળ છે તે પણ અભ્યાસ અથવા પૂર્વ જન્મોના સંસ્કારગત આશક્તિને કારણે જ છે. અભ્યાસ કરતી વખતે સમય લાગે તો પણ નિરાશ ન થતાં દૃઢતા અને ઉત્સાહથી પોતાને હંમેશાં કાબુમાં રાખવાની કોશિશ કરવી તે જ કર્તવ્ય છે. આ તદ્દન સત્ય છે કે, હંમેશાં કંઈને કંઈ ધર્મચિંતા કરતા રહેશો તો સમય પર ઈશ્વરપ્રાપ્તિ માટેનો પ્રબળ આગ્રહ હૃદયમાં ઉત્પન્ન થશે. સરળ અને શુદ્ધ ભાવનો અભ્યાસ આત્મજ્ઞાનનું પ્રથમ પગથિયું છે.

(૪૮)

સૃષ્ટિ અને સંહાર એ કાળચક્રનો નિયમ છે. કાળની ઉપર પણ જે મહાકાળરૂપે વિરાજમાન છે, તે જ અખંડ રૂપે પૂર્ણ છે, અને ખંડ રૂપે પણ પૂર્ણ છે. આથી જ સૃષ્ટિ સંહાર સર્વત્ર સમાન રૂપે જ તેનું કામ કર્યે જાય છે અને આ સમદર્શિતાના માટે જ તે મંગલમય છે, અને સુખી તેમજ દુઃખી બન્નેના માટે પ્રાર્થના કરવા યોગ્ય વસ્તુ છે. સૃષ્ટિ સિવાય સંહાર નથી અને સંહાર સિવાય સૃષ્ટિ નથી. આ કારણથી જ સૃષ્ટિ અને સંહાર કાળચક્રનો અનિવાર્ય નિયમ છે. સીમાની મર્યાદામાં રહેતાં રહેતાં કેદીની માફક આપણે સંકીર્ણ અને સીમાબદ્ધ થઈ ગયા છીએ. આથી જ "અમે" અને "અમારા" આ બે વાતોની બહાર જઈ શકતા નથી. પુત્રજન્મ થતાં આપણે હસીએ છીએ અને પુત્ર–મૃત્યુ થતાં રડીએ છીએ. રક્ત–માંસના આ કંદને ભૂલીને ઘડીક બોલીને વિચાર કરો તો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જણાશે કે કોણ કોનો પુત્ર છે? કોણ કોનો પિતા છે? અથવા પિતા-પુત્ર રૂપી કોઈ પણ વસ્તુ આ સંસારમાં નથી. ફક્ત માત્ર ઈશ્વર જ સર્વત્ર સર્વભાવમાં વર્તમાન છે.

(૪૯)

કોઈની પાસેથી કંઈ લેવાનું હોય તો જેટલાની જરૂર હોય તેટલું જ લો, અને બીજાને આપવા સમયે તે જેટલું મેળવવાથી સંતુષ્ટ થાય તેટલું યથાશક્તિ આપો. સંકુચિત ચિત્તને વિરાટ કરી સ્વાર્થ-પરાર્થનો અભેદ ઉત્પન્ન કરવાના ઉદ્દેશથી પરોપકાર, દાન, દયા વગેરેથી યથાસાધ્ય સેવા કરો. જ્યાં સુધી તમારા પોતાનામાં ભોગબુદ્ધિ અથવા અભાવબોધ છે ત્યાંસુધી બીજાઓના અભાવો જોવા જરૂરી છે. જો આમ ન કરી શકાય તો મનુષ્યત્વનો લાભ થઈ શકે નહિ. સુયોગ મળતાં દીન-દુઃખીને કંઈકે યથાશક્તિ આપ્યા કરો. ભૂખ્યાને ખવરાવો, રોગીની સેવા કરો અને આમાંથી બીજું કંઈ પણ ન બની શકે તો મનમાં મનમાં સર્વ લોકોને માટે હિતચિંતન કર્યા કરો. દેહ વિષે ખૂબ ધ્યાન ન રાખતાં આત્મા તરફ વધારે લક્ષ્ય રાખીને સેવાધર્મનું પાલન કરવા પ્રયત્ન કરો. તો પ્રત્યક્ષ જોઈ શકશો કે સેવા, સેવ્ય અને સેવક તેનાં જ ભિન્ન ભિન્ન રૂપો માત્ર છે. સેવાનું મૂળ જ ત્યાગ! જ્યાં આત્મસુખેચ્છા, ભોગાશા અને ફલાકાંક્ષા છે ત્યાં સાચી સેવા હોતી નથી. ભગવત્-સેવા માટે ઉપર્યુક્ત ત્રણ ઇચ્છાઓનો ત્યાગ કરવો આવશ્યક છે. શરીર, મન અને વાક્ય દ્વારા ત્રિવિધ સેવા થાય છે. પહેલાં આમાંથી કોઈ એક પ્રકારની સેવા કરવાની શરૂઆત કરતાં જણાશે કે સમય પર કાય-મનો-વાક્ય આ ત્રિવિધ સેવા દ્વારા આત્મસમર્પણ રૂપી સાગરનાં સંગમ ઉપર પહોંચી શકાય.

(૫૦)

જેનામાંથી શ્વાસ ચાલ્યો ગયો છે અર્થાત્ સંશય દૂર થઈને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રાણુમાં દૃઢતાનો ભાવ જાગૃત થયો છે તેનું જ નામ છે **વિશ્વાસ.** આને શ્રદ્ધા અને સત્યની સાથે નિત્ય સંબંધ છે. જે વિશ્વાસ બીજાઓના મતમતાંતરો અને કાર્યકારણની ઉપર નિર્ભર રહે છે તે કેવળ વ્યાવહારિક કર્મમાં ઉપયોગી છે. પરંતુ તેનામાં ચિત્ત લગાવવાથી સાચો વિશ્વાસ અંદરથી આવે છે. આ વિશ્વાસ જ ચિત્તને સત્યમાં સ્થિર કરે છે; અને પ્રાણુમાં નિર્ભરતાનો ભાવ લાવીને વિપત્તિમાં, સંપત્તિમાં, સમભાવે એક અનિર્વચનીય શાન્તિ અને બળનો સંચાર કરે છે.

સાધના માત્ર જ વિશ્વાસને અધીન છે, તેથી જ વિશ્વાસની સાધનામાં પહેલી આવશ્યકતા છે: કારણ કે અદૃષ્ટ – અનિર્દેશ્ય વસ્તુની શોધ, શ્રદ્ધા અને વિશ્વાસની સહાય લીધા સિવાય થઈ શકતી નથી, અને પરમ તત્ત્વના અનુસંધાનના પથમાં આ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

(૫૧)

જે મહાન તત્ત્વો વિગેરે સર્વગુણાલંકૃત પૂર્ણ અને પવિત્ર હોય તે જ આદર્શ! અને આથી જ એક માત્ર પરમેશ્વર જ આદર્શ છે. પરંતુ જીવનના કર્મક્ષેત્ર અને ધર્મક્ષેત્રમાં પ્રત્યેક માણુસે પોતાને ઉપયોગી કોઈ મહાપુરુષને આદર્શરૂપ બનાવીને ચાલવું જ યોગ્ય છે. જીવંત આદર્શ મન ઉપર જેવી અસર કરે છે તેવી શાસ્ત્રોપદેશની અસર થતી નથી, અને પ્રત્યક્ષ દર્શનથી જેવી કર્મમાં પ્રેરણા મળે છે તેવી અપ્રત્યક્ષ અથવા અનુમાનથી મળતી નથી. પહેલાં નક્કી કરવું જોઈએ કે હું કયા પંથનો પથિક થઈશ? ત્યારપછી તદનુરૂપ આદર્શ પકડીને ચાલવું જોઈએ. જો સૌભાગ્યવશાત્ તે પંથમાં કોઈ મહાત્માનો સંગ મળે અથવા દર્શન કરવાનો લાભ મળે તો તમારે વૈરાગ્ય અને શ્રદ્ધા સાથે તેની સેવા કરીને તેની કૃપા અને અનુકૂળતાથી આત્માની ઉન્નતિ માટે પ્રયત્નો કરવાની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવશ્યકતા છે. મૂળ આદર્શ અથવા ભગવાનને સર્વદા સન્મુખ રાખીને સાધુ-મહાજનોના ઉપદેશો વગેરેનું અનુસરણ કરતાં કૃતકૃત્ય થવું તે સહજ છે.

(૫૨)

સકળ લોકો શાન્તિની શોધમાં રખડે છે. પણ ભાગ્યે જ કોઈ મનમાં વિચારે છે કે હૃદયમાં તે 'પ્રભુ'ની જાગૃતિ થયા સિવાય પૂર્ણ શાન્તિ કોઈ પણ ઉપાયે મળે જ નહિ. ધનપ્રાપ્તિથી શાન્તિ મળે નહિ, પુત્ર-પરિજન મેળવવાથી શાન્તિ થાય નહિ, તેમજ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાથી પણ ખરી શાન્તિ મળે નહિ. કારણ સાંસારિક ભોગો માત્ર જ દિવસ-રાત માફક પરિવર્તનશીલ છે, આવતાં આવતાં જ ચાલ્યા જાય છે. આ કારણે જ એવું ધન મેળવીને ધનવાન થવું જરૂરી છે કે જે ધનનો કદી ક્ષય થાય જ નહિ, અને જે ધન મેળવવાથી સકળ આકાંક્ષાઓ એકદમ આપમેળે જ મટી જાય. આ સાચું ધન એક માત્ર ભગવાન જ છે-કે જે સકળના હૃદયોમાં વાસ કરતો હોવા છતાં અપરિચિત છે. સત્કર્મો દ્વારા ચિત્તનો અંધકાર દૂર થતાં જ તે પરમ સુંદર મોહનરૂપ આપમેળેજ તમારા હૃદયકમલમાં ફૂટી ઊઠશે અને ચિત્તમાં પૂર્ણ શાન્તિના રાજત્વનો આરંભ થશે.

(૫૩)

બાળકોની રમતો જોઈ છે ને? પહેલાં રમતની શરૂઆતમાં બાળકો કેટલા આનંદથી શોરબકોર કરીને એક બીજાના ગળા પર પ્રેમથી હાથ રાખીને રમતો શરૂ કરે છે; પરંતુ રમત પૂરી થાય તે પહેલાં જ્યારે હાર-જીતનો પ્રશ્ન આવે છે ત્યારે તેઓ કજિયા શરૂ કરે છે. કજિયાની શરૂઆતમાં પહેલા એક બીજાને ગાળો દે છે, પછી હાથનો ઉપયોગ કરે છે, અને પછી મારામારી શરૂ કરી રડતાં રડતાં પોતપોતાને ઘેર ચાલ્યાં જાય છે. જેઓ સંસારી છે તેઓની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ આવી જ અવસ્થા છે, જ્યાં એ પૈસા કમાવાનું ઠેકાણું પડ્યું ત્યાં તો ઘરવાડી બનાવવાનું શરૂ કરી દે છે. આત્મીય જનોની સાથે કેટલાક દિવસો હરવા–ફરવામાં ખૂબ આનંદથી પસાર થઈ જાય છે; પરંતુ ધીરે ધીરે ઉંમર વધતાં વૃદ્ધાવસ્થામાં સપડાતાં કર્મચક્રમાં શોક–તાપના ભારથી મન–પ્રાણ એટલાં નિરાનંદમય થઈ જાય છે કે સંસારમાં રહેવું તેમના માટે જાણે અસહ્ય થઈ પડે છે. પરંતુ જેઓ ભગવચ્ચરણનો આશ્રય ગ્રહણ કરીને સંસારમાં રહે છે. તેઓના જીવનમાં સેંકડો અભાવ અને ફરિયાદો હોવા છતાં પણ તેઓ શાન્તિપૂર્ણ રહે છે, કારણ કે જગત જ્યારે નિત્ય ગતિશીલ છે, ત્યારે સર્વ દુઃખ પણ નિત્યક્રિયાની માફક મનુષ્યના જીવનમાં સાથે સાથે જ રહેશે.

(૫૪)

માતાનો પરિચય જેવી રીતે તેના સ્નેહ અને મમતાથી મળે છે, પત્નીનો પરિચય જેવી રીતે તેના પ્રેમથી તથા અનુરાગથી મળે છે, મિત્રનો પરિચય જેવી રીતે તેની પ્રીત અને આત્મીયતાથી મળે છે, તેવી રીતે ધાર્મિકનો પરિચય તેના ધર્માચરણથી મળી આવે છે. "હું ધર્મમાં માનું છું" એમ ફક્ત કહેવાથી જ કંઈ દહાડો વળે નહિ. ભાવમાં તેમજ કાર્યમાં પણ ધર્મને અનુસરીને ચાલવું પડશે. વ્રત, ઉપવાસ, જાગરણ અથવા તેના જેવાં ક્લેશવાળાં સાધનો કરતાં કરતાં જીવનમાં ચાલ્યા છતાં પણ સાચા ભાવનો તો અભાવ જ રહ્યો તો પછી આ બધાંથી કર્મસંસ્કારો જ પૂરા થયા–સાચો ધર્મ થયો નહિ. પોતપોતાનાં અંતઃકરણમાં સારી રીતે શોધ ચલાવો, અને જે કંઈ દોષો મળી આવે તે પહેલાં દૂર કરવા પ્રયત્નો કરો. આવી રીતે તમે જે સ્થિતિમાં હો ત્યાંથી આગળ ધીરે ધીરે વધો, તો યોગ્ય સમય પર તમારાં કર્મો અને ભાવો સંયુક્ત થઈને, તમે ધર્મપ્રાપ્તિને યોગ્ય થશો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૫૫)

જીભમાં સ્વાભાવિક રસ છે. પરંતુ જ્યાં સુધી જીભ ઉપર કોઈ કડવી અથવા મીઠી વસ્તુ રાખવામાં નથી આવતી ત્યાં સુધી આ સ્વાભાવિક રસનો સ્વાદ મળતો નથી, અથવા કહો કે જો જીભ નીરસ રહે છે. સાથે સાથે એક વાત પણ અદ્‌ભુત છે કે જીભ ઉપર કડવી કોઈ વસ્તુ રાખશો તો તે રસથી રસમય થઈ જશે. તેવી જ રીતે આ મનુષ્ય શરીરમાં નથી એવું કંઈ નથી એટલે કે બધું જ છે. આ શરીરને એક બ્રહ્માંડ પણ કહો તો ચાલે. જ્યારે જે ભાવથી તમે રાખવા માગો તે જ ભાવમાં તે રહી શકે છે. સંસારી ભાવથી જો રાખવા માગશો તો દેખાશે કે તે હેરાન-પરેશાન કરી મૂકશે, અને જો ધર્મભાવથી રાખવા માગશો તો દેખાશે કે તે શરીર તમને શાંત અને અટળ કરી દેશે. શરીરની કિંમત છે પણ ખરી અને નથી પણ; કારણ કે જ્યાં સુધી તમે નદીની આ પારે રહ્યા છો ત્યાં સુધી સામે પાર જવા માટે નૌકા પર માયા રહી છે. પણ જ્યારે બીજી પાર તમે ઊતરી જાઓ છો પછી નૌકાની વાત પણ મનમાં યાદ આવતી નથી ! શરીરની સાર્થકતા પણ તેવી જ છે. જ્યારે મમત્વનો લોપ થઈ જશે ત્યારે જગતની સાથે સાથે શરીર પણ દૃષ્ટિના પડદાની પાછળ પડી રહેશે.

(૫૬)

સર્વ વિષયોની ચિન્તાનું એક કેન્દ્ર રાખવું જોઈએ. નહિ તો કોઈ પણ ભાવ સારી રીતે વિકસિત નહિ થઈ શકે. જેનું ચિત્ત જેટલા પ્રમાણમાં કેન્દ્રસ્થ થશે તેટલા પ્રમાણમાં તે સરળ, શાંત, સ્વસ્થ અને પ્રેમમય થઈ વિરાટ રૂપનો આભાસ મેળવશે. અક્ષર, મૂર્તિ, છબી, ચિહ્ન અથવા કોઈપણ શુદ્ધ વસ્તુને સ્થિર ભાવથી, 'તે અનંતનું અંગ અથવા રૂપ સમજી તમારા હૃદયમાં રાખો, અને પોતાના સુખદુઃખની વિચાર-ધારાને તેમાં લગાવી રાખો. આથી મન અહીંતહીં ભટ-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરીને પાછું પોતાની જગ્યા ઉપર વારંવાર વિશ્રામ લેશે. ક્રમશઃ ભાવ જાગૃત થતાં તેને તે પોતાના હૃદયમાં સુપ્રતિષ્ઠિત કરી લેશે. કેવળ "અહં" **સોઽહં**ની શક્તિથી "**સોઽહં**"ની સત્તા પ્રાપ્ત કરવી, અથવા યોગ સાધનાથી પરમાત્માની અનુભૂતિ પ્રાપ્ત કરવી વર્તમાન યુગમાં સાધારણ વ્યક્તિ માટે અઘરું છે.

(૫૭)

બેસીને અંધકારમાં શું ફક્ત અથડાયા જ કરીશ ? પ્રકાશ શોધવા પ્રયત્ન કર પ્રકાશ શોધવા પ્રયાસ કર ! ધાસલેટના દીવાથી અથવા વિજળીની બત્તીથી કેટલા દિવસ તું પ્રકાશ રાખી શકીશ ? તેલ પૂરું થઈ જતાં અથવા 'સ્વીચ' ખરાબ થઈ જતાં બત્તી બંધ થશે જ થશે. એવા પ્રકાશથી સારા જગતને પ્રકાશિત કર કે જે પ્રકાશ કોઈ વખત બંધ થાય નહિ. તે પ્રકાશને તું જાણે છે ? તે પ્રકાશનું નામ છે 'ભગવન્નિષ્ઠા – ભગવત્‌પ્રેમ.' ઘર ઘરમાં આવો પ્રકાશ કરવાનું કાર્ય શરુ કરી દો તો તમને જણાશે કે ફરીથી અંદર – બહાર સર્વ પ્રકાશ-મય થઈ જશે. એક વાત યાદ મનમાં રાખ કે વર્તમાન સમયમાં કામ કરવા માટે આપણી માતાજીઓ પાસે આશ્રય–ભિક્ષા માગવી પડશે. કારણ કે આજકાલ જે સમય પડ્યો છે તે સમયમાં સ્ત્રીઓ જ સમાજ–નૌકાની કર્ણધાર થશે અને પુરુષો કેવળ બહાર રહીને જ હલેસાં મારતા ચાલશે. છોકરાઓની સાથે સાથે છોકરીઓને પણ હરિકીર્તન શીખવવું પડશે, ગીતા–ભાગવત શીખવવા પડશે, જપ અને ધ્યાન–ધારણામાં એમના મનને લાવવું પડશે, સત્સંગ અને સાધુસંગ કરાવવો પડશે, અને ત્યારે જણાશે કે બંને સ્ત્રીઓ અને પુરુષો સાથે સાથે ઉન્નતિ કરી શકશે. કહેવાનું તાત્પર્ય એટલું જ કે પ્રાચીન કાળમાં જેવી રીતે બ્રહ્મચર્યાશ્રમનું પાલન થતું હતું તેવી રીતે અત્યારે આશ્રમનું પુનર્ગઠન જો થઈ શકે તો હિંદુ ધર્મ ફરીથી જાગૃત થઈ ઊઠશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૫૮)

સન્યાસી એટલે કે જેનો સર્વદા શૂન્યમાં વાસ છે. એટલે કે જે આશ્રમશૂન્ય છે તે જે સન્યાસી સન્યાસ ધર્મ ગ્રહણ કરે છતાં બીજાના નિત્ય આશ્રય તળે રહે છે તે, ફક્ત સન્યાસ ધર્મ પાળવાનો માત્ર પ્રયાસ જ કરે છે જેના નામનું બધુંયે શૂન્યમાં લય થઈ ગયું છે તે જ સન્યાસી છે. જ્યાં સુધી ઘરબાર, કેડમાં પૈસો, શરીરનો આરામ, મનમાં ભોગો ભોગવવાની ઇચ્છાઓ, પ્રતિષ્ઠા, પ્રશંસા વગેરે માટેનો આગ્રહ છે ત્યાંસુધી સંસારમાં રહેવું જ નિતાન્ત યોગ્ય છે. આવા સન્યાસી પંથના પથિકો ખૂબ ઓછા હોય છે. જેઓ સંન્યાસી થવાના ઉદ્દેશથી બહાર પડ્યા છે તેઓ બધા જો બધી રીતે સંપૂર્ણ નિઃસ્વાર્થી થઈને ન ચાલે, અથવા યોગ્ય આચારોનું આચરણ ન કરે તો જુદી જુદી જાતની વિશૃંખલાઓ દેખાઈ આવશે. સંન્યાસીનો ભાવ લઈને ગૃહસ્થાશ્રમમાં રહેવું જો વધારે પ્રશંસાકારક છે, તો સન્યાસીનો ભેખ લીધા છતાં સંન્યાસી ધર્મનું યથાયોગ્ય પાલન ન કરવું તે ખૂબ વધારે અપરાધવાળું છે. એનાથી ફક્ત તેઓ પોતાનીજ ક્ષતિ કરે છે એટલું જ નહિ, પણ સાથે સાથે સન્યાસાશ્રમના પવિત્ર આદર્શને પણ બટ્ટો લગાડે છે.

(૫૯)

એકાન્ત રહ્યા સિવાય શ્રીકાન્તનાં દર્શન થતાં નથી. જે લોકો શાંત તથા નિર્લિપ્ત ભાવથી પરમ પુરુષની સાધના કરવા માગે છે, તેઓને માટે હિમાલય ખૂબ અનુકૂળ જગા છે ચારે તરફ પ્રકૃતિ અત્યંત ગંભીર અને શાંતિરૂપ હોય છે. તેની ગોદમાં બેસીને અનંતની ચિંતા અથવા તો આત્મવિચાર સહજમાં આવે છે. ભાવનું જ લક્ષ રાખીને જે સાધના કરે છે તેના માટે સમુદ્રતીર ખૂબ ઉપયોગી હોય છે, કારણ કે સમુદ્રના તરંગે તરંગ તેનામાં ભાવના હિલ્લોળ તે ભાવમયના સીમાતીત ભાવોથી ભરી દેશે, અને લક્ષ સુધી પહોંચાડી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દેશે. જેનું મન માત્ર સાધનપંથના પથિક થવા માટે ઉન્મુખ બન્યું છે તેના માટે કોઈ નિર્જન રમણીય સ્થાન જરૂરી છે. સાધારણ ગૃહસ્થાશ્રમીને માટે ઈશ્વર-ચિંતન માટે કંઈ નહિ તો ઓછામાં ઓછું ઘરના એક ખૂણામાં એક પવિત્ર નક્કી કરેલી જગાની આવશ્યકતા છે. જેણે ભગવત્ પ્રેમમાં સર્વને તજ્યાં છે, અને જે સર્વમાં ભગવાનને જ જોઈ શકે છે તેના માટે સ્થાનની કંઈ કમી હોતી નથી. મનને નિયમિત કરીને બધી અવસ્થાની ઉપર ઉઠવા માટે પ્રયત્નો કરો તો જણાશે કે સ્થાન-અસ્થાનનું દ્વંદ્વ ચાલ્યું ગયું છે.

(૬૦)

શરણાગત ભક્ત થવું હોય તો ભાષા અને ભાવનાથી 'મારા પણા'નો મૂલોચ્છેદ કરી બુદ્ધિ-વિચારને એકદમ ભાંગી નાખવાની જરૂર છે. અજ્ઞાન બાળક મળમૂત્રોત્સર્ગ કરે છે, વળી પાછું તે જ મળને શરીરે ચોપડે છે, તેમાં આળોટે છે; છતાં પાછું અવિચારે માની ગોદમાં બેસવા માટે હાથ લાંબો કરે છે, પણ મા તેને અજ્ઞાન સમજીને તેને નવરાવીને, લૂછીને, હસતા મોંએ, ગોદમાં બેસાડે છે. આ નિઃસ્વાર્થ સ્નેહ અને પ્રેમનું વિધાન છે. આવી જ રીતે આત્મ-હારા એકાકી સાધકને મંત્રતંત્રની જરૂર હોતી નથી. આવી રીતે સરળ થવા પ્રયત્ન કર ! આથી તું જગત્-જનનીની ગોદમાં જઈ જ શકીશ. પણ જો બુદ્ધિનાં બળ માત્રથી માની ગોદમાં પહોંચવા પ્રયત્ન કરશો તો પછી તમારી વાત તમે જાણો ! જીવનમાંની અનેક રમતો તમે રમ્યા હશો, ઘણી વખત હાર-જીત તમે મેળવી હશે. હવે નિરાશ્રિતની માફક જગત્ જનનીના મુખ તરફ તાકી રહો, અને તેની ગોદમાં કૂદી પડો તો જણાશે કે તમારે હવે કોઈ ચિંતા પણ નહિ કરવી પડે. મનમાં રાખો કે એકદમ નિરાશ્રય થયા વિના ભગવાનને મેળવી શકાય નહિ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૬૧)

કર્મ–જગતના ખેલો એક પ્રકારના હોય છે. અને ભાવ–જગતના ખેલો બીજા પ્રકારના હોય છે. કર્મ–જગત પ્રકાશને ફેલાવવામાં ચંચળ છે અને ભાવ–જગતના ખેલો શાંત અને છૂપા હોય છે. જો આવું ન હોય તો ભાવોની પુષ્ટિ નથી થઈ શકતી, અને ભાવોની પુષ્ટિ પર જ કર્મ–જગત અવલંબે છે. ગંગા નદીનું ઉત્પત્તિ સ્થાન લોકોની દૃષ્ટિથી અતીત ગહન જંગલમાં હોય છે. પરંતુ તેની સ્નેહધારા કેટલાંયે પ્રદેશોને સસ્યશ્યામલા કરી દે છે. અને તે પ્રદેશોની આબાદીને વધારી દે છે! ભાવ જ જગતની સૃષ્ટિ, સ્થિતિ અને લયનું મૂળ કારણ! કિંતુ જ્યાં સુધી આપમેળે જ કર્મબંધનનો ત્યાગ ન થાય અને કર્મની અપેક્ષા રાખવામાં આવે ત્યાં સુધી કર્મની પ્રાધાન્યતા સ્વીકારવી આવશ્યક છે. જેનામાં કર્મ કરવાની આકાંક્ષા છે, તેના માટે કર્મ સિવાય બીજા કોઈ રસ્તામાં શ્રેય નથી.

(૬૨)

જેમ જેમ તમે ઉંમરમાં વધતા જાઓ છો, તેમ તેમ સંસારના ભારથી નાના થતા જતા હો એમ લાગે છે. જોતા નથી કે કોઈ કોઈ મહાત્મા પ્રકૃતિ અથવા તો મનુષ્ય કોઈના ઉપર ભરોસો રાખ્યા સિવાય વિશ્વપ્રેમથી પૂર્ણરૂપે બળવાન થઈને જ સ્વાધીનતાની પ્રત્યક્ષ મૂર્તિસ્વરૂપ ઇચ્છા મુજબ જ્યાં–ત્યાં અને જેવી–તેવી અવસ્થામાં આનંદથી વિહાર કરે છે? અને તમે લોકો સંસાર રૂપી દુર્ગની અંદર એટલા યત્નથી સુરક્ષિત રહેવા છતાં સર્વદા સંકુચિત અને ભયભીત રહો છો! ઊઠો! નિર્બળતાને ખંખેરી નાખી સાહસ સાથે મોટા થવા માટે પ્રયત્નો કરો! સાધુ પુરુષોના પ્રભાવનો પોતાના કર્મજીવનમાં પ્રયોગ કરીને જગતની શ્રીવૃદ્ધિનું સંપાદન કરો!

(૬૩)

ભગવાન અને જીવની વચ્ચે નિત્ય વિરહ પરાપૂર્વથી ચાલ્યો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવે છે. ભગવાન સર્વદા જીવને પોતાની ગોદમાં લેવા તૈયાર હોય છે અને જીવ પોતાના કર્મચક્રમાં પડીને તેની પાસે રહેવા છતાં, આંધળાની માફક તેને દેખતો પણ નથી, તેમજ શોધતો પણ નથી. સાધન–ભજનમાં પ્રેમ ઉત્પન્ન થયા પછી માલૂમ પડશે કે આ વિરહ અથવા વિયોગ જ ભગવાનના મિલનનો પૂલ છે, અને આજ આનંદના કુવારા ખુલ્લા મૂકે છે. ભગવત્–મિલનની આશા ભગવત્‌મિલન કરતાં વધારે સુખદાયક હોય છે, અને જેટલી શ્રદ્ધા–ભક્તિ વધતી જાય છે તેટલાં આ આશાથી પ્રફુલ્લિત થઈ વ્યાકુળતા, પ્રાર્થના વગેરે પૂર્ણતાએ પહોંચાડે છે. હિમાલય પર્વત ઉપર જોયું નથી કે એ પક્ષીઓ એ જુદા જુદા પર્વતની ટોચ ઉપર બેસીને "કે કે" કરીને અવિશ્રાન્ત પૂકાર્યા કરે છે? એકબીજાનો પૂકાર સાંભળે છે. પણ એમાંથી કોઈ પાસે જવાનો પ્રયત્ન કરતું નથી. ફક્ત પૂકારો પાડીને જ વિયોગની વેદનાને સામાયિક ભાવથી શાન્ત કરે છે. વિરહ અથવા અભાવબોધ નિતાન્ત આવશ્યક છે. કારણ કે અભાવને પૂર્ણ કરવા માટે થાણસ જેટલા જોરથી સંગ્રામ કરે છે, તેટલો કર્તવ્યબુદ્ધિથી કરતો નથી. અભાવને સ્મરણમાં રાખીને સદ્‌ભાવથી તેને પૂર્ણ કરવા માટે પ્રયત્નો કરો. આવી રીતે સદ્‌વૃત્તિ જેટલી વધશે તેટલો ભગવત્‌વિરહ તેને અન્ય સર્વ કામોમાંથી ખેંચી લાવીને ભગવાનની શરણાગતિમાં લઈ જશે.

(૬૪)

"તે સર્વ જગાએ છે. તેને પૂકારવાની શી જરૂર છે? તે તો અમારી પાસે કંઈ માગતો નથી." આમ ઘણા લોકોને મોઢેથી આપણે ઘણું ખરું સાંભળીએ છીએ. જેવી રીતે બહુ પ્રયત્નો દ્વારા ભૂગર્ભમાં છૂપાયેલાં રત્નો વગેરેનું સંધાન મેળવી શકાય છે, તેવી જ રીતે તે પ્રત્યેક હૃદયમાં રહેતો હોવા છતાં, ઉપાસના અને તત્ત્વા-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લોચના દ્વારા ચિત્તની મલિનતા અને અજ્ઞાનતાને દૂર કરીને, તેની અનુભૂતિ રૂપ કૃપાલાભનું સામર્થ્ય મેળવી શકાય છે. ઉપર લખેલો પ્રશ્ન કોઈની અંદર ઊઠે તો સમજવું કે તેના પ્રાણમાં ભગવાનને પૂકારવા માટેની આકાંક્ષા ઉત્પન્ન થઈ છે—જો કે તે ન સમજે છતાં પણ આવા સમયે પોતાના મનને ભગવાનને બોલાવવા માટે વાર-વાર ખૂબ ખૂબ સમજાવો. તેને પૂકારો છો તો પોતાના માટે ને? ત્રિતાપની જ્વાલાથી દિવસે જ્યારે માણસ અધમૂવો થઈ જાય છે ત્યારે જ અસ્થિર થઈ જઈ ભગવાનને પૂકારે છે. કેટલા માણસો આપ-મેળેજ ભગવાનને પૂકારે છે? પહેલાં પહેલાં દુઃખ પાડે ત્યારે જ ભગવાનનું નામ સંભારે છે. ભગવાનનું નામ પૂકારતાં પૂકારતાં જ્યારે થોડો ઘણો ઉત્તર મળવા લાગે છે, ત્યારે પૂકારવામાં કંઈક આનંદ આવે છે. ઇચ્છાથી અથવા તો અનિચ્છાથી પણ સંસાર–પ્રવાહમાં ચાલતાં તેને પૂકારવા પ્રયત્નો કરો, તો જણાશે કે તમારું જીવન નિરાનંદના ભારથી ભારે નહિ થાય.

(૬૫)

કોઈ કોઈ સમયે તમારા લોકો પાસેથી જૂઠી ફરિયાદ સાંભળી છે: "તેની કૃપા થયા સિવાય શું તેનું ભજન થઈ શકે?" તેની કૃપા સર્વ સમયે છે જ, તેથી તો તમારા બધાંનું અસ્તિત્વ છે. તમે લોકો જરાક ધૈર્ય રાખીને, પોતપોતાના ઉપર લક્ષ્ય કરીને, જુઓ તો તેની કૃપાનો આભાસ મેળવી શકશો. જગતમાં જુદી જુદી જગાએ, જુદી જુદી અનેક વસ્તુઓ પડી છે. આ બધી વસ્તુઓને એકત્ર કરવા માટે કેટલી જાતનાં કારખાનાં, વિજ્ઞાનકૌશલ્યની નવી નવી વ્યવસ્થાઓ થઈ છે. બરાબર તેવી જ રીતે ભગવાનની કૃપાને એકત્ર કરવા માટે મન–પ્રાણને લગાવી જુઓ તો તેની કૃપા હાથોહાથ મળશે. તેનો પ્રકાશ કર્મની દ્વારા જ થાય છે. ફક્ત શુદ્ધ ભાવથી કર્મ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરો. ભજન દ્વારા પોતપોતાની જડતાની ગ્રંથિઓને ખુલ્લી કરી દો અને ત્યારે જ તમે તે પરમાત્માને, સૂર્ય ચંદ્રના પ્રકાશની માફક, પ્રત્યક્ષ જોઈ શકશો કે, અહા! કેવી રીતે તે સર્વત્ર વિદ્યમાન છે!

(૬૬)

દુર્બળતા જ મનુષ્યનું મુખ્ય પાપ છે. કારણ શરીરની શક્તિનો અપવ્યય ન થાય તે તરફ ધ્યાન રાખીને ચાલવું જરૂરી છે. જેવી રીતે શરીરનું ખાદ્ય પરિમિત આહાર-વિહાર છે, તેવી રીતે મનનું ખાદ્ય શુદ્ધ ભાવ અને ભગવચ્ચિંતા છે. શરીર અને મનનાં કળ-કારખાનાં ઠીક રીતે ચાલવા માંડશે એટલે તેના ચાલક રૂપી આત્માનું સંધાન સહજમાં મળશે.

(૬૭)

શહેરમાં ચોવીસે કલાક પાણીનો સતત્ પ્રવાહ ચાલુ રાખવો હોય તો જેવી રીતે દિવસ-રાત પાણીનો નળ ચલાવવો પડે છે, તેવી રીતે હૃદયને ભગવત્-રસથી પૂર્ણ રાખવું હોય તો "અવિરામ ભગવત્-સ્મરણ" રાખવું આવશ્યક છે. જો તત્ત્વવિચાર, જપ અથવા ધ્યાનમાં સર્વ સમય મસ્ત રહી શકતા હો તો કીર્તન પૂજા, યજ્ઞ પાઠ, દેવદર્શન, સાધુસંગ, તીર્થ-ભ્રમણ અને અન્યાન્ય સત્કાર્યો વગેરે કરીને સતત્ ઈશ્વર ચિંતા મનની અંદર રાખવા પ્રયત્નો કરો. સંસારમાં તમે તેની ઇચ્છાથી જ-તેના આદેશથી જ રહી શકો છો. જો આ ભાવ શુદ્ધ રૂપે તમારા મનમાં ઉત્પન્ન થઈ જાય તો સૌથી સારી વાત છે. 'અવિરામ ભગવત્-સ્મરણ'નો અર્થ એ થાય છે કે દિવસ અને રાત શ્વાસોશ્વાસની સાથે સાથે તેનું નામસ્મરણ અથવા ભાવ લઈને રહ્યા કરવું, અને ત્યારે જેવી રીતે ચાવીવાળા પૂતળાના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હાથ–પગ હરે–ફરે છે, તેવી રીતે માણસનાં બધાં કર્મો આપમેળે જ સહજભાવે થયે જાય છે.

(૬૮)

ભજન કોને કહેવાય તે તું જાણે છે? ભાવના પ્રકાશનું જ નામ ભજન છે. જો તમે એક માટલીમાં ગરમ પાણી કરવા માટે મૂકો, અને તેનું ઢાંકણું બંધ કરી દો તો, એક સમય એવો આવશે કે જ્યારે વરાળ ઢાંકણાને હડસેલી દઈને બહાર આવશે, અને ફરીથી બળ–પ્રયોગ કર્યા વિના તે ઢાંકણું બંધ થશે નહિ. આવી જ રીતે નામજપ વગેરે જ્યારે પ્રાણની અંદર તરંગો ઉત્પન્ન કરે છે ત્યારે તે તરંગોને સંભાળવા ખૂબ કઠણ હોય છે. આ ઉચ્છ્વાસનું નામ ભાવ કહેવાય છે. ભાવની ઉત્પત્તિ હૃદયમાં થાય છે. પરંતુ તેનો પ્રકાશ બહાર થાય છે. ભાવ પ્રથમ ક્ષણિક હોય છે પણ તે પછીથી ભજનો વગેરે દ્વારા ક્રમશઃ પરિપુષ્ટ થાય છે. કારણ કે, સૌના હૃદયમાં મહાભાવ વિદ્યમાન હોય છે, અને સુયોગ મળતાં જ તે મહાભાવ પોતાનું કામ કરવા માંડે છે. હૃદયમાં ભાવ જેટલો સ્થિર થાય છે તેટલો જ સાધક પોતાના ઉપાસ્યનો આભાસ મેળવવા માંડે છે. ભાવ વગરનું ભજન વિલાયતી ફૂલના જેવું છે વિલાયતી ફૂલ દેખાવમાં ખૂબ સુંદર હોય છે, પણ ઘણું ખરું અંદર સુગંધ જ ન મળે. ખૂબ ધામધૂમથી કીર્તન થઈ રહ્યું હોય, અને કીર્તનગૃહમાં લોકોની ભીડ ખૂબ જામી હોય, પરંતુ કીર્તન કરનારાઓમાં જો યોગ્ય રીતનો ભાવ ન હોય તો કીર્તનમાં દેવતાનો આભાસ ન થઈ શકે. દેવતા ભાવગ્રાહી હોય છે. તેથી જ બાહ્ય અનુષ્ઠાનાદિમાં શુદ્ધ ભાવની કમી ન થાય તે તરફ ખાસ ધ્યાન આપવું આવશ્યક છે. અગ્નિકુંડમાં ઇંધણ નાખવા માંડો તો અગ્નિશિખા આપોઆપ નીકળશે જ નીકળશે.

(૬૯)

તમે લોકો ઘણી વખત કહો છો કે અહંતા જ સર્વનાશનું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મૂળ કારણ છે. પણ વાસ્તવિક રીતે તેમ નથી. 'અહં' ભાવ જે વસ્તુ છે તે જ વસ્તુ ઇચ્છાશક્તિ અથવા પુરુષાર્થ પણ છે. અહંભાવ જેવી રીતે જન્મ-મૃત્યુનું કારણ છે તેવી જ રીતે તે મુક્તિના પંથમાં પણ સહાયતા કરે છે. જે અહં અથવા સ્વતંત્ર બુદ્ધિની સ્ફુર્તિથી જીવને ભગવાનથી વિચ્છિન્ન કરે છે તે અહંભાવને સમૂળગો દૂર કરવા માટે ઇચ્છાશક્તિના પ્રયાસની અત્યંત આવશ્યકતા છે. જેણે દેવતામાં સ્થિરતા પ્રાપ્ત કરી છે અથવા જેણે પરમપિતા પરમેશ્વરના ચરણકમળમાં પોતાના અહંભાવને અર્પણ કરીને પોતાને તેની સાથે મેળવી દીધો છે તે જ દૈવ અથવા તો મહાનિયતિને આધીન રહી શકે છે. પરંતુ જેનામાં "હું કરું છું" એવું અભિમાન રહ્યું છે તેના માટે સર્વ કાર્યોમાં પુરુષાર્થની જરૂરીઆત રહે છે. જ્યાં સુધી બુદ્ધિનું કામ છે, ત્યાં સુધી અહંભાવ પણ છે; કર્મ પણ છે. નિર્ભયતા અથવા આત્મવિચારોની ઉપર દૃઢ ભરોસો રાખીને શુદ્ધ ભાવોનું ઉત્કર્ષ સાધન કરો. કર્મ હશે છતાં પણ અહંભાવનો ઉદ્વેગ ધીરે ધીરે ઓછો થતો જશે.

(૭૦)

જો કે 'તે' સર્વની અંદર તથા બહાર રહ્યો છે જ તો પણ ભાવમાં અને કર્મમાં તેની સ્મૃતિ રાખવી જરૂરી છે. કારણ કે જન્મ-જન્માંન્તરોના સંસ્કારોએ માણસને એવી રીતે બાંધી રાખ્યો છે કે તેની શોધ સહેજમાં થતી નથી. અગ્નિ જેવી રીતે ભીનાં લાકડાંને સૂકવી નાંખીને, ફરીથી તે લાકડાંને સળગાવી પણ નાંખે છે, તેવી જ રીતે ભગવત્-સ્મૃતિની તીવ્રતા વિષય-વાસનાઓને ધીરે ધીરે ક્ષીણ કરતી હોય છે. અને ત્યારે જ હૃદયમાં સચ્ચિદાનંદનો આભાસ મળે છે. કહેવાનો અર્થ એ છે કે તમે ધન, જન, પ્રતિષ્ઠા વગેરેમાં મન રાખતા હો, છતાં પણ સાથે સાથે ભગવત્-સ્મૃતિ માટે પણ થોડું કે સ્થાન રાખવાનો પ્રયત્ન કરો. હું તમને સંસાર-ઘરબાર છોડીને જંગ-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લમાં જવાનું કહેતી નથી. તમે બધા ધર્મનો સંસાર કરો એ જ હું તમારી પાસે ચાહુ છું. એકદમ ખાલી કોપાગારનું જેવી રીતે કંઈ મહત્ત્વ નથી તેવી જ રીતે, ધર્મહીન મનુષ્ય-જીવનનું પણ કંઈ જ મૂલ્ય નથી.

(૭૧)

"જે થવાનું છે તે થશે જ"—આ સંપૂર્ણ સત્ય વાત છે. પોતાના જીવનમાં અથવા બીજાઓના જીવનના ઈતિહાસો તપાસો તો માલૂમ પડશે કે મનુષ્ય પોતે પોતાની મેળે કેટલું ઓછું કરી શકે છે, અને અલક્ષ્ય શક્તિનાં અદૃશ્ય વિધાનો દ્વારા કેટલું વધારે થઈ શકે છે! જગત તે જ પરમ પિતાની ઈચ્છાથી સરસ રીતે નિયમિત ચાલે છે. અને તે મને જે અવસ્થામાં રાખશે અથવા લાવશે તે હું સહર્ષ સ્વીકારીશ. આ સિદ્ધાંત વિષે જેટલી તમારામાં સ્થિરતા આવશે તેટલી પ્રભુ ઉપરની નિર્ભરતા દૃઢ થશે, અને દૈવી અથવા ઈશ્વરી શક્તિ પ્રત્યે ભક્તિ અને વિશ્વાસે પ્રેમચક્ષુ ખુલ્લાં થઈ જશે.

(૭૨)

"સર્વ કાર્યોમાં પરમ પરમાત્મા છે જ"—આ વાત સાંભળવામાં તો બૂબ સરસ લાગે છે. પરંતુ આપણે બધાં કાર્યો એવી રીતે કરીએ છીએ કે અંતમાં તો ફક્ત ઇન્દ્રિય તર્પણ માત્ર જ રહી જાય છે. દેખતાં નથી કે આ કારણે જ આપણી હાર-જીતમાં કેટલાં રુદન-હાસ્ય થાય છે! જેઓ બીજાની નોકરી કરતા હોય છે તેઓ પોતાના માલિકના નફા-નુકશાન પર બહુ માથાફોડ કરતા જ નથી. કર્મ "દ્વારા હું તે ભગવાનની જ સેવા કરી રહ્યો છું" આ બુદ્ધિમાં જે મનુષ્યસ્થિતિ લાભ કરી શકે તે જ કર્મ કર્યા પછી ફલાફલની આશા તરફ ફરીને જોતો નથી. કર્મના આરંભમાં, મધ્યમાં તથા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અંતમાં ફક્ત તેની જ સ્મૃતિ સામે રાખો તો તમે સર્વ કર્મો તેને અર્પણ કરીને નશ્ચિતતા પ્રાપ્ત કરી શકશો.

(૭૩)

માતૃરૂપિણી મહામાયા સૃષ્ટિનું આદિ છે. જ્યારે તેને લીલા કરવાની ઇચ્છા થઈ ત્યારે તેણે પોતે બે રૂપ ધારણ કર્યાં. એક માતાનું, અને બીજું માયાનું, અને તે જગત નાટ્યશાળામાં પ્રકાશિત થઈ તથા અનેક રૂપોથી માયામાં છૂપાઈ ગઈ. કાળની કુહાડીના ઘાતથી જ્યારે કોઈ જીવને ચૈતન્યની પ્રાપ્તિ થઈ ત્યારે તે માયા અને માને એક માનીને તેની શોધમાં પ્રવૃત્ત થયો. અને માની કૃપાથી સાધન દ્વારા તેના આદિ રૂપ મહામાયાની શોધ મેળવીને કૃતાર્થ થયો. પરંતુ અહીં તેની સાધના પૂરી થઈ નહિ તે મહામાયાનું વિરાટત્વ દેખીને આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને સચ્ચિદાનંદમાં મળી ગયો. આથી કહું છું કે સંસારમાં જેને 'માયા' અથવા 'મોહ' કહો છો તેને જ અધ્યાત્મ–પથમાં 'મહામાયા' કહેવામાં આવે છે. બન્નેની ક્રિયાઓ દેખીતી રીતે ભિન્ન ભિન્ન હોવા છતાં મૂળમાં એક જ છે. સંસારમાં લિપ્ત થઈ થઈ જાઓ તો અનુભવશો કે એટલો બધો આનંદ પ્રાપ્ત થશે કે તેને છોડવા જતાં પણ નહિ છોડી શકો, અને ધર્મપથમાં પણ આનંદ–સાગર છલકાતો હોય છે. પરંતુ ભેદ ફક્ત એટલો જ છે કે પહેલાંનો આનંદ ક્ષણસ્થાયી છે, જ્યારે બીજાનો આનંદ ચિરસ્થાયી છે. બન્નેની જ સાર્થકતા છે, કારણકે જેણે આની રચના કરી છે, તેણે જ્યારે જેની જરૂરિયાત લાગી તે પ્રમાણે આવીને તૈયારી કરી છે, અને તે ધીરે ધીરે મનુષ્યને અંતિમ લક્ષ્ય તરફ ખેંચી લઈને મોહ, માયા અને મહામાયાના દ્વંદ્વમાંથી દૂર કરે છે.

(૭૪)

સૂર્ય, ચંદ્ર અથવા બહારના પ્રકાશ દ્વારા હજુ કેટલા દિવસો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કામ ચલાવશો ? આંખનો પ્રકાશ જ્યારે બંધ થઈ જશે, શરીર જ્યારે ચાલતું બંધ થઈ જશે, બુદ્ધિ જ્યારે મંદ થઈ જશે ત્યારે આ જ્યોતિના પ્રકાશથી અંદર-બહાર સર્વ જગાએ પ્રકાશ થઈ જશે, અને આત્મદર્શનનો પથ સુગમ થઈ જશે.

(૭૫)

ઇચ્છાપૂર્વક આત્મપ્રયોગ કરવાનું નામ જ 'કર્મ' છે. કર્તાનાં અવશ્ય કરવા યોગ્ય કર્મને 'કર્તવ્ય કર્મ' કહેવામાં આવે છે. કોનું કર્તવ્યકર્મ કેવી રીતનું છે તે જ વિચારવા જેવો વિષય છે. સાંસારિક જીવનમાં સંસારની રક્ષા કરવાનું કર્તવ્ય કર્મ છે. પરંતુ જો કોઈને પ્રબળ આત્મિક જાગર્તિક અથવા મહદ્ ઉદ્દેશની સિદ્ધિ માટે પરિજનને છોડીને જવાની વ્યાકુળતા ઉત્પન્ન થાય, તો ત્યારે તે જ તેનું કર્તવ્ય કર્મ થઈ જાય છે. આ કારણે જ કર્તવ્ય કર્મનું કંઈ નિર્દિષ્ટ માપ નથી, અને તે દેશ-કાળ-પાત્ર અનુસાર નિર્દિષ્ટ થાય છે. ઈશ્વર-ચિંતા જે જીવનું સર્વ પ્રધાન કર્તવ્ય છે તે લગભગ બધા ભૂલી બેઠા છે. પ્રાચીન હિંદુ સમાજમાં ચાર આશ્રમોનું ગઠન હતું : "—બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, અને સંન્યાસ. વર્તમાન સમયમાં એક માત્ર ગૃહસ્થાશ્રમ જ પ્રબળ છે. તેથી જ પહેલાં ભોગ તથા ત્યાગ દ્વારા સાચો મનુષ્ય તૈયાર થતો તેવો અત્યારે હવે સુયોગ રહ્યો નથી. હવે તો શરૂઆતમાં ભોગ અને એ રીતે મનુષ્ય અધિકાંશ ભોગમાં જ પોતાની જીવનલીલા સમાપ્ત કરે છે. તેથી જ જીવનનો ઉદ્દેશ શો છે, આ લોક અને પરલોક શું છે, વગેરેનો વિચાર મનુષ્ય-હૃદયમાં ખૂબ ઓછો જાગે છે.

(૭૬)

સંસારમાં એકડા પછી મીંડાં વધારીને લોકો ધનવાન થઈ જાય છે. જ્યારે ધર્મ-પંથમાં એકડાને રાખીને જ એક તત્ત્વની સાધના કરવાથી ધનવાન થવાય છે. તેથી જ બંને રસ્તાઓ એક બીજાથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિપરીત છે, કિન્તુ વિચારી જોવું જોઈએ કે જો એકડો ન હોય તો મીંડાંનું કંઈ જ મૂલ્ય રહે નહિ. આ કારણે જ એક ઉપર જ સર્વદા વિશ્વાસ અને નિર્ભરતાની સાથે એક લક્ષ્ય રાખીને ચાલતાં કોઈ પણ અવસ્થામાં દારિદ્રય રહેતું નથી.

(૭૭)

સ્વધનને મેળવવા માટે સ્વભાવની કર્મ–ચેષ્ટાને જ 'સાધના' કહેવામાં આવે છે. કર્મ માત્રનું જ નામ 'સાધના' છે. જીવ માત્ર સાધક છે અને ભગવાન જીવનું સ્વધન છે. એટલે તે જ એક માત્ર સાધનની વસ્તુ છે. સંસાર ભાવ જ્યારે પ્રબળ હોય છે ત્યારે સકામ અથવા લૌકિક કર્મો દ્વારા સાધના ચાલે છે, જો કે વખતે ભગવદ્‌ભાવ તેની અંદર છૂપી રીતે રહે છે. કારણ કે તેના સિવાય કંઈ જ થતું નથી, અને જે કોઈ જે કંઈ કરે છે તે બધું તેને જ પહોંચે છે. આ સ્વતઃસિધ્ધ વાત છે. સંસારીઓની સાધનાને અભાવની સાધના' કહી શકાય છે, તેમાં મમત્વબુધ્ધિ પ્રધાન હોય છે અને બાહ્ય ભોગ વિલાસ તેઓનું લક્ષ્ય હોય છે. જ્યાં સુધી દુઃખ, દૈન્ય, લાંછના, અપમાન, શોક તાપ વગેરેના મારથી મનુષ્ય હેરાન થઈ જાય છે ત્યાં સુધી આ સાધના સારી રીતે ચાલે છે. આ પણ એક હિસાબે સ્વભાવની જ સાધના છે, કારણ આ અભાવના પ્રવાહને પકડ્યા વગર ઘણું ખરૂં મનુષ્યમાં સ્વભાવની આવશ્યકતા જાગૃત થતી નથી. મનુષ્ય જ્યારે સ્વભાવમાં પ્રતિષ્ઠિત થવાનો પ્રયત્ન કરીને સ્વધનને મેળવવા માટે પ્રવૃત્ત થાય છે, ત્યારે જ તેની પારમાર્થિક સાધના અથવા નિષ્કામ કર્મ શરૂ થાય છે. આ સ્વભાવનું કર્મ જ ત્યાગ, વૈરાગ્ય, પ્રેમ વગેરેનો પાયો નાખે છે. જન્મ લીધા પછી મનુષ્ય પરધનની ઈચ્છા કરે છે તથા તુચ્છ ભોગો તરફ લપસે છે. શુભ કર્મો દ્વારા, શુભ સમયે જ્યારે સ્વધનની સ્મૃતિ જાગૃત થઈ જાય છે, ત્યારે તે તેના ઉધ્ધાર માટે વ્યગ્ર થાય છે. આવી રીતે જેટલાં તેનાં સ્વભા-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વનાં કર્મો વધતાં જાય છે તેટલું તેનામાં સ્વધનનું જ્ઞાન જન્મે છે. જેવી રીતે ઘરમાં જ્યારે આગ લાગે છે ત્યારે ઘરને બાળ્યા વગર રહેતી નથી. તેવી જ રીતે જ્યારે પ્રકૃત સાધના શરુ થાય છે ત્યારે તે કોઈ પણ રીતે શાંત થતી નથી. એટલું જ નહિ પણ સાધનાનો સંવેગ દિવસે દિવસે વૃદ્ધિ પામીને સાધકને સ્વપંથમાં ઝડપથી લઈ જાય છે. પહેલાં સાધકમાંથી દેહાત્મ બુદ્ધિ ચાલી જાય છે. પછીથી વાસના કામના સંપૂર્ણરૂપે ગળી જાય છે. ત્યારબાદ સર્વત્ર સમભાવ જન્મે છે, અને ત્યારે જીવ, દેહ અને મનથી અતિરિક્ત તે આત્મદેવની પ્રત્યક્ષ ઉપસ્થિતિ કરે છે. આ સાધનાનું અંતિમ લક્ષ્ય છે, એક લક્ષ્ય સાધનાનો પ્રાણ છે, અને શ્રદ્ધા, વિશ્વાસ અને ધૈર્ય તેની શક્તિઓ છે.

(૭૮)

આચારવાન થયા વગર ચિત્તની શુધ્ધિ થતી નથી. એવી કહેવત છે કે, "આચારનું ઘર ઠોકરથી ભાંગતું નથી." શૌચાદિ પ્રતિ યથાસંભવ દૃષ્ટિ રાખીને સદ્‌વિધિનું અનુકરણ કરવું, અને શુદ્ધાચારી થવું જરૂરી છે. રાજદર્શને જવું હોય તો જેવી રીતે કેટલાક કાયદા કાનૂનો પાળીને ચાલવું પડે છે, તેવી રીતે દેવદર્શન અને દેવચિંતામાં તેનાથી પણ વધારે પવિત્રતા અને સાવધાનતાની જરૂર હોય છે.

(૭૯)

સ્વભાવમાં પ્રતિષ્ઠિત થઈને "હું કોણ છું" એનું યથાર્થ જ્ઞાન જેને થયું છે, અને ભોગાદિમાં અનાસક્ત થઈને જે તેના રસમાં મસ્ત રહે છે તેને 'સાધુ' કહી શકાય છે, વિશ્વપ્રેમનો અધિકારી કહેવાય છે. એટલે સાધુ સર્વદા ચિંતાશૂન્ય, ઉદાર બાળકની માફક સરળ અને સંતુષ્ટ રહે છે. આવી રીતના મહાપુરુષોને દેખતાં જ પ્રાણમાં આપમેળે જ આનંદની ઊર્મિઓ આવે છે અને જાય છે. અને તેના સંસ-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ર્ગમાં ઇશ્વરભાવ જાગૃત થાય છે. જળ જેવી રીતે સર્વ વસ્તુઓને નિર્મળ કરે છે. તેવી રીતે સાધુના દર્શનથી, સ્પર્શથી, આશીર્વાદથી એટલું જ નહી પણ સ્મરણમાત્રથી જ મલીન વાસનાઓ ક્રમશઃ દૂર થાય છે. ભગવાન જ ફક્ત સંગ કરવાને લાયક છે અને સાધુ પુરુષોને તેનો સંગ થઈ ચૂક્યો છે. એટલે જ સાધુ–સંગ કરવો ઇષ્ટ છે. સ્થૂલ સ્થૂલને પોતા તરફ જલ્દી આકર્ષી શકે છે. આટલા માટે જ વર્તમાન સમયમાં સાધન–ભજનમાં સત્સંગને પ્રધાન સહાયક કહી શકાય. સાધુ લોકો મોટા વૃક્ષની માફક સર્વદા ઊર્ધ્વમુખ રહેતા હોય છે. તો પણ બીજાઓને છાયા તથા આશ્રયનું દાન કરવું તે તેઓનું સહજ વ્રત હોય છે, વૃક્ષની માફક સાધુઓમાં કોઇ ઇચ્છા–અનિચ્છાનું દ્વંદ્વ હોતું નથી. જેઓ એકાન્તભાવથી તેઓનું શરણ લે છે તેઓ શાન્તિ મેળવીને કૃતાર્થ થાય છે, જ્યારે આત્મતત્ત્વને જાણવા માટે મનુષ્યના પ્રાણમાં ઉત્કટ આગ્રહ જાગી ઊઠે છે ત્યારે તેને સત્સંગનો લાભ થાય છે. શુદ્ધ અને સ્થિર ભાવથી શ્રદ્ધાળુ ને વિનયી થઈને સાધુદર્શને જવું જરૂરી છે, સાધુની પાસે નીરવતામાં બેસીને સત્–ચિન્તા કરતાં જેવું ફળ મેળવી શકાય છે તેવું ફળ તર્કો દ્વારા મળી શકતું નથી. મહાપુરુષોનાં કર્મો સાધારણ મનુષ્યો માટે અનુકરણીય હોતાં નથી. કિન્તુ તેઓની પાસેથી પ્રાપ્ત થયેલો સદુપદેશ અથવા આદેશ નિજ જીવનમાં જેવી રીતે ફળપ્રદ થાય તેવી રીતે પ્રયત્નો કરવા યોગ્ય છે. નહિતર નિત્ય નૂતન નૂતન બીજનો સંગ્રહ થશે, પરન્તુ તેમાંથી એક બીજ પણ જો જીવનમાં અંકુરિત ન થયું તો આ ખૂબ પરિતાપનો વિષય થશે!

(૮૦)

બદ્ધભાવમાંથી મુક્તિના ઉપાયો :—

(૧) કર્મ અને સ્મૃતિ–દેહ, મન અને સંસાર પ્રતિ યથાવિહિત દૃષ્ટિ રાખીને પ્રકૃતિની સાથે એક યોગે શુભ કર્મ. મુખ, કંઠ અથવા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હૃદયમાં ઈશ્વરવાચક નામનું સ્મરણ, જપ, પ્રાર્થના અને તદ્વિષયક આલોચના.

(૨) અનુભૂતિ—ધ્યાન અને અનન્ય ચિંતા દ્વારા સ્વરૂપનું અનુસંધાન.

(૩) સ્થિતિઃ—કર્મ–સમાપ્તિ, દેહાત્મબુદ્ધિનિર્વાણ, સર્વત્ર, સમભાવ અને સમદર્શન, પૂર્ણ તત્ત્વપદમાં લક્ષ્યની સ્થિરતા.

(૮૧)

"એકતારા"માં (તંબૂરામાં) એક સૂર હોય છે, અને હાર્મોનિયમમાં સાત સૂર હોય છે. જ્યારે હાર્મોનિયમ વાગે છે ત્યારે સામાન્ય શ્રોતાઓને આનંદ આપે છે ખરું, કિન્તુ ભાવુકને એકતારાનો સૂરજ મધુર લાગે છે. કારણ કે એક સૂરને ભાગીને તો સાત સૂર કર્યા છે. દેહને એક–તારો બનાવવા પ્રયત્નો કરો. મનને તેનો તાર બનાવીને દિવસ રાત વગાડ્યા કરો! "જય જગદીશ હરે!" આવી રીતે કરતાં કરતાં આ એક ગાન સિવાય તમને બીજું કંઈ જ સારું લાગશે નહિ.

(૮૨)

પવનનો વંટોળ આવતાં જેવી રીતે નદી–તળાવનાં પાણી સ્થિર રહેતાં નથી, તેવી રીતે મનમાં ચિંતાઓ હોય ત્યારે તે કદીયે શાન્ત રહે નહિ. દૃઢતાની સાથે ચિંતા શૂન્યતા અથવા શાન્ત ભાવનો અભ્યાસ કરો. વચમાં વચમાં મૌન વ્રતનું અવલંબન કરો. તેથી મનની શક્તિઓ ખૂબ વધશે, જ્યારે જ્યારે જુઓ કે વિષયચિંતાઓ આવીને પુનઃ પુનઃ અસ્થિર કરી દે છે ત્યારે ત્યારે તમે જે કોઈ શક્ય હોય તેવા ઉપાયોથી તે ચિંતાઓને દૂર કરવા પ્રયત્નો કરો. કલાકૌશલ્યા દ્વારા જેવી રીતે મોટા મોટા ખાડાઓ તથા તળાવો, કોતરો જલશૂન્ય કરી શકાય છે, તેવી રીતે એક–નિષ્ઠ અભ્યાસ દ્વારા વાસના–કામનાના ખન્નાઓને પણ ખાલી કરી શકાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૯૩)

દૂધનાં ટીંપાં મૂકીને જેવી રીતે માંડની ચાસણીને સાફ કરી શકાય છે, તેવી જ રીતે ઈશ્વરચિંતાના સ્પર્શથી ચિત્તના સંસ્કારો અથવા મલિનતા દૂર થઈ જાય છે. સંસારી મનુષ્ય ઘણું ખરું વૃદ્ધાવસ્થામાં ભજન-પૂજન શરૂ કરવા જતાં, કલાન્ત અથવા નિરુત્સાહી થઈ જાય છે. આ કારણે જ બાલ્યવયમાંથી જ ઈશ્વરભાવને મુખ્ય રાખીને જીવન-નાવને ચલાવવાનું શીખવાથી અંતિમ વખતે આવું કહીને રડવું નહિ પડે કે, "હાય! હાય! સમય ચાલ્યો ગયો! હવે તું જ પાર કર!" આત્મરક્ષા માટે જેવી રીતે ધનસંચય કરો છો, તેવી રીતે ધર્મસંચય પણ ખાસ કરવા જેવો છે, એમ સર્વદા ધ્યાનમાં રાખવું જરૂરી છે.

(૯૪)

પ્રત્યેક માણસના જીવનમાં સંયમ આવશ્યક છે. પહેલાં શરીરને યથાસાધ્ય કાબૂમાં રાખી સંયમી બનાવો. નિયમો દ્વારા શરીરને તૈયાર કરવાથી મન આપોઆપ ક્રમશઃ તૈયાર થવા માંડશે, અને ત્યારે મન અને શરીર બન્નેને એક સાથે કઠોર સંયમ-સાધના કરવાનું શીખવો. શરીર અને મન જ્યારે સંયમી થઈ જશે ત્યારે આપોઆપ મનમાં આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની અભિલાષા જાગી ઊઠશે. તે વખતે આ અભિલાષાને પૂર્ણ કરવા તરફ ઉદાસીન ન રહેતા ભગવત્ કાર્યમાં મનોવિવેશ કરવા જતાં આત્માનુભૂતિ સુગમ થઈ જાય છે. જ્યાં સુધી દેહ જ્ઞાન છે ત્યાં સુધી કર્મથી-ભિન્ન કોઈ લક્ષ્ય રહી શકતું નથી. સર્વદા મનમાં આ વાતને ધ્યાનમાં રાખો કે ધનસંચયી કૃપણની માફક અથવા મધપૂડો બનાવનાર મધમાખીઓની માફક કઠોરતાના અવલંબન સિવાય ધર્મજીવનમાં લાભ થતો નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૮૫)

જુઓ ! કંઈને કંઈ તો કરો જ. હાથમાં એક જપની માળા રાખો. જો આ પણ ન કરી શકો તો છેવટ ઘડિયાળના 'ટીકટીક' અવાજની માફક ભગવત્‌-નામસ્મરણ કર્યે જાઓ. આમાં વિધિનિયમ કંઈ જ નથી. જેને જે ભગવત્‌-નામ પ્રિય લાગે તે નામનો જેટલો વધારે જપ થઈ શકે તેટલો કરે. આ ભગવત્‌-નામસ્મરણ કરવા જતાં શુષ્કતા, અવસદ આવે તો પણ જેમ કડવું ઔષધ પણ ગળી જઈએ છીએ, તેવી રીતે નામ ચાલુ રાખો. આવી રીતે કરતાં કરતાં યોગ્ય સમયે તમને આંતરિક મનની માળાનું સંધાન મળશે. ત્યારે તમે અનુભવશો કે મહાસમુદ્રમાં થતાં અવાજની માફક અવિશ્રાન્તપણે તે માળા એકમાત્ર પરમ પુરુષ પરમેશ્વરનાં ગુણગાન કરે છે અને જળ, સ્થળ, આકાશ, વગેરેમાં સર્વત્ર તે એક ધ્વનિ જ ચારે તરફ કર્યા કરે છે આને 'નામમય થવું' કહેવાય છે. નામરૂપ ને લીધે જ જગત છે, નામ જ તેનો આદિ તથા અંત છે. જ્યારે ભગવત્‌-નામસ્મરણમાં સાધક પૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરીને પોતાની જાતને ભૂલી જાય છે ત્યારે તેના માટે જગત્‌ અને અહંપણું રહેતું નથી. શું છે અને શું નથી, આ તે જાણે છતાં તે ભાષામાં વ્યક્ત નથી કરી શકતો.

(૮૬)

જો તમે કહેશો કે 'કંઈ જ નથી,' તો કંઈ નહિ રહે. અને જો કહેશો કે 'છે' તો સર્વસ્વ રહેશે, દેખતાં નથી કે કોઈ કહે છે કે, 'આ જગત મિથ્યા છે?' વળી કોઈ કહે છે કે, 'આ જગત સત્ય છે.' ઘણા લોકો એમ માને છે કે દેવ-દેવીઓમાં કંઈ જ સત્તા નથી.' વળી પાછા કોઈ લોકો કહે છે કે દેવ-દેવીઓ સત્ય વસ્તુ છે અરે ! એટલું જ નહિ પણ દેવ-દેવીઓની પ્રાર્થના કરીએ તો તે માનાં દર્શન પણ થાય છે. અને તેઓની વાતો પણ સાંભળી શકાય છે. બાળકની પાસે માટી અથવા રબ્બરનું પૂતળું જીવન્ત માણસની માફક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સત્ય જેવું દેખાય છે. પરંતુ બાળકની ઉંમર વધવાની સાથે સાથે તેની તે દ્રઢ ધારણા અસત્યમાં પરિણત થઈ જાય છે, તેથી જ દેખાય છે કે પ્રત્યેકની ક્ષણિક ભાવશક્તિ અનુસાર તેને કોઈ પણ વિષયમાં વિશ્વાસ અથવા અવિશ્વાસ થાય છે. યોગ્ય ભાવ જ્યારે એકમુખી થઈને ધીમે ધીમે ઘનીભૂત થાય છે, ત્યારે કોઈ કોઈના ચિત્તના સંસ્કાર અથવા તીવ્ર આકાંક્ષાના પ્રમાણમાં તે મહત્ ભાવ (વિરાટ ભાવ) પ્રત્યક્ષ મૂર્તિ ધારણ કરે છે, અને વાણીરૂપમાં પણ પ્રકાશિત થાય છે. એકનિષ્ઠ ભાવુકના ચિત્ત રૂપી ઘરમાં આ બધું નૈમિત્તિક ઉત્સવ માત્ર જ છે. કારણ કે, અધ્યાત્મપથમાં ચાલતાં ચાલતાં ઈશ્વર-ચિન્તાની પ્રવાહધારામાં જ્યારે તમે તમારી જાતને ભૂલી જાઓ છો, ત્યારે આવી રીતે વિવિધ ખંડ વિભૂતિઓનાં દર્શન સ્વતઃસિદ્ધ થઇ જાય છે. આ બધી ખંડ વિભૂતિઓ સાધનામાં જ અવશ્ય સહાય કરે છે. પરંતુ આ વિભૂતિઓ સાધકની કદાચ લક્ષ વસ્તુ નથી. જેવી રીતે પાણીની વરાળ બને છે પરન્તુ જ્યાં સુધી આ વરાળમાંથી વૃષ્ટિ થઈ જગતને તૃપ્તિ થાય ત્યાં સુધી વરાળની કંઈ સાર્થકતા નથી, તેવી જ રીતે મહાસત્તામાં ડૂબી જઈને પૂર્ણ સ્થિતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સાધનાની પૂર્ણાહુતિ થતી નથી.

(૮૭)

પરિત્રાણ મેળવવા માટે પ્રાણની અંદરથી 'હે ત્રિનયની તારા મા! ત્રાણ કરો" એમ પૂકારી પૂકારી રડતાં રડતાં માને પુકારવી પડશે, સંસાર માટે જેટલા રડો છો તેના કરતાં મા માટે વધારે રડવું પડશે. રડતાં રડતાં જ્યારે બહાર ને અંદર બધું એક થઈ જશે, ત્યારે જણાશે કે જેને માટે તું આટલી શોધાશોધ કરે છે તે મા સર્વના પ્રાણરૂપે પાસેમાં પાસે વિરાજમાન છે!

(૮૮)

કૃતજ્ઞતા, સ્તુતિ અને અયુક્ત પ્રાર્થનાઓ ખૂબ સારી છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ પ્રાર્થનાઓ દ્વારા ચિત્ત શુદ્ધ અને શાન્ત થતાં ઈશ્વરસંબંધી કલ્પનાઓમાં વિશ્વાસ અને સત્યનો આભાસ થવા માંડશે. પરંતુ આ ગતિશીલ છે, તેથી તેની સાથે સાથે ધ્યાન અને ધારણાની પણ આવશ્યકતા છે, ભાવોમાં ગંભીરતાની જરૂરત છે. ભાવોમાં ડૂબી જવું જોઈએ, નહિ તો ફક્ત તેમાં ઊતરતા રહેવાથી શક્તિની વૃદ્ધિ નહિ થાય, પણ ક્ષય થશે. બહુ જન્મોના સંસ્કારો, વડ અને પીંપળના મૂળિયાંની માફક, દેહ તથા મનની ચારે તરફ ફેલાઈ ગયા છે. તે મૂળિયાંને ઊખેડી નાખવા માટે બહાર અને અંદર બન્ને દિશાઓમાં કઠોર કુહાડાના ઘાની જરૂર છે. આથી રોજરોજ જ્યાં સુધી બની શકે ત્યાં સુધી બાહ્ય ઇન્દ્રિયોને અન્તર્મુખી કરીને તેનામાં એકત્રિત કરવાના પ્રયત્નો કર્યા કરો.

(૮૯)

સગાં–સંબંધીઓની અંદર ધર્મભાવ જાગૃત કરવો હોય તો ફક્ત પોતે જ ધર્માચરણ કરવાથી નહિ ચાલે. પણ સાથે સાથે તો તેઓને પણ સદુપદેશ દ્વારા ઈશ્વર માટે પ્રેમ કરાવવો જરૂરી છે. આથી તને પણ સાધન–ભજનમાં ખૂબ સહાયતા મળશે. આને માટે કંઈ નહિ તો રોજ સંધ્યા વખતે સમૂહ સંકીર્તન અથવા ભગવત્–સંગીત અને આલોચના વગેરેની વ્યવસ્થા કરજો. ભગવત્–શરણાગત લોકોની મમત્વબુદ્ધિ આથી ઓછી થતી જાય છે. અને વિપત્તિના સમયમાં ધૈર્ય ધરવાની શક્તિ આવે છે.

(૯૦)

તમે લોકો મોંઢેથી કહો છો કે, "સંસાર–બંધનથી મુક્તિ જોઈએ છે." પરન્તુ તમારાં કાર્યોથી દેખી શકાય છે, કે પતંગ કે હવાઈ વિમાનની માફક, નીચે જમીન ઉપર પોતાના આધાર સ્વરૂપ કોઈ એક વસ્તુને અથવા દોરીયા ચાલકને અવશ્ય રાખો છો અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેના વિના ચાલતું નથી. જો તમે મુક્તિ ચાહતા હો તો એક કારાગારથી મુક્ત પક્ષીની માફક પોતાના રહેઠાણ તથા ખાવાપીવાની ચિન્તા છોડીને સાહસથી આકાશમાં ઊડો!

(૯૧)

આનંદ, પરમપુરુષ અથવા આત્મા—આ બધી એક જ વાત છે. સાચો આનંદ કોને કહેવાય તે જાણો છો? જેના માટે એક સિવાય બીજી વસ્તુ ઉપર નિર્ભરતાનો ભાર રહેતો નથી, જે સ્વયં પ્રકાશિત છે, આપમેળે જ પૂર્ણ, સત્ય અને નિત્ય છે. તમે લોકો સંસારના રૂપ-રસાદિના ભોગોથી સુખ મેળવો છો, પરન્તુ તે તૃપ્તિ-સુખ ક્ષણિક હોવા છતાં તમારી દોડાદોડી ઓછી થતી નથી. આંતરિક આનંદની જરૂર છે. આનંદ એવો હોવો જોઈએ કે અંદરનો અંતરાત્મા સંતુષ્ટ થઈ જાય. આ માટે દૃઢતા તથા ઉત્સાહની સાથે, જેનાથી બધા રસવાન થાય છે, તે રસનો આસ્વાદ લેવા માટે તો સંકલ્પ કરો, અને ત્યારે ઇન્દ્રિયોના દાસ થઈને ભિખારીઓની માફક એક ઘેરથી બીજે ઘેર ભટકવું નહિ પડે.

(૯૨)

ફક્ત અનુષ્ઠાનની યોજના તથા દેખાવથી સાધન-ભજનમાં સ્થિરતા આવતી નથી. આ ખાસ ધ્યાનમાં રાખવું જોઈએ કે ભાવ-હીન અનુષ્ઠાન સાચા ધર્મને સહાયક નથી. તપસ્યાનો અર્થ જ 'તાપ સહન કરવો' એવો થાય છે. આ તાપ જો ત્રિતાપની જ્વાલાઓ કરતાં પણ અધિક તપાવનારો ન થાય તો આનાથી તપશ્ચર્યા થાય નહિ. સર્વ ઇન્દ્રિયોના પૂર્ણ સંયમની જરૂર છે. જ્યાં સુધી લેશમાત્ર અપૂર્ણતા રહેશે ત્યાં સુધી 'પૂર્ણ'નાં દર્શન થવાં કઠણ છે. જેના ઇશારાથી સારું જગત ચાલે છે તેની તરફ લક્ષ રાખવાનો પ્રયત્ન કરો, વિષયભોગની તૃષ્ણા આપમેળે જ મટી જશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૯૩)

કન્યાકુમારીના સમુદ્ર તટ ઉપર ઊભા રહીને જોશો તો જણાશે કે કેટલાંય મોજાંઓ ઊઠે છે, અને પાછાં કોણ જાણે કયાંય વિલીન થઇ જાય છે કે જેનું ઠેકાણું નથી! આ જગત પણ એક મહાસમુદ્ર જેવું જ છે, પળપળમાં કેટલીયે વસ્તુઓ ઉત્પન્ન થઇ જાય છે અને કેટલીયનો વિનાશ થઈ જાય છે. અને વિનાશ થઈને કયાં જાય છે તે માનવ–બુધ્ધિની સમજણની બહારની વાત છે. પ્રકૃતિની આ અવિરામ ગતિ સારી રીતે સમજાવે છે, કે જન્મ–મૃત્યુ કંઈ જ નથી. એક પરમ પુરુષ જ માત્ર જુદા જુદા ભાવે જુદા જુદા રૂપે પોતાનું અસ્તિત્વ જ પ્રકાશિત કરે છે. પ્રકૃતિનાં વિધાનો સુંદર દૃષ્ટિએ જોતાં શીખો. તેનો નિરપેક્ષ ભાવ હૃદયંગમ કરો, તો જે આ બધા વિધાનોનો જ વિધાતા છે. તેની ચિન્તા આપમેળે જ જાગૃત થઈને એકમાત્ર તેના સિવાય બીજું કંઈ જ નથી, એમ પ્રમાણિત કરી દેશે.

(૯૪)

ઘણા લોકો દુઃખ પ્રગટ કરતા હોય છે કે, "સદ્‌ગુરુ પાસે દીક્ષા લીધી પણ કંઈ થયું તો નહિ." પરન્તુ આ લોકો સમજતા નથી કે એક કાપડ ઉપર શાહીનો ડાઘ પડ્યો હોય તો તેને કાઢતાં કેટલોય સમય લાગે છે. તો આ ચિત્તનો આટલો બધો ગાઢ મેળ શું બે–ચાર મિનિટમાં દૂર થઈ જાય? ગુરુ અથવા મંત્રશક્તિના પરિણામની ચિંતા કર્યા સિવાય પોતાના પ્રયત્નો પ્રત્યે સતત્ જોર દેવું જરૂરી છે. આળસુ થઈને અથવા ધર્મને બોજારૂપ સમજીને ચાલવાથી ધર્મલાભ થતો નથી. પોતાની જાતને જાણવા માટે તો વધારે પરિશ્રમની જરૂર છે. ગુરુના ઉપદેશ પર અટલ વિશ્વાસ અને શ્રધ્ધા રાખીને નિષ્ઠાની સાથે—ઉપાસનાદિમાં મનને એકાગ્ર કરો તો અવશ્ય ફળ મળશે જ મળશે. ધર્મની સેવા કરતાં કરતાં ધર્મ જ તમને હાથ પકડીને ધર્મપથે ખેંચી લેશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૯૫)

જ્ઞાનમાર્ગનું "અહં", ભક્તિમાર્ગનું "ત્વમ્" અને યોગ અથવા કર્મમાર્ગનું "અહં અને ત્વમ્" આ ત્રણેના મૂળમાં ખરી રીતે કંઈજ ભેદ નથી. જેઓ પુરુષાર્થની સાથે સાથે ભગવાનને બધા કર્મો અને ભાવોમાં અગ્રદૂત કરીને, "અહં અને ત્વમ્"નો સમન્વય કરીને, આગળ વધ્યે જાય છે, તેઓ બધાં તે જ એક મહાસમુદ્રમાં ડૂબી જશે. જ્યાં સુધી સમુદ્રમાં લોકો ઊતરતા હોય છે ત્યાં સુધી જ સાંપ્રદાયિક અને લૌકિક ભેદાભેદ રહે છે. પરંતુ જ્યાં ડૂબકી મારી કે બધા ભેદભાવો દૂર થઈ જઈ ને તેઓ એક થઈ જાય છે. જે કોઈ ઉપાયોથી તે મહાસમુદ્રમાં ડૂબકી મારવાના જો પ્રયત્નો કરો, તો તમે જોઈ શકશો કે પરમ તત્ત્વ માત્ર એક જ છે અને સત્ય ભાવ પણ એક જ છે.

(૯૬)

મનુષ્ય કરોળિયાની માફક જાળ પર જાળ બનાવે છે તથા તેમાં અનંતકાળ માટે ફસાઈ રહેવા માગે છે. ભોગ–મોહાદિની જંજાળમાં સપડાઈ રહીને પણ એક વાર વિચાર નથી કરતો કે, 'અરે ! વારંવાર જન્મ લેવામાં તથા મૃત્યુમાં કેટલું કષ્ટ સહન કરવું પડે છે ! વર્તમાન જીવનમાં જ કર્મ–બંધનનો અંત લાવવો પડશે,' એવો અતૂટ દૃઢસંકલ્પ કરીને સેનાપતિની માફક પોતાના શક્તિબળથી માયા–જાળને તોડી નાંખવા પ્રયત્નો કરો અથવા પકડાયેલા સૈનિકોની માફક વિશ્વપિતાના નામ પર વિશ્વાસ રાખી પડ્યા રહો. તે જ તમારી વ્યવસ્થા કરશે.

(૯૭)

જે તમને સારું નથી લાગતું તે સહેજમાં છોડી દો છો, પરંતુ જેને તમે અન્યાય સમજો છો તેને ઘૃણાપૂર્વક કેમ નથી છોડી શકતા ? અન્યાયને ન્યાયથી પૃથક્ કરવાનો પ્રયત્ન કરો અને ન્યાય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અથવા શુભ વાસનાઓની પૂંજી ભેગી કરવા માટે સર્વદા સત્ ચિંતા તથા સુકર્મોનો આશ્રય ગ્રહણ કરો. પોતાની જાતને જીત્યા સિવાય સારા જગતને જીતો તોપણ મુક્તિનો પથ મળવો દુર્લભ છે.

(૯૮)

જન્મ-જન્માન્તરના સંસ્કારો જ બંધનનું મૂળ કારણ છે. કર્મ-દ્વારા જેવી રીતે સંસ્કારો ઘડાય છે તેવી રીતે પાછા કર્મ દ્વારા તોડી પણ શકાય છે. પૂર્વકૃત કર્માદિ દ્વારા વિવિધ ભાવો લઈને ગ્રામોફોનની રેકર્ડની માફક મનુષ્યનું ચિત્તપટ તૈયાર થાય છે. જ્યારે બાહ્ય ઇંદ્રિયોના સંયોગે અંતરની સ્મૃતિને અનુકૂળ વાતાવરણ થાય છે ત્યારે મન ગ્રામોફોન વગાડવાની પીનનું કામ કરે છે અને ચિત્તપટ ઉપર અંકિત થયા પ્રમાણે કર્મ-પ્રેરણા થાય છે. શુભ કર્મ કરતાં કરતાં જેટલા પ્રમાણમાં શુભ સંસ્કારો વૃદ્ધ પામે છે તેટલા પ્રમાણમાં અશુભ સંસ્કારો દૂર થાય છે. અંતમાં અગ્નિ જેવી રીતે ખરાબ ચીજોને ભસ્મ કરીને પોતે બૂઝાઇ જાય છે તેવી રીતે શુભ સંસ્કારો પણ અશુભ સંસ્કારોને બાળી નાંખીને પોતે પણ સ્વયં લુપ્ત થઈ જાય છે.

(૯૯)

"ભગવત્-નામસ્મરણ કરતાં રહો," "ભગવત્-નામસ્મ-રણ કરતાં રહો." ભગવત્-નામસ્મરણ કરતાં કરતાં આ સંસાર રૂપી કેદખાનાના દિવસો કપાઈ જશે. પોતે તો સારા થવા પ્રયત્ન કરશો પરંતુ ત્યાં પણ જેઓ હોય તેઓને બોલાવી લેજો. જેનાં કર્મોની સાથે ધર્મનો સંબંધ નથી તેને ઈશ્વર-ભજન કરવા માટે ખૂબ નમ્રતાથી વિનંતિ કરો. અને જે ભગવાનને વિશુદ્ધ ભાવથી મેળવવા માટે પ્રયત્ન કરે છે તેને તે ભાવમાં મળો. અને જેણે ભગવાનનો મહિમા જાણ્યો છે તેનો સંગ કરીને પોતાનું જીવન કૃતાર્થ કરો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૧૦૦)

"બધી પરમાત્માની જ ઇચ્છા છે" એમ જ્યાં સુધી કહેતા રહેશો ત્યાં સુધી સમજો કે આ તમારી જ પ્રબળ ઇચ્છા છે. અને તમને નચાવી રહી છે. દેખો ! જ્યારે તેની ઇચ્છા તમારા મનમાં આવીને બેસશે ત્યારે તે તમારી ઇચ્છાની સાથે એવી રીતે ભળી જશે કે તમે તેને તમારી ઇચ્છાથી અલગ નહિ સમજી શકો. તમારી એ ઇચ્છા જ્યાં સુધી પ્રબળ છે ત્યાં સુધી નિયમિત કર્મો દ્વારા તેની ઇચ્છાને અનુસરીને ચાલવાનો પ્રયત્ન કરો. અને ફલાફલ સંતુષ્ટ મને સહર્ષ સ્વીકારો. ભગવદ્ ઇચ્છામાં જરા પણ વિચાર વિના આત્મ-સમર્પણ કરવું તે જ શુદ્ધ પ્રેમીનો ધર્મ છે. આમ કરતાં કરતાં એક સમય એવો આવશે કે જે વખતે તારી પાસે પોતાની ઇચ્છા જેવી કોઈ વસ્તુ નહિ રહે. આ સંસાર કેવળ એક શક્તિશાળીનો ખેલ છે, એવો અનુભવ અંદર અને બહાર થશે. જો તમે ન સમજી શકો કે અમે બધા તેની ઇચ્છાની સાથે અભેદ રૂપે ભળવા માટે જ પળે પળે આગળ વધીએ છીએ, તો વસ્તુતઃ આ વિચિત્ર જગતનો કોઈ ઉદ્દેશ જ રહેતો નથી.

(૧૦૧)

તમે દેખો છો કે બધાં કાર્યો કોઈને કોઈ લક્ષ સ્થિર કરીને જ કરવામાં આવે છે. જ્યાં લક્ષની સ્થિરતા નથી ત્યાં કર્મમાં અસફળતા જ મળે છે. અથવા કર્મનું સૌન્દર્ય જ રહેતું નથી. તેને તો જાણવા માટે એક ઉપાય છે–તે ઉપાસના અથવા સભામંડપ (જ્યાં ભજન–કીર્તન થાય છે તે જગા.) માંથી ભગવતી મંદિરમાં જવું કે જે આત્મા અને પરમાત્માની વચમાં પૂલ જેવું છે. જાગરણ ને સ્મૃતિ દ્વારા પરમાત્માની પાસે સમનાગમન નિયમિત થવું જોઈએ. શારીરિક વ્યાધિઓને દૂર કરવા માટે જેવી રીતે ઔષધ–સેવનની જ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવશ્યકતા છે, તેવી રીતે સંસ્કાર મલિન મનને સાફ કરવા માટે ઈશ્વરચિન્તા અત્યંત આવશ્યક છે. આ માટે રોજ, સવાર–સાંજે, નિર્દિષ્ટ સમયે, નિત્ય કાર્યો તો કરશો જ; તે ઉપરાંત સર્વદા જેવી રીતે સાંસારિક લાભો માટે પ્રયત્નો કરો છો, તેવી રીતે તેનું ધ્યાન પણ વધારવા માટે પ્રયત્નો કરજો. જેવી રીતે તાલ વગરનું બેસુરું કીર્તન સારી રીતે જામતું નથી, તેવી રીતે ઉપાસનાની સાથે સાથે એક સૂર અથવા તાલ ન રહે, તો સાધારણ રીતે મન બેસતું નથી. આત્મા અથવા ભગવાન સાધારણ બુદ્ધિથી પર છે. પરંતુ પ્રાણના સંબંધનો પરિચય કોઈથી અજાણ્યો નથી. મનુષ્ય જ્યારે મરી જાય છે ત્યારે સૌ બોલે છે કે આ શરીરમાં તેના પ્રાણ નથી પ્રાણ રૂપી શ્વાસપ્રશ્વાસને સાધનાનું અવલંબન કરીને ચાલતાં શક્તિ વધે છે. આ માટે એકાન્તમાં, એક આસન પર, સરળ ભાવે, કેટલોક વખત બેસીને અંતરમાં, મનને એકાગ્ર કરો, અને ત્યાર પછી શ્વાસપ્રશ્વાસની સાથે સાથે સહજ અને સમભાવે ભગવત્–નામ અથવા મંત્રજપ કરો. શ્વાસ અને ભગવત્–નામ એક સાથે લેશો તો, લાંબા અભ્યાસના પરિણામે પ્રાણવાયુની ગતિ જ્યારે સ્વભાવમાં આવી જશે અને દેહ સ્થિર અને મન એકમુખી થશે ત્યારે તમે પ્રત્યક્ષ જોઈ શકશો કે જીવ માત્ર જ એક મહાપ્રાણની દ્વારા અનુપ્રાણિત છે!

—: સંપૂર્ણ :—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાંચવા અને વસાવવા જેવાં પુસ્તકો

		કિંમત
૧	સરદાર વલ્લભભાઈ પટેલની અમર કહાણી	૧૫–૦૦
૨	પતિને પ્રેરણા શ્રીમતી કારનેગી	૬–૭૫
૩	વેદી ઉપર સામાજિક નવલકથા	૫–૦૦
૪	સળીઆ પાછળ સત્ય ઘટનાત્મક નવલકથા	૬–૫૦
૫	ચૂપચાપ અભિનવ વાર્તાસંગ્રહ	૬–૦૦
૬	પ્રતિબંધ આધુનિક સમાજની તાદૃશ્ય નવલકથા	૬–૫૦
૭	રૂપેરી કિનાર ભા. ૧–૨ ચીની આક્રમણની નવલકથા	૧૪–૫૦
૮	પ્રતિઘોષ ગુજરાતમાં ઘેર ઘેર વખણાયેલી નવલકથા	૧૨–૫૦
૯	દાન અને ગ્રહણ સામાજિક નવલકથા	૩–૦૦
૧૦	હિપ્નોટીઝમ : જીવનમાં તેની ઉપયોગીતા	૮–૨૫

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧૧ ચિત્રાલેખન અને હસ્તઉદ્યોગ
૩૭૦૦ ચિત્રો અને ઉપયોગી
માહિતિપૂર્ણ ગ્રંથ ભા. ૧–૨–૩ ૧૨–૭૫

૧૨ સેલ્ફ જાપાનીસ ટીચર
જાપાનીસ ભાષા શિખવતું
ગુજરાતીમાં પ્રથમ પુસ્તક ૩–૦૦

૧૩ રામાયણી ગંગા
બાલવાર્તા ૧–૦૦

૧૪ ટકાનો ટાપુ
સાહસ કથા ૩–૦૦

૧૫ જ્વાળા અને જ્યોત
એક કિશોરની આત્મકથા ૩–૦૦

૧૬ ઈઝી કટીંગ
શિવણ કળાનું આધુનિક પુસ્તક ૬–૦૦

૧૭ ચંદ્રકાંત ભા. ૧–૨–૩
રોજિંદા જીવનમાં વેદાંતજ્ઞાનની
ચાવી. ઈ. સ્વ. દેસાઈ ૩૦–૦૦

ઉપરનાં બધાં જ પુસ્તકો તેમજ દરેક જાતનાં પુસ્તકો માટે લખો :

મેઘદૂત પ્રકાશન
બુકસેલર્સ પબ્લિશર્સ
૧૫૭, ઝવેરી બિલ્ડિંગ
શામળદાસ ગાંધી માર્ગ
મુંબઈ–૨

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi